BAOU
Education for All

# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

# માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

# ધંધાકીય પર્યાવરણ

MC02CC203




બ્લોક -૧

BAOU Education for All

डॉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય સેમેસ્ટર એમ. કોમ.

MC02CC203

# બ્લોક -1

## ધંધાકીય પર્યાવરણ


| | | |
|---|---|---|
| એકમ-1 | ધંધાકીય પર્યાવરણનો પરિચય | 3-10 |
| એકમ-2 | ધંધાકીય પર્યાવરણને અસર કરતાં પરિબળો | 11-26 |
| એકમ-3 | તકનીકી પરિબળ | 27-37 |
| એકમ-4 | આર્થિક પરિબળ | 38-45 |
| એકમ-5 | સાંસ્કૃતિક પરિબળ | 46-55 |

| | | |
|---|---|---|
| લેખન : | રુચિર પંડ્યા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મારવાડી યુનિવર્સીટી,<br>રાજકોટ. |
| | ડૉ. સ્વાતી સક્સેના | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી ચીમનભાઈ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ, અમદાવાદ. |
| | ડૉ. અંજલી ત્રિવેદી | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ.યુનિવર્સીટી,<br>અમદાવાદ. |
| | પ્રો. પી.સી.વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ HOD (Eco,Dept.)<br>પ્રિ.એમ.સી.શાહ કોલેજ,<br>નવગુજરાત કેમ્પસ, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | પ્રિન્સિપાલ,<br>સી.યુ.શાહ કોલેજ, અમદાવાદ. |
| | પ્રિ. હીનાબેન પટેલ | પ્રિન્સિપાલ,<br>મણીબેન એન.પી.શાહ મહિલા કોલેજ, કડી. |
| | ડૉ. પિંકીબેન દેસાઈ | એસોસિએટ પ્રોફેસર એન્ડ HOD (ECO),<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | 2021-22 પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ) | |

ISBN : 978-93-92139-18-5

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ : 1 ધંધાકીય પર્યાવરણનો પરિચય

: રૂપરેખા :

1.1 પ્રસ્તાવના

1.2 અર્થ અને વ્યાખ્યા

1.3 લક્ષણો

1.4 મહત્ત્વ

1.5 હેતુઓ

1.6 વ્યાપ અભિગમો

1.7 સ્વાધ્યાય

"શૂન્ય અવકાશમાં જીવનજ શક્ય નથી તો
આર્થિક પ્રવૃત્તિ કઈ રીતે શક્ય બને."

## 1.1 પ્રસ્તાવના

કોઈપણ અસ્તિત્વ કે સજીવનો જન્મ વિકાસ અને પ્રગતિ ત્યારેજ શક્ય બને છે જયારે તેને અનુકૂળ પર્યાવરણ હોય ધંધાકીય પેઢી એ એક પ્રકારનું અસ્તિત્વ છે તેથી તેને પણ આજ વાત લાગુ પડે છે. જે રીતે અનુકૂળ ધરતી, હવા, પાણી, ભૌગોલિક ઘટનાઓ ઋતુચક્ર થકી વિવિધ જીવસૃષ્ટિ પૃથ્વી પર જોવા મળે છે એ જ રીતે ધંધાનું પણ પોતાનું એક પર્યાવરણ હોય છે આ માટે સૌ પ્રથમ બે શબ્દોની વ્યાખ્યા કરવી પડે.

1) ધંધો

2) પર્યાવરણ

### 1) ધંધો

"ધંધો એટલે નફાના હેતુથી કરવામાં આવતી આર્થિક પ્રવૃત્તિ" જેમાં ઉત્પાદન, વેચાણ, અને સેવા એવા ત્રણેય સાથે જોવા મળી શકે.

### 2) પર્યાવરણ

"પર્યાવરણ એટલે આપણી આસપાસ રહેલ અસ્તિત્વ, વાતાવરણ, બનાવો, ઘટનાઓ, નીતિઓ છે જેનાથી આપણું જીવન પ્રભાવિત થાય."

આમ જો બંનેને સાથે વિચારીએ તો ધંધાકીય પર્યાપરણને નીચેના શબ્દોમાં રજૂ કરી શકાય.

## 1.2 ધંધાકીય પર્યાવરણ અર્થ અને વ્યાખ્યા:-

"ધંધાકીય પર્યાવરણ એટલે ધંધાની સ્થાપના, વૃદ્ધિ, વિકાસ તથાઅસ્તિત્વ અને ધંધાકીય નિર્ણયોને અને ધંધાની કામગીરીને અસર કરતાં પરિબળો."

આર્થર વેમેરના મત મુજબ, "ધંધાકીય પર્યાવરણ એ આર્થિક, સામાજિક, રાજકીય અને સંસ્થાકીય પરિબળોનો એવો સમૂહ છે કે જેમાં ધંધાકીય પેઢીએ કાર્ય કરવાનું હોય છે."

કીથ ડેવિસ, "ધંધાકીય પર્યાવરણ એ એવી દરેક પરિસ્થિતિઓ ઘટનાઓ અને

પ્રભાવોનો સમૂહ છે કે જે ધંધાકીય પેઢીની આસપાસ પ્રવર્તે છે અને તેને અસર કરે છે'' દા.ત. કોરોનાની બીમારીથી ઘણી બધી ધંધાકીય પેઢીઓને અસર થાય છે.

**લક્ષણોઃ-**

ધંધાકીય પર્યાવરણના લક્ષણોને નીચે મુજબ રજૂ કરી શકાય. આ લક્ષણો ધંધાકીય પરિવર્તનને સમજવામાં ખૂબ સહાયક છે.

**1) અનિશ્ચિત :-**

ધંધાકીય પર્યાવરણ ખૂબજ અનિશ્ચિત હોય છે.ગમે તે સમયે, ગમે તે ઘટનાઓ નાટ્યાત્મક રીતે બનતી રહે છે. જેથી તેનો અંદાજ મેળવવો ખૂબજ મુશ્કેલ છે. કુદરતી આફતો, બીમારીઓ, આંતરરાષ્ટ્રીય ઘટનાઓ, સરકારી નીતિઓ ગમે ત્યારે ધંધાકીય પ્રવાહને તથા કાર્યને પ્રભાવિત કરતી રહે છે. જેમકે, ડિમોનેટાઈજેશન નો નિર્ણય.

**2) બહુપરિમાણીયઃ-**

ધંધાકીય પર્યાવરણ બહુપરિમાણીય છે. એટલે કે એના એકથી વધુ પાસાઓ કે બાજુઓ છે. કોઈ ધંધાકીય પેઢીને કે ઉદ્યોગને ધંધાકીય પર્યાવરણના પરિવર્તનો આવકાર્ય અનુકૂળ અને ફાયદાકારક લાગે છે. તો કોઈને તે નકારત્મક અને પ્રતિકૂળ લાગે છે જેમકે, કોરોના નામની બીમારીથી સામાન્ય રીતે ઉદ્યોગોને નુકસાન થયું પણ તેને લગતી દવા, માસ્ક, કે સેનિટાઈઝર બનાવનાર પેઢીઓને ફાયદો થયો.

**3) અનઅપેક્ષિત (અનિર્ધારિત):-**

ધંધાકીય પર્યાવરણના પ્રવાહો અને પરિબળો અનઅપેક્ષિત કે જેનો અંદાજ ન બાંધી શકાય તેવો હોય છે. મૂળભૂત અનઅપેક્ષિતતા એ ધંધાકીય પર્યાવરણનું સ્વભાવગત લક્ષણ છે. કોઈ પણ આંકડાકીય પ્રયુક્તિઓ વડે તેનો સચોટ અંદાજ ભાગ્યે જ મળી શકે છે જેમ કે બધા પરીબળો અનુકૂળ હોવા છતાં શેરબજારનો સુચકઆંક ખૂબ મોટા અંકોથી ઘટે છે. જેથી જાહેર કંપનીઓના મૂડીરોકાણનું ધોવાણ થાય છે.

**4) ગતિશીલ**

ધંધાકીય પર્યાવરણ ગતિશીલ છે તે મોટેભાગે અગ્રગામી ને ક્યારેક પશ્ચાતગામી પણ જોવા મળે છે. તે અવનવા પરિવર્તનો દ્વારા સદાય બદલાતું રહે છે અને પોતાનો પ્રભાવ પાડતું રહે છે. સંશોધનો, નવપ્રવર્તનો, નીતિઓ દ્વારા સ્વયંમ ગતિશીલ છે અને ધંધાકીય પેઢીને પણ ગતિશીલ અને પરિવર્તનશીલ રાખે છે જેમકે, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ અને સ્માર્ટફોન જેવા સંશોધનોથી ધીમે ધીમે ભારત જેવા દેશોમાં પણ ઈ-કોમર્સ પ્રચલિત થતું જાય છે તો વિવિધ કાર્યાલયો, બેંકો વગેરેમાં પણ કોમ્પ્યુટરને લીધે ધરખમ પરિવર્તન આવ્યું છે.

**5) સર્વવ્યાપક અને સર્વપ્રવર્તિત**

ધંધાકીય પર્યાવરણ આંતરિક, એકમલક્ષી કે સાર્વત્રિક હોય છે તેના પ્રભાવથી ભાગ્યે જ કોઈ ધંધાકીય પેઢી અલિપ્ત રાખી શકે છે જેમકે, ધંધાની સ્થાપના સમયે જમીન, શ્રમિકોની જરૂર પડે છે અને મૂડીની પણ જરૂર પડે છે જે સમાજ કે અર્થતંત્ર દ્વારા જ મળી શકે જયારે મોટી પેઢી કે પ્રાઈવેટ કંપનીને તેને લગતા કાયદાનું અનુપાલન કરવું પડે છે.

આમ ધંધાકીય પર્યાવરણ અનિશ્ચિત, અનઅપેક્ષિત, ગતિશીલ, સાર્વત્રિક તેમજ બહુ-પરિમાણીય છે.

## 1.4 ધંધાકીય પર્યાવરણનું મહત્ત્વઃ-

ધંધાકીય પર્યાવરણના પૃથક્કરણ વિના ધંધાકીય પેઢી આગળ વધી શકતી નથી ધંધામાં જે પર્યાવરણની વચ્ચે પેઢીએ કાર્ય કરવાનું છે. તેને જાણી લેવાથી કે તેના વિશે માહિતગાર હોવાથી ઘણા ફાયદાઓ, લાભો મળતાં હોય છે તો ઘણીવાર મોટું નુકસાન અટકાવી શકાય છે. એવાં ઘણાં દ્રષ્ટાંતો છે કે જેમાં ધંધાકીય પેઢીએ પર્યાવરણના અભ્યાસ સિવાય પ્રવૃત્તિ કરેલ હોય એને નિષ્ફળતાને પામી હોય, ધંધાકીય પર્યાવરણનું મહત્ત્વ મુદ્દાસર રીતે નીચે મુજબ રજૂ કરી શકાય.

**1) ધંધાકીય તકોને લાભ લેવાઃ-**

ધંધાકીય તક અને અવસરો મુખ્યત્વે બ્રાહ્ય ધંધાકીય પર્યાવરણમાં રહેલા હોય છે. જો તેનો અભ્યાસ ન કરવામાં આવે તો ફાયદાકારક તક ગુમાવવી પડતી હોય છે. આથી જ ધંધાકીય પર્યાવરણનો અભ્યાસ ખૂબજ આવશ્યક છે. જેમકે, 1977માં કોકાકોલા કંપનીએ વિદાય લીધી ત્યારે પારલે દ્વારા થમ્સ-અપ રજૂ થઈ અને તેને ભરપુર સફળતા મળી. એવીજ રીતે રોયલ એન ફિલ્ડ દ્વારા ભારતમાં પ્રવર્તમાન માંગનો ક્યાસ કાઢી અવનવા મોડેલમાં તેને રજૂ કર્યાથી કંપનીને ખૂબજ ફાયદો થયો છે.

**2) જોખમ નિવારણ**

ધંધાકીય પર્યાવરણના અભ્યાસ દ્વારા આવનાર સંભવિત જોખમ કે ભયને અસરકારક રીતે અટકાવી શકાય છે. આ જોખમ પ્રતિકૂળ નીતિઓ, સંભવિત હરીફો કે બિનતંદુરસ્ત સ્પર્ધા થકી હોય શકે છે.

દા.ત. વોલમાર્ટ જેવી પ્રચંડ કંપનીઓના આગમનથી ભારતીય કંપનીઓ સામે ઊભા થયેલાં જોખમને ભારતીય કંપનીઓ રિલાયન્સ સ્ટારબજાર(Tata), ડી-માર્ટ વગેરે લડત આપે છે.

**3) અસરકારક નિર્ણયો અને વ્યૂહરચનાઓ ઘડવા માટેઃ-**

સાચા નિર્ણયો હંમેશાં પ્રવર્તમાન અને સંભવિત પરિસ્થિતિના પ્રકાશમાં લેવામાં આવતા હોય છે. આ નિર્ણયોમાં ધંધાનું વિસ્તરણ, સંકોચન, સ્થિરતા જેવી વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે. જો વાતાવરણ અનુકૂળ હોય તો જ ધંધાકીય પેઢી વિસ્તરણનું વિચારશે તેવી જ રીતે જો આવનારે સમય કટોકટીનો હોય તો સંકોચનનો નિર્ધય લેવો જોઈએ. જેમકે L&T કંપનીએ સિમેન્ટનો ધંધો પ્રતિકૂળ જણાતા નિવૃત્તિ લેવાનું નિર્ધારિત કરેલ તેજ રીતે કોઈ કંપની જો પોતાનો શેર ઈસ્યુ લાવી માલિકીના શેર દ્વારા પોતાનું શેર ભંડોળ ઊભુ કરવા માગતી હોય તો મંદીના સમયે તે મુલત્વી રાખે છે.

**4) સાવચેતીના પગલાંઓ માટે**

ઘણીવાર ધંધાકીય પર્યાવરણના અભ્યાસ દ્વારા આગમચેતી ભર્યા સ્વરક્ષણાત્મક પગલાંઓ લઈ શકાય છે. ધંધાકીય પર્યાવરણનો અભ્યાસ દૂરંદેશિતા સાથેની વિચારસરણી વિકસાવવામાં ઉપયોગી બને છે. જેમકે, કુમાર મંગલમ બિરલાના વડપણ હેઠળની આદિત્ય બિરલા ગ્રુપની કંપની Hindalco માટેના કાચુ એલ્યુમિનિયમ પૂરું પડવાના કરારનો અંત આવતો જોઈ નિયમિત પુરવઠો મેળવવા આગમચેતી વાપરી કંપની દ્વારા અમેરિકાની નોવેલીસ નામની કંપની હસ્તગત કરવામાં આવી કે જેથી કંપનીને નિયમિત પુરવઠો મળતો રહે.

**5) હેતુની સિદ્ધિઃ-**

ધંધાકીય એકમો ધ્યેય, પરીદ્રશ્ય, ઉદેશ, લક્ષ જેવા હેતુઓ ધરાવતું હોય છે. ધ્યેય એ લાંબા ગાળાનું લક્ષ્ય છે. જયારે પરીદ્રશ્ય લાંબા ગાળામાં કંપનીએ ઈરછેલ છબી વ્યક્ત કરે છે. ઉદ્રેશ ધંધાકીય પ્રવૃત્તિ મૂળભૂત રીતે શા માટે થાય છે તેની સ્પષ્ટતા છે અને લક્ષ એ ટૂંકાગાળાની સંખ્યાત્મક અપેક્ષા દર્શાવે છે. ધંધાકીય પર્યાવરણથી ધ્યેય અને પરીદ્રશ્યને ચકાસી શકાય છે તેની યથાર્થતા નિર્ધારિત કરી શકાય છે અને તેને વાસ્તવિકતા મુજબ પરિવર્તિત કરી સિદ્ધિને પાત્ર બનાવી શકાય છે. આ લક્ષ્ય સિદ્ધિ આડેના પરીબળો દૂર કરી લક્ષ્ય પ્રાપ્તિનો માર્ગ મોકળો કરી શકાય છે.

આમ, ધંધાકીય પર્યાવરણ ખૂબજ મહત્ત્વનું છે તેના અભ્યાસ કે પૃથક્કરણ વિના ધંધાકીય એકમની સફળતા શંકાસ્પદ બની રહે છે.

## 1.5 ધંધાકીય હેતુઓઃ-

કોઈપણ ધંધાકીય એકમ સ્પષ્ટ હેતુઓની સિદ્ધિ માટે જ અસ્તિત્વમાં આવે છે અને કાર્ય કરતું હોય છે. દરેક ધંધાકીય એકમના હેતુઓ આમ તો અલગ-અલગ હોય છે પણ નીચેના હેતુઓ સામાન્યતઃ સરખા જોવા મળે છે.

**1) અસ્તિત્વ ટકાવી રાખવુંઃ-**

ભલે નફાનો હેતુ મુખ્ય હેતુ તરીકે સ્વીકૃત હોય પરંતુ જો ધંધાકીય એકમનું અસ્તિત્વ જ જોખમમાં હશે તો અગાઉના હેતુઓ નિરથર્ક બની રહેશે. અસ્તિત્વ ટકાવી રાખવા માટે ધંધાકીય એકમ માટે નીચેની શરતોનું પાલન અનિવાર્યછે.

1. નિયમિત ધંધાકીય પ્રવૃત્તિ- જેમકે ખરીદી ઉત્પાદન વેચાણ
2. પ્રવાહિતા એટલેકે વર્તમાન નાણાંકીય જવાબદારીઓને ચૂકવવાની ક્ષમતા
3. નીતિનિયમો અને કાયદાનું અનુપાલન- જેમકે, જરૂરી ફોર્મ ભરી તેની સોંપણી કરવેરો ભરવા તેમજ સંબંધિત કાયદાનું પાલન કરવું.

મુખ્યત્વે નવી સ્થપાયેલી પેઢી કે કાલગ્રસ્ત થયેલી જુની ધંધાકીય પેઢી માટે આ હેતુઓ ખૂબ અગત્યના છે.

**2) વિકાસઃ-**

એકવાર પોતાનું અસ્તિત્વ સુનિશ્ચિત કર્યા બાદ ધંધાકીય પેઢી વિકાસનો હેતુ રાખે છે વિકાસનું સમીકરણ નીચેના પરિબળોથી બને છે.

- ઉત્પાદન ક્ષમતામાં વધારો
- વેચાણમાં વધારો
- અસ્કયામતોમાં વધારો
- વૈવિધ્યકરણ
- અન્ય કંપનીની ખરીદી-પેદાશ કે પેદાશશ્રેણીમાં ઉમેરો
- કર્મચારીઓની સંખ્યામાં વધારો

ઉપરોક્ત એક કે બધાજ માપદંડો પેઢીનો વિકાસ સૂચિત કરે છે.

**3) નફોઃ-**

નફોએ ધંધાનો મુખ્ય ધ્યેય માનવામાં આવે છે. નફો એટલે ખર્ચ કરતાં આવકનો

વધારો નફો એ ધંધાકીય એકમની સફળતાનું માપદંડ પણ છે. આ રીતે ધંધાકીય એકમમાં ખર્ચ પર સતત નિયંત્રણ રાખી રોકડની જાવક ઘટે અને આવક વધે તે રીતે નિર્ણય કરવાનાહોય છે. જાહેર કંપનીઓ કે મૂડીકરણ તે બજાર કંપનીઓના આધાર સાથે જોડાયેલ છે. કંપની ધારકો વિવિધ હિતધારકો, જેમકે શેરહોલ્ડર, દેવાદારો કંપનીના નફા બાબતે સજાગ હોય છે. જોકે નફો એ એકમાત્ર હેતુ નથી પરંતુ તે મુખ્ય હેતુ તો છે જ તેના વિના અન્ય હેતુઓનીસિદ્ધિ ધંધાદારી એકમો માટે ખાસ મહત્ત્વની રહેતી નથી.

**4) નવપ્રવર્તન અને પ્રૌદ્યોગિકી વિકાસઃ-**

એક હેતુ તકનીકી તેમજ પ્રૌધોગિકી વિકાસનો પણ છે અત્યારના ગતિશીલ યુગમાં બદલાવ જરૂરી છે. નિયમિત સમયે અવનવી પેદાશો, પ્રક્રિયા, કાચોમાલ, વિતરણની પધ્ધતિઓ બદલવી જરૂરી છે. પેદાશનું જીવનચક્ર ટૂંકાયુ છે.અને બહુ જલ્દી કાલગ્રસ્ત થઇ જાય છે. તેથી પેદાશમાં અવનવા બદલાવો, આવૃત્તિઓ, લક્ષણો, વૈવિધ્ય ઉમેરવા જરૂરી છે તો ઉત્પાદનમાં આધુનિકરણ સ્વયંમ સંચાલિત યંત્રો અને રોબોટિકસનો યુગ આવી રહ્યો છે ત્યારે એ જરૂરી બને છે.

**5) સામાજિક ઉત્તરદાયિત્વઃ**

ધંધાકીય પેઢીએ એ ન ભૂલવું જોઈએ કે તેઓ જે કઈ છે એ સમાજ થકી છે. આથી જ દરેક પેઢીએ પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ યોગ્ય રીતે નિભાવવું જોઈએ. વર્તમાન પેઢીઓ પોતાના સામાજિક ઉત્તરદાયિત્વને લઇને વધુને વધુ સજાગ બનતીજાય છે. જેથીઆ હેતુ મહત્ત્વના હેતુ તરીકે સ્થાન પામેલ છે. અહી મુખ્યત્વે સમાજનું ઋણ ચૂકવવાની વાત કેન્દ્ર સ્થાને છે. જો ધંધાકીય પ્રવૃત્તિથી સમાજને નુકસાન થવાનું જ હોય તો તે ન્યૂનતમ હોવું જોઈએ અને કંપનીના નિર્ણયો સમાજના હિત સાથે સુસંગત હોવાં જોઈએ. વધુને વધુ રોજગારી ઊભી કરવી, પર્યાવરણની જાળવણી, જરૂરી શિક્ષણ થકી ધંધાકીય પેઢી સમાજિક નિર્ણયો નિભાવી શકે છે. દા.ત. Tata તબીબી સંશોધન, Birla શિક્ષણ અને સંસ્કૃતની જાણવણી અને Relience જેવી પેઢીઓ પર્યાવરણની જાળવણી જેવા સામાજિક હેતુઓનાઉત્તરદાયિત્વ ધરાવે છે.

## 1.6 ધંધાનો વ્યાપઃ-

ધંધાનો વ્યાપ એટલે એમાં સમાવિષ્ટ થતી પ્રવૃત્તિઓ અને કાર્યક્ષેત્ર. આ ધંધાનો વ્યાપ પ્રવૃત્તિના કદ તેના પ્રકાર, માલિકીનું સ્વરૂપ, ભૌગોલિક કાર્યક્ષેત્ર વગેરે હોય શકે. ધંધાનો વ્યાપ સમજાવો એટલા માટે જરૂરી છે કે તેનાથીધંધાકીય પર્યાવરણ ધંધાને કેટલું અસર કરશે અને ક્યાં-ક્યાં પરિબળો વધુ અસર કરશે. તે જાણી શકાય જેટલો ધંધાનો વ્યાપ વધારે તેટલું ધંધાકીય પર્યાવરણ વધુ અસર કરનારું સાબિત થાય છે. તો ચાલો વિસ્તારથી સમજીએ ધંધાનો વ્યાપ.

**1) ધંધાકીય પ્રવૃત્તિઓઃ-**

ધંધાકીય પ્રવૃત્તિઓ મુખ્યત્વે ઉત્પાદન વેચાણ કે સેવાના મથાળા હેઠળ વિભાજીત કરી શકાય. ઉત્પાદનમાં મુખ્યત્વે ઔદ્યોગિક ઉત્પાદન એટલે કે કાચામાલનું તૈયાર માલમાં રૂપાંતર કરવાની પ્રવૃત્તિનો સમાવેશ થાયજયારે વેપારમાં ઉત્પાદક પાસેથી વસ્તુ ખરીદી ગ્રાહકને વેચવાનોસમાવેશ થાય અને સેવામાં વ્યક્તિગત સેવાઓ, અથવા પ્રશ્નોનું નિરાકરણ કરવાનો સમાવેશ થાય. જેમકે, બેંકિંગ, વીમો, વાહનવ્યવહાર, વીજળી

વગેરે. દરેક પ્રકારના ધંધાને તેનું વાતાવરણ અલગ અલગ રીતે અસરકરતું જોવા મળે.

**2) ભૌગોલિક વ્યાપઃ-**

ભૌગોલિક દષ્ટીએ ધંધાના વ્યાપને સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જેવા મથાળાં હેઠળ વર્ગીકૃત કરી શકાય સ્થાનિક પ્રવૃત્તિમાં મુખ્યત્વે કૃષિ ઉત્પાદનો, દુધ, ફળફળાદિ કે સેવાઓને મૂકી શકાય.જયારે પ્રાદેશિકમાં કાપડ, ખાદ્ય પદાર્થો ને મૂકી શકાય. રાષ્ટ્રીય સ્તરે યંત્રો વાહનો તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સેવાઓને મૂકી શકાય. જો કે વર્તમાન સમયમાં સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની વધેલી સવલતો થકી સ્થાનિક વસ્તુઓ પણ આંતરરાષ્ટ્રીય બજારમાં પહોચીશકે છે.જેમકે,ખેતપેદાશો, ફળફળાદી, દુધ વગેરે.

**3) ધંધાનું કદઃ-**

ધંધાનું સ્થાન કદની દ્રષ્ટીએ સુક્ષ્મ, લઘુ, મધ્યમ અને વિશાળ કદ ધરાવતા એકમોના મથાળા હેઠળ મૂકી શકાય. સુક્ષ્મ ઉદ્યોગો મોટે ભાગે સ્થાનિક અને ઓછીમૂડી રોકાણ ધરાવતા હોય, લઘુ એકમો સુક્ષ્મ અને મધ્યમની વચ્ચેનું કદ ધરાવતા મૂડી રોકાણ ધરાવતા હોય અને મધ્યમ કદના એકમો પ્રાદેશિક કક્ષાના વિશાળથી ઓછું મૂડીરોકાણ ધરાવતા હોય શકે વિશાળ એકમો ભારે કે વધુ મૂડી રોકાણ ધરાવતારાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય જોવા મળે મુખ્યત્વે લોખંડ, ખનીજતેલ વગેરે બનાવતા એકમો આ કક્ષામાં જોવા મળે.

**4) ધંધાકીય એકમનું સ્વરૂપઃ-**

અહી વિવિધ ધંધાઓને ખાનગી પેઢી, એકાકી પેઢી, ભાગીદારી, ખાનગી મર્યાદિત જવાબદારીવાળી કંપની જાહેર મર્યોદિત જવાબદારીવાળી કંપની જેવા પ્રકારોમાં વિભાજીત કરી શકાય.એકાંકી પેઢી મુખ્યત્વે દુકાન કે મોટા ઉદ્યોગની સહાયક પેઢી તરીકે કાર્યરત જોવા મળે. ભાગીદારીમાં મૂડીરોકાણ વધુ હોય અને ખાનગી મર્યાદિત જવાબદારી વાળી કંપની મુખ્યત્વે સ્થાનિક કે પ્રાદેશિક જોવા મળી શકે અને જાહેર કંપની મુખ્યત્વે રાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીય કક્ષાએ હોય શકે.

એ ઉપરાંત જેમાં સરકારની 51% કરતાં વધુ હિસ્સેદારી હોય તેને જાહેર ક્ષેત્રની કંપની કહેવાય.

**5) ધંધાનો પ્રકારઃ-**

અહી કેવો ધંધો છે તેના પર તેનો વ્યાપ આધારિત છે. બાંધકામ કે યંત્રો કે શેર સટ્ટો જેવા ધંધાઓ પણ હોય શકે ત્યારે એ મહત્ત્વનું છે કે સટ્ટાકીય પ્રવૃત્તિઓ ઉપર ધંધાકીય પર્યાવરણની અસર ખૂબજ ત્વરિત અને વધારે પ્રમાણમાં થાયછે. જયારે ખાદ્યપદાર્થોમાં ધંધાકીય પર્યાવરણની અસર પ્રમાણમાં ઓછી જોવા મળે છે.

આમ, ધંધાકીય પર્યાવરણના અભ્યાસમાં ધંધાનો વ્યાપ ખૂબજ અગત્યનો બની રહે છે.

**❖ ધંધાકીય પર્યાવરણ સામેના અભિગમોઃ-**

આપણે જોયું કે ધંધાકીય પર્યાવરણ ઓછા વત્તા અંશે દરેક ધંધાકીય એકમને પ્રભાવિત કરે છે. તેથી જ દરેક ધંધાકીય એકમે તેની સામે કામ પાર પાડવા કટીબધ્ધ થવું પડે છે. ધંધાકીય

પર્યાવરણ સામે કામ પાર પડવાનામુખ્યત્વે ત્રણ અભિગમો છે.

1) નિષ્ક્રિય અભિગમ

2) સાવચેતીભર્યા અભિગમ

3) આત્મવિશ્વાસભર્યા અભિગમ

**1) નિષ્ક્રિય અભિગમઃ-**

આ અભિગમ હેઠળ ધંધાકીય પેઢી પોતાની તરફથી ધંધાકીય અભિગમમાં કોઈ પહેલ કરતી નથીધંધાકીય પર્યાવરણમાં જે બદલાવ આવે તે મુજબ અનુકુલન સાધે છે કે પરિવર્તન કરે છે સામેથી કદી ધંધાકીય પરિવર્તન વિશે જાણવા પ્રયત્ન કરતી નથી તો ક્યારેક તેણે ધંધાકીય પર્યાવરણના આધાત, પ્રત્યાઘાતો પચાવવા પડે છે ક્યારેક નુકસાન પણ સહન કરવું પડે છે.

**2) સાવચેતીભર્યા અભિગમઃ-**

આ અભિગમ હેઠળ ધંધાકીય પેઢીઓ ધંધાકીય પર્યાવરણ વિશે સજાગ રહે છે. તેના સંબંધિત પરિવર્તનો વિશે સજાગ રહે છે.તેના સંબંધિત પરિવર્તનો વિશે અગાઉથી જ અંદાજ બાંધી જુદા-જુદા બદલાવના વિકલ્પો તૈયાર રાખે છે.આર્થિકનીતિ, નાણાંકીય નીતિ, કોઈ કાનૂની પરિવર્તનો, પદ્ધતિમાં ફેરફાર જેવા પરિવર્તનો વિશે અગાઉથી જાણી ઓછામાં ઓછું નુકસાન અને વધુમાં વધુ ફાયદો ઉઠાવી શકાય તેવા પ્રયત્નો કરે છે.

**3) આત્મવિશ્વાસ ભર્યા અભિગમઃ-**

આ અભિગમમાં ધંધાકીય પેઢી માત્ર વાતાવરણને જાણવાનો પ્રયત્ન જ નથી કરતી પરંતુ શક્ય હોય ત્યાં સુધી પોતાને અનુકૂળ હોય તે રીતે ઘડવાનો પ્રયત્ન કરે છે આવી પેઢીઓ રાજકારણમાં તેમજ અન્યતંત્રમાં ગુપ્તમાહિતીના સ્રોત ધરાવતી હોય છે અને નીતિ ઘડતરને કે નિર્ણયોને પ્રભાવિત કરે છે આથીજ કહી શકાય કે તેઓ ધંધાકીય પર્યાવરણથી પ્રભાવિત પણ થાય છે અને પ્રભાવિત કરે પણ છે.

## 1.7 સ્વાધ્યાય

- **સૈધાંતિક પ્રશ્નો.**

(1) ધંધાકીય પર્યાવરણ એટલે શું ?તેના લક્ષણો ચર્ચો.

(2) ધંધાકીય પર્યાવરણનું મહત્ત્વ અને તેના અભિગમો સમજાવો.

(3) ધંધાના ઉદ્દેશ સ્પષ્ટ કરો.

- **ટૂંકનોંધ**

(1) ધંધાકીય પર્યાવરણ અભિગમો સમજાવો.

(2) ધંધાકીય પર્યાવરણના વ્યાપ વિશે ટૂંકી નોંધ લખો.

- **વૈકલ્પિક પ્રશ્નો.**

(1) નીચેનામાંથી કયું ધંધાકીય પર્યાવરણનું લક્ષણ નથી ?

(a) અનિશ્ચિત (b) પરિવર્તનશીલ

(c) સર્વવ્યાપક (d) સ્થિર

(2) ધંધાકીય પર્યાવરણ હંમેશા બદલાતું રહે છે તેથી જ તેને ——————— કહે છે.

(a) સરળ (b) સ્પષ્ટ

(c) પરિવર્તનશીલ (d) સર્વવ્યાપક

(3) ધંધાકીય પર્યાવરણના વ્યાપમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(a) ધંધાનું કદ (b) પ્રવૃત્તિઓ

(c) ભૌગોલિક વ્યાપ (d) ઉપરના તમામ

(4) ભૌગોલિક વ્યાપ મુજબ ધંધાકીય પર્યાવરણને ——— મુજબ વર્ગિકૃત કરી શકાય.

(a) પ્રાદેશિક, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય (b) ઉત્પાદન, વેચાણ કે સેવા

(c) ઉપરના બંને (d) બે માંથી એક પણ નહિ

(5) ધંધાકીય અભિગમોમાં નીચેના પૈકી કોના સમાવેશ કરી શકાય ?

(a) નિષ્ક્રિય અભિગમ (b) સાવચેતીભર્યો અભિગમ

(c) આત્મવિશ્વાસ સભર પ્રભાવશાળી અભિગમ

(d) ઉપરના બધાં જ

(6) ધંધાનો મુખ્ય ઉદ્દેશ ———— છે.

(a) અસ્તિત્વ (b) વિકાસ

(c) નફો (d) સામાજિક જવાબદારી

જવાબોઃ- **(1) D (2) C (3) D (4) A (5) D (6) C**

- **ખરાં ખોટા જણાવો.**

(1) નફો એ ધંધાનો એક માત્ર હેતુ છે. ( )

(2) ધંધાકીય પર્યાવરણ અનિશ્ચિત, પરિવર્તનશીલ અને જટિલ છે. ( )

(3) ધંધાકીય પર્યાવરણનો આત્મ વિશ્વાસ સભર અભિગમ ધંધાકીય પર્યાવરણને પણ પ્રભાવિત કરે છે. ( )

(4) ધંધાકીય પર્યાવરણ માત્ર અમુક પેઢીને જ અસર કરે છે. ( )

(5) ધંધાકીય પર્યાવરણ ધંધાકીય પેઢીને આવનારી તકો અને જોખમોથી વાકેફ કરે છે. ( )

જવાબોઃ- **(1)ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5)ખરું**

# એકમ : 2 ધંધાકીય પર્યાવરણને અસર કરતાં પરિબળો

## : રૂપરેખા :

**2.1** **પ્રસ્તાવના**

**2.2** **આકૃતિ**

**2.3** **ધંધાકીય પર્યાવરણ અને ધંધાકીય એકમનો પારસ્પરિક પ્રભાવ**

**2.4** **ધંધાકીય પર્યાવરણના પ્રકારો**

**2.4.1 આંતરિક પર્યાવરણ**

**2.4.2 બાહ્ય પર્યાવરણ**

**2.5** **આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ**

**2.6** **આયાત અને નિકાસ**

**2.7** **આંતરરાષ્ટ્રીય વ્યાપારનું આંતરરાષ્ટ્રીય તટસ્થ સંસ્થાઓ દ્વારા નિયંત્રણ અથવા WTO દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપારનું નિયમન**


**2.8** **સ્વાધ્યાય**

## 2.1 પ્રસ્તાવના

ધંધાકીય પર્યાવરણનો અર્થ તેના લક્ષણો તેમજ તેનું મહત્ત્વ આપણે અગાઉના પ્રકરણમાં જોઈ ગયા. ધંધાકીય પર્યાવરણ એ દ્વિગામી અસર કરનાર તંત્ર છે. તે ધંધાકીય એકમને પ્રભાવિત પણ કરે છે. સાથોસાથ પોતે પણ પ્રભાવિત થાય છે. ધંધાકીય પર્યાવરણ ઘણું જ જટીલ પણ છે.તેથી તેને અલગ અલગ સમયે અલગ-અલગ પરિબળો અલગ અલગ પ્રમાણમાં અસર કરતાં જોવા મળે છે. ક્યારેક કોઈ એક પર પરિબળ તો ક્યારેક કોઈ બીજું પરિબળ તો ક્યારેક બધાં જ પરિબળો એક સાથે.

ધંધાકીય એકમો અને ધંધાકીય પર્યારવણનું એકબીજા પર અવલંબન.

## 2.2 આકૃતિ :



## 2.3 ધંધાકીય પર્યાવરણ અને ધંધાકીય એકમનો પારસ્પરિક પ્રભાવ

ઉપર દર્શાવેલા આલેખ મુજબ ધંધાકીય પર્યાવરણ અને ધંધાકીય પેઢી એકબીજા ઉપર પોતપોતાનો પ્રભાવ પાડે છે.એટલું જ નહીં બંને એકબીજા ઉપર કંઈક અંશે અવલંબિત છે.તેમજ આદાન-પ્રદાન કર્યા વગર ચાલતું નથી. મુખ્યત્વે બંનેના પારસ્પરિક અવલંબન કે આદાન પ્રદાનને નીચે મુજબ સમજાવી શકાય.

**ધંધાકીય પર્યાવરણનું ધંધાકીય એકમમાં પ્રદાન**

ધંધાકીય પર્યાવરણ નીચે દર્શાવેલ બાબતોએ ધંધાકીય એકમ પર પોતાનો પ્રભાવ પાડે છે.

**1) ધંધા માટે સંસાધનોની આપૂર્તિ**

ધંધાની સ્થાપના માટે અને તેને સફળ રીતે ચલાવવા નિશ્ચિત સંસાધનોની આવશ્યકતા હોય છે. જેમ કે, જમીન, મૂડી, શ્રમ અને નિયોજન તે ઉપરાંત ભૌતિક સાધનો જેવા કે કાચો માલ વગેરે. જો આ સંસાધનો ન હોય તો ધંધો શક્ય બને નહિ.

**2) બજાર**

જે રીતે ઉત્પાદન માટે ઉત્પાદનના પરિબળોની જરૂર પડે એ જ રીતે ઉત્પાદિત થયેલ તૈયાર માલ તેને વેચવા માટે બજારની જરૂર પડે. આ બજાર પણ ધંધાકીય પર્યાવરણનો એક ભાગ હોય કહી શકાય કે તેના વગર ધંધાકીય એકમ સફળ થઈ શકતું નથી. વિશાળ બજારથી માલ વેચવામાં સરળતા રહે છે અને ધંધો આગળ ચાલે છે.

**3) ટેક્નોલોજી**

ધંધાકીય પર્યાવરણનાં અગત્યના ઘટક એવા સમાજના લોકો વૈજ્ઞાનિકો, સંશોધકો, નવી નવી ટેક્નોલોજીનો આવિષ્કાર કરતાં રહે છે. જેનો લાભ ધંધાકીય એકમને મળે છે. ટેક્નોલોજી દ્વારા ઝડપી ઉત્પાદન શક્ય બને છે. ભૂલોનું પ્રમાણ અટકાવી શકાય છે. આથી જ ટેક્નોલોજીને ધંધાકીય પર્યાવરણને થયેલું અગત્યનું પ્રદાન માનવામાં આવે છે.

**4) માહિતી**

ધંધાકીય નિર્ણયો લેવા માટે સમયસરની અને સચોટ માહિતી અનિવાર્ય છે. આ માહિતી માટે સંભવિત ગ્રાહકો હિત ધરાવતા વ્યક્તિઓતથા વિવિધ તજજ્ઞો પાસેથી માહિતી એકત્ર કરવી અનિવાર્ય બને છે. તેને બજારી સંશોધન કે ગ્રાહક સંશોધન પણ કહી શકાય. કઈ વસ્તુ ગ્રાહકને કેટલાં પ્રમાણમાં જોઈશે, કેટલી કિંમતે, ક્યારે આ બધાં પ્રશ્નોનો ઉત્તર, ધંધાકીય પર્યાવરણ દ્વારા મળી શકે છે. તે ઉપરાંત સંભવિત અવસરો અને જોખમ અંગે પણ અગાઉથી જાણકારી મેળવી શકાય છે.

- **ધંધાકીય એકમનું ધંધાકીય પર્યાવરણમાં પ્રદાન :**

જે રીતે ધંધાકીય પર્યાવરણ ધંધાકીય એકમ પર પોતાનો પ્રભાવ પાડે છે એ જ રીતે ધંધાકીય એકમ વ્યક્તિગત કે સામૂહિક રીતે ધંધાકીય પર્યાવરણને અસર કરે છે, પોતાના પ્રદાન થકી પ્રભાવ પાડે છે. આ પ્રભાવ નીચે મુજબ સમજાવી શકાય.

**1) તૈયાર પેદાશ કે સેવાઓ :**

ધંધાકીય એકમ જેમ ધંધાકીય પર્યાવરણ પાસેથી કાચો માલ નાણા માનવ સંસાધનો વગેરે મેળવે છે. તે જ રીતે સામે પર્યાવરણને તૈયાર માલ, પેદાશો,સેવાઓ આપે છે અને

પોતાનો પ્રભાવ ઊભો કરે કરે છે. ધંધાકીય એકમ દ્વારા બનેલી પેદાશો ધંધાકીય પર્યાવરણને બદલે છે. જેમ કે, ટેલિફોન, મોબાઈલ ફોન, સ્માર્ટ ફોન દ્વારા સમગ્ર ધંધાકીય પર્યાવરણ બદલાયું છે.

**2) પોતાની કામગીરી દ્વારા પ્રભાવ :**

ધંધાકીય એકમ પોતાની કામગીરી દ્વારા પણ ધંધાકીય પર્યાવરણને બદલે છે. વૈવિધ્યિકરણ દ્વારા નવી રોજગારીની તકો ઊભી થાય છે અને જો સારી કામગીરી હોય તો શેરબજારના સૂચકઆંકોમાં ઉછાળ આવે છે. જેનાથી અર્થતંત્ર, મૂડીબજાર વગેરે અસર પામે છે. જો કામગીરી નબળી હોય તો નકારાત્મક અસર થાય છે.

**3) માહિતી :**

ધંધાકીય એકમો માહિતી દ્વારા પણ ધંધાકીય પર્યાવરણ પર પણ પોતાની અસર કે પ્રભાવ પાડતા હોય છે. જેમાં મુખ્યત્વે રિપોર્ટસ, અહેવાલો, પત્રકોનો પણ સમાવેશ થાય છે. આ જાણકારી દ્વારા ધંધાકીય પર્યાવરણમાં ઘણાં ફેરફારો જોવા મળે છે. જેમ કે કોઈ કંપની ખૂબ જ નફો કરે તો તેના શેરનો ભાવ ઊંચકાય છે. તેવી જ રીતે કોઈ મોટી કંપનીના વાર્ષિક હિસાબો જો નબળા હોય તો સમગ્ર શેરબજાર પર નકારાત્મક અસર થાય છે. આ જ માહિતી દ્વારા સરકાર PMI એટલે કે પરચેન્જીંગ મેનેજર ઈન્ડેક્સ પણ મેળવતી હોય છે. જેમાં આર્થિક પ્રવૃત્તિનો 1મહિનાનો વૃદ્ધિ આંક જાણી શકાય છે.

આમ, બંને ધંધાકીય એકમઅને ધંધાકીય પર્યાવરણ પારસ્પરિક અસરો નીપજાવે છે.ધંધાકીય પર્યાવરણમાં સમાવિષ્ટ પરિબળોને કંઈ રીતે વિભાજિત કરી શકાય.

## 2.4 ધંધાકીય પર્યાવરણના પ્રકારો :

ધંધાકીય પર્યાવરણને મુખ્યત્વે બે મુખ્ય પ્રકારોમાં વિભાજિત કરી શકાય છે.

(1) આંતરિક પર્યારવણ

(2) બાહ્ય પર્યાવરણ

બંને પર્યાવરણ હેઠળ એકથી વધારે પરિબળોનો સમાવેશ થાય છે. જેની ચર્ચા આ પ્રકરણમાં આગળ કરવામાં આવશે.

### 2.4.1 આંતરિક પર્યાવરણ

"આંતરિક પર્યાવરણ એ ધંધાકીય એકમની અંદર રહેલા પરિબળોનો એવો સમૂહ છે કે જેને નિયંત્રિત કરી શકાય છે અને જે ધંધાને અસર કરી શકે છે.

આંતરિક પર્યાવરણ પણ ધંધાકીય એકમ માટે અત્યંત જરૂરી છે કારણ કે જો તેના પર ધ્યાન ન આપવામાં આવે તો તે નુકસાન પહોંચાડી શકે છે. આંતરિક પર્યાવરણ હેઠળ નીચેના પરિબળોનો સમાવેશ થાય છે.

**1) સંચાલનની વિચારધારા :**

સંચાલનની વિચારધારા એટલે સંસ્થાનું મિશન (ધ્યેય), વિઝન (દષ્ટિ), વ્યૂહરચનાઓ, માન્યતાઓ, મૂલ્યો વગેરે. જે સંચાલન ગતિશીલ હોય, મહત્ત્વાકાંક્ષી હોય, દષ્ટિ દૂરંદેશી હોય, ઈરાદા મક્કમ હોય અને ધ્યેય સાથે વળગી રહેલ હોય તેના વિકાસ અને પ્રગતિ ઉત્તમ થાય છે. જેમ કે, હલ્દિરામ કે બીકાજી જેવી કંપનીઓ પોતાના દષ્ટિ અને ધ્યેય થકી, રિલાયન્સ મહત્ત્વાકાંક્ષા થકી અને ઈન્ફોસિસ અને ટાટા મૂલ્યનિષ્ઠ સંચાલન થકી શ્રેષ્ઠ પર્યાવરણ રચી શક્યા છે.

**2) કર્મચારીઓ :**

ધંધાકીય એકમના કર્મચારીઓ આંતરિક ધંધાકીય એકમોને ખૂબ અસર કરે છે. જો કર્મચારીઓ શિક્ષિત, વફાદાર, સહકારપૂર્ણ તાલીમ પામેલા હોય તો સરસ કાર્ય પ્રણાલી રચવામાં મદદરૂપ થાય છે. ખાસ કંઈ ફેરફાર થતાં નથી.સુમેળભર્યો માહોલ જોવા મળે છે. પરંતુ જો કર્મચારીઓ અશિક્ષિત, ઝઘડાળું, બિનવફાદાર હોય તો માહોલ ડહોળાય છે. ગુગલ, ટાટા, ટી.સી.એસ.,ઈન્ફોસિસ જેવી કંપનીઓ પોતાના કર્મચારીઓ થકી ઘણો વિકાસ પામી શકી છે.

**3) વ્યવસ્થાતંત્ર :**

વ્યવસ્થાતંત્ર ધંધાકીય પર્યાવરણ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જો વ્યવસ્થાતંત્ર અસંતુલિત હોય, સત્તા અને જવાબદારી પ્રમાણસરના હોય, અંકુશનો વ્યાપ વધારે હોય કે પછી વધારે પડતાં સ્ટાફ કે ઓછા સ્ટાફની સમસ્યા હોય તો નુકસાન કરતાં સાબિત થાય છે. પરંતુ સમતોલ ગતિશીલ, પરિવર્તનશીલ વ્યવસ્થાતંત્ર હકારાત્મક પરિણામો લાવે છે.

**4) મૂલ્યો :**

મૂલ્યો દરેક ધંધાકીય એકમ તથા તેના સંચાલનનું હાર્દ છે અને તેના કેન્દ્રમાં રહેલ હોય છે. મૂલ્ય એટલે પેઢીનું સંચાલન કે માલિકો કંઈ બાબતને કેટલું મહત્ત્વ આપે છે. જેમ કે, પર્યાવરણના મૂલ્યો, કર્મચારી મૂલ્યો, ગુણવત્તા મૂલ્યો, ગ્રાહક મૂલ્યો, નૈતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યો. ધારો કે કોઈ કંપની કે પેઢી પોતાના કર્મચારીઓને ખૂબ મહત્ત્વ આપે છે તો તેનું આંતરિક પર્યાવરણ તે મુજબ રહેશે. જે પેઢી નૈતિક મૂલ્યોને ખાસ મહત્ત્વ ન આપતી હોય તેનું આંતરિક મૂલ્ય પણ નકારાત્મક અને કથળેલું જોવા મળે છે, રાષ્ટ્રવાદી મૂલ્ય ધરાવતી પેઢી હંમેશા રાષ્ટ્રીય હિતોને મહત્ત્વ આપશે.

**5) સંસાધનો :**

ધંધાકીય એકમના સંસાધનો આંતરિક પર્યાવરણ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભૌતિક સંસાધનો, નાણાકીય સંસાધનો, આંતર માળખું વગેરેનો સમાવેશ એમાં થાય છે. જેમાં જો ભૌતિક સંસાધનો જેવા કે લેબોરેટરી, પ્રયોગશાળા, મશીનો, કમ્પ્યૂટર્સ વગેરે સારા હોય તો આંતરિક પર્યાવરણ પ્રમાણમાં સારું રહે છે. પરંતુ જો સંસાધનોની ખેંચ હોય તો મહેનતુ કે પ્રયોગશીલ માણસો અસંતુષ્ટ રહે છે. તે જ રીતે નાણાકીય સંસાધનો ઓછા હોય તો પગાર ભથ્થાં ઓછાં રહેવાથી આંતરિક ધંધાકીય પર્યાવરણ ખૂબ સારું રહે છે.

આ ઉપરાંત કાર્ય સ્થળની પરિસ્થિતિ સંચાલકોના પારસ્પરિક વલણો, અહંકાર, અહમ્‌ના ટકરાવો પણ અગત્યનો ભાગ ભજવે છે. એ યાદ રહે કે આંતરિક વાતાવરણ અંકુશમાં લઈ શકાતું હોય છે. નેતૃત્વની પદ્ધતિઓ, શૈલીઓ, નિરીક્ષણ કે દેખરેખની પદ્ધતિઓ પણ અગત્યનો ભાગ ભજવે છે.

### 2.4.2 બાહ્ય પર્યાવરણ

બાહ્ય પર્યારવણ એ ધંધાકીય એકમની દિવાલો કે સરહદોની બહારનું પર્યાવરણ છે. તે બિનઅંકુશિત હોય છે કારણ કે તે એકમની બહાર રહેલું છે. ધંધાકીય એકમની બહાર નીકળતા

જ તરત જ તેની સરહદ શરૂ થાય છે. તેને મુખ્યત્વે બે પ્રકારમાં વિભાજિત કરી શકાય. (a)સૂક્ષ્મ કે એકમલક્ષી પર્યાવરણ (b)સમગ્રલક્ષી પર્યાવરણ

**(a) એકમલક્ષી પર્યાવરણ :**

જે પર્યાવરણ માત્ર એક જ ધંધાકીય એકમ કે અભ્યાસ હેઠળની પેઢીને અસર કરતું હોય તેને એકમલક્ષી પર્યાવરણ કહી શકાય. તે એવા પરિબળોનું બનેલું છે કે જે અભ્યાસ હેઠળના એકમને વિશિષ્ટ રીતે અસર કરે છે. કારણ કે તેમાં દરેક હિત ધરાવતા વ્યક્તિઓ કે પેઢીનો સમાવેશ થાય છે. એક રીતે તેને પેઢીનું પોતાનું બાહ્ય પર્યાવરણ કહી શકાય. વળી તે એકમ સાથે એકદમ નિકટતાથી જોડાયેલ પરિબળોનું બનેલું હોવાથી તેને નિકટતમ પર્યાવરણ કહેવાય છે. પેઢીને નિયમિત રીતે આ પર્યાવરણના પરિબળો સાથે કામ કરવાનું થતું હોવાથી તેને પેઢીનું કાર્યશીલ પર્યાવરણ પણ કહે છે. દા.ત. ઘરમાં રહેલ વ્યક્તિઓ કે બનતી ઘટનાઓ અને સદસ્યોના વર્તનને અંકુશિત કરી શકાય છે પણ એક જ દિવાલના પાડોશીના ઘરના પ્રવાહોને નિયંત્રિત કરી શકાતા નથી અને વળી તે માત્ર પાડોશીને જ અસર કરે છે.

એકમલક્ષી પર્યાવરણમાં નીચેના પરિબળો સમાવિષ્ટ છે.

**(1) ધંધાકીય હરીફો :**

ધંધાકીય હરીફો તે એકમલક્ષી પર્યાવરણનું ઘટક છે. કારણ કે તે પેઢીના નિર્ણયો પર સીધો પ્રભાવ પાડે છે. નીચેના નિર્ણયોમાં પેઢીએ હરીફોને ધ્યાનમાં રાખવા જ પડતા હોય છે.

1) **પેદાશ :** નિર્ણય જેમાં ગુણવત્તા, કાર્યક્ષમતા, ટકાઉપણું જુદાં જુદાં લક્ષણો અને કાર્યપ્રણાલીઓનો સમાવેશ થાય છે.

2) **પૅકેજિંગ :**જેમાં આકર્ષકતા, ટકાઉપણું, માહિતી વગેરેનો સમાવેશ થાય છે. જો હરીફ વિવિધ જથ્થાઓ કે અલગ અલગ પ્રકારનું પેકીંગ આપતો હોય તો ધંધાકીય પેઢીએ પણ એ આપવું જ પડે છે.

3) **કિંમત :** હરીફોની કિંમત હંમેશાં ધ્યાનમાં લેવી પડતી હોય છે. જો હરીફો કરતાં ઊંચી કિંમત લેવાય તો પેઢીની માંગ નીચી રહે છે અને જો નીચી કિંમત રખાય તો નબળી ગુણવત્તા છે તેવી છાપ પડે છે. એટલા માટે કિંમત ધ્યાનમાં લેવી જરૂરી છે.

4) **વિતરણ વ્યવસ્થા :**હરીફોની વિતરણ વ્યવસ્થા પેઢીના નિર્ણયો પર અસર કરે છે. જો હરીફો હૉમડિલિવરી કે ઓનલાઈન વેચાણ જેવા વિકલ્પો આપતા હોય તો પેઢીએ પણ આ વિકલ્પો આપવા પડે છે.

5) **વિજ્ઞાપન અને જાહેર ખબર :** નિકટતમ હરીફો જે પ્રકારની જાહેર ખબર આપતા હોય તેને પણ પેઢીએ પોતાની માર્કેટિંગ નીતિ ઘડતી વખતે ધ્યાનમાં લેવી જોઈએ. જેમાં સેલિબ્રિટી એટલે કે પ્રસિદ્ધ વ્યક્તિઓ જાહેર ખબરમાં લેવાય છે કે નહી, રેડિયો, ટી.વી., ઈન્ટરનેટ પૈકી કયા માધ્યમોનો કેટલો ઉપયોગ થાય છે તેને પણ ધ્યાનમાં લેવાનો હોય છે. જેમ કે, ભારતમાં આવ્યા પહેલાં Coca-Colaકદી ફિલ્મી હસ્તીઓને વિજ્ઞાપનમાં ન લેતું પણ ભારતમાં આવ્યા પછી પેપ્સીની સાથે હરીફાઈમાં ટકી રહેવા જાહેર ખબરમાં ફિલ્મી હસ્તીઓ પણ લેવાય છે.

**(2) સપ્લાયર્સ (માલ પૂરો પાડતાં વેપારીઓ)**

જો પેઢીના સપ્લાયર્સ અનુકૂળ, વફાદાર, નિયમિત સાતત્યપૂર્ણ ગુણવત્તા સાથેના કારણે

માલ કે સામગ્રી પૂરી પાડતા હોય તો પેઢીનું એકમલક્ષી વાતાવરણ હકારાત્મક રહે છે. પરંતુ જો તેઓ સહકાર ન આપતા હોય તો પ્રશ્નો ઊભા થાય છે.

**(3) વિતરકો :**

વિતરકો પણ જો સહકાર આપતા હોય, વફાદાર હોય અને વેચાણને સહાયક સેવાઓ પૂરી પાડતા હોય તો એકમલક્ષી પર્યાવરણ સારું રહે છે.

**(4) લેણદારો (અથવા શાખ આપનારાઓ)**

જો પેઢી પાસે વ્યાજબી દરે ધિરાણ આપનારાઓ, નાણા ધીરનારાઓ કે વેપારીશાખ આપનારાઓ અને ડિબેન્ચરધારકો હોય તો પેઢીને લાંબાગાળાની મૂડીની જરૂરિયાતો તેમજ પ્રવાહિતા સંતોષકારક રીતે સંતોષાય છે.

**(5) રોકાણકારો :**

જો કંપનીના રોકાણકારો કંપની પ્રત્યે વફાદાર અને કંપનીના ભવિષ્યમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખનારા હોય તો કંપનીના શેરની કિંમતો સંતોષકારક રહે છે અને મૂડીકરણ ઘટતું નથી.

**(6) દબાણ જૂથો :**

કંપનીની પેદાશ કે તેની કોઈપણ નીતિ અંગે કેટલાંક દબાણ જૂથોને વાંધો હોય શકે છે. ઘણી વખત તેમના દ્વારા થતું દબાણ ખાસ હેતુ પ્રેરિત જ હોય તો તેને ધ્યાનમાં લેવું પડે છે. જેમાં મહિલા આયોગ, લઘુમતી આયોગ, પર્યાવરણવાદી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

**(7) જનતા :**

જે રીતે દબાણ જૂથો પેઢીને પુનઃવિચાર કરવા ફરજ પાડે છે એવી જ રીતે જાહેર જનતા પણ પેઢીને નિર્ણય બદલવા ફરજ પાડે છે. સ્થાનિક લોકોને થતું નુકસાન કે વાંધાજનક પેદાશો સાંસ્કૃતિક, ધાર્મિક, રાષ્ટ્રીય ભાવનાઓ ઘવાય તો જનતા વિરોધ કરે છે. જેમ કે, મેગી સામે પ્રચંડ વિરોધ થયેલો તે જ રીતે અંગ પ્રદર્શન સાથેની જાહેર ખબરો કે સુરુચિનો ભંગ થાય તેવી જાહેર ખબરો પણ મુશ્કેલી ઊભી કરી શકે છે.

આમ, ઉપરના પરિબળો એકમલક્ષી બાહ્ય પરિબળો કહી શકાય. મુખ્યત્વે તેઓ ચોક્કસ એક જ એકમ કે પેઢીને અસર કરતાં હોય છે. પરંતુ દરેક પેઢી કે એકમદીઠ અલગ અલગ પરિબળો અલગ અલગ પ્રમાણમાં સક્રિય હોય છે અને પોતાનો પ્રભાવ પાળતા હોય છે. તેથી પેઢીએ પોતાના ચોક્કસ પરિબળોનો અભ્યાસ અલગથી કરવો પડતો હોય છે.

**(b) સમગ્રલક્ષી પર્યાવરણ (સમગ્રલક્ષી બાહ્ય પરિબળો) :**

**પ્રસ્તાવના :** બાહ્ય પરિબળોમાં આપણે એકમલક્ષી પરિબળોની ચર્ચા કરી. હવે તે જ મુજબ સમગ્રલક્ષી પરિબળો પણ બાહ્ય પર્યાવરણનો જ એક ભાગ ગણાય છે. આવા પરિબળો પ્રાદેશિકથી લઈ વિશ્વ કક્ષાએ વિસ્તરેલા હોય છે અને ઓછાવત્તા અંશે દરેક પેઢીને અસર કરતાં હોય છે. તેનો અર્થ તથા વિસ્તારથી તેની ચર્ચા નીચે મુજબ કરી શકાય.

**અર્થ :** જે પરિબળો કે પર્યાવરણ પેઢીના અંકુશની બહાર હોય અને દરેક પેઢીને અસર કરતાં હોય તેને સમગ્રલક્ષી પરિબળો કહે છે. જેમ કે, સાંસ્કૃતિક પરિબળો, આર્થિક પરિબળો, રાજકીય પરિબળો વગેરે.

- **સમગ્રલક્ષી પર્યાવરણના ઘટકો કે પરિબળો :**

સમગ્રલક્ષી પર્યાવરણના ઘટકોનું મુખ્યત્વે 6 જૂથમાં વિભાજિત કરવામાં આવે છે. જેને PESTEL – (Political, Economical, Socio-cultural, Technological, Ecological, Legal) Annalysicતરીકે ઓળખવામાં આવે છે. આ પરિબળો તેની વિવિધતા થકી ઘણી જ જટિલતા ઊભી કરતાં હોય છે તથા દેશ-પ્રદેશ પ્રાંત મુજબ અલગ અલગ અસરો ઊભી કરતા હોય છે. તેની વિસ્તારથી ચર્ચા અત્રે કરી છે.

**(1) રાજકીય (Political) પરિબળો :**

રાજકીય પરિબળો કે પર્યાવરણ ખૂબ જ સંવેદનશીલ પરિબળ છે. કારણ કે, તેમાં ધંધાકીય પેઢીઓના ભવિષ્યનો આધાર રહેલો છે. રાજકીય પર્યાવરણમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

**(i)** **રાજકીય વિચારધારા :** જો પેઢીની પદ્ધતિ, નીતિ કે મૂલ્યો સત્તાધારી પક્ષની વિચારધારાને મળતી આવતી હોય તો પેઢી માટે રાજકીય પર્યાવરણ અનુકૂળ રહે છે. પરંતુ જો સત્તાધારી પક્ષ કરતાં અલગ કે વિરુદ્ધની નીતિ હોય તો જોખમરૂપ સાબિત થઈ શકે છે.

**(ii)** **વિરોધ પક્ષની વિચારધારા :** જો પેઢીઓની નીતિ કે કાર્યપદ્ધતિ વિરોધપક્ષની વિચારધારાથી વિપરિત હોય તો પણ ક્યારેક મુશ્કેલી સર્જે છે. આથી જ પેઢીઓએ બંને પક્ષ વચ્ચે સંતુલન જાળવવું પડતું હોય છે.

**(iii)** **રાજકીય સ્થિરતા :** રાજકીય અસ્થિરતા ધંધાના સ્થિર વિકાસ માટે અવરોધરૂપ સાબિત થતું પરિબળ છે. આથી જો રાજકીય સ્થિરતા હોય તો પેઢીને વિકાસ કરવામાં અનુકૂળતા રહે છે.

**(iv)** **રાજકીય નેતા કે પક્ષની શાસન પદ્ધતિ :** જો રાજકીય નેતા આપખુદ હોય કે રાજકીય પક્ષે પોતાનો ઈજારો સ્થાપવાની વૃત્તિ ધરાવતો હોય કે પછી આપખુદ પ્રકારનું વલણ હોય તો નુકસાનકારક રાજકીય પર્યાવરણમાં તેની ગણતરી થાય છે.

**(v)** **વેપારનીતિ :**ઘણાં રાજકીય પક્ષો ઉદારીકરણની તરફેણ કરતાં હોય છે. જ્યારે ઘણાં રાજકીય પક્ષો બંધ વિદેશવેપાર નીતિના ચુસ્ત આગ્રહી હોય છે. આથી રાજકીય પક્ષની વિદેશ વેપાર નીતિ પણ ધંધાકીય પર્યાવરણને ઘડે છે.

દરેક પેઢીએ આ રાજકીય પરિબળોનો વિચાર કરવો જોઈએ.

**(2) આર્થિક(Economic) પરિબળ**

આર્થિક પર્યાવરણ કે પરિબળો ખૂબ જ અગત્યના છે. જો તેની અવગણના કરવામાં આવે તો ચોક્કસ પેઢી નિષ્ફળતાને વરે છે. આર્થિક પર્યાવરણમાં નીચેના પરિબળો સમાવિષ્ટ છે.

**(i)** **આર્થિક વૃદ્ધિ અને વિકાસ :** નવી પેઢીએ કે કોઈ દેશમાં વેપાર અર્થે પ્રવેશ કરતી પેઢીએ તે દેશના આર્થિક વૃદ્ધિ કે વિકાસ ચકાસવા જોઈએ. GDP, GNP, HDI માથાદીઠ આવક જો નોંધપાત્ર હોય તો અનુકૂળ આર્થિક પર્યાવરણ ગણી શકાય એથી વિરુદ્ધ નીચા સૂચક આંકો લાલબત્તી સમાન સાબિત થાય છે.

**(ii)** **સામાન્ય આર્થિક સ્થિતિ :** સામાન્ય આર્થિક સ્થિતિમાં જે-તે પ્રદેશ કે દેશની ગરીબી, બેરોજગારી, આર્થિક અસમાનતા, સામાન્ય ભાવ સપાટી તથા ફુગાવાનો સમાવેશ થાય છે. જો બેરોજગારીનો દર ઊંચો હોય તો જે-તે વસ્તુની માંગ નીચી રહે છે. સામે

સસ્તા દરે શ્રમિકો મળી રહે છે. તેવું જ બેરોજગારીનું છે. જો આર્થિક અસમાનતાનો દર ઊંચો હોય તો સરેરાશ માંગ નીચે રહે છે. ફુગાવો જો 4% સુધી સીમિત હોય તો અનુકૂળ સાબિત થાય છે અને જો તેનાથી ઊંચો હોય તો હાનિકર્તા બને છે.

**(iii) આર્થિક નીતિ :** આર્થિક નીતિમાં મુખ્યત્વે ઔદ્યોગિક નીતિ, કૃષિ નીતિ, નાણાકીય નીતિ, રાજકોષિય નીતિનો સમાવેશ થાય છે. જો આ નીતિઓ અનુકૂળ હોય તો આર્થિક પર્યાવરણ પણ અનુકૂળ રહે છે. જે-તે ધંધાના પ્રકાર પર આ નીતિનો વિશેષ પ્રભાવ પડે છે. પરંતુ નાણાકીય અને રાજકોષિય નીતિઓ સહુને એકસરખી રીતે અસરકર્તા છે.નાણાકીય નીતિમાં રેપોરેટ, બેંક રેટ, CRR, SLR વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોષિય નીતિમાં આવકવેરો, GST, Subsidy સમાવિષ્ટ છે.

**(iv) આર્થિક સૂચક આંકો અને વલણો :** આ પરિબળમાં મુખ્યત્વે શેરબજારના સૂચક આંકો, જેવાં કે Sensex અને Nifty (ભારત), Nasdaq અને Dowjones (અમેરિકા), Nikkes (જાપાન), LSE (બ્રિટન) વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય ચલણના દર કે વિનિમય દર જેવા કે 1 Rs અને ડૉલર, યુરો વગેરેનો સમાવેશ થાય છે. જો આ દરે પ્રતિકૂળ વલણ દર્શાવતા હોય તો ધંધાકીય પર્યાવરણ પણ પ્રતિકૂળ જ ગણાય છે. તેથી તેનો પણ અભ્યાસ થવો ઘટે.

**(v) વ્યાપારચક્રિય પરિવર્તનો :** જેમાં તેજી, મંદી, ઓટ, સુધારણા જેવા તબક્કાઓ આવતા હોય છે. તેજી દરમ્યાન ધંધામાં પ્રવેશતી પેઢીઓ પાસે ખૂબ સરસ તક રહેલી હોય છે. કારણ કે માંગ ઊંચી જોવા મળે છે. તો સામે મંદીમાં પ્રવેશતી પેઢીઓને ઉત્પાદનના ચાર પરિબળો જમીન, મૂડી, શ્રમ નિયોજન સસ્તા દરે મળી રહે છે.

**(3) સામાજિક-સાંસ્કૃતિક (Socio-cultural) પર્યાવરણ :**

સામાજિક-સાંસ્કૃતિક પર્યાવરણ ખૂબ જ રસપ્રદ છતાંય જટિલ પર્યાવરણ છે. દરેક પ્રદેશ, પ્રાંત કે દેશ-વિદેશ મુજબ બદલાતું રહે છે. કારણ કે દરેક પ્રદેશની સંસ્કૃતિ અલગ-અલગ હોય છે. તેથી આ પર્યાવરણ પણ બદલાય છે. તેવી જ રીતે સમાજ એટલે સમૂહમાં રહેતા, સામ્યતા ધરાવતા અને ઘણે અંશે સમાન જીવન શૈલી ધરાવતા લોકો અને તેનું પર્યાવરણ પણ ખાસ્સું રસપ્રદ અને જટિલ જોવા મળે છે.

**(A) સામાજિક પરિબળો :**

જેમાં સામાજિક પરિબળોમાં મુખ્યત્વે નીચે દર્શાવેલ બાબતો સમાવિષ્ટ છે.

**(i) સામાજિક રીત-રિવાજ :** જેમાં સમાજમાં પાળવામાં આવતા રીવાજો જેવા કે, જન્મ પહેલાંની વિધીઓ અને રીવાજો, જન્મ પછીના રીવાજો કે સંસ્કારો, કે મૃત્યુ બાદ પાળવામાં આવતા રીવાજોનો સમાવેશ થાય છે. સીમંત,સગાઈ, લગ્ન વગેરે હિંદુ સમાજનાં રિવાજો છે. જે લોકોની માંગ, ખરીદ, શક્તિ, રહેણીકરણી નિર્ધારિત કરે છે અને સામે ધંધાકીય પેઢીએ કેવી વસ્તુ બનાવવી અને કેવી રીતે વેચાણ કરવું વગેરેને પ્રભાવિત કરે છે. દા.ત. Titan દ્વારા નવપરિણિત યુગલ માટે દુલ્હા-દુલ્હન Collectionના નામથી ઘડિયાળોની જોડી બજારમાં મૂકવામાં આવી. તે ઉપરાંત આ રીવાજો અંતર્ગત લેવામાં આવતી રજાઓ માનવ સંસાધનને પણ અસર કરે છે. સ્ત્રીઓના કામ કરવા પરના નિયંત્રણો પણ માનવ સંસાધનને અસર કરે છે.

**(ii) સામાજિક વ્યવસ્થાઓ :** કુટુંબ, પરિવાર, લગ્ન વગેરે સામાજિક વ્યવસ્થાઓ છે. જે અનેક રીતે ધંધાને અસર કરે. લગ્ન બાદ મહિલા કર્મચારી પોતાનું વતન છોડીને અન્ય

મુકામે બદલી પામે તો માનવ સંસાધન સંચાલનને અસર થાય. તેવી જ રીતે હિન્દુ સમાજમાં, હિન્દુ અવિભક્તકુટુંબ નામનો પ્રકાર ધંધાનો એક પ્રકાર છે. જે સમાજ વ્યવસ્થા પર આધારિત છે.

**(iii) સામાજિક મૂલ્યો :** સામાજિક મૂલ્યો એટલે વ્યક્તિ સમૂહમાં રહેવાને કે સાથે રહેવાને કેટલું મહત્ત્વ આપે છે એ. આનો પ્રયોગ પણ નવી પેદાશ કે સેવાઓ જેમ કે,Refreshment, રિક્રિએશન ક્લબ, સંગીત ક્લબ કે સામાજિક સેવા માટેની મંડળીને પ્રભાવિત કરે છે. તે ઉપરાંત જો સામાજિક મૂલ્યો દઢ હોય તો વ્યક્તિ પોતાનું વતન પરિવાર છોડીને અન્ય મુકામે જવા ઓછો તૈયાર થશે અથવા તો સંબંધો સાચવવા વધારે રજા લેશે. સામાજિક મૂલ્યોની ઝલક વિજ્ઞાપનોમાં પણ વિષય વસ્તુ તરીકે આવવી સ્વાભાવિક છે. જેમકે, બે પાડોશી પરિવારો સાથેની જાહેર ખબરો વગેરે.

**(iv) પારિવારિક મૂલ્યો તથા તેમાં આવતા પરિવર્તનો :** લોકોના પારિવારિક મૂલ્યોમાં પણ પરિવર્તનો આવતા હોય છે. જેમકે પહેલાં સંયુક્ત કુટુંબ પ્રથા પ્રચલિત હતી ત્યારે વસ્તુઓ ખૂબ વધારે વજનવાળા પેકિંગમાં જ વેચાતી. અત્યારે તેમાં પરિવર્તન આવ્યું છે અને વિભક્ત પરિવારો વધતાં નાનું પેકિંગ વધુ પ્રચલિત છે. કામ કરતી મહિલાઓનું પ્રમાણ વધતા અને યુવાનોમાં પણ મોટા શહેરોને પ્રાથમિકતા આપવાથી Disc Family – (Double IncomeSingle Child) વધી રહ્યા છે તેમજ Dinc Family – (Double Income No Child) પણ નોંધપાત્ર રીતે વધી રહ્યા છે. વિભક્ત પરિવારો અને માતા-પિતા બંને આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલ હોવાથી બાળકને જોઈએ તેટલો સમય આપી શકતા ન હોવાથી Day Care Centre વધી રહ્યા છે કે જ્યાં નાણાકીય વળતર સામે બાળકોની દેખરેખ રાખવામાં આવે છે.

**(v) ધાર્મિક તથા વસ્તી વિષયક પરિબળો :** સમાજમાં શહેરી તથા ગ્રામીણ તેમજ વિવિધ ધર્મના લોકો રહેલા છે. તેમાં પણ ભારત દેશ વિવિધતામાં એકતા માટે પ્રચલિત છે. આથી દરેક ધર્મના લોકોની વસ્તી નોંધપાત્ર જોવા મળે છે. હિન્દુ લોકો, ધાર્મિક વિધિમાં અગરબત્તી, મુસ્લિમ લોકો લોબાન તો ખ્રિસ્તી ધર્મના લોકો મીણબત્તીનો ઉપયોગ કરે છે. તેવી જ રીતે વિવિધ ધર્મોની TV Channels પણ ઉપલબ્ધ છે. શહેરની વસ્તી વધુ ફેશનેબલ તો ગ્રામીણ વસ્તીમાં મુખ્યત્વે કૃષિને લગતી પેદાશો કે પરંપરાગત વસ્તુઓ વધુ જોવા મળે. આમ આ પણ એક મહત્ત્વનું પરિબળ છે.

**(B) સાંસ્કૃતિક પરિબળો :**

સાંસ્કૃતિકપરિબળો સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતાં પરિબળો છે. સંસ્કૃતિ એટલે જે-તે પ્રદેશની પ્રજાએ સાધેલ અને વિકસાવેલ રહેણી-કહેણી, જીવનશૈલી તથા અભિવ્યક્તિની પદ્ધતિ જેમાં નીચેના પરિબળોનો સમાવેશ થાય અને આ પરિબળો ધંધાને ખૂબ જ અસર કરે.

**(i) ભાષા :** ભાષા અતિ અગત્યનું પરિબળ છે. જે પેદાશ કે સેવા અંગેના નિર્ણય, પૅકેજીંગ અંગેના નિર્ણય, વિજ્ઞાપન અંગેના નિર્ણયો તથા ઓફિસ સંચાલનમાં પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. માત્ર ભાષા જ નહિ પણ બોલી કે લહેકાઓ પણ ધંધાકીય નિર્ણયોને અસર કરે છે. દા.ત. કોઈપણ એક સાબુ કે શેમ્પૂના પેકિંગ પર અનેક ભાષાઓમાં સૂચના લખાય છે. તો Discovery ચેનલના અંગ્રેજી કાર્યક્રમો ભારતીય ભાષાઓમાં ભાષાન્તરીત કરી રજૂ કરવામાં આવે છે. અમેરિકામાં બનતી અંગ્રેજી ફિલ્મોને પણ સ્ક્રીન પર અંગ્રેજી સંવાદો સાથે રજૂ કરાય છે કારણ કે, અમેરિકામાં બોલાતી અંગ્રેજી સામાન્ય અંગ્રેજી કરતાં થોડી જુદી પડે છે. બે ભાષાના સંયોજનને પણ વિજ્ઞાપનમાં

ઉપયોગમાં લેવાય છે. જેમ કે, Pepsiનું સૂત્ર ''યે દિલ માંગે મોર'' હિન્દી તથા અંગ્રેજીનું સંયોજન જ છે.

(ii) **પહેરવેશ :** પહેરવેશ કે પોષાક દરેક સંસ્કૃતિમાં અલગ અલગ હોય છે. પરંતુ આ નિર્ણય માત્ર પોષાકને લગતી વસ્તુઓને જ અસર કરતો નથી પરંતુ અન્ય નિર્ણયો જેવા કે, વિજ્ઞાપન વગેરેને પણ અસર કરે છે. જે-તે પ્રદેશની વસ્તુ રજૂ કરવા પ્રતિકરૂપે પોષાકનો ઉપયોગ થઈ શકે છે. જેમ કે, રંગબેરંગી પાઘડી રાજસ્થાનને પ્રસ્તુત કરે છે.

(iii) **ઉત્સવો :** દરેક સંસ્કૃતિને પોતાના ઉત્સવો હોય છે. આ ઉત્સવો માટે ખાસ પેદાશો તો બનાવવામાં આવે જ છે પરંતુ તેને ધ્યાનમાં રાખી સેલ કે વેચાણવૃદ્ધિના પ્રયત્નો પણ અલગ અલગ સંસ્કૃતિ મુજબ થાય છે. જેમ કે પંજાબમાં બૈશાખી, ઉત્તર ભારત તથા ગુજરાતમાં દિવાળી, બંગાળમાં દુર્ગાપૂજા, કેરળમાં ઓણમ. તેવી જ રીતે અમેરિકામાં ક્રિસમિસ અને યુનાઈટેડ આરબ અમીરાતમાં ઈદ્દ ઉલ્ ફિત્ર. કેડબરી ચોકલેટ્સ દરેક તહેવારો પર ખાસ Celebrations Pack બહાર પાડે છે. દાંડિયાનો વિજ્ઞાપનમાં ઉપયોગ ગુજરાતને રજૂ કરે છે.

(iv) **સ્મારકો :** સ્મારકો જે-તે પ્રદેશની ખાસિયત દર્શાવવા ઉપયોગમાં લેવાય છે. જેમ કે, ચા ભારતની ઉત્તમ વસ્તુઓમાં ગણાય છે. તેથી તાજ નામ સાથે ચાનું વેચાણ થાય તો તેને ભારતની ખાસિયત સાથે સાંકળી શકાય. કારણ કે વિશ્વમાં તાજ મહેલ ખૂબ જ પ્રસિદ્ધ સ્મારક છે. તેવી જ રીતે દક્ષિણ ભારતમાં ચાર મિનાર અને પેરિસમાં એફિલ ટાવર.

(v) **ખોરાક :** ખોરાક પોતે તો પેદાશ તરીકે તકો પૂરી પાડે જ છે. કારણ કે અલગ અલગ પ્રદેશમાં ખોરાકનું વૈવિધ્ય બહોળા પ્રમાણમાં જોવા મળે છે. જેમ કે ભારતમાં જ અનેક પ્રાંત અને પ્રદેશ હોવાથી MDH મસાલા વિવિધ વ્યંજન માટે વિવિધ મસાલાઓ બનાવે છે. પરંતુ ખોરાક વિજ્ઞાપનમાં પણ જે-તે પ્રાંતના પ્રતિક તરીકે ઉપયોગમાં લેવાય છે. જેમકે, રાજસ્થાનને રજૂ કરવા દાલબાટી અને ગુજરાતને રજૂ કરવા ખમણ-ઢોકળાંના ફોટો ઉપયોગમાં લેવાય છે.

આમ, ઉપરનાં સાંસ્કૃતિક પરિબળો ધંધાકીય પર્યાવરણને સમજવા માટે અતિ આવશ્યક છે. નહિં તો નિષ્ફળતાનો ભય રહેતો હોય છે.

**(4) તકનીકી(Technological) :**

Technical envivonment આધુનિક સમયમાં સમજવું અતિ આવશ્યક છે. તે મુખ્યત્વે વિજ્ઞાન અને તેના ધંધાકીય નિર્ણયોમાં ઉપયોગ સાથે સંકળાયેલું છે. તેમાં નીચેના પરિબળોનો સમાવેશ થાય છે.

**(i) તકનીકી વિકાસનો દર અને ગતિ :**

જો ઉદ્યોગમાં તકનીકી વિકાસ ખૂબ જ ઝડપી હોય તો તેવા ઉદ્યોગોમાં કાર્યરત પેઢીઓએ પોતે પણ તે ઝડપ જાળવી રાખવાની હોય છે, નહિં તો પેઢી ફેકાય જાય છે. ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં આ દર ખૂબ જ વધારે ઝડપી જોવા મળે છે. તેથી TV, Mobile, Laptop બનાવતી કંપનીઓએ સતત સજાગ રહેવાનું છે. Nokia Company સમય સાથે બદલવામાં નિષ્ફળ રહી જેથી તેનું અસ્તિત્ત્વ જોખમમાં મૂકાયું. તો સામે સિમેન્ટ જેવા ઉદ્યોગોમાં આ દર ધીમો જોવા મળે છે.

**(ii) ઓટોમેશન અને રૉબોટિક્સના ઉપયોગનું પ્રમાણ :**

ઘણી જગ્યાએ CAD (Computer aided Desioning) તથા CAM (Computer aidedManafactaring)નું ચલણ વધતું જાય છે. તો ઘણી જગ્યાએ Roboticsનો ઉપયોગ પણ વધતો જતો જોવા મળે છે. આ સંજોગોમાં Technical વાતાવરણ અગત્યનું બની રહે છે.

**(iii) દેશમાં સંશોધન અને વિકાસની પરિસ્થિતિ અને સરકારની ભૂમિકા :**

જે દેશમાં વૈજ્ઞાનિક અભિગમ અને સંશોધન અને વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ હોય તે દેશ Technologyમાં આગળ રહે છે. અમેરિકા જેવા દેશોમાં વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ આવેલી છે. એવી જ રીતે જાપાનમાં પણ સંશોધન અને વિકાસનું પ્રમાણ અને સરકારનું પ્રોત્સાહન ખૂબ જ ઉત્તમ હોવાથી ત્યાં Technological વિકાસ સારો છે.

આમ, ઉપરના પરિબળો તકનીકી વાતાવરણ નિર્ધારિત કરે છે તેથી તેને ધ્યાનમાં લેવા જ પડે છે.

**(5) કુદરતી પર્યાવરણ (Ecological) :**

ધંધામાં ખૂબ જ મહત્ત્વનું એવું આ પર્યાવરણ છે. તે મુખ્યત્વે વિવિધ પ્રકારની સપાટીઓ જેમકે, જંગલો, નદી, સમુદ્ર, પર્વત, રણ તથા કુદરતી પરિવર્તનોથી બનેલું છે. નીચેના પરિબળો ધંધાકીય પર્યાવરણને અસર કરે છે.

**(i) કુદરતી સંપત્તિના સ્ત્રોત તરીકે :**

જંગલો, ખાણ, પર્વતો, સમુદ્ર દ્વારા ખૂબ મોટા પાયે કાચો માલ તથા અન્ય સંપદા મળે છે. આથી જ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ, તેનું ઘટતું જતું પ્રમાણ, વૈકલ્પિક સ્ત્રોતની માહિતી આ બધું જ ધંધાકીય પર્યાવરણને અસર કરે છે.

**(ii) પર્યાવરણને લગતાં કાયદાઓ :**

સરકારે વધતાં જતાં પ્રદૂષણને નિયંત્રણમાં લેવા કેટલાંક કાયદાઓ ઘડે છે. જે પણ ધંધાકીય કાયદાઓને અસર કરે છે. તે ઉપરાંત Green Tribunalની રચના મુજબ નિયંત્રણનું પાલન કરવાનું રહે છે. Qutemobilesની Company દ્વારા વાહનોમાંથી થતાં પ્રદૂષણને નિયંત્રણમાં લેવા ભારત 1, 2, 3, 4, 5 જેવાં એન્હોમ એમિશન Lawનું પાલન કરવાનું રહે છે.

**(iii) પેદાશ વિકાસ તથા વિજ્ઞાપન :**

પર્યાવરણને લગતા પાસાની અસર પેદાશ વિકાસ પર જોવા મળે છે. જેમકે, નવનીત સ્ટેશનરી દ્વારા શેરડીના કૂચામાંથી બનેલ Ecobady Note Book અને IDC દ્વારા બનેલ Classmate Notebook તેમજ વિજ્ઞાપનમાં પણ કંપનીઓ પોતાના પ્રાકૃતિક પર્યાવરણની જાળવણીની પ્રતિબદ્ધ દર્શાવતા જોવા મળે છે. યુરોપની કાર કંપનીઓએ Clorofluorou Carbonરહિત કાર વિકસાવી છે.જે પણ આનું જ ઉદાહરણ ગણી શકાય.

**(6) કાયદાકીય અથવા કાનૂની (Legal) પરિબળો**

કાનૂની પર્યાવરણમાં મુખ્યત્વે બંધારણ, સંવિધાન, ન્યાયતંત્ર વગેરેનો સમાવેશ થાય છે. આમ છતાં તેને વિસ્તારથી નીચે મુજબ સમજાવી શકાય.

**(i) સંબંધિત કાનૂની માળખું :**

દરેક ઉદ્યોગ કે ધંધાકીય પ્રવૃત્તિ માટે એક ખાસ કે વિશેષ કાનૂની માળખું હોય છે. તે મુજબ જે-તે ઉદ્યોગો અને વ્યવસાયોએ તેનું અનુપાલન કરવાનું હોય છે. જેમ કે રજિસ્ટર્ડ કંપની માટે કંપની ધારો, ભાગીદારી પેઢી માટે Partnarship Act. બૅંકો માટે બૅંકિંગ Act. ઉદ્યોગો માટે Industrial Disputes Act. વગેરે જો પેઢી પોતાને સંબંધિત માળખાને સમજવામાં અને એનું અનુપાલન કરવામાં નિષ્ફળ જાય તો મુશ્કેલી સર્જાય છે.

**(ii) સરકારી એજન્સીઓ :**

જ્યાં સરકાર યોગ્ય સમજે ત્યાં તે સ્વાયત્ત એજન્સીઓની રચના કરે છે. જેમકે, શેરબજાર પર નિયંત્રણ રાખવા સેબી (SEBI) ટેલિફોન કંપનીઓ ઉપર નિયંત્રણ રાખવા TRAI તેમજ વીમા કંપનીઓ પર નિયંત્રણ રાખવા IRDA.

**(iii) કામદાર યુનિયનો અને તેની ભૂમિકા :**

ભારતમાં કામદારોના સંગઠનોને પણ કાયદેસરતા પ્રાપ્ત હોવી જરૂરી છે. જેમકે, INTUC, AITUC અને અખિલ ભારતીય મજદૂર સંગઠન. આવા સંગઠનોની ભૂમિકા ધંધાકીય પર્યાવરણને ખૂબ જ અસર કરે છે અને પૃથક્કરણ અતિ આવશ્યક છે.

**(iv) ન્યાયતંત્ર :**

ભારતમાં આવેલ ન્યાયતંત્રમાં દિવાની અદાલતો, મજદૂર અદાલતો, જિલ્લા અદાલતો, હાઈકોર્ટ (High Court), સુપ્રિમકોર્ટ(Suprim Court)તથા એપલેટ ટ્રીબ્યુનલ (tribunal)જેવી વ્યવસ્થા છે. આ બધાંની ભૂમિકા અંગે માહિતી હોવી જરૂરી છે. તે ઉપરાંત તેમાં પરિવર્તનો અંગે પણ છેલ્લામાં છેલ્લી માહિતી હોવી જરૂરી છે.

આમ ઉપરના પરિબળો કાયદાકીય પર્યાવરણને રચવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 2.5 આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ :

**આંતરરાષ્ટ્રીય વ્યાપાર**

"The benefit of international trade is a more efficient employment of the productive forces of the world." - J. S. Mill

એટલે કે, આંતરરાષ્ટ્રીય વ્યાપારથી વિશ્વના ઉત્પાદક પરિબળોને વધારે સારે રીતે પ્રયોજી શકાય છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારના લાભોને બે વિભાગમાં વહેંચી શકાય. (1)નિરપેક્ષ લાભો અને (2) સાપેક્ષ લાભો. એજવર્થ માને છે કે, વ્યાપાર પછીની પરિસ્થિતિને આધારે આંતરરાષ્ટ્રીય વ્યાપારના લાભો મેળવી શકાય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારનું આ રીતે ઘણું જ મહત્ત્વ છે. જેને સંક્ષિપ્તમાં આ રીતે જોઈ શકાય.

(i) આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા સ્થાનિક અસમતુલા દૂર કરી શકાય. દેશના અર્થકારણને સમતુલામાં લાવી શકાય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા મૂડી, વસ્તુઓ અને સેવાઓની આયાત નિકાસ દ્વારા અસમતુલા નિવારી શકાય છે.

(ii) મુક્ત, વ્યાપાર અને તેના કારણે સર્જાનાર મુક્ત કિંમત પદ્ધતિથી સાધનોનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ થાય છે.

(iii) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી સાધનોની શ્રેષ્ઠ ફાળવણી થાય છે. જે વસ્તુનું ઉત્પાદન ઓછા ખર્ચે અને સારી રીતે થાય છે. ત્યાં જ વધારે સાધનો ફાળવાય છે.

(iv) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી મૂડી, ટેક્નોલોજી, યંત્રો, કાચો માલ વગેરેની આયાત કરીને દેશના ઔદ્યોગિકકરણની ઝડપ વધારી શકાય છે.

(v) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી વિશિષ્ટીકરણ સિદ્ધ થાય છે. ઉપરાંત તેનાથી ઉત્પાદન, વ્યાપાર અને આવકમાં વધારો થાય છે.

(vi) આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો કરી શકાય છે.

(vii) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી ટેક્નોલોજીનો વિકાસ થાય છે. ટેકનિકલ પ્રગતિનો આર્થિક-ઔદ્યોગિક વિકાસમાં ઉપયોગ થાય છે.

(viii) આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા દેશમાં મૂડી રોકાણ અને ઉત્પાદન વધારીને રોજગારીમાં વધારો કરીને, ગરીબીના વિષચક્રને ભેદી શકાય છે.

(ix) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી ઓછા ખર્ચે વિપુલ પ્રમાણમાં ઉત્પાદન સંભવિત બને છે.

(x) દેશનાં ગ્રાહકોને વૈવિધ્યસભર વસ્તુઓ, સેવાઓ સરળ ભાવે ઉપલબ્ધ બને છે અને જીવનધોરણ અને જીવનસ્તર વિકસિત બને છે.

આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર આ વૈશ્વિકરણના રૂપમાં ખૂબ જ અનેરું મહત્ત્વ ધરાવે છે.

● **આયાત અને નિકાસ**

આયાત અને નિકાસ એ આંતરરાષ્ટ્રીય વ્યાપારની જ બે પ્રવૃત્તિઓ છે. જો દેશ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પ્રવૃત્ત હોય તો તેઓ અર્થ એમ કે, તે દેશ આયાત અને નિકાસ કરે છે. આયાત અને નિકાસના ખ્યાલોને નીચે મુજબ સમજાવી શકાય.

● **અર્થ :**

**(i)** **આયાત :** જે તે દેશના હૂંડિયામણની ચૂકવણી દ્વારા જ્યારે વસ્તુ કે સેવાની પોતાના દેશ માટે ખરીદી થાય તેને આયાત કહેવાય અથવા સરહદ પરથી વસ્તુની ખરીદી એટલે આયાત.

**(ii)** **નિકાસ :** જ્યારે પોતાના વિદેશી હૂંડિયામણના સ્વીકાર સાથે અન્ય દેશને વસ્તુ કે સેવા વેચવામાં આવે તેને નિકાસ કહેવાય. બીજા શબ્દોમાં પોતાના દેશમાં ઉત્પાદિત વસ્તુ કે સેવાનું સરહદપાર વેચાણ એટલે નિકાસ.

આયાત અને નિકાસ દૃશ્ય, માલ કે વસ્તુ તેમજ અદૃશ્ય સેવાની પણ હોય શકે.

➢ **માલની આયાત અને નિકાસ :**

જ્યારે અનાજ, મશીનરી, વાહનો કે શસ્ત્રોની બે દેશો વચ્ચે ખરીદી વેચાણ થાય તેને માલની આયાત નિકાસ કહેવાય.

➢ **સેવાની આયાત અને નિકાસ :**

બૅંકિંગ, ઈન્ફોર્મેશન ટેક્નૉલૉજી(Information technology), પ્રવાસન જેવી સેવાઓની આંતરરાષ્ટ્રીય ખરીદી કે વેચાણને સેવાની આયાત નિકાસ કહેવાય.

➢ **આયાત નિકાસ પર અંકુશ અને નિયંત્રણ :**

કેટલાંક કારણોસર ઘણા દેશો આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઈચ્છતા નથી અથવા મર્યાદિત

આંતરરાષ્ટ્રીય વ્યાપાર પસંદ કરે છે. આ સંજોગોમાં તેઓ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર ઘણાં નિયંત્રણો કે અંકુશો મૂકતા હોય છે. આ નિયંત્રણો નીચે મુજબના હોય શકે.

**(i) આયાત નિકાસ ડ્યુટીને લગતા નિયંત્રણો (Tariff Baries) :**

આ પ્રકારના નિયંત્રણો આયાતને અથવા નિકાસને અથવા બંનેને અંકુશમાં રાખવા માટે અમલમાં મૂકવામાં આવતા હોય છે. જો દેશ આયાત ઘટાડવા માંગતો હોય તો આયાત ડ્યુટી કે (impact duty)માં વધારો કરે છે અને જો નિકાસ ઘટાડવા માંગતો હોય તો (Export duty)માં વધારો કરે છે. તેથી ઊલ્ટુ જો પ્રોત્સાહન આપવા માંગતો હોય તો ડ્યુટી ઘટાડે છે.

**(ii) જથ્થાત્મક નિયંત્રણો :**

આ નિયંત્રણો અંતર્ગત આયાત અને નિકાસ માટેના વસ્તુદીઠ જથ્થો કે ક્વોટા કે આયાત ક. નિકાસની ટોચમર્યાદા નક્કી કરાય છે. જેનાથી વધુ જથ્થામાં આયાત કે નિકાસ થઈ શકતી નથી.

**(iii) સબસીડી કે નાણાકીય રાહતો :**

જે દેશ પોતાના ઉદ્યોગોને રક્ષણ આપવા માગતો હોય અને આયાતોને પરોક્ષ રીતે રોકવા માંગતો હોય તે દેશ પોતાના ઘર આંગણાની નાણાકીય રાહતો આપે છે કે જેથી સ્વદેશી વસ્તુઓની પડતર નીચી જાય અને પ્રમાણમાં સ્પર્ધાત્મક ભાવે વેચી શકાય અને વિદેશી આક્રમણ કે વસ્તુઓની નિકાસને રોકી શકાય.

## 2.7 આંતરરાષ્ટ્રીય વ્યાપારનું આંતરરાષ્ટ્રીય તટસ્થ સંસ્થાઓ દ્વારા નિયંત્રણ અથવા WTO દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપારનું નિયમન :

વિશ્વના દ્વિપક્ષીય અને બહુપક્ષીય વ્યાપારો યોગ્ય રીતે ચાલે અને ગેરવ્યાજબી પ્રવૃત્તિઓને અટકાવી શકાય એ માટે વિશ્વવ્યાપાર સંસ્થાઓ પણ કાર્યરત છે. TRIPS (Trade Related Intelactual Properties) and Trims (Trade Related Investment Measures) તેમજ Anti Dumping કાયદાઓ, સબસીડીને લગતા કાયદાઓ અને નિયમનો બનાવી આંતરરાષ્ટ્રીય વૉચ ડોગની ફરજ બજાવે છે. તેની સદસ્ય સંસ્થાઓએ તેના નિયમોનું પાલન કરવાનું રહે છે અને દ્વિપક્ષીય કે બહુપક્ષીય વિવાદો કે તકરારોમાં લવાદ તરીકે અસરકારક ભૂમિકા ભજવે છે.

## 2.8 સ્વાધ્યાય

- **સૈદ્ધાંતિક પ્રશ્નો :**

(1) આંતરિક ધંધાકીય પર્યાવરણ એટલે શું ? તેના ઘટકો જણાવો.

(2) એકમલક્ષી ધંધાકીય પર્યાવરણના ઘટકો સમજાવો.

(3) બાહ્ય પર્યાવરણ તરીકે સામાજિક સાંસ્કૃતિક પર્યાવરણના ઘટકો વિશે વિસ્તૃત ચર્ચા કરો.

(4) આર્થિક પર્યાવરણના ઘટકો ચર્ચો.

(5) બાહ્ય પર્યાવરણના ઘટક તરીકે તકનીકી પર્યાવરણ અને રાજકીય પરિબળો સમજાવો.

(6) આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ સમજાવો.

- **ટૂંકનોંધ લખો.**

(1) કાયદાકીય કે કાનૂની પર્યાવરણ

(2) કુદરતી પર્યાવરણ

(3) આંતરરાષ્ટ્રીય વ્યાપારના નિયંત્રણો

- **વૈકલ્પિક પ્રશ્નો :**

(1) નીચેનામાંનું કયું ઘટક આંતરિક ધંધાકીય પર્યાવરણનો ભાગ નથી.

(અ) તકનીકી પરિબળો (બ) કર્મચારી ગણ

(ક) ધંધાનું સંચાલન (ડ) પેઢીના મૂલ્યો

(2) નીચેનામાંથી કયાં પરિબળો આંતરિક ધંધાકીય પર્યાવરણનો હિસ્સો છે.

(અ) કર્મચારી ગણ (બ) ધંધાનું સંચાલન

(ક) પેઢીના મૂલ્યો (ડ) ઉપરના બધાં જ

(3) નીચેનામાંથી કયું પરિબળ એકમલક્ષી ધંધાકીય પર્યાવરણમાં સમાવી શકાય.

(અ) હરીફો (બ) શેરધારકો

(ક) વિતરકો (ડ) ઉપરના બધાં જ

(4) નીચેનામાંથી કયું પરિબળ એકમલક્ષી પર્યાવરણનો ભાગ નથી.

(અ) લેણદારો (બ) સામાજિક-સાંસ્કૃતિક પરિબળો

(ક) તકનીકી પરિબળો (ડ) આર્થિક પરિબળો

(5) નીચેનામાંથી કયાં પરિબળોસામાજિક-સાંસ્કૃતિક પર્યાવરણના ભાગરૂપ છે ?

(અ) ઉત્સવો (બ) પહેરવેશ

(ક) સામાજિક રીતરિવાજો (ડ) ઉપરના બધાં જ

(6) GDP અને GNP પર્યાવરણનો ભાગ છે.

(અ) તકનીકી (બ) આર્થિક

(ક) સામાજિક (ડ) ઉપરનામાંથી એક પણ નહિ

(7) દેશમાં સંશોધન અને વિકાસ એ __________ પર્યાવરણનો એક ભાગ છે.

(અ) તકનીકી (બ) આર્થિક

(ક) સામાજિક (ડ) ઉપરનામાંથી એક પણ નહિ

(8) કાનૂની પર્યાવરણમાં નીચેનામાંથી કયાં પરિબળોનો સમાવેશ થાય.

(અ) ન્યાયતંત્ર (બ) દેશનું સંવિધાન અને બંધારણ

(ક) કાનૂની માળખું (ડ) ઉપરના બધાં જ

(9) આંતરરાષ્ટ્રીય વ્યાપારના નિયંત્રણોમાં __________નો સમાવેશ થાય છે.

(અ) સબસીડી (બ) જથ્થાત્મક નિયંત્રણ

(ક) ઉપરના બંને (ડ) એકપણ નહિ

(10) આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ નીચેનામાંથી કયો વિકલ્પ સમજાવતું નથી.

(અ) સાધનોનો પૂરતો ઉપયોગ (બ) આર્થિક વૃત્તિ

(ક) વિદેશી હૂંડિયામણની પ્રાપ્તિ (ડ) દેશો વચ્ચે યુદ્ધ

જવાબો :-

(1) અ (2) ડ (3) ડ (4) ક (5) ડ (6) બ (7) અ (8) (9) ક (10) ડ

**વિધાન ખરાં છે કે ખોટાં :**

(1) આંતરિક પરિબળો પર ધંધાકીય પેઢીનો અંકુશ હોય છે.

(2) એકમલક્ષી પરિબળો તમામ પેઢીઓને અસર કરે છે.

(3) બાહ્ય પરિબળો પેઢીના અંકુશમાં હોય છે.

(4) બીજા દેશમાંથી દેશમાં આવતી વસ્તુઓને નિકાસ કરે છે.

(5) ઉત્સવો એ કાયદાકીય પર્યાવરણનો ભાગ છે.

**જવાબો :-**

(1) ખરુ (2) ખોટુ (3) ખોટુ (4) ખોટુ (5) ખોટુ

# એકમ : 3 તકનીકી પરિબળ

: રૂપરેખા :

3.1 પ્રસ્તાવના

3.2 ટેકનીકલ પરિબળોનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

3.3 ટેકનોલોજિકલ પરિબળોના લક્ષણો

3.4 ટેકનોલોજિકલ પરિબળોની ધંધાકીય પર્યાવરણ ઉપર થતી અસર

3.5 ટેકનોલોજિકલ પરિબળોની નકારાત્મક અસરો

3.6 ટેકનોલોજિકલ પરિબળોનું સંચાલન

3.7 વૈકલ્પિક પ્રશ્નો

3.8 સ્વાધ્યાય

3.9 સંદર્ભ

## 3.1 પ્રસ્તાવના

ધંધાકીય પરિબળને અનેક પ્રકારના પરિબળો અસર કરતાં હોય છે. જેમ કે આર્થિક પરિબળો, સામાજિક પરિબળો, સાંસ્કૃતિક પરિબળો, મનોવૈજ્ઞાનિક પરિબળો, રાજકીય પરિબળો, કાયદાકીય પરિબળો, આંતરરાષ્ટ્રીય પરિબળો, ટેકનિકલ પરિબળો વગેરે વગેરે. અસરકારક સંચાલન માટે તથા યોગ્ય અને ઝડપી ધંધાકીય નિર્ણયો લેવા માટે સંચાલકોએ ધંધાને અસર કરતાં ઉપરોક્ત બધાં જ પરિબળોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો અતિ આવશ્યક છે.

ટેકનિકલ પરિબળો ધંધાકીય પર્યાવરણને અસર કરતાં ખૂબ જ મહત્ત્વના પરિબળો છે. તે ધંધાકીય એકમની ચીજવસ્તુ કે સેવા ઉપરાંત ધંધાની ઉત્પાદકતા , ગુણવત્તા, હરીફાઈ ક્ષમતા, બજાર, પ્રતિષ્ઠા, કમાણી જેવાં અનેક મહત્ત્વના પાસાંઓને અસર કરે છે. ટેકનિકલ પરિબળોને કારણે નવી નવી ટેકનોલોજી, નવી ઉત્પાદન પદ્ધતિ, નવા સંશોધનો તથા ઓટોમેશન જેવા કાર્યો માટે સંશોધન અને વિકાસના કાર્યો શકય બને છે. જયારે ધંધાકીય એકમ કોઈ નવા બજારમાં પ્રવેશવા માંગતું હોય કે વર્તમાન બજારમાં કોઈ નવી પેદાશ મૂકવા માંગતું હોય ત્યારે ટેકનોલોજિકલ પરિબળોને અંગે નિર્ણય લેવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થાય છે. ટેકનોલોજીને કારણે જ બજાર સંશોધનના કાર્ય દરમિયાન બજાર અંગે, વપરાશકારો અંગે, હરીફો અંગે, વેપારીઓ અંગે તમામ નાનામાં નાની માહિતી સરળતાથી અને અસરકારક રીતે મેળવી શકાય છે. આધુનિક સમયમાં તમારા ધંધાનો પ્રકાર ગમે તે હોય પરંતુ ટેકનોલોજિકલ પરિબળો ધંધાકીય એકમના પર્યાવરણ તથા નિર્ણયોને અસર કરતું જ હોય છે. આથી ધંધાને અસર કરતાં આવા ટેકનોલોજિકલ પરિબળોનો અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે.

## 3.2 ટેકનિકલ પરિબળોનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

ધંધાકીય એકમે ટેકનિકલ પરિબળોનું મૂલ્યાંકન કરતી વખતે નીચેની બાબતો અંગે ખાસ વિચારણા કરવી જોઈએ. જેમ કે,:

- ટેકનોલોજીનું આયુષ્ય કેટલું છે?
- નવી ટેકનોલોજીથી પડતરમાં થતો ઘટાડો કેટલો છે?
- નવી ટેકનોલોજીથી થતા ફાયદા કયા છે?
- ગ્રાહકોની જાગરૂકતા અને ટેકનોલોજી અંગેનું જ્ઞાન
- કોઈ નવા સંશોધન માટે ઉપયોગી છે કે નહી ?
- બૌદ્ધિક સંપદા બનશે કે નહી ?
- નવી ટેકનોલોજી માટે કેટલું રોકાણ જોઇશે ? ક્યાંથી પ્રાપ્ત થશે ?
- તે અંગે આપણું બજેટ કેટલું છે?
- ટેકનોલોજી અને ઈન્ટરનેટની આપણા ધંધા પર થતી અસર કેટલી?
- માહિતી સંચારનું આપણું માળખું કેવું છે?
- કર્મચારીઓનો નવી ટેકનોલોજી અંગેનો અભિગમ કેવો છે?
- સરકારની નીતિ અને સહકાર અંગેની માહિતી વગેરે વગેરે .

## 3.3 ટેકનોલોજિકલ પરિબળોના લક્ષણો (લાક્ષણિકતાઓ):

કોઈપણ ટેકનોલોજી ધંધાકીય એકમ માટે, સમગ્ર ઉદ્યોગ માટે તથા રાષ્ટ્ર અને ગ્રાહકો માટે ઉપયોગી અને અસરકારક બને તે માટે તે ટેકનોલોજીમાં નીચે જણાવ્યા મુજબના લક્ષણો હોવા જોઈએ. ટેકનોલોજિકલ પરિબળોના લક્ષણો ટૂંકમાં નીચે મુજબ દર્શાવી શકાય છે.

**1. ગ્રાહકલક્ષી (ગ્રાહક કેન્દ્ર સ્થાને હોવો જોઈએ) :**

જો કોઈ નવી ટેકનોલોજી ધંધામાં ઉપયોગમાં લેવામાં આવે તે ગ્રાહકલક્ષી હોવી જોઈએ. એટલે કે ગ્રાહકોની જરૂરિયાતો, પસંદગી, ટેવ, રુચિ, ફેશન વગેરેને ધ્યાનમાં લે તેવી હોવી જોઈએ. એટલે કે નવી ટેકનોલોજીના કેન્દ્રમાં ગ્રાહક હોવો જોઈએ.

**2. સરળતા :**

નવી ટેકનોલોજીમાં સરળતાનો ગુણ હોવો જરૂરી છે. આજના આધુનિક સમયમાં લોકો, બજાર તેમજ બધું જ ગૂંચવાડાભર્યું બનતું જાય છે. પરંતુ જે સરળ હોય છે તે લાંબું ટકે છે. આવી ટેકનોલોજીમાં સરળતાનો ગુણ હોવો જોઈએ. ટેકનોલોજી સરળ હોય તો કર્મચારીઓ તેને સરળતાથી સમજી શકે અને તેનો ઉત્પાદનની પ્રક્રિયામાં સરળતાથી અમલ થઈ શકે. પરિણામે પડતર ઘટે અને નફામાં વધારો થઈ શકે.

**3. પરિવર્તનશીલતા :**

ટેકનોલોજીનું એક અગત્યનું લક્ષણ છે કે તે પરિવર્તનશીલ હોવું જોઈએ. સમય અને સંજોગો પ્રમાણે જે તે ટેકનોલોજીમાં પરિવર્તન કરવાનું શકય હોવું જોઈએ. જે ટેકનોલોજી જડ હોય છે એટલે કે પરિવર્તનશીલતાનો અભાવ હોય છે તે ખૂબ જ ઓછું આયુષ્ય ધરાવતી હોય છે. આથી જ કોઈપણ ટેકનોલોજીમાં પરિવર્તનશીલતાનું તત્વ હોવું અતિ આવશ્યક છે.

**4. યોગ્યતા :**

જુદા જુદા દેશો તેમજ જુદાં જુદાં ઉદ્યોગ ધંધાની પરિસ્થિતિ જુદી જુદી હોય છે. એટલે જ કોઈપણ ટેકનોલોજી અપનાવતા પહેલાં આપણા ઉદ્યોગ કે દેશની સ્થિતિનો યોગ્ય

રીતે અભ્યાસ કરી તે ટેકનોલોજી આપણા માટે ખરેખર ઉપયોગી અને યોગ્ય છે કે નહીં તે જોઈ લેવું જોઈએ. અયોગ્ય ટેકનોલોજીને કારણે ધંધાકીય એકમની નકારાત્મકતા, સધ્ધરતા, પ્રતિષ્ઠા અને અસ્તિત્વ પણ જોખમમાં આવી શકે છે. દા.ત. વિકસિત દેશો જ્યાં કામ કરનાર લોકોની સંખ્યા ઓછી છે ત્યાં મૂડી પ્રધાન ટેકનોલોજી યોગ્ય હોય છે. પરંતુ ભારત જેવા દેશોમાં જ્યાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે ત્યાં મૂડી પ્રધાન કરતાં શ્રમ પ્રધાન ટેકનોલોજી વધુ લાભદાયી નિવડી શકે.

**5. આયુષ્ય મર્યાદિત હોય છે :**

કોઈપણ નવી ટેકનોલોજી શોધાય તેનું આયુષ્ય મર્યાદિત હોય છે. કારણકે આજના હરિફાઈના યુગમાં રોજ નવા નવા સંશોધનો થતાં જ રહે છે અને નવી નવી ટેકનોલોજીની શોધ થતી જ રહે છે. જે તે કારણે જૂની ટેકનોલોજી બિન ઉપયોગી થઈ જાય છે.

**6. ગુણવત્તા અને જીવન ધોરણમાં સુધારો :**

કોઈપણ ટેકનોલોજીનું એક અગત્યનું લક્ષણ એ છે કે તે પેદાશ કે સેવાની ગુણવત્તામાં સુધારો લાવે તેવી હોવી જોઈએ. તેમજ ટેકનોલોજીને કારણે સામાન્ય લોકોના જીવનધોરણમાં પણ સુધારો થવો જોઈએ.

**7. પર્યાવરણ માટે અનુકૂળ હોવી જોઈએ :**

ટેકનોલોજી પર્યાવરણલક્ષી હોય તે ખૂબ જ જરૂરી છે. જો તે પર્યાવરણ માટે અનુકૂળ હોય તો જ તેનો ધંધામાં અમલ થઈ શકે. જે ટેકનોલોજી પર્યાવરણ માટે અનુકૂળ ન હોય તેના ઉપયોગ માટે સરકાર પરવાનગી ન આપે. આથી એવી ટેકનોલોજીનો કોઈ ઉપયોગ રહેતો નથી.

**8. કાર્ય સરળ અને ઝડપી બનાવે (ઓટોમેશન) :**

નવી ટેકનોલોજીના કારણે ઉત્પાદકતા વધે તેમજ પડતરમાં પણ ઘટાડો થવો જ જોઈએ. પરંતુ તેની સાથે તેમાં એક ગુણ ઓટોમેશનનો પણ હોવો જોઈએ. એટલે કે માનવશ્રમનું પ્રમાણ ઘટવું જોઈએ. ઉત્પાદનનું કાર્ય સરળ અને ઝડપી બનવું જોઈએ. નવી ટેકનોલોજી ધંધાકીય એકમ સાથે સંકળાયેલ કર્મચારીઓ અને કામદારોનું કાર્ય સરળ, ઝડપી અને અસરકારક બનાવે તે અત્યંત આવશ્યક છે.

**9. સંતુલન જાળવે તેવી હોવી જોઈએ :**

કોઈપણ નવી ટેકનોલોજી વિકસાવવા માટે તથા તેનો ધંધામાં અમલ કરવા માટે મોટા પાયે મૂડી રોકાણ કરવાનું હોય છે. આથી તે ટેકનોલોજી રોકાણ અને તેમાંથી મળતા વળતર વચ્ચે સંતુલન જાળવે તે અત્યંત જરૂરી છે. સંતુલનના અભાવે ટેકનોલોજી બિન ઉપયોગી નીવડે છે.

**10. વૈશ્વિક અસર :**

ટેકનોલોજિકલ પરિબળોને કારણે જે અસર થાય છે તે માંગ કોઈ એક ઉદ્યોગ કે એક દેશ પૂરતી જ મર્યાદિત રહેતી નથી. નવી ટેકનોલોજીની અસર બધા જ ઉદ્યોગ ધંધા તેમજ વિશ્વના તમામ દેશો પર થતી હોય છે. આથી જ એમ કહી શકાય કે ટેકનોલોજિકલ પરિબળોની અસર વૈશ્વિક સ્વરૂપની હોય છે.

## 3.4 ટેકનોલોજિકલ પરિબળોની ધંધાકીય પર્યાવરણ ઉપર થતી અસર

પાછલા અમુક વર્ષો દરમિયાન ટેકનોલોજિકલ પરિબળોએ ધંધાકીય પર્યાવરણ પર ખૂબ જ મોટા પાયે અને ખૂબ જ ઝડપી અસરો કરેલ છે. માહિતી સંચાર ક્ષેત્રે જે નવા નવા સંશોધન અને વિકાસ થયા છે તેની ઉદ્યોગ – ધંધા તેમજ વૈશ્વિક કોર્પોરેટ ક્ષેત્ર પર ખૂબ જ મોટા પ્રમાણમાં અસર થતી જોવા મળે છે. ટેકનોલોજીને કારણે ધંધાના વિકાસમાં કઈ કઈ સહાય થઈ છે તેની સરળ અને ટૂંકમાં રજૂઆત નીચે મુજબ કરી શકાય છે :

**1. માહિતીસંચાર સરળ, ઝડપી અને અસરકારક બને છે.**

નવી નવી ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે તે માહિતીસંચારની સેવાઓમાં સુધારો કરે છે. આધુનિક સમયમાં સમગ્ર વિશ્વ એક ગામ બની ગયું છે. આથી અનેક દેશોમાં વેપાર- ધંધો કરતાં લોકો આ નવી ટેકનોલોજીને કારણે અન્ય કોઈપણ દેશમાં રહેતાં ગ્રાહકો, વેપારીઓ, વિતરકો, એજન્ટો વગેરે જોડે સરળતાથી તથા ઝડપથી વાત કરી શકે છે. તેમની સાથે ધંધાકીય મિટિંગ, જૂથ ચર્ચા કરી શકે છે. તેમજ લેખિત માહિતી સંચાર પણ અમુક ક્ષણોમાં જ શકય બન્યું છે. આથી એમ સ્પષ્ટ પણે કહી શકાય કે માહિતીસંચાર ક્ષેત્રે જે નવા સંશોધન અને વિકાસ થયા છે તેને કારણે ધંધાકીય એકમનું માહિતીસંચારનું કાર્ય ખૂબ જ સરળ, ઝડપી અને અસરકારક બન્યું છે.

**2. માર્કેટિંગ વ્યૂહરચના વિકસાવવા માટે ઉપયોગી :**

માર્કેટિંગ વ્યૂહરચના તૈયાર કરવી એ સંચાલકોનું સૌથી અગત્યનું એક કાર્ય છે. યોગ્ય વ્યૂહરચનાને કારણે ધંધાકીય એકમ સફળતા પ્રાપ્ત કરે છે અને અયોગ્ય વ્યૂહરચના ધંધાની નફાકારકતા, પ્રતિષ્ઠા અને અસ્તિત્વ માટે જોખમ ઊભું કરે છે. આધુનિક સમયમાં માર્કેટિંગ વ્યૂહરચના તૈયાર કરતી વખતે ટેકનોલોજિકલ પરિબળોને ધ્યાનમાં લેવા અત્યંત આવશ્યક છે. ટેકનોલોજી ધંધાકીય એકમની પેદાશની જાહેરાત – પ્રસિધ્ધિ તેમજ ધંધાના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. આધુનિક સમયમાં ધંધા દ્વારા ઈન્ટરનેટ, ફેસબુક, યુ –ટ્યૂબ, ટીવી વેબ, સોશિયલ મીડિયા જેવાં અનેક માધ્યમોનો માર્કેટિંગ માટે ઉપયોગ થાય છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે " હવે ગ્રાહકોના બેડરૂમ સુધી જઈ માર્કેટિંગ કરવાનું ધંધાકીય એકમો માટે શક્ય બન્યું છે."

**3. ધંધાકીય એકમની ઉત્પાદન પડતરમાં ઘટાડો થાય છે.**

બધા જ ધંધાકીય એકમો ટેકનોલોજીનો ઉપયોગ કરી ધંધાકીય એકમની પડતર ઘટાડવા માટે પ્રયત્ન કરે છે. નવા સંશોધનો અને વિકાસના કારણે એવી ટેકનોલોજી શોધાય છે કે જેને કારણે ધંધાકીય પ્રવૃત્તિઓ ખૂબ જ સરળ અને ઝડપી બને છે. તેમજ જે કાર્ય કરવા પહેલા બે કે ત્રણ કર્મચારીઓની જરૂર પડતી હતી તેના સ્થાને હવે તે જ કાર્ય એક જ વ્યક્તિ દ્વારા અસરકારક થઈ શકે છે. જેને કારણે ધંધાકીય એકમનો મંજૂરી અથવા પગારનો ખર્ચ ઘટે છે. તદ ઉપરાંત નવી ટેકનોલોજીમાં ઓટોમેશનનું પ્રમાણ વધુ હોય છે. જેને કારણે ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન માલસામાન અથવા સમયના પરિબળોને પણ બગાડ ઓછામાં ઓછો થાય છે. તેને કારણે પણ ધંધાકીય એકમની ઉત્પાદન પડતરમાં ખૂબ જ ઘટાડો થાય છે.

**4. વૈશ્વિક બજાર પ્રાપ્ત થાય છે.**

જુદાં જુદાં ટેકનોલોજિકલ પરિબળોને કારણે મોટા ઉદ્યોગ ગૃહો ઉપરાંત નાના નાના ધંધાકીય એકમો પણ સ્થાનિક , રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચી શકયાં

છે. ઈન્ટરનેટ, વેબસાઈટ , સોશિયલ મીડિયા જેવાં પરિબળોને કારણે સમગ્ર વિશ્વના ગ્રાહકો મેળવવાનું તથા સમગ્ર વિશ્વને બજાર બનાવવાનું શક્ય બન્યું છે. આમ, કોઈપણ ધંધાકીય એકમ ટેકનોલોજિકલ પરિબળોનો ઉપયોગ કરી સરળતાથી તેમજ ઓછા ખર્ચે વૈશ્વિક બજાર તથા ગ્રાહકો મેળવી શકે છે.

**5. વિદેશી કંપનીઓ સાથે જોડાણ અને આઉટસોર્સિંગ શક્ય બને છે.**

કોઈ એક દેશની કંપની ટેકનોલોજિકલ પરિબળોની મદદથી કોઈ દેશમાં આવેલી વિદેશી કંપનીઓ સાથે જોડાણ કરી તેની સાથે કાર્ય કરી શકે છે. તદ ઉપરાંત અન્ય દેશોમાંથી કાર્યને આઉટસોર્સિંગ પણ કરી શકે છે. દા.ત. ભારતમાં હિસાબો લખવાનું કાર્ય કરનારા અનેક કુશળ સી.એ. (C.A.) તથા નિષ્ણાંત લોકો સરળતાથી મળી રહે છે. જેને કારણે ભારતમાં હિસાબીઓ લખવાનું કાર્ય સરળ તથા વિદેશોની સરખામણીએ ખૂબ જ ઓછું ખર્ચાળ છે. તેને પરિણામે વિશ્વના અનેક વિકસિત દેશો હિસાબો તૈયાર કરવાનું કાર્ય ભારતમાંથી આઉટસોર્સિંગ કરાવે છે. આમ, વિદેશી કંપનીઓ સાથે જોડાણ, સહકાર, સમજૂતી તથા આઉટસોર્સિંગ માટે ટેકનોલોજિકલ પરિબળો ખૂબ જ મદદરૂપ સાબિત થાય છે.

**6. કર્મચારીઓની ઉત્પાદકતા તથા ગુણવત્તામાં સુધારો થાય છે.**

ટેકનોલોજિકલ પરિબળોને કારણે ધંધાકીય પ્રવૃત્તિ સરળ અને ઝડપી બને છે. તેમજ તેમાં કમ્પ્યુટરાઈઝેશન તથા ઓટોમેશનનું પ્રમાણ વધે છે. જેને પરિણામે માનવ શ્રમમાં ઘટાડો થાય છે. ઓટોમેશનના કારણે ભૂલોની તથા બગાડની શક્યતા ઘટે છે. તમામ પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિઓ જેવી કે સંચાલકીય પ્રવૃત્તિ, હિસાબી પ્રવૃત્તિ, નાણાકીય, વહીવટી પ્રવૃત્તિમાં અચૂકતા (Accuracy) આવે છે. જેને કારણે કર્મચારીઓની ઉત્પાદકતામાં વ્હ્દારો થાય છે. આ ઉપરાંત પેદાશ અથવા સેવાની ગુણવત્તા પણ વધે છે. જેને કારણે ગ્રાહકોના સંતોષમાં પણ વધારો થાય છે. જે આખરે તો ધંધાકીય એકમની નફાકારકતા અને પ્રતિષ્ઠામાં વધારો લાવે છે.

**7. ગ્રાહક સંબંધી સંવેદનશીલ અને મહત્ત્વની માહિતી પ્રાપ્ત કરવાનું શક્ય બને છે.**

આધુનિક સમયમાં ટેકનોલોજિકલ પરિબળોને કારણે ધંધાકીય એકમ તેમના ગ્રાહકો અંગે મહત્ત્વની તેમજ સંવેદનશીલ માહિતી પ્રાપ્ત કરી શકે છે. દા.ત., ગ્રાહક દ્વારા કંપનીની પેદાશ કે સેવાનો ઉપયોગ કરવામાં આવે ત્યારે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમોમાં ગ્રાહક દ્વારા પેદાશ કે સેવા અંગે તેને પેદાશ કે સેવા અંગે થયેલ અનુભવને આધારે રીવ્યુ (Review) લખવામાં આવે છે. ધંધાકીય એકમ ગ્રાહકોના આવા રીવ્યુને આધારે પોતાની પેદાશ કે સેવાની ખૂબીઓ તેમજ ખામીઓ અંગે માહિતી મેળવી શકે છે. તદઉપરાંત પોતાની પેદાશ કે સેવા અંગે ગ્રાહકોની કઈ અપેક્ષાઓ છે તે પણ જાની શકે છે. અને આ તમામ માહિતીને આધારે પોતાની પેદાશ કે સેવામાં જરૂરી પરિવર્તન તથા સુધારા કરી ગ્રાહકોના સંતોષમાં વધારો લાવી શકે છે.

## 3.5 ટેકનોલોજિકલ પરિબળોની નકારાત્મક અસરો

જે રીતે દરેક સિક્કાની બે બાજુ હોય છે તે જ રીતે જ દરેક બાબતની હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારની અસરો જોવા મળે છે. ટેકનોલોજિકલ પરિબળોને કારણે ધંધાકીય એકમને અનેક લાભ થાય છે તેમ છતાં આ પરિબળોની ધંધાકીય એકમ પર કેટલીક નકારાત્મક, પ્રતિકૂળ અસરો પણ થતી હોય છે. ટેકનોલોજિકલ પરિબળોની ધંધા પર થતી નકારાત્મક અસરોને નીચે મુજબ ધર્શાવી શકાય છે.

**1. બેરોજગારીનું પ્રમાણ વધે છે.**

નવી ટેકનોલોજીના કારણે કાર્ય સરળ અને ઝડપી બને છે. તેમજ કમ્પ્યૂટરાઈઝેશન અને ઓટોમેશનના કારણે માનવશ્રમ ઘટે છે. આ પરિબળોને કારણે જે કાર્ય બે ચાર વ્યક્તિ કરતા હતા તે જ કાર્ય હવે એક જ વ્યક્તિ દ્વારા શક્ય બન્યું છે. તદ ઉપરાંત અમુક કાર્યો જે પહેલાં કર્મચારીઓ દ્વારા થતા હતા તે મશીનો દ્વારા પણ થવા લાગ્યા છે. પરિણામે અગાઉ કરતા ઓછા કર્મચારીઓની આવશ્યકતા રહે છે. અને રોજગારીનું સર્જન પણ ઘટે છે. દા.ત. બેક્કિંગ ક્ષેત્રમાં નવી ટેકનોલોજીના કારણે કામદારોની જરૂરિયાત ઘટી છે. જેને કારણે રોજગારી ઘટી છે. પાસબુકમાં નોંધ કરવા માટે, ચેક ભરવા માટે જયાં અગાઉ કર્મચારીઓની જરૂર હતી ત્યાં હવે યંત્ર કાર્ય કરે છે. જેને કારણે બેરોજગારીનો પ્રશ્ન વધુને વધુ ઘાતક બનતો જાય છે.

**2. વ્યક્તિગત સંપર્ક અને સંબંધોનું પ્રમાણ ઘટયું છે.**

ટેકનોલોજિકલ પરિબળોને કારણે એવા માધ્યમો અને સાધનોની શોધ થઈ છે કે જેને કારણે હવે ઉત્પાદકોએ , વિતરકો તથા વેપારીઓ સાથે રૂબરૂ મુલાકાત કરવી પડતી નથી. ઈન્ટરનેટ જેવા માધ્યમોની મદદથી તથા માહીતિસંચાર ક્ષેત્રે આવેલ ક્રાંતિને કારણે હવે આ બધા પ્રશ્નકારો પહેલાંની જેમ રૂબરૂ મળવાનું ખૂબ જ ઘટી ગયું છે. અને પરસ્પરના સંબંધો અને સંપર્ક પણ ઘટતાં જાય છે. એ જ રીતે વ્યાપારીઓ અને ગ્રાહકો વચ્ચેના તથા ગ્રાહકો અને સેલ્સમેન સાથેના જે સંબંધો અને સંપર્ક હતા તે પણ આધુનિક ટેકનોલોજિકલ પરિબળોને કારણે સાવ ઘટી ગયા છે. આમ, ઓન – લાઈન ખરીદીને કારણે વેગ મળવાને કારણે ઉત્પાદકો, વિતરકો, વેપારીઓ, સેલ્સમેન, ગ્રાહક વગેરે વચ્ચેના વ્યક્તિગત સંપર્ક અને સંબંધો પહેલાં જેવાં રહ્યાં નથી.

**3. નાના વેપાર – ધંધા ઉપર પ્રતિકૂળ અસર થઈ છે.**

એ વાતમાં બે મત નથી કે ટેકનોલોજિકલ પરિબળોને કારણે મોટા ઉદ્યોગો તથા સુશિક્ષિત તથા ટેકનોલોજીથી વાકેફ હોય તેવા વેપારીઓ માટે ખૂબ જ ઉપયોગી તથા આશીર્વાદરૂપ નીવડયું છે. પરંતુ નાના વેપારીઓ, છુટક વેપાર કરતા વેપારીઓ કે જેઓ ઉચ્ચ શિક્ષણ પામેલ નથી તથા ટેકનોલોજીનું સારું જ્ઞાન ધરાવતા નથી તેમના માટે આ પરિબળો નુકસાનકારક પુરવાર થયાં છે. દા.ત. સમગ્ર ભારતમાં લાખો કરોડો નાના વેપારીઓ શાકભાજી, ફળ – ફળાદી, કરિયાણું કે નાની મોટી વસ્તુઓ વેચીને ધંધો કરતા હતા. પરંતુ ટેકનોલોજિકલ પરિબળોને કારણે ઓનલાઈન વેપાર શરુ થતા. બે પાંચ મોટી કંપનીઓ દ્વારા ઊંચા વટાવ તથા ખાસ ઓફરો આપી આ નાના વેપારીઓના ધંધાને ખૂબ જ ખરાબ રીતે અસર પહોંચાડી છે. ''લાખો – કરોડો વેપારીઓ જે નફો કમાતાં હતાં તે માત્ર ગણ્યાંગાંઠ્યા કંપનીના માલિકો કમાવા લાગ્યા છે.'' આમ, ટેકનોલોજિકલ પરિબળોએ ઘણાં નાના વેપારીઓની અસ્તિત્વ જોખમમાં મૂકી દીધું છે.

**4. અપ્રમાણિકતા અને છેતરપીંડીનું પ્રમાણ ઓનલાઈન ધંધામાં વધુ હોય છે.**

નવી ટેકનોલોજી અને માહિતી સંચારના માધ્યમોને કારણે હવે ઓનલાઈન – ખરીદ – વેચાણનું પ્રમાણ વધ્યું છે. પરંતુ આ વેપારમાં માલને જોઈને , સ્પર્શીને કે ચકાસીને ચેક કરવાને બદલે માત્ર ચિત્ર જોઇને જ ખરીદ – વેચાણ કરવાનું હોય છે. જેને કારણે ઘણી વાર ચિત્રની વસ્તુ અને વાસ્તવિક પેદાશમાં ઘણો જ અંતર જોવા મળે છે.

તદઉપરાંત પણ વેપારીઓ સાથે અંગત સંપર્ક અને સંબંધ ન હોવાથી ગુણવત્તા પર બહુ ધ્યાન આપવામાં આવતું નથી અને ઉતરતી કક્ષાનો માલ પૂરો પડાય છે. તેમજ ઘણીવાર ધૂતારા લોકો (વેપારીઓ) દ્વારા માલ પેટે કિંમત એડવાન્સ લઈ માલ પૂરો પાડવામાં જ નથી આવતો અથવા હલકો અને ખરાબ માલ પૂરો પાડવામાં આવે છે. તેમજ ડિજીટલ પેમેન્ટમાં પણ ઘણીવાર ગ્રાહકો સાથે ઠગાઈ કરી લેવામાં આવે છે. ટૂંકમાં ટેકનોલોજિકલ પરિબળોને કારણે ધંધાકીય પ્રવૃત્તિમાં અપ્રમાણિકતા અને છેતરપીડીનું પ્રમાણ વધ્યું છે.

## 3.6 ટેકનોલોજિકલ પરિબળોનું સંચાલન

ધંધાકીય એકમ ગમે તે કદનું હોય પરંતુ તે તેની ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને કામગીરી સુધારવા તથા વધારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. સીધી વાત છે કે નવી ટેકનોલોજીનો જો ધંધામાં અસરકારક રીતે અમલ કરવામાં આવે તો ધંધાની ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને ગુણવત્તામાં વધારો થઈ શકે છે. નવી ટેકનોલોજી ધંધામાં સફળ થશે કે નિષ્ફળ તેનો આધાર ટેકનોલોજીનો અમલ કઈ રીતે કરાવવામાં આવ્યું છે તે બાબત ઉપર રહેલ હોય છે. સાચવેતીપૂર્વક તૈયારીઓ કર્યા બાદ, વ્યૂહાત્મક અમલીકરણ કરીને અને પ્રમાણિક મૂલ્યાંકન દ્વારા નવી ટેકનિક સરળતાથી તેમજ કર્મચારીઓના વિરોધ વિના અમલ કરાવી શકાય છે. ધંધાકીય એકમમાં કોઈપણ નવી ટેકનોલોજીનો અમલ કરાવવા તથા તેના અસરકારક સંચાલન માટે નીચે મુજબના પગલાંઓને અનુસરવું જોઈએ.

**1. ટેકનોલોજીનું મૂલ્યાંકન કરવું :-**

જયારે ધંધાકીય એકમ કોઈ નવી ટેકનોલોજીનું અમલ કરવા જઈ રહ્યું હોય ત્યારે તે ટેકનોલોજીનું પાયાના સ્તરથી મુલ્યાંકન કરવું ખૂબ જ જરૂરી છે. નવી ટેકનોલોજી અપનાવવાનો ઉદ્દેશ શો છે ? તેના દ્વારા ધંધાકીય એકમમાં ક્યા પ્રકારના પરિવર્તનોની અપેક્ષા રાખવામાં આવે છે. ટેકનોલોજીની સફળતા કેવી રીતે માપવામાં આવશે તે અગાઉથી નક્કી કરવું જરૂરી છે. ટેકનોલોજીનું મૂલ્યાંકન કરતી વખતે ધંધાકીય એકમે તેની અપેક્ષાઓને અગ્રતા ક્રમ આપવો જોઈએ. પરંતુ અહી એ વાત ધ્યાન રાખવી જોઈએ કે મૂલ્યાંકન કરતી વખતે માત્ર કાર્યક્ષમતા કે કિમતને જ નહીં પરંતુ વપરાશકારોની આવશ્યકતાઓને પણ ધ્યાનમાં લેવી જોઈએ. તેમજ એવી ટેકનોલોજી પસંદ કરવી જોઈએ કે જે સહજ હોય તથા ઉપયોગમાં પણ સરળ હોય.

**2. નવી ટેકનોલોજી માટે સંપૂર્ણ સપોર્ટ સિસ્ટમની ખાતરી કરવી :-**

ઔદ્યોગિક એકમ દ્વારા કોઈ નવી ટેકનોલોજીના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવા માટે ધંધાકીય એકમે નવી ટેકનોલોજી માટે સંપૂર્ણ સપોર્ટ સિસ્ટમની ખાતરી કરી લેવી જોઈએ. કર્મચારીઓને તાલીમ આપવાના કાર્યમાં આધુનિક અભિગમ પસંદ કરવો જોઈએ. ડિજિટલ સહાય કેન્દ્રોની મદદથી નવી તકનિક અંગે બધા જ લોકોને સંપૂર્ણ પણે અને સરળતાથી માહિતી મળી રહે તે જોવું જોઈએ. ધંધાકીય એકમે એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે નવી ટેકનોલોજીની લોંચની તારીખ પહેલાં દરેક વ્યક્તિને યોગ્ય રીતે તાલીમ આપવામાં આવી હોય તથા બધા જ કર્મચારીઓ માટે નવી ટેકનોલોજી આરામદાયક અને અનુકૂળ બની રહે.

**3. નવી ટેકનોલોજીને કારણે દબાણ ન સર્જાય તેની કાળજી રાખવી :-**

નવી ટેકનોલોજી ધંધાકીય એકમમાં લોંચ કરવા માટે બધી જ તૈયારીઓ થઈ ગયા પછી

તેના અમલને કારણે ઉત્પાદકીય પ્રવૃત્તિમાં ઉત્પાદકતા વધારવા માટે તથા નિશ્ચિત ધ્યેયો સિદ્ધ કરવા માટે ખોટું દબાણ ન સર્જાય તે સંચાલન મંડળે ધ્યાન રાખવું જોઈએ. ખોટા અને વધુ પડતા દબાણને કારણે કામદારોની કાર્યક્ષમતા તથા તેમના જુસ્સા પર નકારાત્મક પ્રભાવ જોવા મળે છે. જેને પરિણામે નવી ટેકનોલોજી ધંધાકીય એકમમાં નિષ્ફળ નીવડે તેવું પણ બની શકે.

**4. નવી ટેકનોલોજી અંગે પારદર્શક બનવું જોઈએ :-**

કોઈપણ નવી ટેકનોલોજીનું ધંધાકીય એકમમાં અમલ કરાવતી વખતે ટેકનોલોજી અંગે પારદર્શકતા રાખવી ખૂબ જ જરૂરી છે. પારદર્શકતાને કારણે કર્મચારીઓમાં ટેકનોલોજી અંગે સંચાલકો અંગે વિશ્વાસની ભાવના વધે છે. પારદર્શકતાને કારણે કામદારોના જુસ્સામાં વધારો થાય છે. પારદર્શકતાને પરિણામે નવી ટેકનોલોજીની સફળ થવાની સંભાવના વધે છે. આથી ધંધાકીય એકમે નવી ટેકનોલોજી અંગે સંપૂર્ણ પારદર્શકતા અપનાવવી જોઈએ.

**5. નવી ટેકનોલોજીનું મહત્ત્વ અને ધંધા તથા કર્મચારીઓ માટે કઈ રીતે ઉપયોગી છે તે સમજાવવી :-**

નવી ટેકનોલોજીની ધંધાકીય એકમમાં અમલ કરવાતી વખતે સંચાલકોએ નવી ટેકનોલોજી અંગે ધંધાના કર્મચારીઓ સાથે ખુલ્લા મને ચર્ચા કરવી જોઈએ તથા તે ટેકનોલોજી ધંધાકીય તથા કામદારોના વિકાસમાં કઈ રીતે મદદરૂપ થશે તે બાબત કર્મચારીઓને સમજાવવી જોઈએ. નવી ટેકનોલોજીને કારણે થતા લાભોની ચર્ચા કરવી જોઈએ. તદઉપરાંત કયા કારણોસર તથા કયા પરિવર્તનોને કારણે નવી ટેકનોલોજીનો અમલ આવશ્યક છે.

**6.** ટેકનિકલ પ્રક્રિયા પર અસરકારક દેખરેખ રાખવી :- ધંધાકીય એકમમાં નવી ટેકનોલોજીનો અમલ કરાવતી વખતે અંતિમ તબક્કો ટેકનોલોજિકલ પ્રક્રિયા પર અસરકારક દેખરેખ રાખવાનો છે. ટેકનોલોજીની સફળતા માટે તેના અમલ દરમિયાન સતત તેના પર દેખરેખ અને અંકુશ રાખવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આ કાર્ય માટે કોઈ એક વ્યક્તિ અથવા કોઈ ટીમને પણ રાખી શકાય છે. દેખરેખના કાર્ય દરમિયાન પ્રક્રિયામાં થતી ભૂલો, ખાતરીઓને શોધી તેને દૂર કરવામાં આવે છે. પ્રક્રિયા દરમિયાન કામદારોને આવતી મુશ્કેલીઓ દૂર કરવી જોઈએ તથા સમગ્ર પ્રક્રિયા સરળ અને ઝડપી બને તે માટે કામદારોને જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.

## 3.7 વૈકલ્પિક પ્રશ્નો

- **નીચે આપેલ પ્રશ્નોના તેમની નીચે આપેલ વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પંસદ કરી યોગ્ય ઉત્તર આપો.**

1. ધંધાકીય પર્યાવરણને નીચેના પૈકી કયા પરિબળો અસર કરતાં હોય છે. ?

(A) આર્થિક પરિબળો (B) સામાજિક પરિબળો

(C) ટેકનોલોજિકલ પરિબળો (D) ઉપરોક્ત બધા જ

2. ધંધાકીય પર્યાવરણને અસર કરતી નવી ઉત્પાદન પદ્ધતિ, આધુનિક મશીનરી, નવા સંશોધન તથા ઓટોમેશન કયા પ્રકારના પરિબળો કહેવાય છે.?

(A) આર્થિક પરિબળો (B) ટેકનોલોજિકલ પરિબળો

(C) રાજકીય પરિબળો (D) એક પણ નહીં

3. ટેકનોલોજિકલ પરિબળોને કારણે બજાર સંશોધનના કાર્ય દરમિયાન કોના વિષે નાનામાં નાની માહિતી સરળતાથી તથા અસરકારક રીતે મેળવી શકાય છે.?

(A) બજાર અંગે (B) વપરાશકારો (ગ્રાહકો) અંગે

(C) હરીફો અંગે (D) ઉપરોક્ત બધા જ

4. ટેક્નોલોજિકલ પરિબળોનું મૂલ્યાંકન કરતી વખતે ધંધાએ નીચેના પૈકી કઈ બાબતો અંગે ખાસ વિચારણા કરવી જોઈએ ?

(A) ટેકનોલોજીનું આયુષ્ય (B) પડતરમાં થતો ઘટાડો

(C) ટેકનોલોજી અંગે ધંધાનું બજેટ (D) ઉપરોક્ત બધા જ

5. જે નવી ટેકનોલોજી અપનાવવામાં આવી હોય તેના કેન્દ્ર સ્થાને શું હોવું જોઈએ.?

(A) ગ્રાહક (વપરાશકાર) (B) નફાકારકતામાં વધારો

(C) પડતરમાં ઘટાડો (D) એક પણ નહી

6. નોચેના પૈકી કયું ટેકનોલોજિકલ પરિબળોનું એક અગત્યનું લક્ષણ નથી. ?

(A) સરળતા (B) પરિવર્તનશીલતા

(C) લાંબુ આયુષ્ય (D) ઉપરોક્ત બધા જ

7. નીચેના પૈકી કઈ ટેકનોલોજીને કારણે રોજગારીના સર્જનમાં ઘટાડો થાય છે.?

(A) શ્રમ પ્રધાન ટેકનોલોજી (B) મૂડી પ્રધાન ટેકનોલોજી

(C) ઉપરોક્ત બંને (D) એક પણ નહી

8. ટેકનોલોજિકલ પરિબળોને કારણે લોકોના જીવન ધોરણ પર કેવી અસર થાય છે.?

(A) જીવન ધોરણ સુધરે છે. (B) જીવન ધોરણ નીચું જાય છે.

(C) કોઈ અસર થતી નથી. (D) એક પણ નહી

9. ટેકનોલોજિકલ પરિબળોને કારણે થતી અસરો કેવા પ્રકારની હોય છે.?

(A) ઉદ્યોગ પૂરતી (B) કોઈ એક દેશ પૂરતી

(C) વૈશ્વિક સ્વરૂપની (D) એક પણ નહી

10. ટેકનોલોજિકલ પરિબળોને કારણે માહિતી સંચાર કેવું બને છે.?

(A) સરળ બને છે. (B) ઝડપી બને છે.

(C) અસરકારક બને છે. (D) ઉપરોક્ત બધા જ

11. નવી ટેકનોલોજીને કારણે પડતર અને નફાકારકતામાં કેવી અસર થાય છે.?

(A) ઘટે છે, વધે છે. (B) વધે છે, ઘટે છે.

(C) ઘટે છે, ઘટે છે. (D) વધે છે, વધે છે.

12. નવી ટેકનોલોજીને કારણે કામદારોની ઉત્પાદકતા તથા ગુણવત્તા પર કયા પ્રકારની અસર થાય છે.?

(A) વધે છે, ઘટે છે. (B) ઘટે છે, વધે છે.

(C) વધે છે, વધે છે. (D) ઘટે છે, ઘટે છે.

13. નીચેના પૈકી કઈ અસર ટેકનોલોજિકલ પરિબળોની હકારાત્મક અસર નથી.?
    (A) ઉત્પાદકતા તથા ગુણવત્તામાં સુધારો
    (B) બગાડ તથા પડતરમાં ઘટાડો
    (C) ગ્રાહક સંબંધી સંવેદનશીલ માહિતી પ્રાપ્ત થાય છે.
    (D) વ્યક્તિગત સંપર્ક અને સંબંધોનું પ્રમાણ ઘટ્યું છે.
14. ટેકનોલોજિકલ પરિબળોને લીધે થતી નકારાત્મક અસરો કઈ કઈ છે.?
    (A) બેરોજગારીના પ્રમાણમાં ઘટાડો થાય છે.
    (B) વ્યક્તિગત સંપર્ક અને સંબંધોનું પ્રમાણ ઘટે છે.
    (C) નાના વેપાર ધંધા પર પ્રતિકૂળ અસર થાય છે.
    (D) ઉપરોક્ત બધા જ
15. ટેકનોલોજિકલ પરિબળોના સંચાલનની પ્રક્રિયામાં કેટલાં તબક્કા છે.?
    (A) પાંચ (B) છ
    (C) સાત (D) એક પણ નહીં
16. ટેકનોલોજિકલ પરિબળોના સંચાલનની પ્રક્રિયાનો સૌથી પ્રથમ તબક્કો કયો છે.?
    (A) ટેકનોલોજીનું મૂલ્યાંકન કરવું.
    (B) નવી ટેકનોલોજી અંગે પારદર્શકતા રાખવી
    (C) ટેકનિકલ પ્રકિયા પર અસરકારક દેખરેખ રાખવી.
    (D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

- **વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | D | 2 | B | 3 | D | 4 | D | 5 | A | 6 | C |
| 7 | B | 8 | A | 9 | C | 10 | D | 11 | A | 12 | C |
| 13 | D | 14 | D | 15 | B | 16 | A | | | | |

## 3.8 સ્વાધ્યાય

1. ટેકનોલોજિકલ પરિબળો એટલે શું ? તેનો અર્થ સમજાવો.
2. ટેકનોલોજિકલ પરિબળોની ધંધાકીય પર્યાવરણ ઉપર શી અસર થાય છે તે જણાવો.
3. ટેકનિકલ પરિબળોનું મૂલ્યાંકન કરતી વખતે કઈ કઈ બાબતો અંગે ખાસ વિચારણા કરવી જોઈએ.
4. ધંધાકીય પર્યાવરણને અસર કરતાં ટેકનોલોજિકલ પરિબળોની લાક્ષણિકતાની સવિસ્તાર રજૂઆત કરો.
5. ટેકનોલોજિકલ પરિબળોની ધંધાકીય પર્યાવરણ પર થતી હકારાત્મક અસરો જણાવો.
6. ટેકનોલોજિકલ પરિબળોની ધંધાકીય પર્યાવરણ પર થતી હકારાત્મક અસરો જણાવો.
7. ટેકનોલોજીને કારણે ધંધા પર થતી નકારાત્મક અસરો પર નોંધ લખો.
8. ટેકનોલોજી અને રોજગારી વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.
9. ટેકનોલોજીની નાના વેપાર – ધંધા પર થતી અસર અંગે મુદ્દાસર ચર્ચા કરો.

10. ઓનલાઈન વેપારને કારણે કયા કયા પડકારો ઊભાં થયા છે.?

11. ટેકનોલોજિકલ પરિબળોનું સંચાલન એટલે શું?

12. ટેકનોલોજીના અસરકારક સંચાલન માટેની પ્રક્રિયાના તબક્કા કયા છે તેની વિસ્તૃત રજૂઆત કરો.

## 3.9 સંદર્ભ :

- Technology Management, C.S.V. Murthy, Himalaya Publishing House.

# એકમ : 4 આર્થિક પરિબળ

: રૂપરેખા :

4.1 પ્રસ્તાવના
4.2 આર્થિક પરિબળોની અસર
4.3 મૂળભૂત આર્થિક વ્યવસ્થા
4.4 રાષ્ટ્રીય અને માથાદીઠ આવક
4.5 સારાંશ
4.6 સ્વાધ્યાય

## 4.1 પ્રસ્તાવના

વ્યવસાયને અસર કરતી આર્થિક પરિબળોની અર્થવ્યવસ્થામાં તમામ મહત્ત્વપૂર્ણ વલણો સામેલ છે જે કંપનીને તેના ઉદ્દેશો પ્રાપ્ત કરવામાં મદદ અથવા અવરોધિત કરી શકે છે. આર્થિક પરિબળો કે જે સામાન્ય રીતે વ્યવસાયોને અસર કરે છે; તેમાં ગ્રાહક વર્તન,રોજગારીના પરિબળો, વ્યાજ દર અને બેંકિંગ અને ફુગાવા અને એકંદર આર્થિક સૂચકાંકોનો પણ સમાવેશ થાય છે. તેમાં દેશનાં ઘણા કાનૂની નિયમોનો પણ સમાવેશ છે.

## 4.2 આર્થિક પરિબળોની અસર

ઘરેલુ હોય કે આંતરરાષ્ટ્રીય – તમામ વ્યવસાય એ બજારમાં પ્રવર્તતી ગતિશીલ આર્થિક વાતાવરણની પરિસ્થિતિથી પ્રભાવિત થાય છે વ્યવસાયને અસર કરતાં ઘણા આર્થિક પરિબળોમાં કેટલાંક છે; વ્યાજદર,માંગ અને પૂરવઠો, મંદી, ફુગાવા વગેરે બધા વ્યવસાયો તેમના નફામાં મહત્તમ વધારો કરવા માંગે છે. આ બધું ગ્રાહકોની માંગણીઓનાં વિશ્લેષણ દ્વારા તેમને યોગ્ય પુરવઠાની જોગવાઈ અને ઉચ્ચ ગુણવત્તાની સામાન અને સેવાઓની જાળવણી દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. આ કામગીરી જેટલી સરળ છે તેટલી ઘણા પરિબળો તેને અસર કરે છે. વ્યવસાયના વેચાણ ઉત્પાદન અને પ્રાપ્તિની પ્રક્રિયાઓ આ આર્થિક તત્??દ્વારા ખૂબ અસર કરે છે. નીચે મુજબ આર્થિક પરિબળોની સૂચિ છે, જેમા વ્યવસાયોની ઉપર તે પરિબળોની અસર જણાવવામાં આવેલ છે.

### (a) માંગ અને પુરવઠાની અસર :-

વ્યવસાયિક મોડેલોનાં કાર્યને અસર કરતા બે મુખ્ય આર્થિક પરિબળો છે માંગ અને પુરવઠો માંગ એ છે કે ગ્રાહક વ્યવસાય શું આપે છે તે ખરીદવા માટે કેટલુ તૈયાર અને સક્ષમ છે. ઉદાહરણ તરીકે જયારે નવીનતમ તકનીકીથી પ્રભાવિત મોબાઈલ ફોન બજારમાં રજૂ કરવામાં આવે છે, ત્યારે બજારોમાં ઊંચી માંગને કારણે તેની ઊંચી કિંમત મેળવે છે અને જો માંગ પુરવઠા કરતાં વધારે હોય તો કિંમત ઊંચો રહે છે.

### (b) સીમાંત અને કુલ ઉપયોગિતાની અસર :-

સંતોષની રકમ કે જે ગ્રાહકો દ્વારા તેમની પાસેની માલની માત્રાથી પ્રાપ્ત થાય છે ત્યા ઉપયોગિતાનો સંદર્ભ આપવામાં આવે છે. સમાન માલનાં એકમોનાં સતત અને સતત વપરાશ પછી ઉપભોક્તા દ્વારા અનુભવાયેલી પરિપૂર્ણતા અવમૂલ્યન થવાની શરૂઆત થાય છે. આના

પરિણામ સ્વરૂપે વ્યવસાયનાં વેચાણમાં ટૂંકા ગાળાના અથવા લાંબાગાળાના ઘટાડો થાય છે. ઉપયોગિતા અને વેચાણનાં ભગાણનો અનુભવ થાય તે પહેલા મોટાભાગની સંસ્થા વિવિધ બ્રાન્ડનાં લોંચની તૈયારી કરે છે. નવી બ્રાન્ડનું વાવાઝોડું એ સુનિશ્ચિત કરે છે કે વ્યવસાયનો આવકનો વલણ નીચે ન આવે ઉપયોગિતામાં ઘટાડો એ આર્થિક પરિબળો છે જે વ્યવસાયોને અસર કરે છે.

**(c) નાણાં અને બેંકિંગ સેવાની અસર :-**

બેંકિંગ નાણાકીય અને નાણાકીય નીતિઓને સરળ બનાવે છે જે વ્યવસાયને અસર કરે છે અને આર્થિક વાતાવરણ પણ વ્યવસાયનાં ગ્રાહકોની અસર કરે છે ચલણમાં નાણા ગ્રાહકોની માંગ સૂચવે છે. તેનાથી બેંકિંગ સુવિધા દ્વારા વ્યક્તિઓ તેમજ વ્યવસાયની ધિરાણ લેવાની ક્ષમતા સૂચવે છે. સંપત્તિનાં ભાવ અને રોકાણોની સાથે માલનાં ભાવ તથા વ્યાજદરને અસર કરવામાં બેંકિંગ નીતિ નિર્ણાયક ભૂમિકા નિભાવે છે આર્થિક વાતાવરણની પ્રવૃતિઓ અને ફુગાવા કોઈ ચોક્કસ દેશની નાણાકીય નીતિઓથી પ્રભાવિત હોય છે. આ સમગ્ર ગતિશીલ પરીસ્થિતિને નાણાકીય નીતિ પ્રસારણ મિકેનીઝમ તરીકે ઓળખવામાં આવે છે.

**(d) આર્થિક વિકાસની અસર**

કોઈ દેશમાં આર્થિક વિકાસ દ્વારા લાંબાગાળાની ઉન્નતિ અને સમાજનાં મોટા પ્રમાણમાં રહેતા લોકોની નાણાકીય સ્થિતમાં રોકાણ કરવામાં આવતા નાણાનો જથ્થો એક દેશના આર્થિક વિકાસ દ્વારા નક્કી કરવામાં આવે છે. વ્યવસાયને અસર કરી રહેલાં તમામ આર્થિક પરિબળોમાં આર્થિક વિકાસ એ સૌથી મહત્ત્વપૂર્ણ છે. એક વ્યવસાયે આર્થિક પર્યાવરણીય શક્તિશાળી સમાજની માંગની જરૂરિયાત પૂરી કરવાની હોવાથી મોંઘી બ્રાંન્ડ આર્થિક ઉન્નતિ દરમિયાન ઘણું પ્રદર્શન કરે છે જેનુ પરિણામ ઉદ્દભવેલી નવી તકોમાં જણાય છે.

**(e) આવક અને રોજગાર પર અસર :-**

અર્થવ્યવસ્થાના અન્ય નિર્ણાયક પાસાઓ કે જે વ્યવસાયની કામગીરીને અસર કરે છે તે ચોક્કસ દેશમાં આવક અને રોજગારીનાં વિવિધતાનો દર છે. રોજગારની ઘનતા કંપનીમાં અને દેશમાં વ્યક્તિઓની ખરીદ શક્તિ સહિત દેશમાં માંગનો દર નક્કી કરે છે આર્થિક ઉથલપાથલ દરમિયાન લોકોને આવક પેદા કરવા અને વધુ સારી ખરીદીની શક્તિ પ્રાપ્ત કરવા માટે કાર્યોની તકો ઉપલબ્ધ છે.તેમ છતા આર્થિક વાતાવરણમાં મંદીના સમયગાળા દરમિયાન રોજગારીની ધનતા અને આવક દરમાં વધારે થતા મોટાભાગનાં લોકોની ખરીદશકિત ઓછી થાય છે.

**(f) સામાન્ય ભાવસ્તરને અસર**

ચીજવસ્તુઓનાં સામાન્ય ભાવ સ્તર એ વ્યવસાયોને અસર કરતુ મહત્ત્વનું આર્થિક પરિબળ છે. અને તેના વિકાસમાં મોટો ભાગ ભજવે છે. કોઈપણ આર્થિક વાતવરણમાં ચીજવસ્તુઓના ઉત્પાદન માટે કાચા માલની કિંમત સંભવિત ગ્રાહકોની ચૂકવણીની શક્તિ ઉત્પાદનના ખર્ચ અને પરિવહનનાં દર વગેરે મહત્ત્વના તત્વો છે. જે છુટક ભાવો ના નિર્ધારણમાં પણ ફાળો આપે છે, તેનાથી ધંધા દ્વારા ઉત્પન્ન થતા નફામાં ઘટાડો થાય છે.

**(g) વેપારચક્ર પર અસર**

આ પાત્ર વ્યવસાય દ્વારા વેચાયેલી માલ અને સેવાઓની કિંમતના વધઘટમાં એક અભિન્ન ભાગ ભજવે છે. ચક્રમાં ઘટાડો,મંદી,પુનઃવિસ્તરણ પ્રાપ્તિ સમૃધિ જેવા તબક્કાઓ નો સમાવેશ થાય છે. પરંતુ તે મર્યાદિત નથી. આ વેપારચક્ર એ એક વ્યવસાયની આવશ્યક અને

બિન-આવશ્યક ચીજવસ્તુઓ તથા સેવાઓના સામાન્ય ભાવોની માંગ અને પુરવઠાને નિર્ધારિત કરે છે.

**(h) મોંઘવારી પર અસર**

મોંઘવારી સામાન્ય રીતે ત્યારે થાય છે, જ્યારે આર્થિક વાતવરણના બજારમાં નાણાંનો પુરવઠો ઘણો હોય છે; તથા માલ અને સેવાઓની સમાન ઉપલબ્ધતા હોતી નથી,વ્યવસાયોને ટકાવી રાખવા માલનાં ભાવમાં એક રીતે અથવા બીજી રીતે વધારો કરવો પડે છે. અને તેથી ઉત્પાદન માટે જરૂરી કાચા માલની કિંમતમાં વધારો થયો છે. કાચા માલની કિંમતમાં આ ઉછાળો સ્પષ્ટપણે છૂટક ભાવની તરફ લઈ જાય છે.

**(i) મંદી પર અસર :-**

મંદી દરમિયાન કંપનીઓ સામાન્ય રીતે વેચાણ અને નફામાં મોટું નુકસાન પહોંચાડે છે; અને તેમની કિંમતો ઘટાડવા માટે તેમાંના મોટાભાગનાં લોકો સામાન્ય રીતે સ્ટાફનાં કાપ છલકાઈ નો આશરો લઈને મૂડીખર્ચ ઘટાડે છે.

## 4.3 મૂળભૂત આર્થિક વ્યવસ્થા

વ્યવસાયો અને અન્ય સંસ્થાઓ તેમના ઘરેલુ દેશોની આર્થિક વ્યવસ્થાઓ અનુસાર કાર્ય કરે છે. આજે વિશ્વની મોટી આર્થિક વ્યવસ્થાઓ બે વ્યાપક રીતે અલગ કરવામાં આવે છે. મુક્ત બજાર અથવા મૂડીવાદ; અને આયોજિત અર્થવ્યવસ્થા જેમાં સામ્યવાદ અને સમાજવાદ સામેલ છે. જો કે વાસ્તવિકતામાં ઘણા દેશો એક મિશ્ર બજાર વ્યવસ્થાનો ઉપયોગ કરે છે, જેમાં એક કરતાં વધુ આર્થિક વ્યવસ્થાના તત્વોનો સમાવેશ થાય છે.

મેનેજરોએ આર્થિક વ્યવસ્થા અથવા વ્યવસ્થાઓ જેમાં તેઓ કાર્યરત છે તે સમજવું અને અનુકૂલન કરવું આવશ્યક છે આંતરરાષ્ટ્રીય સ્તરે ધંધો કે વ્યવસાય કરતી કંપનીઓ શોધી શકે છે કે તેઓએ અન્ય દેશોની આર્થિક વ્યવસ્થાને સમાવવા માટે ઉત્પાદન અને વેચાણની પધ્ધતિઓમાં જરૂરી ફેરફાર કરવો જોઈએ. નીચે મુજબ વિવિધ આર્થિક વ્યવસ્થાઓ મૂળભૂત રીતે સમજી શકાય છે.

**(i) મૂડીવાદ :-**

તાજેતરનાં વર્ષોમાં વધુ દેશો મુક્ત બજારની આર્થિક પ્રણાલીઓ તરફ આગળ વધ્યા છે અને આયોજિત અર્થતંત્રથી દૂર છે; કેટલીકવાર પૂર્વ જર્મનીની જેમ, મૂડીવાદમાં સંક્રમણ પીડાદાયક પણ એકદમ ઝડપી હોય છે. રશિયા જેવાં અન્ય દેશોમાં આંદોલન ખોટી શરૂઆત અને બેક સ્લાઈડિંગ દ્વારા વર્ગીકૃત થયેલ છે. મૂડીવાદ જેને ખાનગી અર્થવ્યવસ્થા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બજારમાં સ્પર્ધા અને ઉત્પાદનનાં પરિબળોની ખાનગી માલિકી પર આધારિત છે. સ્પર્ધાત્મક આર્થિક પ્રણાલીમાં મોટી સંખ્યામાં લોકો અને વ્યવસાયો બજારમાં ઉત્પાદનોની ખરીદી અને વેચાણ કરે છે. શરૂ મૂડીવાદમાં ઉત્પાદનનાં તમામ પરિબળો ખાનગી માલિકીની હોય છે અને સરકાર ભાવ નિર્ધારિત કરવા અથવા આર્થિક પ્રવૃત્તિનેસંકલન કરવાનો પ્રયાસ કરતી નથી.

મૂડીવાદી વ્યવસ્થા અમુક આર્થિક હકની બાંયધરી આપે છે; જેમ કે સંપતિની માલિકીનો અધિકાર નફો કમાવવાનો અધિકાર મફત પસંદગીઓ કરવાનો અધિકાર અને સ્પર્ધા કરવાનો અધિકાર સંપતિનાં માલિકનો અધિકાર મૂડીવાદમાં કેન્દ્રીય છે, આ વ્યવસ્થામાં મુખ્ય પ્રોત્સાહન નફો છે જે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપે છે. માલ અને સેવાઓનું ઉત્પાદન કરવા

ઉત્પાદન પ્લાન્ટ બનાવવા ડિવિડન્ડ અને કર ચૂકવવા અને રોજગાર બનાવવા માટે પણ નફો જરૂરી છે.

**(ii) સામ્યવાદ**


મૂડીવાદનો સંપૂર્ણ વિરોધી સામ્યવાદ છે. સામ્યવાદી આર્થિક પ્રણાલીમાં સરકાર વાસ્તવિક રીતે તમામ સંસાધનોની માલિકી ધરાવે છે અને તમામ બજારોને નિયંત્રિત કરે છે આર્થિક નિર્ણય લેવા માટે કેન્દ્રિત છે અને બજારમાં સ્પર્ધાત્મક દળોને બદલે સરકાર નક્કી કરે છે કે શું ઉત્પાદન કરવામાં આવશે ? તેનું ઉત્પાદન ક્યાં થશે ?કેટલુ ઉત્પાદન થશે ? કાચો માલ અને પુરવઠો ક્યાંથી આવશે ? કોનું મળશે ઉત્પાદન અને ભાવ શું હશે. ? કેન્દ્રિત આર્થિક પ્રણાલીનું આ સ્વરૂપ દેશનાં નાગરિકોને પસંદ કરે તો થોડી તક આપે છે 20મી સદીની શરૂઆતમાં,ભૂતપૂર્વ સોવિયેત સંઘ અને ચીન જેવા સામ્યવાદને પસંદ કરતા દેશો માને છે કે તેમના જીવનધોરણમાં વધારો કરશે. તેમ છતા વ્યવહારમાં લોકોનાં જીવનનાં મોટાભાગનાં પાસાઓ પર કડક નિયંત્રણ જેમ કે તેઓ કઈ કારકિર્દી પસંદ કરી શકે છે તેઓ ક્યાં કામ કરી શકે છે અને તેઓ શું ખરીદી શકે છે જેના કારણે ઉત્પાદકતા ઓછી થઈ હતી.

**(iii) સમાજવાદ**

સમાજવાદ એવી આર્થિક વ્યવસ્થા છે. જેમાં મૂળ ઉદ્યોગો સરકારની માલિકીની હોય છે અથવા સરકારનાં મજબૂત નિયંત્રણ સાથે ખાનગી ક્ષેત્રની હોય છે. એક સમાજવાદી રાજ્ય ગંભીર મોટા પાયે ઉદ્યોગો જેવા કે પરિવહન સંચાર અને ઉપયોગિતાઓને નિયંત્રિત કરે છે. નાના વ્યવસાયોને ઓછા છૂટક જેવા માનવામાં આવે છે જેમ કે છૂટક ખાનગી માલિકીની હોઈ શકે છે વિવિધ ડિગ્રી સુધી,રાજ્ય વ્યવસાયોના,લક્ષ્યો,માલની કિંમતો અને પસંદગી અને કામદારીનાં અધિકારો પણ નક્કી કરે છે. સમાજવાદી દેશો સામાન્ય રીતે મોટાભાગનાં મૂડીવાદી દેશોની તુલનામાં તેમના નાગરિકોને આરોગ્ય સંભાળ અને બેકારી લાભ જેવી ઉચ્ચ સ્તરની સેવાઓ પ્રદાન કરે છે. પરિણામે સમાજવાદી દેશોમાં કર અને બેરોજગારી પણ વધુ હોઈ શકે છે

**(iv) મિશ્ર આર્થિક વ્યવસ્થા**

શરૂ મૂડીવાદ અને સામ્યવાદ ચરમસીમા છે; વાસ્તવિક-વિશ્વની અર્થવ્યવસ્થાઓ બંને વચ્ચે ક્યાંક પડે છે. જી.એસ.ની અર્થવ્યવસ્થા શરૂ મૂડીવાદ તરફ વલણ ધરાવે છે, પરંતુ તે આર્થિક સ્થિરતા અને વિકાસને પ્રોત્સાહન આપવા સરકારની નીતિઓનો ઉપયોગ કરે છે. ઉપરાંત નીતિઓ અને કાયદાઓ દ્વારા સરકાર ગરીબ બેરોજગાર,વૃદ્ધ,અપંગો માટે નાણાકીય મદદ કરે છે.



## 4.4 રાષ્ટ્રીય અને માથાદીઠ આવક

કુલ રાષ્ટ્રીય આવક (જી.એન.આઈ) ની વ્યાખ્યા જી.ડી.પી (ગ્રોસ હોમેસ્ટિક પ્રોડક્ટ તે ચોક્કસ દેશનાં આર્થિક પ્રદેશ પર ઉત્પાદન પ્રવૃતિઓ દ્વારા થતી આવક) અને વેતન,પગાર,સંપત્તિ આવકવેરા અને દેશના નાગરિકોની વિદેશી નાણાંની સબસીડી ને બાદ કરતા જે કિંમત કે આવક મળે છે જે સ્થાનિક અર્થતંત્રમાં બિનઅસરકારક દ્વારા પ્રાપ્ત કરેલ આવક ગણી શકાય.

જયારે માથાદીઠ કુલ ઘરેલુ ઉત્પાદન સૂચક છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે આવકનાં સ્તરોની તુલના માટે કરવામાં આવે છે; ત્યાં વિશ્લેષકો દ્વારા સામાન્ય રીતે અન્ય બે પગલા પસંદ કરવામાં આવે છેઃ માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક (જી.એન.આઈ.) અને નેટ રાષ્ટ્રીય આવક (એન.એન.આઈ) જયારે જીડીપી એ દેશનાં આર્થિક પ્રદેશ પર ઉત્પાદન પ્રવૃતિઓ દ્વારા થતી આવકનો ઉલ્લેખ કરે છે, જી.એન.આઈ દેશનાં રહેવાસીઓ દ્વારા મેળવેલી આવકનું માપન કરે છે પછી ભલે એ સ્થાનિક ક્ષેત્ર પર હોય અથવા વિદેશમાં પણ એન.એન.આઈ અવમૂલ્યનનો જી.એન.આઈ નેટ થાય છે, વિદેશથી મળતી વેતન અને પગાર તે છે જે નિવાસીઓ દ્વારા મેળવવામાં આવે છે. તે આર્થિક પ્રદેશની અંદર રહે છે અને વપરાશ કરે છે પરંતુ વિદેશમાં કામ કરે છે (આ નિયમિત ધોરણે સરહદી વિસ્તારોમાં થાય છે) અથવા જે ફક્ત ટૂંકા ગાળા માટે વિદેશમાં રહે છે અને જેનુ આર્થિક હિતનું કેન્દ્ર તેમના દેશમાં રહે છે. અતિથિ-કામદારો અને અન્ય સ્થળાંતર કામદારો કે જેઓ બાર મહિના અથવા તેથી વધુ સમય માટે વિદેશમાં રહે છે અને તે દેશમાં રહે છે જયા તેઓ કાર્યરત છે આવા લોકો તેમની કમાણીનો એક ભાગ ઘરે સ્વજનોને મોકલે છે પરંતુ આ રેમિટન્સને નિવાસી અને બિન-નિવાસી ઘરનાં લોકોનાં સ્થળાંતર તરીકે ગણવામાં આવે છે અને રાષ્ટ્રીય નિકાલ આવકમાં નોંધવામાં આવે છે પરંતુ રાષ્ટ્રીય આવક નહી વિદેશથી અથવા વિદેશમાં મિલકતની આવકમાં વ્યાજ ડિવિડન્ડ અને વિદેશી સાહસોની જાળવેલ કમાણીનો તમામ અથવા અંશતઃ ભાગનો સમાવેશ નિવાસીઓ દ્વારા સંપૂર્ણ રીતે અથવા અંશમાં હોય છે.

મોટાભાગનાં દેશમાં જીડીપી અને જી.એન.આઈ વચ્ચેનાં મોટાભાગનાં તફાવત માટે મિલકતની આવકની ચોખ્ખી આવક હોય છે. જો કે એ નોંધવુ મહત્ત્વપૂર્ણ છે કે રહેવાસીઓ ની માલિકીની વિદેશી સાહસોની જાળવેલ કમાણી ખરેખર સંબંધિત રહેવાસીઓને પાછી મળતી નથી તેમ છતા જાળવેલ કમાણી મિલકતની આવકની રસીદ તરીકે રેકોર્ડ કરવામાં આવે છે. સમાન રકમની કાઉન્ટર એન્ટ્રીને નાણાકીય વ્યવહાર (વિદેશમાની કમાણીનાં પુનઃરોકાણ શેર અને ઇક્વિટીમાં) તરીકે ગણવામાં આવે છે અને મિલકતની આવકની ચૂકવણી તરીકે ગણવામાં આવતી નથી

બધા વિદેશી સીધા રોકાણનાં મોટા શેરોવાળા દેશો બતાવવામાં આવી શકે છે કે વિદેશથી મિલકતની આવકની મોટી આવક છે અને તેથી ઊંચી જી.એન.આઈ હોવા છતા મિલકતની આવકનો ખરેખર ભાગ દેશમાં પાછો ક્યારેય નહી આવે પણ તેના બદલે વિદેશી સીધા રોકાણમાં ઉમેરવામાં આવે છે. મોટા ભાગનાં ઓ.ઈ.સી.ડી દેશો માટે માથાદીઠ જી.એન.આઈ માથાદીઠ જીડીપી થી નોંધપાત્ર રીતે અલગ નથી.

માથાદીઠ આવક એ રાષ્ટ્ર અથવા ભૌગોલિક ક્ષેત્રમાં વ્યકિત દીઠ કમાયેલી રકમનું એક માપ છે. માથાદીઠ આવક નો ઉપયોગ વિસ્તાર માટે વ્યકિત દીઠ સરેરાશ આવક નક્કી કરવા અને વસ્તીનાં જીવનધોરણ અને જીવનની ગુણવતાનું મૂલ્યાંકન કરવા માટે થઈ શકે છે. દેશની

રાષ્ટ્રીય આવકને તેની વસ્તી દ્વારા વહેંચીને રાષ્ટ્રીય માથાદીઠ આવકની ગણતરી કરવામાં આવે છે. માથાદીઠ આવક દરેક પુરુષ,સ્ત્રી અને બાળકો નવજાત બાળકોને પણ વસ્તીનાં સભ્ય તરીકે ગણે છે. આ વિસ્તારની સમૃધિનાં અન્ય સામાન્ય માપદંડોની વિરુદ્ધ છે જેમ કે ઘરની આવક જે એક છત હેઠળ રહેતા બધા લોકોને ઘરની જેમ ગણતરી કરે છે અને સમાન છત હેઠળ રહેતા કુટુંબની આવક તથા જે જન્મ લગ્ન અથવા દત્તક લીધેલાં લોકો સાથેનાં પરિવારની આવકની પણ ગણતરી કરવામાં આવે છે.

## 4.5 સારાંશ

આર્થિક પરિબળો કે જે ધંધાકીય પર્યાવરણને સીધી કરે છે તેમાં ગ્રાહક વર્તન,રોજગારનાં પરિબળો વ્યાજદર અને રોજગારનાં પરિબળો વ્યાજદર બેંકિંગ તથા ફુગાવા અને એકંદરે આર્થિક સૂચકાંકોનો પણ સમાવેશ થાય છે. ઘરેલુ હોય કે આંતરરાષ્ટ્રીય-તમામ વ્યવસાય એ બજારમાં પ્રવર્તતી ગતિશીલ આર્થિક વાતવરણની પરિસ્થિતિથી પ્રભાવિત થાય છે આર્થિક પરિબળોની અસર વિવિધ રીતે ધંધાકીય પર્યાવરણમાં જોવા મળે છે; જેમ કે માંગ અને પુરવઠાની અસર સીમાંત અને કુલ ઉપયોગિતાની અસર નાણાં અને બ્રેકિંગ સેવાની અસર આર્થિક વિકાસની અસર આવક અને રોજગાર પર અસર સામાન્ય ભાવસ્તરને અસર વેપારચક્ર પર અસર મોંઘવારી પર અસર મંદી પર અસર વગેરે આવી વિવિધ અસરો આર્થિક પરિબળોમાં જોવા મળે છે. અનેક મૂળભૂત આર્થિક વ્યવસ્થા દ્વારા ધંધાકીય પર્યાવરણ તથા તેને અસર કરતા આર્થિક પરિબળો પર કાર્ય કરે છે. જેમ કે મૂડીવાદ,સામ્યવાદ,સમાજવાદ અને મિશ્ર અર્થવ્યવસ્થા મુખ્યત્વે મિશ્ર અર્થવ્યવસ્થા આર્થિક સ્થિરતા અને વિકાસને પ્રોત્સાહન આપવા સરકારની નીતિઓનો ઉપયોગ કરે છે. જેની અસર દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક પર થાય છે રાષ્ટ્રીય આવક એટલે દેશની કુલ આવક કે જે દેશની કુલ ઉત્પાદન પ્રવૃત્તિઓ દ્વારા થતી આવક ગણાવી શકાય જયારે માથાદીઠ આવક એટલે કુલ ઘરેલુ ઉત્પાદનનો એવો સૂચક કે જે વ્યકિત દીઠ સરેરાશ આવકની ગણતરી કરે છે.

## 4.6 સ્વાધ્યાય

- **સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1) ધંધાકીય પર્યાવરણનાં સંદર્ભમાં આર્થિક પરિબળોની અસર સમજાવો.
2) વિવિધ મૂળભૂત આર્થિક વ્યવસ્થાઓ સવિસ્તાર સમજાવો.
3) રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વિશે સમજાવો.
4) નાણા અને બેંકિંગ સેવાની તથા આર્થિક વિકાસની અસર આર્થિક પરિબળો તરીકે સમજાવો.
5) મૂડીવાદ અને સમાજવાદ અર્થવ્યવસ્થા વિશે સમજાવો.

- **ટૂંકનોંધ લખો**

1) માંગ અને પુરવઠાની અસર ધંધાકીય પર્યાવરણમાં આર્થિક પરિબળ તરીકે ટૂંકમાં સમજાવો.
2) સામ્યવાદ વિશે ટૂંકનોંધ આપો.
3) મિશ્ર અર્થવ્યવસ્થા-ટૂંકનોંધ લાખો.
4) રાષ્ટ્રીય આવક ટૂંકનોંધ લખો
5) માથાદીઠ આવક વિશે ટૂંકમાં જણાવો

- **બહુવિકલ્પી M.C.Q :-**

(1) વ્યવસાયને અસર કરતી અર્થવ્યવસ્થામાં____________પરિબળોનાં વલણોનો સમાવેશ થાય છે.

A. આર્થિક B. સામાજિક

C. રાજકીય D. બિન-આર્થિક જવાબ - (A)

(2) આર્થિક વિકાસનાં માપન માટે આર્થિક__________નો પણ સમાવેશ થાય છે

A. પરિબળો B. સૂચકાંકો

C. તત્ત્વો D. એક પણ નહિ જવાબ- (B)

(3) વ્યવસાયને અસર કરતા આર્થિક પરિબળોમાં_________સમાવેશ થાય છે.

A. વ્યાજદર B. માંગ અને પુરવઠો

C. મંદી અને ફુગાવો D. ઉપરોક્ત તમામ જવાબ – (D)

(4) સંપતિનાં ભાવ અને રોકાણોની સાથે_________અને વ્યાજદર ને અસર કરવામાં બેંકિંગ નીતિ નિર્ણાયક ભૂમિકા નિભાવે છે.

A. માલનાં ભાવ B. માલનાં પુરવઠા

C. માલની માંગ D. એક પણ નહી જવાબ- (A)

(5) આર્થિક વિકાસ માટે________નો જથ્થો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

A. ઉત્પાદન B. નાણાં

C. કુદરતી પરિબળો D. એક પણ નહિ જવાબ- (B)

(6) રોજગારની ધનતા કંપનીમાં અને દેશમાં વ્યક્તિઓની ખરીદશકિત સહિતદેશમાં________નો દર નક્કી કરે છે.

A. પુરવઠો B. માંગ

C. કિંમત D. એક પણ નહિ જવાબ- (B)

(7) આર્થિક વાતાવરણમાં મંદીના સમયગાળા દરમિયાન રોજગારીની ધનતા અને આવક દરમાં વધારો થતા મોટાભાગનાં લોકોની ખરીદશકિત○__________થાય છે.

A. ઓછું B. વધારે

C. મહદઅંશે D. એકદમ ઓછું જવાબ– (A)

(8) કોઈપણ આર્થિક વાતાવરણમાં ચીજવસ્તુઓનાં ઉત્પાદન માટે○______મહત્ત્વનાં તત્ત્વો છે.

A. કાચા માલની કિંમત B. સંભવિત ગ્રાહકોની ચૂકવણીની શક્તિ

C. ઉત્પાદનનાં ખર્ચ D. ઉપરોક્ત તમામ જવાબ– (d)

(9) વેપારચક્રમાં___________જેવા તબક્કા/તબક્કાઓનો સમાવેશ થાય.

A. ઘટાડો B. મંદી

C. પુનઃવિસ્તરણ પ્રાપ્તિ અને સમૃદ્ધિ D. ઉપરોક્ત તમામ

જવાબ– (D)

(10) મોંઘવારી સામાન્ય રીતે ત્યારે થાય છે જયારે આર્થિક વાતવરણનાં બજારમાં_______નો પુરવઠો ઘણો હોય છે.

A. માંગ B. પુરવઠો

C. નાણાં D. એક પણ નહિ જવાબ– (C)

(11) મંદી દરમિયાન કંપનીઓ સામાન્ય રીતે વેચાણ અને નફામાં__________પહોંચાડે છે.

A. નુકસાન B. લાભ

C. (A)અથવા (B) D. એક પણ નહી જવાબ– (A)

(12) ___________ને ખાનગી અર્થવ્યવસ્થા તરીકે પણ ઓળખવામાં આવે છે

A. મૂડીવાદ B. સામ્યવાદ

C. સમાજવાદ D. મિશ્ર અર્થવ્યવસ્થા જવાબ– (A)

(13) મૂડીવાદનો સંપૂર્ણ વિરોધી એટલે____________

A. સામ્યવાદ B. સમાજવાદ

C. મિશ્ર વ્યવસ્થા D. ઉપરોક્ત તમામ જવાબ– (A)

(14) ___________આર્થિક વ્યવસ્થા જેમાં મૂળ ઉદ્યોગો સરકારની માલિકીની હોય છે.

A. મૂડીવાદ B. સામ્યવાદ

C. સમાજવાદ D. મિશ્ર અર્થવ્યવસ્થા જવાબ– (C)

(15) ચોક્કસ દેશનાં આર્થિક પ્રદેશ પર ઉત્પાદન પ્રવૃત્તિઓદ્વારા થતી આવક આખા વર્ષ દરમિયાન જે ઉપજે છે તેને___________કહેવાય.

A. જી.ડી.પી B. રાષ્ટ્રીય આવક

C. જી.એન.આઈ D. ઉપરોક્ત તમામ જવાબ– (D)

# એકમ : 5 સાંસ્કૃતિક પરિબળ

## : રૂપરેખા :

ખ્યાલ, સાંસ્કૃતિક પરિબળો, સાંસ્કૃતિક પરિબળોની અસરો, સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકા

5.1 સાંસ્કૃતિક પરિબળોનો ખ્યાલ

5.1.1 પ્રસ્તાવના

5.1.2 સાંસ્કૃતિક પરિબળનો ખ્યાલ

5.2 સાંસ્કૃતિક પરિબળો

5.3 સાંસ્કૃતિક પરિબળોની અસરો

5.4 સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકા

5.5 સ્વાધ્યાય

## 5.1 સાંસ્કૃતિક પરિબળોનો ખ્યાલ

### 5.1.1 પ્રસ્તાવના :

ધંધાકીય પરિબળો ઉપર આર્થિક પરિબળો ઉપરાંત અન્ય પરિબળો પણ અસર કરે છે.જેમાંથી સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોની અસર વધારે જોવા મળે છે. ધંધા અંગેનાં નિર્ણયો લેવામાં આ પરિબળો અનેક રીતે અસર કરે છે. ધંધાનાં નિર્ણયો સાંસ્કૃતિક અને માનવીય વર્તનથી મોટી અસર પામે છે. સાંસ્કૃતિક પરિબળો બ્રાહ્ય પરિબળ તરીકે કાર્ય કરતાં હોવાથી કોઈ પણ પેઢી તેને નિયંત્રિત કરી શકતી નથી. આવા પરિબળોમાં લોકોની કામ કરવાની ઈચ્છા, કુટુંબપ્રથા, જ્ઞાતિપ્રથા, ધર્મ, શિક્ષણ, લગ્ન સંસ્થા, ટેવો, પસંદગીઓ, ભાષા, શહેરીકરણ, રિવાજો, ધંધાકીય નીતિમત્તાનાં ધોરણો, સામાજિક વલણો, મૂલ્યની પસંદગી, વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કૃતિમાં થતાં કોઈ પણ પરિવર્તનો ધંધાને અસર કરે છે.

### 5.1.2 સાંસ્કૃતિક પરિબળનો ખ્યાલઃ

સંકુચિત ખ્યાલઃ સંકુચિત અર્થમાં સાંસ્કૃતિક પર્યાવરણ એટલે નૃત્ય, નાટક, સંગીત, ઉત્સવો એ સંસ્કૃતિ માનવામાં આવે છે, પરંતુ સાચા અર્થમાં સંસ્કૃતિએ એવી પ્રવૃત્તિઓનો સમૂહ છે. જેમાં જ્ઞાન, માન્યતાઓ, કળા નીતિમત્તા વગેરેનો સમાવેશ થાય છે.

**ધંધામાં સાંસ્કૃતિક પરિબળનો ખ્યાલઃ**

- સંસ્કૃતિ જૂથ સ્વીકૃત ધોરણો અને મૂલ્યો અને પરંપરાગત વર્તણૂકનું ચિત્રણ કરે છે. 'ડીલ અને કેનેડી' દ્વારા સંસ્કૃતિની એક વ્યાખ્યા એ છે કે ''આપણે અહીં આસપાસની રીતો કરીએ છીએ''. જો કે, સમય સાથે સંસ્કૃતિ પણ વિકસિત થાય છે. દરેક દેશની સંસ્કૃતિની પોતાની માન્યતા, મૂલ્યો અને પ્રવૃત્તિઓ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંસ્કૃતિને સામૂહિક માન્યતાઓ, મૂલ્યો અને વલણના સમૂહ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.
- સંસ્કૃતિ એ વ્યવસાયમાં એક મુખ્ય ઘટક છે અને વ્યવસાયની વ્યૂહાત્મક દિશા પર તેની અસર પડે છે.
- સંસ્કૃતિ મેનેજમેન્ટ, નિર્ણયો અને એકાઉન્ટિંગથી લઈને ઉત્પાદન સુધીના તમામ

વ્યવસાયિક કાર્યોને પ્રભાવિત કરે છે. તમે હવે રાષ્ટ્રીય સંસ્કૃતિ વિશે મુખ્યત્વે વિચાર કરી શકો છો, પરંતુ આ એક જ પાસા છે, વ્યવસાયિક સંસ્કૃતિએ તેનું પોતાનું એક અનોખું પરિમાણ છે જેમાં જમણા પગ પર ઉતરવું, મીટીંગ્સ, વાટાઘાટો, ઓપચારિકતાઓ, સોશિયલ મીડિયાનો ઉપયોગ, ઇન્ટર્નશિપ્સ અને વર્ક પ્લેસમેન્ટ અને અન્ય તત્વો શામેલ છે.

- વ્યવસાયિક સંસ્કૃતિમાં સંવર્તન, નૈતિકતા, શિષ્ટાચાર સાથે સંબંધિત છે. વ્યવસાયિક સંસ્કૃતિમાં સંસ્થાના મૂલ્યો, દ્રષ્ટિકોણ, કાર્ય કરવાની શૈલી, માન્યતાઓ અને ટેવનો સમાવેશ થાય છે.
- વ્યવસાયિક સંસ્કૃતિમાં માર્કેટિંગ સિસ્ટમની અંદર ધાર્મિક સિસ્ટમ, કુટુંબ અને શૈક્ષણિક પ્રણાલીઓનો પ્રભાવ પડે છે. સંસ્કૃતિની વિવિધ સુવિધાઓ સમાનતાનો ભ્રમ સર્જી શકે છે.
- વિશ્વમાં 3000થી વધુ ભાષાઓ છે અને આ માર્કેટિંગ કંપનીઓને જાહેરાત ઝુંબેશ અને ઉત્પાદન લેબલ્સ ડીઝાઇન કરવામાં ઘણી સમસ્યા ઊભી કરી શકે છે. રંગોનો વિવિધ સંસ્કૃતિઓમાં વિવિધ અર્થ હોય છે અને બધી સંસ્કૃતિઓનો રિવાજો અને નિશિધિઓનો પોતાનો અનન્ય સમૂહ છે.
- કોઈપણ વ્યક્તિના વ્યક્તિગત મૂલ્યો, તેના અનુભવો દ્વારા નૈતિક અથવા ધાર્મિક માન્યતાઓથી ઉત્પન્ન થાય છે. સૌંદર્ય શાસ્ત્ર એ બ્યુટી અને સ્વાદની વિભાવનાનો સંદર્ભ આપે છે જે સંસ્કૃતિઓમાં પણ બદલાઈ શકે છે.
- સમયની કિંમત અને દેશના વ્યવસાયના ધારાધોરણોને જયારે સરહદોની આજુબાજુ માર્કેટિંગ કરો ત્યારે ધ્યાનમાં રાખવું મહત્ત્વપૂર્ણ છે ધાર્મિક માન્યતાઓ, ગ્રાહક મૂલ્યો ઉપરાંત ખરીદીની અને ઉત્પાદનોને પણ ધંધાને અસર કરી શકે છે.

## 5.2 સાંસ્કૃતિક પરિબળો

કંપનીઓ દેશોની જીવનશૈલી અને સંસ્કૃતિને ધ્યાનમાં લે જેમાં તેઓ નિકાસ કરવાનું વિચારે છે, તે જરૂરી છે. આ માહિતીનો ઉપયોગ જેમ કે દેશમાં કઈ ઉત્પાદન અથવા સેવા જરૂરી, ઉપયોગી, વૈભવી અથવા તો અનિચ્છનીય માનવામાં આવે છે, તે નિર્ધારિત કરવા માટે ઉપયોગી થઇ શકે છે કેટલાક ઉત્પાદનો અને સેવાઓ સાંસ્કૃતિક રૂપે અસ્વીકાર્ય પણ હોઈ શકે છે. સંસ્કૃતિ અને જીવનશૈલીમાં સંશોધન અનુવાદ, માર્કેટિંગ અને જાહેરાત સાથેની સંભવિત સમસ્યાઓ પણ ઓળખી શકાય છે. પેકેજ રંગ, કદ અને શૈલીઓ અને ઉત્પાદન કાર્યો બધાને સાંસ્કૃતિક આવશ્યકતાઓને કારણે અનુકૂલનની જરૂર પડી શકે છે.

દેશ વિશેની સાંસ્કૃતિક અને જીવનશૈલીની માહિતી સંશોધનનાં વિવિધ ક્ષેત્રોમાં વહેચી શકાય છે. જે નીચે દર્શાવવામાં આવ્યું છે.

- સામગ્રી સંસ્કૃતિઃ સામગ્રી સંસ્કૃતિઓમાં મોટાભાગની વસ્તી, વ્યક્તિગત પરિવહન (કારની માલિકી સહિત) અને વીજળી, કુદરતી ગેસ, ટેલીફોન, ઈન્ટરનેટ અને વાયરલેસ સંચાર જેવા સંશાધનોની ઉપલબ્ધતા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી તકનીકી વસ્તુઓનો સમાવેશ થાય છે.
- સાંસ્કૃતિક પસંદગીઓઃ દરેક આંતરરાષ્ટ્રીય બજારમાં ઉત્પાદનો, ખોરાક, ઉત્પાદન/ખોરાકની ગુણવત્તાના સ્તરો અને તે પણ બ્રાન્ડ્સ માટે વિવિધ પસંદગીઓ હશે. આકારો, રંગો અને સીમા ચિન્હ રૂપ સુવિધાઓના અર્થમાં પણ વિવિધ સાંસ્કૃતિક

મહત્ત્વવ હોઈ શકે છે. આ સાંસ્કૃતિક તફાવતોને ધ્યાનમાં લેવું આવશ્યક છે કારણ કે ઉત્પાદનો બજાર માટે યોગ્ય છે કે કેમ કે તે વધુ વ્યાપારિક સફળતા માટે અનુકૂળ થઇ શકે. ઉદાહરણ તરીકે, ફેન્ટા સોડા એ ઉત્તર અમેરિકાના બજારમાં નારંગી સ્વાદવાળો છે. જો કે, ફેન્ટા ઉત્પન્ન કરતી કોકા-કોલા કંપનીએ સાંસ્કૃતિક સ્વાદની પસંદગીઓને ધ્યાનમાં લેતા સ્વાદને કેટલાક બજારોમાં સ્વીકારી લીધી છે. ફેન્ટા બોટસ્વાનામાં આલુનો સ્વાદ છે, ફ્રાન્સમાં ઉત્કટ ફળનો સ્વાદ છે અને જાપાનમાં ફૂલોની જેમ સ્વાદ માણવામાં આવે છે.

- ભાષાઃ દેશમાં બોલાતી અને ઉપયોગમાં આવતી ભાષાઓનો માર્કેટિંગ, બ્રાન્ડ નામો, સર્વેક્ષણો અને ઇન્ટરવ્યુ દ્વારા માહિતીના સંગ્રહ, જાહેરાત અને વ્યવસાયિક સંબંધોના પ્રભાવ પર અસર પડે છે. ભાષાઓ દેશના પ્રદેશો વચ્ચે ભિન્ન હોઈ શકે છે, અને કેટલાક દેશોમાં એક કરતા વધુ સત્તાવાર ભાષા હોય છે. ઉદાહરણ તરીકે, કેનેડામાં બે સત્તાવાર ભાષાઓ છે, અને ત્રીજી કે ચોથા દેશના ઘણા વિસ્તારોમાં બોલાય છે. સ્વિટ્ઝલૅન્ડમાં ચાર મુખ્ય ભાષાઓ છે, અને કેન્યામાં 22 છે. દેશમાં બોલાતી ભાષાઓની સંખ્યા સામાન્ય રીતે સંસ્કૃતિ અને વલણમાં વિવિધતાના સ્તરનો સ્પષ્ટ સંકેત આપે છે. તેમ છતાં, એવા દેશોમાં પણ કે જ્યાં ફક્ત એક જ ભાષા બોલવામાં આવે છે. તેમાં વિશાળ સાંસ્કૃતિક વિવિધતાનાં ક્ષેત્રો હોઈ શકે છે.
- શિક્ષણઃ કોઈ પણ ક્ષેત્રમાં પૂર્ણ થયેલ શિક્ષણનું વિશિષ્ટ સ્તર, સંભવિત કાર્ય શક્તિની ગુણવત્તા અને ગ્રાહકોની સ્થિતિ સૂચવી શકે છે.
- ધર્મઃ ઘર્મ એ એક મુખ્ય સાંસ્કૃતિક પ્રભાવક છે જે સમાજની મહિલાઓની ભૂમિકા, ખોરાક અને પીણાંના વપરાશ વિશેના નિયમો, કપડાંની ટેવ અને પ્રવૃત્તિઓ સહિત જીવનના ઘણા પાસાઓને અસર કરી શકે છે.
- નૈતિકતા અને મૂલ્યોઃ આનાથી આંતરરાષ્ટ્રીય વ્યવસાય પર અસર થઇ શકે છે, ખાસ કરીને જ્યારે બીજા દેશો સાથે કરવામાં આવે છે. જો કે, સંશોધકોએ યાદ રાખવું અગત્યનું છે કે લક્ષ્યબજાર દરેક સમાન નૈતિકતા અને મૂલ્યો ધરાવતાં નથી. તેઓ હંમેશા સ્થિતિ, ક્ષેત્ર, વંશીયતા અને ઘર્મ પર આધારિત હોય છે. સંશોધનકારોએ કોઈપણ સંભવિત બજારના માનવાધિકાર વર્તનને પણ ધ્યાનમાં લેવું જોઈએ.
- સામાજિક સંસ્થાઃ કૌટુંબિક જૂથોની રચના, વિશેષ રૂચિવાળા જૂથોનું વ્યાપ અને તેમના પ્રત્યેનું વલણ, જાતિગત વિવિધતા અને મનોરંજન જીવનશૈલી, જ્યારે કોઈ દેશ સંભવિત નિકાસ બજાર તરીકે સેવા કરવામાં આવે છે ત્યારે તે ધ્યાનમાં લેવાનું મહત્ત્વપૂર્ણ છે. એક અધ્યયન પ્રમાણે દક્ષીણ કોરિયામાં જીવનશૈલીમાં પરિવર્તન નિકાસ માટેનું બજાર બતાવે છે 2004 સુધી, દક્ષિણ કોરિયન લોકોએ છ દિવસીય કાર્ય અઠવાડિયા તરીકે કામ કર્યું. 2004 માં, દક્ષિણ કોરિયાની સરકારે કાર્ય અઠવાડિયાને છ દિવસથી પાંચ સુધી ટૂંકાવી દેવાનું શરુ કર્યું. 2007 માં, 50 અથવા તેથી વધુ કર્મચારીઓવાળી તમામ કંપનીઓને અઠવાડિયામાં બે દિવસનો ખાસ સમય આપવો પડ્યો હતો. 2011 સુધીમાં, દક્ષિણ કોરિયાની બધી કંપનીઓ પાંચ-દિવસીય કાર્ય અઠવાડિયાનું પાલન કરે છે. જીવનશૈલીમાં આ મોટા પરિવર્તનને લીધે હોટલ, પર્યટન અને પશ્ચિમી શૈલીના નવરાશ-સમયની પેદાશોની વપરાશમાં તેજી આવી છે. ખાવાની ટેવ પણ બદલાઈ ગઈ છે.

સાંસ્કૃતિક સંશોધન દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતી, કંપનીને તે ઓળખવામાં મદદ કરશે કે બજાર આશાસ્પદ છે કે નહી.

## 5.3 સાંસ્કૃતિક પરિબળોની અસરોઃ

ધંધા ઉપર આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વગેરે પરિબળોની અસર પડે છે. જો ધંધાકીય નિર્ણય લેતી વખતે સાંસ્કૃતિક માનવ મૂલ્યો અને વલણોને ધ્યાનમાં ના લેવાય તો તેની સફળતાની શકયતા ઓછી રહે છે. કોઈ પણ પેઢીએ કઈ વસ્તુનું ઉત્પાદન કરવું, કઈ વ્યૂહરચના અપનાવવી સંશોધનોનો ઇષ્ટતમ ઉપયોગ કઈ રીતે કરવો, ધંધા માટેનું મૂડી માળખું કેવું રાખવું વગેરે અંગેના નિર્ણયો લેવા માટે સાંસ્કૃતિક પરિબળો ખૂબ જ અસર કરે છે.

સાંસ્કૃતિક પરિબળોની ધંધા ઉપર કેવી અસરો પડે છે તે માટેના મુદ્દાઓ નીચે મુજબ છે.

**1) વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન અંગેનો નિર્ણયઃ**

ધંધાકીય એકમને કયા પ્રકારની વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરવું તે જે દેશની સંસ્કૃતિ ઉપર આધાર ધરાવે છે.સંસ્કૃતિ પરથી ટેવ, પહેરવેશ, પસંદગી વગેરે નિર્ધારિત થાય છે. દા.ત. કેટલાક દરિયાઈ આહારની અમુક વિસ્તારમાં ખૂબ જ માંગ હોય છે. તો અમુક વિસ્તારમાં બિલકુલ માંગ હોતી નથી. તેવીજ રીતે કેટલાક પ્રકારના પહેરવેશ માંગ અમુક જગ્યાએ હોય છે અને અમુક જગ્યાએ હોતી નથી. કોઈ પણ ધંધાકીય એકમમાં ઉત્પાદન અંગેનો નિર્ણય લેતી વખતે લોકોની ઉપભોગની ટેવો, તહેવારોની ઉજવણી, પસંદગીઓ વગેરે ધ્યાનમાં રાખવી જોઈએ.

**2) ક્યાં બજાર મેળવવું?ઃ**

કોઈ પણ ધંધાકીય એકમના વસ્તુ કે સેવાના બજારની અંગેના નિર્ણયને પણ સાંસ્કૃતિક અને સામાજિક પર્યાવરણ અસર કરે છે. કંપનીએ લોકોની માન્યતાઓ, ધાર્મિક લાગણીઓ, ઉજવણીની મૌસમો વગેરે ધ્યાનમાં રાખી જાહેરાતો દ્વારા બજાર મેળવવું જોઈએ.

**3) મૂડી માળખાનો નિર્ણયઃ**

પેઢીએ ધંધા માટે મૂડી મેળવવાની વ્યૂહરચના ઘડતી વખતે સાંસ્કૃતિક પરિબળોને ધ્યાનમાં રાખવા જોઈએ. ઘણા રોકાણનો નિર્ણય ધાર્મિક માન્યતા પર આધાર રાખે છે. દા.ત. ઇસ્લામ ધર્મમાં વ્યાજ લઇ નાણાં ઉછીના લઇ નાણાં ભંડોળ ઊભું કરવાનો નિર્ણય ના રાખવો પડે. આજ રીતે કેટલીકવાર દેશના લોકો સ્વભાવે રૂઢિચુસ્ત હોય, ત્યાં ઇક્વિટી નાણાં ઊભા કરવા હિતાવહ નથી. ત્યાં દેવા દ્વારા નાણાંભંડોળ ઊભું કરવું જોઈએ.

**4) કામની વર્તણુક ઉપર અસર :**

લોકોનો કામ કરવાનો અભિગમ ધંધાકીય પ્રવૃત્તિને અસર કરે છે. દા.ત. કેટલાક લોકોને કામ કરવું વધુ ગમે છે. તથા કેટલાક લોકો કામ પ્રત્યે ઓછા વરેલા હોય છે. એક જ દેશમાં પણ જુદા જુદા પ્રદેશની પ્રજાનો કામ પ્રત્યેનો અભિગમ અલગ અલગ હોય છે.

**5) વૈશ્વિક ધંધા ઉપર અસર :**

સાંસ્કૃતિક પર્યાવરણ આંતરરાષ્ટ્રીય ધંધાને અસર કરે છે. ખાસ કરીને બહુરાષ્ટ્રીય

કંપનીઓ જુદા જુદા દેશમાં ફેલાયેલી હોય છે. ત્યારે જે તે દેશના સાંસ્કૃતિક પર્યાવરણને ધ્યાનમાં લઈને ધંધાકીય નિર્ણયો લેવા પડે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓના કર્મચારીઓની જયારે વિકસિત દેશોમાંથી વિકસતા દેશોમાં બદલી કરવામાં આવે છે ત્યારે તે સાંસ્કૃતિક આ વાત અનુભવે છે. કારણ કે નવા વિસ્તારનું સાંસ્કૃતિક પર્યાવરણ એકદમ અલગ હોય છે.

**6) શિક્ષણ અને વ્યવસાય :**

શિક્ષણનો વિસ્તાર ધંધા ઉપર હકારાત્મક અસર ઊભી કરે છે. હાલમાં, ધંધાકીય ગૃહો સંચાલન માટે મેનેજર તરીકે એમ.બી.એ. પસંદ કરે છે. સાથે સાથે સ્ત્રી શિક્ષણનો વ્યાપ થયો છે. સ્ત્રીઓ પણ ઊંચી કક્ષાએ રોજગાર મેળવે છે. હવે, શ્રમિકો ગમે તે જગ્યાએ જ્યાં સારી તક મળતી હોય ત્યાં જવા તૈયાર રહે છે. શિક્ષણના વ્યાપ સાથે લોકોની સમજણ શક્તિમાં પણ ફેરફાર થયો છે. લોકો વધુ સજાગ બન્યા છે. આમ ધંધાકીય એકમોએ વસ્તુની ગુણવત્તા અંગે સજાગ રહવો પડે છે. શિક્ષણ વધતાં શ્રમિકોની કાર્યક્ષમતામાં પણ વધારો થયો છે જેથી ધંધાની ઉત્પાદકતામાં પણ વધારો થાય છે.

**7) ધર્મ :**

લોકોના ધર્મની પણ ધંધા ઉપર અસર જોવા મળે છે. કેટલાક ધર્મ તેમના અનુયાયીઓએ અમુક વસ્તુનો વેપાર કરતાં રોકે છે. ભારતમાં જૈન ધર્મના ચુસ્ત અનુયાયીઓ ચામડાના વ્યવસાય કે માંસાહારી ખોરાકના વ્યવસાયમાં પ્રવેશતા નથી. કેટલાક નિર્ણયો જ્યોતિષીઓને પૂછીને લેવામાં આવે છે. આમ ધર્મની અસર સાંસ્કૃતિક પર્યાવરણ પર જોવા મળે છે.

**8) નૈતિકતા :**

કોઈ પણ સમાજમાં ધંધાના સિદ્ધાંતો અને ધોરણો અંગે નીતિમત્તા ના ખ્યાલો ધંધાને અસર કરે છે. ધંધાકીય માન્યતાઓ, વસ્તુની ગુણવત્તા જાળવવામાં, પર્યાવરણની જાળવણી, ખોટી જાહેરાતો કે ખોટી વેપારી રીતિ રિવાજોને રોકવામાં સહાયક બને છે. જો ધંધાકીય એકમો ધંધાના નીતિમત્તાના ધોરણો ના જાળવતા હોય તો સામાજિક સંસ્થાઓ તેમની વિરુદ્ધ થઇ જાય છે. કેટલાક પ્રદુષણ ફેલાવતા એકમોનો બહિષ્કાર પણ કરવામાં આવે છે.

**9) માનવ સંસાધનો :**

કોઈ પણ ધંધાકીય એકમો માનવ સંસાધનોનો નિર્ણય લેતી વખતે સાંસ્કૃતિક પરિબળોને ધ્યાનમાં રાખવા જરૂરી બને છે. કેટલાક પ્રદેશોમાં સ્ત્રીઓ આજે પણ સાંજના સમય પછી કામ કરવા તૈયાર હોતી નથી. તો કેટલાક દેશોમાં રાતે પણ કામ કરવા તૈયાર હોય છે. જે દેશમાં સંસ્કૃતિ શિક્ષણને મહત્ત્વ આપતી હોય ત્યાં શિક્ષિત શ્રમિકો સરળતાથી મળે છે. અને કુશળ શ્રમિકો હોવાથી ઉત્પાદકતામાં પણ વધારો જોવા મળે છે.

**10) ભાષા :**

વિશ્વમાં દરેક દેશમાં જુદી જુદી ભાષાઓ બોલવામાં આવે છે. અને એકજ દેશ માં પણ જુદા જુદા પ્રદેશમાં અલગ ભાષા બોલાય છે. આ ભાષાનો તફાવત ધંધા માટે અનેક સમસ્યાઓ સર્જે છે ધંધાકીય એકમો વિવિધ વિસ્તારમાં વેચાણ કરતી વખતે સ્થાનિક ભાષાના જાણકાર વેચાણકારોને પસંદ કરે છે. ત્યાં જાહેરાતો પણ સ્થાનિક ભાષામાં આપવી પડે છે.

- **ઉપસંહાર :**

કોઈ પણ દેશના સાંસ્કૃતિક પરિબળો ધંધાકીય પરિબળ નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. સાંસ્કૃતિક પરિબળોમાં ભાષા, ધર્મ, શિક્ષણ, અભિગમો, મૂલ્યો રીતિરીવાજ વગેરેનો સમાવેશ થાય છે. જેની અસર બજાર માંગ ઉપર પડે છે. આમ કોઈ પણ ધંધાકીય એકમોએ નિર્ણય લેતી વખતે સાંસ્કૃતિક પરિબળોને ધ્યાનમાં રાખવા જરૂરી બને છે. જેથી દેશનું ધંધાકીય પર્યાવરણ સારું રહે.

## 5.4 સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકા :

વૈશ્વિક બજારમાં સાંસ્કૃતિક પરિબળો અનેક રીતે અસર કરે છે. આ પરિબળો ધંધાને નવો આકાર આપે છે. કોઈ પણ વ્યૂહરચના ઘડતી વખતે આ પરિબળોને ધ્યાનમાં રાખવા જરૂરી બને છે આ પરિબળોની ભૂમિકા ખૂબ જ અગત્યની હોય છે. કોઈ પણ દેશની સંસ્કૃતિ લોકોની ધાર્મિક, કૌટુંબિક, શૈક્ષણિક અને સામાજિક પ્રણાલીઓની અસર, તેઓ પોતાનું જીવન કેવી રીતે જીવે છે, અને તેઓ જે પસંદગીઓ કરે છે તેનો સંદર્ભ આપે છે. માર્કેટિંગ હમેશા સંસ્કૃતિ ઉપર આધારિત હોય છે. કોઈ પણ સંગઠનો જે જુદા દેશોમાં ઉત્પાદનનો હેતુ ધરાવે છે તેઓ સાંસ્કૃતિક પરિબળો ઉપર સંવેદનશીલ હોવા જરૂરી છે. જુદા જુદા દેશો વચ્ચે સાંસ્કૃતિક તફાવતો પણ નાના લાગે છે. સંસ્કૃતિ જટિલ છે. અને તેના અસરની સંપૂર્ણ પ્રશંસા કરવામાં મહત્વપૂર્ણ સમય, પ્રયાસ અને કુશળતા લે છે. સંસ્કૃતિની વિવિધ લાક્ષણિકતાઓ સમાનતાનો ભ્રમ પેદા કરી શકે છે. સંસ્કૃતિના કેટલાક પરિણામો અથવા સંસ્કૃતિની ભૂમિકા જે ધ્યાનમાં રાખવી જરૂરી બને છે તે નીચે સૂચિબદ્ધ છે.

**1) ભાષા :**

- વિશ્વમાં લગભગ ત્રણ હજાર ભાષાઓ છે. ઉત્પાદન, લેબલ્સ, બ્રાન્ડ, અને ઉત્પાદનના નામો, ઘોષ વાકય (ટેગ લાઈન), ડીઝાઈન બનાવતી કરતી વખતે ભાષા તફાવત એક પડકાર બની શકે છે. ઉચ્ચાર, અર્થ, અને ''પોતાની માલિકી''ની દ્રષ્ટિએ સાર્વત્રિક રીતે કાર્ય કરી શકે તે માટે એકમાત્ર બ્રાન્ડ નામ શોધવું એ પડકાર છે. જો કે, ઉત્પાદન, બ્રાન્ડ અથવા કંપનીને વિશ્વસનીય, વિશ્વાસપાત્ર, અને ઉચ્ચ ગુણવત્તા તરીકે જોવામાં આવે તે માટે માર્કેટિંગ સંદેશાવ્યવહારમાં ભાષાનો વ્યાકરણશુધ્ધ ઉપયોગ આવશ્યક છે.
- જયારે દેશમાં એક કરતાં વધુ ભાષા સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત હોય ત્યારે ભાષા સમજાવવા માટે જટિલતા ઉત્પન્ન થાય છે. ભારત અને ચીનમાં સૌથી વધુ ભાષા બોલાય છે. ભારતમાં વીસથી વધુ સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત ભાષાઓ છે. સ્પષ્ટ છે કે માર્કેટિંગ કરનારાઓ માટે ભાષા ખૂબ જ જટિલ સમસ્યા બની શકે છે.
- માર્કેટર્સ જયારે કઈ ભાષાઓનો ઉપયોગ કરવો કે ના કરવો તે પસંદ કરે છે ત્યારે તેઓ જેની વાત કરે છે તેને અનુરૂપ હોવી જોઈએ. દા.ત. પૂર્વી યુરોપમાં, શીતયુદ્ધના સમયે સોવિયત કબજાના ઘણા રહેવાસીઓને રશિયન ભાષાની નકારાત્મક દ્રષ્ટિ સાથે છોડી દીધા હતા. એવા ઉત્પાદનો કે જે રશિયન લેબલિંગ વહન કરે છે તે ભોગવી શકે છે.

**2) રીતિરિવાજો અને નિષેધ :**

- બધી સંસ્કૃતિઓના પોતાના રીતિ રિવાજો અને અવરોધો હોય છે. માર્કેટર્સ માટે આ

રીતિ રિવાજો અને નિષેધ વિશે શીખવું મહત્ત્વવપૂર્ણ છે. જેથી તેમણે ખ્યાલ આવે કે માર્કેટિંગ કાર્યક્રમો માટે શું સ્વીકાર્ય છે અને શું અસ્વીકાર્ય છે.

- ઉદાહરણ તરીકે જાપાનમાં નંબર ચારને કમનસીબ માનવામાં આવે છે અને ચાર પેદાશો ધરાવતા ઉત્પાદનોના પેકેજો ઘણા ગ્રાહકો ટાળે છે.
- મધ્ય પૂર્વી દેશોમાં જ્યાં ઇસ્લામિક કાયદાનું કડક પાલન કરવામાં આવે છે, ત્યાં સ્ત્રી શરીરના પગ દર્શાવતી છબીઓને અપમાનજનક માનવામાં આવે છે.
- ઈજિપ્તમાં, ઘણી મહિલાઓ જાહેરમાં હિજાબ સાથે અથવા તેના વગર દર્શાવવી તે અંગે માર્કેટર્સ સંઘર્ષ કરે છે.
- વેચાણકર્તાઓએ સ્થાનિક સંસ્કૃતિ અને ગ્રાહકો થી પરિચિત મૂળ નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવવું જોઈએ.
- માર્કેટિંગ સંશોધન પણ માર્કેટર્સને આ જટિલ મુદ્દાઓને સમજવામાં અને શોધખોળ કરવામાં મદદ કરી શકે છે.

**3) મૂલ્યોઃ**

- સમાજમાં મૂલ્યોની ભૂમિકાએ સ્વીકાર્ય અથવા અસ્વીકાર્ય છે તે નક્કી કરવાની છે. મૂલ્યો એ સંસ્કૃતિનો સામાજિક ભાગ છે. અને તે વ્યક્તિગત રીતે પણ વ્યક્ત કરી શકાય છે.
- મૂલ્યો કુટુંબ, શિક્ષણ, નૈતિક અને ધાર્મિક માન્યતાઓના પ્રભાવથી ઉત્પન્ન થાય છે. અનુભવો દ્વારા પણ શીખી શકાય છે.
- ઉદાહરણ તરીકે યુ.એસ. ના ગ્રાહકો વ્યક્તિગતવાદી હોય છે.અને તેમની પોતાની વ્યક્તિગત પસંદગીઓના આધારે ખરીદીનાં ઘણાં નિર્ણયો લે છે.
- જાપાનમાં સમૂહની સુખાકારી વધુ મૂલ્યવાન છે, અને ખરીદીના નિર્ણયો કુટુંબ જેવા સમૂહની સુખાકારી વધુ પ્રભાવિત થાય છે.
- મૂલ્યોના આ તફાવતોના આધારે, જ્યાં વ્યક્તિગતવાદ છે ત્યાં તેવી જાહેરાતો કરવી અને જ્યાં સમૂહની સુખાકારી મહત્ત્વની છે ત્યાં તેવી જાહેરાતો ને મહત્ત્વ આપવું જોઈએ.

**4) સમય અને અનિશ્ચિતતાઃ**

- સમય અને સમયના પાલન વિવિધ સંસ્કૃતિઓમાં સંવેદનશીલ હોય છે. કેટલાક દેશોમાં, મિટિંગમાં થોડું મોડું થવું સ્વીકાર્ય છે, જયારે અન્ય દેશોમાં તે ખૂબ જ અપમાનજનક છે.
- કેટલીક સંસ્કૃતિઓ જે સમયના નિયમબદ્ધતાને ખૂબ મૂલ્ય આપે છે, સમયસર રહેવું એ સારી યોજના સંગઠન અને આદરનું સંકેત છે.
- કેટલીક સંસ્કૃતિઓમાં જ્યાં સચોટ સમયનો નિયમ ઓછો મહત્વનો નથી, ત્યાં હંમેશા સંબંધો પર વધુ ભાર આપવામાં આવે છે. હકીકત એ છે કે મિટિંગ થાય છે તેના કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.

**5) વેપાર ધોરણોઃ**

- વ્યવસાય ધોરણો એક દેશથી બીજા દેશમાં બદલાય છે અને તે યજમાન દેશના વિશિષ્ટ ધારાધોરણો અનુસાર કાર્યરત ના હોય તેવા વિદેશીઓને પડકાર રજૂ કરી શકે છે.

- દા.ત. જાપાનમાં ધંધાકીય બેઠકોમાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કોઈ સંગઠનનું પ્રતિનિધિત્વ કરતો સૌથી વરિષ્ટ વ્યક્તિ ચર્ચાનું નેતૃત્વ કરશે, અને જૂનિયર સ્તરના વધુ સાથીઓ બિલકુલ બોલી નાં શકે.
- વ્યવસાયિક મીટીંગ્સમાં આલ્કોહોલ ભૂમિકા સંસ્કૃતિ દ્વારા વ્યાપકપણે બદલાય છે મધ્ય પૂર્વીય સંસ્કૃતિઓમાં જ્યાં દારુ પ્રતિબંધિત છે, ત્યાં આલ્કોહોલિક પીણાં પીરસવાનું અપમાનજનક હોઈ શકે છે.
- ચીનમાં ઔપચારિક રાત્રિભોજન બેઠકોના ભાગરૂપે પ્રચલિત છે.
- તેવી જ રીતે શુભેચ્છાઓ અને શારીરિક સંપર્કની આસપાસના વ્યવસાયના ધોરણો પણ બદલાય છે.
- અમેરિકન સંસ્કૃતિનું હસ્તઘુનન ઘણી સંસ્કૃતિઓમાં વ્યવસાય ધોરણ તરીકે સ્વીકૃત થઇ ગઈ છે. પરંતુ આ રિવાજ વૈશ્વિક નથી.
- જાપાન અને અન્ય કેટલીક એશિયન સંસ્કૃતિઓમાં આદરણીય રીતે ઝૂકવું એ પરંપરાગત વ્યાવસાયિક શુભેચ્છા છે. જો કે હાથ મિલાવવાનું સામાન્ય બન્યું છે.
- ઈસ્લામિક સંસ્કૃતિઓમાં વ્યાવસાયિક ઘોરણે પણ પુરુષો અને સ્રીઓ વચ્ચેનો સંપર્ક એ સંવેદનશીલ મુદ્દો છે.
- ભારતમાં નમસ્તે આદરણીય રહે છે.
- સ્થાનિક રિવાજોમાં અનુભવ ધરાવતા અને યોગ્ય શિષ્ટાચાર અંગે પ્રશિક્ષણ આપી શકે તેવા વિશ્વાસનીય સાથીદાર અથવા મિત્ર પાસેથી હમેશા માર્ગદર્શન મેળવો.

**6) ધાર્મિક માન્યતાઓ અને ઉજવણીઃ**

- ધાર્મિક માન્યતાઓ અને આચરણ ગ્રાહકો શું ખરીદે છે અથવા ખરીદતા નથી, તેઓ ખરીદી કરે છે અને તેઓ કેવી રીતે વ્યવસાય કરે છે તેના પર અસર કરે છે.
- જ્યાં બજાર ચલાવવામાં આવે છે ત્યાં ગ્રાહક સંસ્કૃતિ ઉપર ધર્મના પ્રભાવને સમજવું મહત્વપૂર્ણ છે. જેથી તેમની માર્કેટિંગ પ્રવૃત્તિઓ યોગ્ય રીતે સંવેદનશીલ બની શકે.
- ધાર્મિક માન્યતાઓ અથવા સંસ્કૃતિનો આદર કરવામાં નિષ્ફળતા કંપની અથવા બ્રાન્ડની પ્રતિષ્ઠાને ગંભીરતાથી નુકશાન પહોચાડે છે.
- સ્થાનિક સંસ્કૃતિ પર ધર્મના પ્રભાવ માટે વલણ ધરાવતા માર્કેટિંગ સંદેશાઓ અને ધાર્મિક વ્યવહારમાં પ્રવર્તન તકોનો લાભ લઇ શકે છે.
- વિશ્વના તમામ મોટા ધર્મો રજાઓનું પાલન કરે છે. જેમાં ભોજન અને ભેટ આપવાનો સમાવેશ થાય છે. પશ્ચિમી સંસ્કૃતિમાં ક્રિસમસ મોસમ અથવા મુસ્લિમ સંસ્કૃતિઓમાં રમજાન, ધાર્મિક માન્યતાઓ અમુક ઉત્પાદનો વિશે સંવેદનશીલતા તરફ દોરી જાય છે.
- ધાર્મિક માન્યતાઓ છબીઓ અથવા જાતીય સૂચક સામગ્રીને જાહેર કરવા આસપાસ સંવેદનશીલતા લાવી શકે છે.
- વિવિધ રંગોના પ્રતિકવાદ સાથે સંકળાયેલી ધાર્મિક માન્યતાઓ અમુક ઉત્પાદનો અને માર્કેટિંગ સામગ્રીની પસંદગીઓ અસ્વીકાર કરી શકે છે.
- ધાર્મિક વ્યવહાર કયા સભ્યોને કયા પ્રકારની ખરીદી કરવી તે નિર્ણય ઉપર અસર કરે છે.

- **ઉપસંહાર:**

આમ સાંસ્કૃતિક મતભેદોને સમજવું મહત્વપૂર્ણ છે કે શું તમે તમારા પોતાના દેશમાં વંશીય બજારોમાં વેચી રહ્યા છો અથવા જુદા જુદા દેશોમાં નવા બજારોમાં વેચી રહ્યા છો. જો જુદા જુદા દેશમાંથી આવતા હોવ તો પણ સંસ્કૃતિ તમને અસર કરે છે કારણ કે સંસ્કૃતિ વાતચીતને અસર કરે છે. સંસ્કૃતિ વિષેની સમજ સ્થાનિક બજારમાં પ્રવેશવાની, વ્યાવસાયિક સંબંધો વિકસાવવા અને જાળવવા, સફળ સોદાની વાટાઘાટો, વેચાણનું સંચાલન, માર્કેટિંગ અને જાહેરાત ઝુંબેશ ચલાવવા અને ઉત્પાદન અને વિતરણમાં શામેલ થવાની તમારી ક્ષમતાને અસર કરશે. ઘણી વાર લોકો ખોટા સંદેશો મોકલે છે અથવા પ્રાપ્ત કરે છે પરિણામે લોકો સંસ્કૃતિમાં ગૂંચવાઈ જાય છે. જેમ કોઈ તકનીકી અને બજારનું વિશ્લેષણ કરવામાં આવે છે તેમ સાંસ્કૃતિક વિશ્લેષણ પણ જરૂરી છે. ઉપર ના મુદ્દાઓ સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકા કેટલી અગત્યની છે તે સમજાવે છે.

## 5.5 સ્વાધ્યાય :

- **સૈદ્ધાંતિક પ્રશ્નો**

1. સાંસ્કૃતિક પરિબળો એટલે શું? પરિબળો કયા કયા છે તે વિશે સમજાવો.
2. સાંસ્કૃતિક પરિબળો નો ખ્યાલ આપી સાંસ્કૃતિક પરિબળોની અસરો વિશે લખો.
3. સાંસ્કૃતિક પરિબળો ની ધંધાકીય પર્યાવરણ ઉપર ની અસર જણાવો.
4. સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકા વિશે નોંધ લખો.

- **બહુવૈકલ્પિક પ્રશ્નો:**

**1) સાંસ્કૃતિક પરિબળો એ શેનાથી સંબંધિત છે?**

(અ) સંસ્કૃતિ (બ) સમાજ

(ક) માંગ (ડ) પુરવઠો **જવાબ-(અ) સંસ્કૃતિ**

**2) __________ મોટાભાગની વસ્તી, વ્યક્તિગત પરિવહન (કારની માલિકી સહિત) અને વીજળી, કુદરતી ગેસ, ટેલીફોન, ઈન્ટરનેટ અને વાયરલેસ સંચાર જેવા સંશાધનોની ઉપલબ્ધતા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી તકનીકી વસ્તુઓનો સમાવેશ થાય છે.**

(અ) સામગ્રી સંસ્કૃતિમાં (બ) વેપાર ચક્ર

(ક) બંને અ અને બ (ડ) એક પણ નહી.

**જવાબ-(અ) સામગ્રી સંસ્કૃતિમાં**

**3) નીચેનામાંથી કયા પરિબળો નો સમાવેશ સાંસ્કૃતિક પરિબળોમાં થતો નથી?**

(અ) ધર્મ (બ) શિક્ષણ

(ક) મૂલ્યો (ડ) આર્થિક પર્યાવરણ

**જવાબ-(ડ) આર્થિક પર્યાવરણ**

**4) નીચેનામાંથી કયા પરિબળની સાંસ્કૃતિક પરિબળની અસર તરીકે ઓળખવામાં આવે છે.**

(અ) કામની વર્તણૂક ઉપર અસર (બ) શિક્ષણ અને વ્યવસાય

(ક) ધર્મ (ડ) ઉપરના તમામ

જવાબ-(ડ) ઉપરના તમામ

**5) નીચેનામાંથી કયા મુદ્દાઓ સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકાની અગત્યતાને સમજાવે છે?** **સાંસ્કૃતિક પરિબળ**

(અ) ભાષા (બ) મૂલ્યો

(ક) કસ્ટમ અને નિષેધ (ડ) ઉપરના તમામ

**જવાબ- (ડ) ઉપરના તમામ**

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

# માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

# ધંધાકીય પર્યાવરણ

**MC02CC203**




## બ્લોક -૨

डॉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય સેમેસ્ટર એમ. કોમ.

**MC02CC203**

# બ્લોક -2

## ધંધાકીય પર્યાવરણ


| | | |
|---|---|---|
| **એકમ-6** | **રાષ્ટ્રીય આવક** | **3-16** |
| **એકમ-7** | **આર્થિક નીતિઓ અને કાયદા-1** | **17-47** |
| **એકમ-8** | **આર્થિક નીતિઓ અને કાયદા-2** | **48-67** |
| **એકમ-9** | **સીધું વિદેશી રોકાણ (FDI) અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII)** | **68-77** |
| **એકમ-10** | **આંતરરાષ્ટ્રીય સંગઠનો અને આંતરરાષ્ટ્રીય વેપાર પર્યાવરણ** | **78-109** |

| | | | |
|---|---|---|---|
| લેખન | : | ડૉ. અંજલી ત્રિવેદી | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ.યુનિવર્સીટી,<br>અમદાવાદ. |
| | | પ્રો. પી.સી.વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ HOD (Eco,Dept.)<br>પ્રિ.એમ.સી.શાહ કોલેજ,<br>નવગુજરાત કેમ્પસ, અમદાવાદ. |
| | | ડૉ. બીના પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>કોમર્સ ફેકલ્ટી (SMPIC)<br>જી.એલ.એસ.યુનિવર્સીટી. |
| પરામર્શક(વિષય) | : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | | પ્રિ. નટુભાઈ પટેલ | પ્રિન્સિપાલ,<br>સી.યુ.શાહ કોલેજ, અમદાવાદ. |
| | | પ્રિ. હીનાબેન પટેલ | પ્રિન્સિપાલ,<br>મણીબેન એન.પી.શાહ મહિલા કોલેજ, કડી. |
| | | ડૉ. પિંકીબેન દેસાઈ | એસોસિએટ પ્રોફેસર એન્ડ HOD (ECO),<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) | : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| સંપાદન | : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક | : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ | : | 2021-22 પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ) | |

ISBN : 978-93-92139-19-2

**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ : 6 રાષ્ટ્રીય આવક

: રૂપરેખા :

6.1 પ્રસ્તાવના

6.2 રાષ્ટ્રીય આવકનો ખ્યાલ

6.3 રાષ્ટ્રીય આવકની પદ્ધતિઓ

6.4 ભારતમાં આર્થિક આયોજન

6.4.1 પ્રથમ યોજના :- (ઈતિહાસ, ઉદ્દેશ, લક્ષણો, માળખું)

6.4.2 દ્વિતીય યોજના

6.4.3 તૃતીય યોજના

6.4.4 ચોથી યોજના

6.4.5 પાંચમી યોજના

6.4.6 છઠ્ઠી યોજના

6.4.7 સાતમી યોજના

6.4.8 આઠમી યોજના

6.4.9 નવમી યોજના

6.4.10 દસમી યોજના

6.4.11 અગિયારમી યોજના

6.4.12 બારમી યોજના

6.5 સ્વાધ્યાય અને સારાંશ

## 6.1 પ્રસ્તાવના

રાષ્ટ્રીય આવક એ એક અનિશ્ચિત શબ્દ છે. જેનો ઉપયોગ રાષ્ટ્રીય ડિવિડન્ડ, રાષ્ટ્રીય આઉટપુટ અને રાષ્ટ્રીય ખર્ચ સાથે વિનિમય રૂપે થાય છે. આ આધારે રાષ્ટ્રીય આવકને ઘણી રીતે વ્યાખ્યાયિત કરવમાં આવી છે. સામાન્ય ચર્ચામાં રાષ્ટ્રીય આવકનો અર્થ એ થાય છે કે દેશમાં વાર્ષિક ધોરણે ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય. એક વર્ષના સમયગાળામાં દેશને આર્થિક પ્રવૃતિઓમાંથી પ્રાપ્ત થતી કુલ આવકની રકમને રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. તેમાં તમામ સંસાધનોને વેતન, વ્યાજ, ભાડા અને નફાનાં રૂપમાં કરવામાં આવતી ચૂકવણીઓનો સમાવેશ થાય છે.

## 6.2 રાષ્ટ્રીય આવકનો ખ્યાલ

રાષ્ટ્રીય આવકની વ્યાખ્યાને બે વર્ગોમાં વહેંચી શકાય છે. એક માર્શલ, પિગુ અને ફિશર દ્વારા વિકસિત પરંપરાગત વ્યાખ્યા અને બે આધુનિક વ્યાખ્યા

➢ **માર્શલિયન વ્યાખ્યા :-**

દેશનાં મજૂર અને મૂડી તેના કુદરતી સંસાધનો પર કામ કરે છે તે વાર્ષિક ચીજવસ્તુઓ,

સામગ્રી અને તમામ પ્રકારની સેવાઓ સહિતની અનિયમિત વસ્તુઓનું ચોખ્ખું એકંદર ઉત્પાદન કરે છે. આ દેશની સાચી ચોખ્ખી (નેટ) વાર્ષિક આવક અથવા રાષ્ટ્રીય ડિવિડન્ડ છે. આ વ્યાખ્યામાં 'ચોખ્ખી' ('નેટ') આ શબ્દ અવમૂલ્યન અને મશીનમાંથી બહાર નીકળવાના સંદર્ભમાં કુલ રાષ્ટ્રીય આવકમાંથી થતી કપાતનો સંદર્ભ આપે છે. અને આ માટે વિદેશથી આવક ઉમેરવી આવશ્યક છે.

➢ **પિગુવિયન વ્યાખ્યા**

એ.સી.પિગુ એ તેની રાષ્ટ્રીય આવકને વ્યાખ્યામાં તે આવકનો નો સમાવેશ કર્યા છે જે (પૈસા) નાણાંનાં સંદર્ભમાં માપી શકાય છે. રાષ્ટ્રીય આવક એ સમુદાયની ઉદ્દેશનાં આવકનો એક ભાગ છે. જેમાં વિદેશથી પ્રાપ્ત થતી કુલ આવકનો સમાવેશ થાય છે જે (પૈસા) નાણાંમાં માપી શકાય છે.

➢ **ફિશરની વ્યાખ્યા**

ફિશરે રાષ્ટ્રીય આવકના માપદંડ તરીકે "વપરાશ" નાં ખ્યાલને અપનાવ્યો છે. જ્યારે માર્શલ અને પિગુએ "ઉત્પાદન" નાં ખ્યાલને અપનાવ્યો છે. ફિશરનાં જણાવ્યા અનુસાર "રાષ્ટ્રીય આવક ફક્ત અંતિમ ગ્રાહકો દ્વારા મેળવવામાં આવતી સેવાઓનો સમાવેશ કરે છે. (પછી ભલે તેમની સામગ્રીમાંથી અથવા માનવ વાતાવરણમાંથી હોય)"

➢ **આધુનિક વ્યાખ્યા :-**

આધુનિક દ્રષ્ટિકોણથી સાયમન કુઝનેટએ રાષ્ટ્રીય આવકને દેશનાં ઉત્પાદક પ્રણાલીમાંથી વર્ષ દરમિયાન ચીજવસ્તુઓ અને સેવાઓનું ચોખ્ખું ઉત્પાદન અંતિમ ગ્રાહકોનાં હાથમાં પહોંચે તે રીતે વ્યાખ્યાયિત કર્યું છે. બીજી બાજુ સંયુક્ત રાષ્ટ્રનાં એક અહેવાલમાં રાષ્ટ્રીય આવકનો અંદાજ ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પાદન તરીકે; વિવિધ પરિબળોના ભાગ ઉપરાંત; અને રાષ્ટ્રીય ખર્ચ તરીકે રાષ્ટ્રીય આવકનો અંદાજ લગાવવાની પદ્ધતિઓનાં આધારે કરવામાં આવ્યો છે. એક વર્ષના સમયમાં એક દેશ રાષ્ટ્રીય આવકનો અંદાજ કરતી વખતે આ ત્રણ વ્યાખ્યાઓમાથી કોઈપણ અપનાવી શકે છે, કારણ કે અંદાજમાં જુદી જુદી વસ્તુઓનો યોગ્ય રીતે સમાવેશ કરવામાં તો સમાન રાષ્ટ્રીય આવક લેવામાં આવે છે.

## 6.3 રાષ્ટ્રીય આવકની પદ્ધતિઓ

રાષ્ટ્રીય આવકની વિવિધ પદ્ધતિઓ છે. રાષ્ટ્રીય આવક અને તેનાથી સંબધિત માપનની પદ્ધતિઓ સાથે જોડાયેલી અનેક વિભાવનાઓ નીચે મુજબ છે.

### (A) કુલ ઘરેલું ઉત્પાદન (જીડીપી)

એક વર્ષ દરમિયાન દેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓ અને સેવાઓનું કુલ મૂલ્ય જીડીપી છે. આ બજારભાવો પર ગણતરી કરવામાં આવે છે. અને બજારના ભાવે જીડીપી તરીકે ઓળખવામાં આવે છે. ડર્નબર્ગ માર્કેટ ભાવે જીડીપીની વ્યાખ્યા "હિસાબો વર્ષ દરમિયાન દેશનાં સ્થાનિક ક્ષેત્રમાં ઉત્પન્ન થતી અંતિમ ચીજો અને સેવાઓનાં ઉત્પાદનનું બજાર મૂલ્ય છે.

જીડીપીને માપવાની ત્રણ જુદી જુદી રીતો છે.(1) ઉત્પાદનની પદ્ધતિ(2) આવકની પદ્ધતિ અને (3) ખર્ચની પદ્ધતિ. જીડીપીની ગણતરી કરવાની આ ત્રણ પદ્ધતિઓ સમાન પરિણામ આપે છે કારણ કે, રાષ્ટ્રીય ઉત્પાદન = રાષ્ટ્રીય આવક = રાષ્ટ્રીય ખર્ચ

**(B) પરિબળ કિંમત પર જીડીપી (જીડીપી ફેક્ટર કોસ્ટી )**

જીડીપી એ ફેક્ટર પર દેશના તમામ ઉત્પાદકો દ્વારા ઉમેરવામાં આવતી ચોખ્ખી કિંમતનો સરવાળો છે. ચોખ્ખી કિંમત ઉમેરવામાં આવતી હોવાથી ઉત્પાદનનાં પરિબળોનાં માલિકને આવક તરીકે વહેંચવામાં આવે છે, તેથી જીડીપી- ઘરેલું પરિબળ આવક અને નિયત મૂડી વપરાશનો સરવાળો છે.

આમ, પરિબળ કિંમત પર

જીડીપી = ચોખ્ખા મૂલ્યનો ઉમેરો + નિયત મૂડી વપરાશ (અવમૂલ્યન)

પરિબળ કિંમતે જીડીપીમાં નીચે મુજબનો સમાવેશ થાય છે.

- કર્મચારીઓનું વળતર એટલે કે વેતન, પગાર વગેરે.
- સર પેરટિંગ સરપ્લસ – જે બંને સંગઠિત અને અસંગઠિત કંપનીઓનો વ્યવસાય નફો એનો પણ સમાવેશ થાય છે.
- સ્વરોજગારીની મિશ્રિત આવક

વ્યાખ્યા મુજબ પરિબળ કિંમતે જીડીપી અને બજાર ભાવે જીડીપી સમાન હોવું આવશ્યક છે કારણ કે, માલ ઉત્પન્ન કરવાની પરિબળ કિંમત (પરિબળોને ચૂકવણી) બજાર ભાવે માલ અને સેવાઓનાં અંતિમ મૂલ્યની સમાન હોવી જોઈએ. જો કે, માલ અને સેવાઓનું બજાર મૂલ્ય ઉત્પાદનનાં પરિબળોની કમાણીથી અલગ છે. બજારભાવે જીડીપીમાં પરોક્ષ કરનો સમાવેશ થાય છે. અને સરકાર દ્વારા સબસીડીને બાકાત રાખવામાં આવે છે. તેથી પરિબળ કિંમતે જીડીપી પર પહોંચવા માટે પરોક્ષ કરવેરાની બાદબાકી કરવામાં આવે છે અને બજાર કિંમતે જીડીપીમાં સબસીડી ઉમેરવામાં આવે છે.

આમ,

પરિબળ કિંમત પર જીડીપી = બજાર કિંમત પર જીડીપી - પરોક્ષ કર સબસીડી

**(C) નેટ ડોમેસ્ટિક પ્રોજેક્ટ (NDP)**

NDP એ વર્ષ દરમિયાન અર્થતંત્રના ચોખ્ખા ઉત્પાદનનું મૂલ્ય છે. દેશની કેટલીક મૂડી ઉપકરણો દર વર્ષે ઉત્પાદન પ્રકિયા દરમિયાન અપ્રચલિત થઇ જાય છે. આ મૂડી વપરાશનું મૂલ્ય કુલ રોકાણની ટકાવારી છે. જી જીડીપી માંથી કાપવામાં આવે છે. આ રીતે પરિબળ કિંમત પર નેટ ઘરેલું ઉત્પાદન = જીડીપી- અવમૂલ્યન

**(D) વાસ્તવિક(Real) અને વર્તમાન (Nominal) જીડીપી**

જ્યારે જીડીપી વર્તમાન કિંમતનાં આધારે માપવામાં આવે છે. ત્યારે તેને વર્તમાન ભાવો અથવા નજીવા જીડીપી તરીકે ઓળખવામાં આવે છે. બીજી બાજુ, જ્યારે જીડીપીની ગણતરી કેટલાંક વર્ષોમાં નિર્ધારિત કિંમતોના આધારે કરવામાં આવે છે. ત્યારે તેને વાસ્તવિક અથવા સતત જીડીપી તરીકે ઓળખવામાં આવે છે.

વર્તમાન જીડીપી એ એક વર્ષમાં ઉત્પાદિત માલ અને સેવાઓનું મૂલ્ય છે. અને વર્તમાન (બજાર) કિંમતે નાણાંની દ્રષ્ટિએ માપવામાં આવે છે. એક વર્ષે સાથે બીજા વર્ષની સરખામણી કરવામાં આવે ત્યારે એ મુશ્કેલી નડે છે. જ્યાં રૂપિયા ખરીદીની શક્તિનો સ્થિર માપદંડ નથી રહેતો. જીડીપી એક વર્ષમાં મોટો વધારો કરી શકે છે કારણ કે, અર્થવ્યવસ્થા ઝડપથી વિકસતી નથી પરંતુ કિંમતોમાં વધારો થાય છે.

ઉલટ એક વર્ષમાં કિંમતોમાં ઘટાડો થતાં જીડીપીમાં વધારો થઇ શકે છે પરંતુ ખરેખર તે પાછલા વર્ષની તુલનામાં ઓછું હોઈ શકે છે, પરંતુ આ બંને ઘટનામાં જીડીપી એ અર્થવ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ બતાવતું નથી. જીડીપીનાં ઓછા આંકડા અને અતિશય મૂલ્યાંકનને સુધારવા માટે એવા પગલાઓની જરૂર છે જેનાથી વધતા અને ઘટતા ભાવોને સમાયોજીત કરી શકાય. આ સતત જીડીપીનાં માપન દ્વારા કરી શકાય છે. જેને વાસ્તવિક જીડીપી કહેવામાં આવે છે. વાસ્તવિક જીડીપી શોધવા માટે બેઝ (Base) વર્ષ પસંદ કરવામાં આવે છે. જ્યારે સામાન્ય ભાવનું સ્તર સામાન્ય હોય છે. એટલે કે તે ખૂબ ઊંચું કે ઓછું હોતું નથી. મુખ્યત્વે બેઝ (Base) વર્ષમાં 100 નાં ભાવે નક્કી કરવામાં આવે છે.

### (E) જીડીપી ડિફ્લેટર

જીડીપી ડિફ્લેટર એ જીડીપીમાં સમાવિષ્ટ માલ અને સેવાઓનાં ભાવમાં ફેરફારની એક અનુક્રમણિકા છે. તે એક priceIndex છે, જે એક જ વર્ષ માટે વાસ્તવિક જીડીપી દ્વારા આપેલ વર્ષમાં નજીવા જીડીપીને વિભાજન કરીને તેને ૧૦૦ દ્વારા ગુણાકાર કરીને ગણવામાં આવે છે. દા.ત. જીડીપી ડિફ્લેટરની ગણતરી એ બતાવે છે કે સતત કિંમતો (1993-94) પર 1997-98માં જીડીપી 135.9% વધીને ફુગાવાના કારણે વર્ષ 1993-94માં 1049.2 હજાર કરોડ રૂપિયાથી વધીને રૂપિયા 1426.7 હજાર કરોડ રૂપિયા વર્ષે 1997-98માંથશે.

### (F) કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP)

GNP એ દેશનાં એક વર્ષ દરમિયાન વર્તમાન ઉત્પાદનનાં પરિણામેં બજારનાં મૂલ્ય પર માલ અને સેવાઓનાં પ્રવાહનાં કુલ પગલા છે, જેમાં વિદેશથી ચોખ્ખી આવકનો સમાવેશ થાય છે. GNPમાં ચાર પ્રકારનાં અંતિમ માલનો અને સેવાઓનો સમાવેશ થાય છે.

1. ગ્રાહકોની ચીજવસ્તુઓ અને સેવાઓ લોકોની તાત્કાલિક ઈચ્છાઓને સંતોષવા માટે ;
2. મૂડી માલમાં કુલ ખાનગી ઘરેલું રોકાણ નિશ્ચિત મૂડીની રચના, રહેણાંક બાંધકામ અને સમાપ્ત અને અપૂર્ણ માલની ઈન્વેન્ટરીઓનો સમાવેશ ;
3. સરકાર દ્વારા ઉત્પાદિત ચીજો અને સેવાઓ ;
4. માલ અને સેવાઓની ચોખ્ખી નિકાસ એટલે કે નિકાસના મૂલ્ય અને માલ તથા સેવાઓની આયાત વચ્ચેનો તફાવતને વિદેશી ચોખ્ખી આવક તરીકે ઓળખવામાં આવે છે.

### (G) માર્કેટ કિંમતો પર GNP

જ્યારે આપણે દેશમાં જે-તે વર્ષ દરમિયાન તેમના બજાર ભાવો દ્વારા એક જ વર્ષમાં ઉત્પાદિત કુલ ઉત્પાદનને ગુણાકાર કરીએ છીએ ત્યારે આપણે બજારના ભાવે એકંદરે રાષ્ટીય ઉત્પાદન મેળવીએ છીએ. આમ, બજારના ભાવે GNP એટલે દેશમાં વાર્ષિક ઉત્પાદિત અંતિમ ચીજો અને સેવાઓનું કુલ મૂલ્ય ઉપરાંત વિદેશથી ચોખ્ખી મળતી આવક.

બજારભાવેજીએનપી = બજારભાવે જીડીપી + વિદેશથી ચોખ્ખી મળતી આવક

### (H) પરિબળ કિંમત પર GNP

GNP એ પરિબળ કિંમત પર એક દેશમાં એક વર્ષમાં ઉત્પાદનના વિવિધ પરિબળો દ્વારા ઉત્પાદિત અને આવકના નાણાંમૂલ્યનો સરવાળો છે.

બજારના ભાવે GNPની કિંમત હંમેશા પરિબળ કિંમતે GNP કરતા વધારે હોય છે.

GNP પરિબળ કિંમત પર (ફેક્ટર કિંમત)= GNP બજાર કિંમતોમાં – પરોક્ષ કર + સબસીડી

**(I) ચોખ્ખી રાષ્ટ્રીય ઉત્પાદક (NNP)**

NNPમાં વપરાશનાં માલ અને રોકાણ માલનાં કુલ આઉટપુટ (ઉત્પાદન)નાં મૂલ્યનો સમાવેશ થાય છે. પરંતુ ઉત્પાદનની પ્રક્રિયામાં નિશ્ચિત મૂડીની ચોક્કસ રકમનો ઉપયોગ થાય છે કેટલાંક નિશ્ચિત ઉપકરણોનો સમાવેશ થાય છે. તેનાથી અન્ય ઘટકોનો નાશ થાય છે.અ બધી પ્રક્રિયાઓને અવમૂલ્યન અથવા મૂડી વપરાશ ભથ્થું કહેવામાં આવે છે.

NNP = GNP –અવમૂલ્યન

**(J) માર્કેટ કિંમતો પર NNP**

દેશનાં એક વર્ષ દરમિયાન બજારભાવો પર મૂલ્યાંકન કરવામાં આવતી અંતિમ ચીજવસ્તુઓ અને સેવાઓનું ચોખ્ખું મૂલ્ય બજારનાં ભાવોનું ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પાદન છે. જો આપણે JNPમાંથી બજારના ભાવે અવમૂલ્યન બાદ કરીએ તો એમને બજાર ભાવે NNP મળે તેથી,

માર્કેટ કિંમતો પર NNP (બજાર) = માર્કેટ કિંમતો માં GNP – અવમૂલ્યન

**(K) પરિબળ કિંમત પર NNP**

પરિબળ કિંમતે ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પાદન એ પરિબળ ભાવોનું મૂલ્યાંકન કરાયેલ ચોખ્ખું ઉત્પાદન છે. તેમાં વેતન અને પગાર, ભાડું, નફો વગેરે જેવી ઉત્પાદન પ્રક્રિયામાં ભાગીદારી દ્વારા ઉત્પાદનનાં પરિબળો દ્વારા પ્રાપ્ત થતી આવકનો સમાવેશ થાય છે, જેને રાષ્ટ્રીય આવક પણ કહેવામાં આવે છે. બજારનાં બાવે આ પગલું NNPથી અલગ પડે છે કે પરોક્ષ કર કાપવામાં આવે છે. અને પરિબળ કિંમતે NNP પહોંચવા માટે બજાર કિંમતે NNPમાં સબસીડી ઉમેરવામાં આવે છે. આમ,

પરિબળ કિંમત પર NNP = બજાર કિંમતે NNP – પરોક્ષ કર + સબસીડી

= બજાર કિંમતો પર GNP – અવમૂલ્યન – પરોક્ષ કર + સબસીડીઝ

= રાષ્ટ્રીય આવક

સામાન્ય રીતે બજારના ભાવે NNP પરિબળ કિંમતે NNP કરતાં વધારે હોય છે કારણ કે પરોક્ષ કર એ સરકારની સબસીડીથી વધારે હોય છે. વધારે હોય ત્યારે બજારના ભાવે NNP પરિબળ કિંમતે NNP કરતાં ઓછા હોઈ શકે છે.

**(L) ઘરેલું આવક**

દેશનાં ઉત્પાદનનાં પરિબળો દ્વારા તેમના પોતાના સંસાધનોથી ઉત્પન્ન થતી આવકને ઘરેલું આવક કે ઘરેલું ઉત્પાદન કહેવામાં આવે છે. ઘરેલું આવકમાં વેતન અને પગાર ; ભાડાઓ, મકાનનાં ભાડા સહિત ; વ્યાજ ; ડિવિડન્ડ ; જાહેર ઉપક્રમોનાં બાકીના લાભો સહિતનાં બિન વહેંચાયેલ કોર્પોરેટ નફો ; અસંગઠિતનાં નફામાં સમાવિષ્ટ મિશ્ર આવક ; કંપનીઓ, સ્વ-રોજગારી ધરાવતા વ્યક્તિઓ, ભાગીદારી વગેરે ; સીધો કર. ઘરેલું આવક વિદેશથી મેળવેલી આવકનો સમાવેશ કરતી નથી. તેથી તે આના જેવા પણ બતાવી શકાય છે :

ઘરેલું આવક = વિદેશથી પ્રાપ્ત કરેલી રાષ્ટ્રીય આવક, ચોખ્ખી આવક

રાષ્ટ્રીય આવક = ઘરેલું આવક +વિદેશથી મળેલી ચોખ્ખી આવક

**(M) ખાનગી આવક**

ખાનગી આવક એ કોઈ પણ સ્રોત, ઉત્પાદન અથવા અન્યથા અને નિગમોની જાળવેલ

આવકની ખાનગી વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થતી આવક છે. તે NNPથી પરિબળ કિંમત પરથી કેટલાંક વધારાઓ અને કપાત થઈને પણ આવી શકે છે.

ખાનગી આવક = રાષ્ટ્રીય આવક (પરિબળ કિંમત પર NNP) ટ્રાન્સફર ચૂકવણી + જાહેર દેવા પર વ્યાજ - સામાજિક સુરક્ષા – નફો અને જાહેર અન્ડર ટેકિંગ્સનાં બાકી

**(N) વ્યક્તિગત આવક**

વ્યક્તિગત આવક એ એક વર્ષમાં સીધા વ્યક્તિઓ કરને ચૂકવણી કરતાં પહેલા દેશનાં વ્યક્તિઓ દ્વારા તમામ સ્રોતમાંથી પ્રાપ્ત થતી કુલ આવક છે. વ્યક્તિગત આવક ક્યારેક રાષ્ટીય આવકની સમાન હોતી નથી. કારણ કે અગાઉનામાં ટ્રાન્સફર ચુકવણીનો સમાવેશ થાય છે. જયારે રાષ્ટીય આવકમાં સમાવેશ થતો નથી.

વ્યક્તિગત આવક = રાષ્ટીય આવક – અવિતરિત કોર્પોરેટ નફો – નફો કર – સામાજિક સુરક્ષાનો ફાળો + ટ્રાન્સફર ચૂકવણી + જાહેર દેવામાં વ્યાજ

અંગત આવક એ ખાનગી આવક કરતાં અલગ છે કારણ કે તે બાદ કરતાં ઓછી છે. કારણ કે તે અવિનયીજીત કોર્પોરેટ નફાને બાકાત રાખે છે.

આમ, વ્યક્તિગત આવક = ખાનગી આવક – અવિતરિત કોર્પોરેટ નફો – નફો કર

**(O) નિકાલજોગ આવક**

નિકાલજોગ આવક અથવા વ્યક્તિગત નીકાલજોગ આવક એટલે વાસ્તવિક આવક જેનો ઉપયોગ વ્યક્તિઓ અને પરિવારો દ્વારા થઇ શકે છે. આખી અંગત આવક વપરાશ પર ખર્ચ કરી શકાતી નથી. કારણ કે તે આવક જ છે જે પ્રત્યક્ષ કર ચૂકવવા પહેલાં વસૂલવામાં આવે છે. આથી નિકાલજોગ આવક મેળવવા માટે વ્યક્તિગત આવકમાંથી સીધો કર કાપવામાં આવે છે. આમ,

નિકાલજોગ આવક = વ્યક્તિગત આવક – સીધો કર

નિકાલજોગ = વપરાશ ખર્ચ + બચત

નિકાલજોગ આવક = રાષ્ટીય આવક – વ્યવસાયિક બચત – પરોક્ષ કર + સબસીડી – વ્યક્તિઓ પર સીધો કર – વ્યવસાય પર સીધો કર – સામાજિક સુરક્ષા ચૂકવણી + પરિવહન ચૂકવણી + વિદેશી ચોખ્ખી આવક

## 6.4 ભારતમાં આર્થિક આયોજન

**ઈતિહાસ :** 1947 થી 2017 સુધી ભારતીય અર્થવ્યવસ્થા યોજનાનાં ખ્યાલ પર આધારિત હતી આ આયોજન પંચ (1951 – 2014 ) અને NITI આયોગ (2015 – 2017) દ્વારા વિકસિત, ચલાવવામાં અને નિરીક્ષણ પંચવર્ષીય યોજનાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન પદનાં અધ્યક્ષ તરીકે આયોગ પાસે નામાંકિત ડેપ્યુટી ચેરમેન છે, જે કેબીનેટ મંત્રીનો હોદ્દો ધરાવે છે.

પંચવર્ષીય યોજનાઓ (FYP) કેન્દ્રિત અને સંકલિત રાષ્ટ્રીય આર્થિક કાર્યક્રમો છે. જોસેફ, સ્ટાલિને 1928માં સોવિયત સંઘમાં પહેલી પંચવર્ષીય યોજનાનો અમલ કર્યો હતો. મોટા ભાગનાં સામ્યવાદી રાજયો અને ઘણાં મૂડીવાદી દેશોએ ત્યારબાદ તેમને અપનાવી લીધા હતા. ભારતમાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂનાં સમાજવાદી પ્રભાવ હેઠળ સ્વતંત્રતા પછી તરત જ ભારતે 1951માં પ્રથમ પંચવર્ષીય યોજના શરૂ કરી હતી. પ્રથમ પંચવર્ષીય યોજના સૌથી મહત્ત્વપૂર્ણ હતી, કારણ કે આઝાદી પછીનાં ભારતીય વિકાસની શરૂઆત કરવામાં તેની મોટી

ભૂમિકા હતી. આમ, તેણે કૃષિ ઉત્પાદનને ભારપૂર્વક ટેકો આપ્યો અને દેશના ઔદ્યોગિકરણ પણ શરૂઆત કરી તેમજ વિકસતા ખાનગી ક્ષેત્રમા એક મહાન ભૂમિકા સાથે મિશ્રિત અર્થતંત્રની એક વિશિષ્ટ પ્રણાલીનું નિર્માણ કર્યું.

ભારતીય આર્થિક આયોજન પંચવર્ષીય યોજના અનુસાર બારમી યોજના સુધી (2017 વર્ષ) અમલમાં મુકવામાં આવ્યું. જેના બાદ નીતિ આયોગ દ્વારા ભારતીય અર્થતંત્રનું આયોજન હાથ ધરવામાં આવ્યું. નીચેના કોષ્ટક પરથી બાર યોજનાનો સમયગાળો, ઉદ્દેશ અને લક્ષણો જાણી શકાય છે.

**6.4.1**

| ક્રમ | પંચવર્ષીય યોજના | ઉદ્દેશ | લક્ષણો તથા માળખું |
|---|---|---|---|
| 1 | પ્રથમ પંચવર્ષીય યોજના (1951-1956)<br>ધારેલો વિકાસ દર = ૨.૧%%<br>વાસ્તવિક મેળવેલ વિકાસ દર = ૩૬% | • જેનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક ક્ષેત્રે એટલે કે ખેતી પર કેન્દ્રિત વિકાસ કરવાનું હતું. | • આ યોજનાનાં થોડા ફેરફારો હેરોડ-ડોમર મોડલ પર આધારિત છે.<br>• આયોજિત બજેટ = રૂ. ૨૦૬૯ કરોડ<br>• સાત વ્યાપક ક્ષેત્રો પર મુખ્ય ભાર આપવામાં આવ્યોઃ સિંચાઈ અને ઊર્જા, કૃષિ અને સમુદાય વિકાસ, પરિવહન અને સંદેશાવ્યવહાર, ઉદ્યોગ, સામાજિક સેવાઓ, જમીન વિહોણા ખેડૂતોનું પુનર્વસન અને અન્ય સેવા ક્ષેત્ર.<br>• તે સમયે આ પ્રકારની ભૂમિકાને ન્યાયી ઠેરવવામાં આવી હતી. જ્યાં આર્થિક ક્ષેત્રોમાં રાજ્યોની સક્રિય ભૂમિકા હતી.<br>• મૂડીનો અભાવ હતો. |

**6.4.2**

| | | | |
|---|---|---|---|
| 2 | દ્વિતીય પંચવર્ષીય યોજના (1956-1961)<br>અંદાજીત વિકાસવૃદ્ધિ દર = 4.5%<br>વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = 4.3 % | • આ યોજના જાહેરક્ષેત્રનાં વિકાસ અને ઝડપી ઉદ્યોગીકરણ પર કેન્દ્રિત છે.<br>• આ યોજના મહાલાનોબિસ મોડલનું અનુસરણ કરે છે. જે વિકાસનું આર્થિક મોડલ છે.<br>• વેપાર પ્રવૃત્તિ મૂડી માલની આયાત પર કેન્દ્રિત હશે. | • આ યોજના લાંબાગાળાનાં આર્થિક વિકાસને મહત્તમ બનાવવા માટે ઉત્પાદક ક્ષેત્રો વચ્ચેનો રોકાણની મહત્તમ ફાળવણી નક્કી કરવાનો પ્રયાસ કર્યો હતો.<br>• તેમાં ઓપરેશન સંશોધન અને ઓપ્ટિમાઈઝેશનની આધુનિક તક્નીકીઓ તેમજ ભારતીય આંકડાકીય સંસ્થામાં વિકસિત આંકડાકીય મોડેલોની નવીનતમ એપ્લિકેશનો ઉપયોગ કરવામાં આવ્યો.<br>• આ યોજનાએ બંધ અર્થવ્યવસ્થા ધારણ કરી હતી. |

**6.4.3**

| | | | |
|---|---|---|---|
| 3 | ત્રીજી પંચવર્ષીય યોજના (1961 – 1966 ) અંદાજીત વિકાસવૃદ્ધિ દર = 5.6% વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = 2.8 % | • આ યોજનાએ ઘઉંનાં ઉત્પાદનમાં કૃષિ અને સુધારણા પર ભાર મૂક્યો હતો. • પરંતુ ૧૯૬૨નાં ટૂંકા ભારતન્યૂઝે અર્થતંત્રની નબળાઈઓને ઉજાગર કરી હતી અને સરક્ષણ ઉદ્યોગ તથા ભારતીય સૈન્ય તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. • 1965-66માં ભારતે પાકિસ્થાન સાથે યુધ્ધ લડયું હતું. 1965માં એક તીવ્ર દુષ્કાળ હતો. • યુધ્ધ ફુગાવા તરફ દોરી ગયું અને સ્થિરતા લાવવાને પ્રાધાન્ય આપવામાં આવ્યું. | • ડેમ બનાવવાના કામ ચાલુ રાખ્યા. • ઘણા સિમેન્ટ તથા ખાતર પ્લાન્ટ બનાવવામાં આવ્યા હતા. • પંજાબે ઘઉંનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન શરૂ કર્યું • ગ્રામીણ વિસ્તારોમાં ઘણી પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી હતી. • લોકશાહીને પાયાનાં સ્તર સુધી પહોંચાડવાના પ્રયાસમાં પંચાયતની ચૂંટણીઓ શરૂ કરવામાં આવી અને રાજ્યોને વધુ વિકાસની જવાબદારીઓ આપવામાં આવી હતી. |

**યોજના રજાઓ (1966 – 1969 )**

ત્રીજી યોજનાની ખરાબ નિષ્ફળતાને કારણે સરકારને 'પ્લાન રજાઓ' જાહેર કરવાની ફરજ પડી (1966-67, 1967-68 અને 1968 – 69) આ વચગાળાનાં સમયમાં ત્રણ વાર્ષિક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. 1966-67દરમિયાન ફરી દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થઇ. કૃષિ, તેની સાથેની સંલગ્ન પ્રવૃત્તિઓ અને ઔદ્યોગિક ક્ષેત્રને સમાન અગ્રતા આપવામાં આવી હતી. ભારત સરકારે દેશની નિકાસ વધારવા માટે ''રૂપિયાના મૂલ્યાંકન'' ની ઘોષણા કરી. યોજનાઓની રજાઓનો અભાવ અને ફુગાવો વધારો હતો.

**6.4.4**

| ક્રમ | પંચવર્ષીય યોજના | ઉદ્દેશ | લક્ષણો તથા માળખું |
|---|---|---|---|
| 4 | ચોથી પંચવર્ષીય યોજના (1964-1974) અંદાજીત વિકાસવૃદ્ધિ દર = 5.6% વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = 3.3 % | • હરિયાળી ક્રાંતિ • બેંકોનું રાષ્ટ્રીયકરણ • ઔદ્યોગિક વિકાસ | • આ સમયે ઇન્દિરા ગાંધી વડાપ્રધાન હતા. જેમણે ૧૪ ભારતીય બેંકોનું રાષ્ટ્રીયકરણ કરી અને ભારતમાં લીલી ક્રાંતિ દ્વારા અદ્યતન કૃષિને ઊભી કરી. • બંગાળની ખાડીમાં સાતમી ફલીટની યુનાઇટેડ સ્ટેટ્સની જમાવટનાં અંશતઃ જવાબમાં ભારતે ૧૮ મે, ૧૯૭૪નાં રોજ રાજસ્થાનમાં હસ્તાબરૂથી ભૂગર્ભ પરમાણુ પરીક્ષણ (પોખરણ-૧) કર્યું હતું |

| | | | |
|---|---|---|---|
| 5 | પાંચમી પંચવર્ષીય યોજના (1974-1978) અંદાજીત વિકાસવૃદ્ધિ દર = 4.4% વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = 8.4 % | • આ યોજનામાં રોજગાર, ગરીબી નિવારણ અને ન્યાય પર ભાર મુક્વામાં આવ્યો હતો.<br>• આ યોજનામાં કૃષિ ઉત્પાદન અને સંરક્ષણમાં આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. | • 1978માં નવી ચૂંટાયેલી મોરારજી દેસાઈની સરકારે યોજનાને નકારી હતી.<br>• જેથી ઈલેક્ટ્રિસિટી સપ્લાય એક્ટમાં ૧૯૭૫માં સુધારો કરવમાં આવ્યો હતો, જેનાથી કેન્દ્ર સરકાર વીજ ઉત્પાદન અને પ્રસારણમાં પ્રવેશ કરી શકતી હતી.<br>• વધતા જતા ટ્રાફિકને સમાવવા માટે ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સિસ્ટમ રજૂ કરવામાં આવી હતી.<br>• પર્યટન પણ વિસ્તર્યું<br>• વીસ-પોઈન્ટ કાર્યક્રમ ૧૯૭૫માં શરૂ કરવામાં આવ્યો હતો, જે ૧૯૭૪થી ૧૯૭૯ સુધી ચાલ્યો ગયો |

**શેલિંગ પ્લાન (1978-1980)**

જનતા પાર્ટીની સરકારે પાંચમી યોજનાને નકારી અને નવી છઠ્ઠી પંચવર્ષીય યોજના (1978 -1980) રજૂ કરી. આ યોજનાને 1980માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સરકારે ફરીથી નકારી હતી અને નવી છઠ્ઠી યોજના બનાવવામાં આવી હતી. શેલિંગ યોજનામાં ત્રણ પ્રકારની યોજનાઓનો સમાવેશ થતો હતો, જે સૂચિત કરવમાં આવી હતી. પ્રથમ યોજના વર્તમાન વર્ષ માટે હતી, જેમાં વાર્ષિક બજેટનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો અને બીજો એક નિશ્ચિત સંખ્યાની વર્ષો માટેની યોજના હતી જે 3, 4 અથવા ૫ વર્ષની હોઈ શકે છે. બીજી યોજના ભારતીય અર્થવ્યવસ્થાની જરૂરિયાતો પ્રમાણે બદલાતી રહી. ત્રીજી યોજના લાંબાગાળાની એટલે કે 10, 15 અથવા 20 વર્ષ માટેની પરિપ્રેક્ષ્ય યોજના હતી. આથી શેલિંગ યોજનાઓમાં યોજનાની શરૂઆત અને સમાપ્તિ માટે કોઈ તારીખ નક્કી ન કરી હતી. આ યોજનાઓ મુખ્ય ફાયદો એ હતો કે તેઓ લવચીક હતા અને દેશના અર્થતંત્રમાં બદલાતી પરિસ્થિતિ આ અનુસાર લક્ષ્યાંક કવાયતનો હેતુ, અંદાજો અને ફાળવણી દ્વારા નિયત પંચવર્ષીય યોજનાઓની કઠોરતાને પાર કરવામાં સક્ષમ હતા.

**6.4.6**

| ક્રમ | પંચવર્ષીય યોજના | ઉદ્દેશ | લક્ષણો તથા માળખું |
|---|---|---|---|
| 6 | છઠ્ઠી પંચવર્ષીય યોજના (1980-1985) અંદાજીત વિકાસવૃદ્ધિ દર = 5.2% વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = 7.7 % | • આ યોજનામાં આર્થિક ઉદારીકરણની શરૂઆત થઇ<br>• ભાવ નિયંત્રણની નીતિ નાખવામાં આવી હતી.<br>• રેશનની દુકાનો બંધ કરાઈ હતી.<br>• જેના લીધે જીવન નિર્વાહના ખર્ચમાં વધારો થયો. | • આ નેહરુવીયન સમાજવાદનો અંત હતો.<br>• શિવરામન સમિતિની ભલામણથી ૧૨ જુલાઈ, ૧૯૮૨નાં રોજ ગ્રામીણ વિકાસ માટે NABARD (નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ) ની સ્થાપના કરવામાં આવી.<br>• વસ્તી વધારો રોકવા કુટુંબ આયોજનમાં વધારો થયો.<br>• પણ જન્મદર ઊંચો રહ્યો<br>• આ યોજનામાં ભારતીય અર્થવ્યવસ્થાને મોટી સફળતા મળી હતી. |

**6.4.7**

| | | | |
|---|---|---|---|
| 7 | સાતમી પંચવર્ષીય યોજના (1985-1990)<br><br>અંદાજીત વિકાસવૃદ્ધિ દર = 5.0 %<br><br>વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = 6.01 % | • આ યોજનામાં તક્નીકીના સુધારણા દ્વારા ઉદ્યોગોના ઉત્પાદક્તાનાં સ્તરમાં સુધારો કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.<br>• આ યોજનાનું નેતૃત્વ કોંગ્રેસ પાર્ટી દ્વારા રાજીવ ગાંધીએ વડાપ્રધાન તરીકે કર્યું હતું.<br>• મુખ્ય ઉદ્દેશ – "આર્થિક ઉત્પાદક્તા ખાદ્ય અનાજનું ઉત્પાદન અને સામાજિક ન્યાય" | • યોજનાના પરિણામ રૂપો કૃષિમાં સતત વૃદ્ધિ થઇ હતી. ફુગાવાનાં દર પર નિયંત્રણ અને ચૂક્વણીનું અનુકૂળ સંતુલન જેણે સાતમી પંચવર્ષીય યોજનાની જરૂરિયાતને મજબૂત બનાવવા માટે મુખ્ય આધાર પાડયો.<br>• વધુ આર્થિક વિકાસ<br>• મોટા પ્રમાણમાં સમાજવાદ અને ઊંચા ઉત્પાદન તરફ પ્રયાણ થયું.<br>• સામાજિક ન્યાય, નબળા લોકો પરના જુલમને દૂર કરવા, આધુનિક તકનિકોનો ઉપયોગ કરીને કૃષિવિકાસ, ગરીબી વિરોધી કાર્યક્રમ વગેરે. |

### વાર્ષિક યોજનાઓ (1990 – 1992)

કેન્દ્રમાં ઝડપથી બદલાતી આર્થિક પરિસ્થિતિને કારણે 1990માં આથમી યોજનાનો પ્રારંભ થયો નહિ અને 1990-91 અને 1991-92નાં વર્ષોને વાર્ષિક યોજના તરીકે ગણવામાં આવ્યા. આઠમી યોજના છેવટે 1992-97નાં સમયગાળા દરમિયાન ઘડવામાં આવી હતી.

**6.4.8**

| ક્રમ | પંચવર્ષીય યોજના | ઉદ્દેશ | લક્ષણો તથા માળખું |
|---|---|---|---|
| 8 | આઠમી પંચવર્ષીય યોજના (૧૯૯૨-૧૯૯૭)<br><br>અંદાજીત વિકાસવૃદ્ધિ દર = ૫.૬ %<br><br>વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = ૬.૬ % | • આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વસ્તીવૃદ્ધિને નિયંત્રણ કરવાનો, ગરીબી ઘટાડવા, રોજગાર ઉત્પાદન કરવા, માળખાગત માળખાને મજબૂત બનાવવા, સંસ્થાકીય મકાન, પર્યટન વ્યવસ્થાપન, માનવ સંસાધન વિકાસ, NGO વિકેન્દ્રીકરણ અને લોકોની ભાગીદારી વગેરે હતા. | • 1989-91 એ ભારમાં આર્થિક અસ્થિરતાનો સમય હતો અને તેથી કોઈ પંચવર્ષીય યોજના લાગુ કરવામાં આવી ન હતી. 1991માં ભારતે વિદેશી વિનિમયનાં ભંડારમાંન કટોકટીનો સામનો કરવો પડયો, જેનો અનામત માત્ર 1 અબજ US ડોલર હતું. આમ, દબાણ હેઠળ દેશને સમાજવાદી અર્થતંત્રમાં સુધારો કરવાનું જોખમ લીધું.<br>• પી.વી. નરસિંહરાવનાં વડાપ્રધાન હોદ્દા હેઠળ મનમોહનસિંહે ભારતનો મફત બજારા સુધારા શરૂ કર્યા તથા ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકરણની શરૂઆત થઇ. ઊર્જાને ૨૬.૬ % ખર્ચ સાથે અગ્રતા આપવામાં આવી હતી. |

| | | | |
|---|---|---|---|
| 9 | નવમી પંચવર્ષીય યોજના (૧૯૯૭-૨૦૦૨)<br><br>અંદાજીત વિકાસવૃદ્ધિ દર = ૫.૫%<br><br>વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = ૪.૪% | • આ યોજનામાં મુખ્યત્વે આર્થિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ હતો.<br>• ગરીબી સંપૂર્ણ નાબૂદી માટેના પ્રયત્નો કરવાનો હતો.<br>• ઐતિહાસિક અસમાનતા સુધારવા.<br>• વસ્તી નિયંત્રણ<br>• દેશના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ<br>• પછાતવર્ગનું સશક્તિકરણ | • આ યોજના ભારતીય સ્વતંત્રતાના ૫૦ વર્ષ પછી આવી, જ્યારે અટલ બિહારી વાજપેયી ભારતનાં વડાપ્રધાન હતા.<br>• આ યોજનાનાં સંતોષકારક અમલથી ઝડપી વિકાસનાં માર્ગ પર આગળ વધવાની રાજ્યોની ક્ષમ્તા સુનિશ્ચિત થઈ.<br>• જાહેર અને ખાનગી ક્ષેત્રનાં સંયુક્ત પ્રયાસો થયા.<br>• ગ્રામીણ અને શહેરી વિકાસ બંનેમાં સામાન્ય લોકો માટે તથા સરકારી એજન્સીઓનાં વિકાસમાં ફાળો મળ્યો.<br>• સ્પેશિયલ એક્શન પ્લાનનાં રૂપમાં અમલીકરણનાં નવા સામાજિક માળખાગત કૃષિ, માહિતી તકનીકી, જળ નીતિના નવા પગલા લેવામાં આવ્યા. |

**6.4.10**

| | | | |
|---|---|---|---|
| 10 | દસમી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૨૦૦૭)<br><br>અંદાજીત વિકાસવૃદ્ધિ દર = ૮.૧%<br><br>વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = ૭.૭% | • દર વર્ષે ૮% જીડીપીવૃદ્ધિ મેળવવું<br>• 2007 સુધીમાં ગરીબી દરમાં 5% ઘટાડો.<br>• ઓછામાં ઓછા મજૂર બળમાં ઉમેરો કરવા માટે લાભકારક અને ઉચ્ચ ગુણવત્તા વાળી રોજગારી આપવી.<br>• 2007 સુધીમાં સાક્ષરતા અને વેતન દરમાં લિંગ અંતરાલમાં ઓછામાં ઓછું 50% ઘટાડો<br>• પ્રાદેશિક અસમાનતાને નીચે લાવવા ક્ષેત્રીય અભિગમને બદલે પ્રાદેશિક અભિગમને અનુસરવાની અપેક્ષા રાખવામાં આવી હતી. | • 20 પોઈન્ટનો કાર્યક્રમ રજૂ કરાયો હતો.<br>• આ યોજના માટે ૪૩.૮૨૫ કરોડ (૯.૧ અબજ ડોલર)નો ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો.<br>• મોનિટરેબલ લક્ષ્યાંકો નક્કી કર્યા હતા. આમાં સાક્ષરતા દર અને વેતનદરમાં લિંગ અંતરમાં ઘટાડો; શિશુ અને માતાના મૃત્યુ દરમાં ઘટાડો, મુખ્ય પ્રદૂષિત નદીઓની પીવાલાયક પીવાના પાણીની પહોંચ વગેરેનો સમાવેશ થતો હતો.<br>• શાસનને વિકાસનું પરિબળ ગણવામાં આવતું હતું અને કૃષિને અર્થતંત્રના મુખ્ય બળ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. |

**6.4.11**

| | | | |
|---|---|---|---|
| 11 | આગિયારમી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨) અંદાજીત વિકાસવૃદ્ધિ દર = ૯% <br><br> વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = ૮% | • આ યોજનાનો ઉદ્દેશ ૨૦૧૧-૧૨ સુધીમાં ૧૮-૨૫ વર્ષની વયજૂથનાં ઊંચા શિક્ષણમાં નોંધણી કરવાનો હતો.<br>• જયારે વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘ હતા.<br>• કૃષિ વિકાસ, ઉદ્યોગ તથા સેવા વિકાસ દર અનુક્રમે ૪%, ૧૦% અને ૯% સુધી વધારવો. | • આ યોજનામાં દૂરના શિક્ષણ ઔપચારિક અને અનૌપચારિક તથા દૂરની આ.ટી. શિક્ષણ સંસ્થાઓનાં એકત્રીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.<br>• ઝડપી અને સમાવિષ્ટ વિકાસ (ગરીબી ઘટાડો) કરવામાં આવ્યો.<br>• સામાજિક ક્ષેત્રે અને તેના પર સેવા પહોંચાડવા પર ભાર મૂકે છે.<br>• શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા સશક્તિકરણ કરવામાં આવ્યું.<br>• કૃષિ દરમાં ૪% વધારો કરવામાં આવ્યો.<br>• પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવ્યું. |

**6.4.12**

| | | | |
|---|---|---|---|
| 12 | બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭) <br><br> અંદાજીત વિકાસવૃદ્ધિ દર = ૮.૨% <br><br> વાસ્તવિક વિકાસવૃદ્ધિ દર = ૮.૯% | • આ યોજનાનો ઉદ્દેશ "ઝડપી લાંબાગાળાનો અને સર્વવૃદ્ધિ (indusive grouth)" હતો.<br>• બિનખેતી ક્ષેત્રે ૫૦ મિલિયન નવી કાર્યતકો ઊભી કરવી<br>• ઉચ્ચ શિક્ષણની પહોંચ વધારવા માટે પ્રયત્ન કરવા.<br>• 0-3 વર્ષના બાળકોનું કુપોષણ ઘટાડવું.<br>• તમામ ગામોને વીજળી પહોંચાડવી. | • આ યોજનામાં ગરીબીના અંદાજને વાર્ષિક ૯% ઘટાડવાનું આયોજન કરવામાં આવ્યું.<br>• આ યોજનાનો લક્ષ્ય રાષ્ટ્રનાં માળખાગત પ્રોજેક્ટની સુધારણા તરફનાં અવરોધોને દૂર કરવાનો છે.<br>• પ્લાનિંગ કમિશન દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજનું લક્ષ્ય ૧૨મી પંચવર્ષીય યોજનામાં માળખાગત વૃદ્ધીમાં એક ટ્રિલિયન યુ.એસ. ડોલર સુધીના ખાનગી રોકાણોને આકર્ષણ કરવાનું છે.<br>• જીડીપીની યુ.આઈ.ડી. (યુનિક આઈડેન્ટિફિકેશન નંબર) યોજનામાં સબસીડીનાં રોકડ સ્થાનાંતર માટે એક પ્લેટફોર્મ આપશે.. |

## 6.5 સારાંશ

રાષ્ટ્રીય આવક એ એક નિશ્ચિત શબ્દ છે જેનો ઉપયોગ રાષ્ટ્રીય ડિવિડન્ડ, રાષ્ટ્રીય આઉટપુટ અને રાષ્ટ્રીય ખર્ચ સાથે વિનિમયરૂપે થાય છે. આ આધારે રાષ્ટ્રીય આવકને ઘણી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. રાષ્ટ્રીય આવકની વ્યાખ્યાને બે વર્ગોમાં વહેંચી શકાય છે. માર્શલ પિગુ અને ફિશર દ્વારા વિકસિત પરંપરાગત વ્યાખ્યા જે ઉત્પાદનનાં ખ્યાલ તથા વપરાશના ખ્યાલ પર આધારિત છે. અને આધુનિક વ્યાખ્યા મુજબ રાષ્ટ્રીય આવકને દેશના ઉત્પાદક પ્રણાલીમાંથી વર્ષ દરમિયાન ચીજવસ્તુઓ અને સેવાઓનું ચોખ્ખું ઉત્પાદન અંતિમ ગ્રાહકોનાં હાથમાં પહોંચે તે રીતે વ્યાખ્યાયિત કર્યું છે. રાષ્ટ્રીય આવકની વિવિધ પદ્ધતિઓમાં ડોમેસ્ટિક અને નેશનલ ખયાલોનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં આર્થિક આયોજનની શરૂઆત વર્ષ 1950-51 થી થઇ. જેમાં કુલ બાર પંચવર્ષીય યોજનાઓનો સમાવેશ કરવામાં

આવ્યો અને અંતમાં વર્ષ 2017 પછી નીતિ આયોગ મુજબ ભારતીય આયોજન ચાલુ રાખવામાં આવ્યું.

**સ્વાધ્યાય :-**

➢ **સૈદ્ધાંતિક પ્રશ્નોના લંબાણપૂર્ણ જવાબ આપો.**

1) રાષ્ટ્રીય આવકનો ખ્યાલ વિવિધ અર્થશાસ્ત્રીઓના ??? સમજાવો.

2) રાષ્ટ્રીય આવકની વિવિધ પદ્ધતિઓ સવિસ્તાર સમજાવો.

3) જી.ડી.પી.અને એન.ડી.પી.બંનેના રાષ્ટ્રીય આવકની ગણતરી જણાવો.

4) ભારતની આર્થિક પંચવર્ષીય યોજનાઓના ઉદ્દેશ, લક્ષણો અને માળખા સાથે સમજાવો.

➢ **ટૂંકનોંધ આપો.**

1) વાસ્તવિક આવક અને વર્તમાન આવક.

2) જી.ડી.પી. ડિફ્લેટર

3) એન.એન.પી. (બજાર અને પરિબળ કિંમત)

4) ધરેલું અને ખાનગી આવક

5) વ્યક્તિગત આવક

6) નિકાલજોગ આવક

7) પડેલી પાંચ પંચવર્ષીય યોજનાઓ

8) ચૌદમી પંચવર્ષીય યોજના

9) ભારતીય આર્થિક આયોજનનો ઈતિહાસ

10) અગિયારમી પંચવર્ષીય યોજના

➢ **બહુવૈકલ્પિક પ્રશ્નો :-**

**1) ફિશરે રાષ્ટ્રીય આવકના માપદંડ તરીકે .................. ના ખ્યાલને અપનાવ્યો.**

a. વપરાશ    b. ઉત્પાદન

c. મૂડી    d. કિંમત    **જવાબ :a**

**2) માર્શલ અને પિગુએ રાષ્ટ્રીય આવકનાં માપદંડ તરીકે ............................ના ખ્યાલને** અપનાવ્યો.

a. વપરાશ    b. ઉત્પાદન

c. મૂડી    d. કિંમત    **જવાબ :b**

**3) રાષ્ટ્રીય ઉત્પાદન = ...........................**

a. રાષ્ટ્રીય આવક    b. રાષ્ટ્રીય ખર્ચ

c. a અને b બંને    d. એકપણ નહી    **જવાબ: c**

**4) પરિબળ કિંમત પર જીડીપીની ગણતરીમાં ચોખ્ખા મૂલ્યનો ઉમેરો તથા ..................નો સરવાળો કરવામાં આવે છે.**

a. અવમૂલ્યન    b. પરોક્ષ કર

c. સબસીડી    d. એકપણ નહિ    **જવાબ: a**

**5) નેટ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં જીડીપીમાંથી .....................ને બાદ કરવામાં આવે છે.**

a. અવમૂલ્યન  b. પરોક્ષ કર

c. સબસીડી  d. પ્રત્યક્ષ કર  **જવાબઃ a**

**6) વાસ્તવિક જીડીપીને બીજા ક્યાં નામેથી ઓળખવામાં આવે છે.**

a. વર્તમાન જીડીપી  b. સતત જીડીપી

c. નજીવા જીડીપી  d. એકપણ નહિ  **જવાબઃ b**

**7) જીડીપી ડિફ્લેટરની ગણતરીમાં ........... દ્વારા ગુણવામાં આવે છે.**

a. ૧૦૦  b. 200

c. 300  d. 50  **જવાબઃ a**

**8) GNP પરિબળ કિંમત પર ગણતરી કરતાં GNP બજાર કિંમતમાંથી ..................બાદ કરવામાં આવે છે.**

a. પ્રત્યક્ષ કર  b. પરોક્ષ કર

c. અવમૂલ્યન  d. સબસીડી  **જવાબઃ b**

**9) પરિબળ કિંમત પર NNP એટલે ..................**

a. રાષ્ટ્રીય આવક  b. માથાદીઠ આવક

c. સતત આવક  d. વર્તમાન આવક  **જવાબઃ a**

**10) ભારતમાં આર્થિક આયોજન .............. વર્ષથી શરૂ થયું**

a. 1949  b. 1950

c. 1951  d. 1952  **જવાબઃ c**

**11) પ્રથમ પંચવર્ષીય યોજના ............ મોડલ પર આધારિત હતી.**

a. હેરોડ-ડામર  b. ડોમર - હરડે

c. હરડે - ડોમર  d. હરાડે - ડોમર  **જવાબઃ c**

**12) ................ પંચવર્ષીય યોજનાનો ઉદ્દેશ ઝડપી અને લાંબાગાળાનો વિકાસવૃદ્ધિ હતું.**

a. 9  b. 8

c. 5  d. 11  **જવાબઃ d**

**13) યોજના રજાઓનો સમયગાળો .......... છે.**

a. 1966 – 68  b. 1966 -69

c. 1966 – 70  d. 1966 – 67  **જવાબઃ b**

**14) નવમી પંચવર્ષીય યોજનાનો વાસ્તવિક વૃદ્ધિદર ...........**

e. 5.5  f. 4.4

g. 3.3  h. 6.6  **જવાબઃ b**

# એકમ : 7 આર્થિક નીતિઓ અને કાયદા-1

## : રૂપરેખા :

આર્થિક નીતિનો વિસ્તૃત અભ્યાસઃ 1991 નવી આર્થિક નીતિ, નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ,ઓદ્યોગિક નીતિ, ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ, અને વૈશ્વિકરણ ની પ્રક્રિયા

7.1 નાણાકીય નીતિ

7.1.1 નાણાકીય નીતિનો અર્થ

7.1.2 નાણાકીય નીતિનો ઉપયોગ

7.1.3 નાણાકીય નીતિનાં ઉદ્દેશ્યો

7.1.4 નાણાકીય નીતિનાં સાધનો

7.2 રાજકોષીય નીતિ

7.2.1 રાજકોષીય નીતિનો અર્થ

7.2.2 રાજકોષીય નીતિનો ઉપયોગ

7.2.3 રાજકોષીય નીતિનાં ઉદ્દેશ્યો.

7.3 ઓદ્યોગિક નીતિ

7.3.1 પ્રસ્તાવના

7.3.2 ઔદ્યોગિક નીતિનો અર્થ

7.3.3 ભારતની ઔદ્યોગિક નીતિઓનો (આર્થિક નીતિઓ) વિસ્તૃત અભ્યાસ

7.3.4 ઔદ્યોગિક નીતિ - 1948

7.3.5 ઔદ્યોગિક નીતિ – 1956

7.3.6 ઔદ્યોગિક નીતિ - 1970

7.3.7 ઔદ્યોગિક નીતિ -1973

7.3.8 ઔદ્યોગિક નીતિ - 1977

7.3.9 ઔદ્યોગિક નીતિ - 1980

7.3.10 ઔદ્યોગિક નીતિ - 1991 (આર્થિક નીતિ )

7.4 ઉદારીકરણ, ખાનગીકરણ અને વેશ્વિકીકરણની પ્રક્રિયા

7.4.1 પ્રસ્તાવના

7.4.2 પૂર્વ સુધારણા યુગમાં ભારતીય અર્થવ્યવસ્થાની પ્રકૃતિ

7.4.3 1991 ના આર્થિક સુધારા તરફ દોરી જતા પરિબળો

7.4.4 ભારતીય સુધારા સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય પ્રસંગો

7.4.5 આર્થિક સુધારણાનો સ્વરૂપ અને ક્ષેત્ર

7.4.6 ઉદારીકરણ

**7.4.7 ખાનગીકરણ**

**7.4.8 વૈશ્વિકરણ**

**7.4.9 એલપીજી નીતિ ની મુખ્ય લાક્ષણિકતાઓ**

**7.4.10 એલપીજી સુધારાઓનું પરિણામ**

**7.5 સ્વાધ્યાય**

## 7.1 નાણાકીય નીતિઃ-

અર્થશાસ્ત્રીઓ મુજબ અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંનાં પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ. નાણાંની માંગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે અર્થાત નાણાંનાં પુરવઠામાં થતાં ફેરફારો અર્થતંત્રમાં આર્થિક અસ્થિરતા સર્જે છે, જેથી આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંનાં મૂલ્યને અસર પહોંચે છે તથા અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે. જે કારણે નાણાંની માંગ અને નાણાંનાં પુરવઠાનું સંચાલન અત્યંત જરૂરી છે, પરિણામે નાણાકીય નીતિને સ્થિરતા લાવવા માટેની નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આયોજનની શરૂઆતમાં નાણાકીય નીતિનો હેતુ નાણાંનું પ્રમાણ, મૂલ્ય અને સ્વરૂપને નિયંત્રિત કરવાનો હતો. જયારે વર્તમાન સમયમાં નાણાકીય નીતિનો ઉપયોગ શાખસર્જનનાં નિયંત્રણ માટે થાય છે. અર્થશાસ્ત્રમાં મુખ્યત્વે 3 નીતિઓ જોવા મળે છે.

1. નાણાકીય નીતિ
2. Stabilization Policies
3. વહીવટી નીતિ

તેમાં સૌથી અગત્યની નીતિ નાણાકીય નીતિ છે.

### 7.1.1 નાણાકીય નીતિનો અર્થ

નાણાકીય નીતિ નાણાંનાં જથ્થા, તેનું વહીવટ અને તેનાં નિયંત્રણ સાથે સંકળાયેલી નીતિ છે.નાણાકીય નીતિની જુદી-જુદી વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- ''નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ'' અર્થશાસ્ત્રનાં સિદ્ધાંત મુજબ
- ''નાણાંનાં લાભ મેળવવા અને નાણાંનાં ગેરલાભ ટાળવા, નાણાંનાં અંકુશ અને નાણાંનાં નિયંત્રણને નીતિ એટલે નાણાકીય નીતિ'' **.રોબર્ટસન**
- ''અસ્તિત્વ ધરાવતી નાણાકીય વ્યવસ્થામાંથી ઉદભવતા ગેરફાયદા ઓછા કરવા માટે લેવાતા પગલાંને નાણાકીય નીતિ કહે છે.'' **ક્રાઉથર**
- ''નાણાકીય નીતિ એ નાણાં અને ક્રેડિટ સાથે સંબંધ ધરાવે છે, તે તેનાં નાણાંનાં પુરવઠા સ્વરૂપમાં અને વ્યાજદર સ્વરૂપની પડતર સાથે સંબંધ ધરાવે છે.'' - **ડૉ.કે.એન.રાજ**
- ''આર્થિક નીતિનાં હેતુઓ સિદ્ધ કરવા માટે સર્વોચ્ચ બેંકનાં હસ્તક નાણાંનાં પૂરવઠાને અંકુશિત કરવાના સાધનો સોંપતી નીતિ એટલે નાણાકીય નીતિ''.
- નાણાકીય સત્તા દ્વારા લેવાયેલા એવાં પગલાં જે નાણાંનાં જથ્થા, ઉપલબ્ધિ અને નાણાંનાં ખર્ચમાંપરિવર્તન લાવે.

- ‘‘દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને, પ્રજાનુંહિતજાળવીને આર્થિક સ્થિરતા માટેસર્વોચ્ચબેંકદ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ’’.
- ‘‘નાણાકીય નીતિ એ નાણાકીય સાધન છે જેનો હેતુ ઝડપી આર્થિક વિકાસ, આર્થિક સ્થિરતા અનેરોજગારી વૃદ્ધિનોછે. **— રેડકલીફ સમિતિ**

### 7.1.2 નાણાકીય નીતિનો ઉપયોગઃ

વિકસિત દેશો અને ભારત જેવાં વિકસતા દેશોમાં નાણાકીય નીતિનો ઉપયોગ ઘણી રીતે થાય છે. જે નીચે મુજબ છે.

1. નાણાં બજારનું સકલન કરવા.
2. શાખ-સર્જનની પ્રક્રિયા ઉપર અંકુશ રાખવા માટે.
3. દેશનાં આર્થિક વિકાસમાં ઝડપથી વધારો કરવા.
4. બચત અને મૂડીરોકાણમાં વધારો કરવા માટે.
5. અર્થતંત્રમાં નાણાંની માંગને અનુરૂપ નાણાંનો પુરવઠો રહે તેવી વ્યવસ્થા માટે.
6. દેશમાં ચીજવસ્તુઓ અને સેવાઓનાં વધતા ભાવોને રોકવા.
7. અર્થતંત્રમાં ભાવ સ્થિરતા જાળવવા માટે.
8. દેશની નિકાસોમાં વધારો કરવા માટે.
9. લેણદેણ તુલાની ખાદ્ય ઘટાડવા.
10. રોજગારીની તકોમાં વધારો કરવા માટે.

### 7.1.3 નાણાકીય નીતિનાં ઉદેશ્યોઃ-

દેશનાં અર્થતંત્રમાં બદલાતી રાજકીય અને આર્થિક સ્થિતિનાં સંદર્ભમાં નાણાકીય નીતિનાં ઉદેશ્યો નીચે મુજબ છે.

**1. ઝડપી આર્થિક વિકાસ**

- આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન અર્થતંત્રમાં ગુણાત્મક અને પરિમાણાત્મક ફેરફારો થાય છે. દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થાય છે.
- લોકોની આવક વધતા પ્રજાનું જીવનધોરણ ઊંચું આવે છે.
- નાણાકીય નીતિનાં સાધનોની મદદ વડે ઉત્પાદનઉત્પાદન અને મૂડીરોકાણને દિશા મળે છે. તથા માંગ અનુસાર ઉત્પાદનનું નિયંત્રણ થાય છે.

આમ, નાણાકીય નીતિ દ્વારા ઝડપી આર્થિક વિકાસ પ્રાપ્ત કરી શકાય છે.

**2. આર્થિક સ્થિરતા**

- નાણાકીય નીતિનો ઉદેશ્ય અર્થતંત્રમાં મંદી કે ફુગાવાની પરિસ્થિતિને દૂર કરી આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવાનું છે.
- જો ભાવોમાં વારંવાર પરિવર્તન થાય તો ધનિકોને તેનાંથી લાભ અને ગરીબોને તેનાંથી નુકસાન થાય છે.
- અર્થતંત્રમાં જો આર્થિક સ્થિરતા હોય તો વિદેશી મૂડીરોકાણમાં વધારો થાય છે. જે આર્થિક વિકાસમાં વધારો કરે છે.

**3. રોજગારીમાં વધારો**

➢ 1929ની મંદી સુધી નાણાકીય નીતિનો હેતુ રોજગારી વધારવાનો નહોતું પરંતુ 1929ની મંદીમાં બેકારીનાં પ્રમાણમાં ખુબ જ વધારો થયો, ત્યાર બાદ નાણાકીય નીતિનો ઉદેશ્ય રોજગારી વધારવાનો પણ બન્યો છે.

➢ બજારમાં નાણાંને સસ્તું બનાવી મૂડોરોકાણમાં વધારો કરીને રોજગારીની તકોં વધારી શકાય છે. પરંતુ લાંબાગાળા સુધી નાણાકીય નીતિ રોજગારી વધારવામાં કે જાળવવામાં નિષ્ફળ જાય છે.

**4. લેણદેણની તુલામાં સમતુલા**

➢ મુક્ત વેપાર નીતિને પરિણામે વિકાસશીલ દેશોની લેણદેણની તુલામાં અસમતુલા સર્જાતાં તેઓ દેવાદાર બન્યાં.

➢ વર્તમાન સમયની નાણાકીય નીતિનો ઉદેશ્ય લેણદેણ તુલામાં ખાદ્ય ઘટાડીને લેણદેણની તુલામાં સમતુલા લાવવાનો છે.

➢ નાણાકીય નીતિમાં વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન આપવામાં આવે છે.

➢ નાણાંનું અવમૂલ્યન કરી આર્થિક વિકાસ સાધવાનાં પગલાંઓ લેવાય છે, જેનાંથી લેણદેણની તુલામાં ખાદ્ય ઘટે છે.

**5. આવકની વહેંચણી**

➢ નાણાકીય નીતિ આવકની વહેચણીને સમાન બનાવવામાં મદદ કરે છે. ગરીબોને સસ્તું ધિરાણ અને ધનિકોને ધિરાણ માટે ઊંચું વ્યાજદર ચુકવવું પડે છે. જેનાં કારણે સમાજમાં આવકની અસમાનતા ઘટે છે.

**6. ક્રેડિટ ડિલિવરી પદ્ધતિ**

➢ નાણાકીય નીતિનો એક ઉદેશ્ય ક્રેડિટ ડિલિવરી અને નાણાંની હેરફેર ઝડપી, સસ્તી અને સલામત બનાવવાનો છે.

**7. વિનિમયદરમાં સ્થિરતા જાળવવા**


➢ દુનિયામાં જયારે સોનાનું ધોરણ અમલમાં હતું ત્યારે વિકાસ દર સ્થિર રહેતું હતું, પરંતુ સોનાનાં ધોરણનાં ત્યાગ પછી વિકાસદરમાં અસ્થિરતા સર્જાઈ.

➢ દેશનાં વિનિમય દરમાં સ્થિરતા જળવાય તો આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો થાય છે.

➢ વિનિમય દરને સ્થિર રાખવા સરકાર નાણાંનાં પુરવઠામાં વધઘટ કરે છે જેથી વિનિમય દરમાં ઇચ્છિત ફેરફાર કરી શકાય.

## 7.1.4 નાણાકીય નીતિનાં સાધનો

ઉપર મુજબનાં ઉદેશ્યોને પ્રાપ્ત કરવા માટે નાણાકીય નીતિમાં નીચે મુજબનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.




### વ્યાજનો દર

- વ્યાજ એ મૂડીની કિંમત છે. વ્યાજ દર ઘટે તો નાણું સસ્તું બને છે અને વ્યાજ દર વધે તો નાણું મોઘું બને છે.

### 8. નાણાંનો પુરવઠો

- નાણાકીય પુરવઠાની વધઘટ વ્યાજદરને અસર કરે છે. અર્થતંત્રમાં જો નાણાકીય પુરવઠો વધે તો ફુગાવો સર્જાય છે અને જયારે અર્થતંત્રમાં નાણાકીય પુરવઠો ઘટે તો મંદી સર્જાય છે.

### C. મધ્યસ્થબેંકનાં શાખી સાધનો

- નાણાકીય મૂડીમાં વધારો ઘટાડો વ્યાજ દરને અસર કરે છે. મધ્યસ્થ બેંક સસ્તી અને મોંઘી નાણાકીય નીતિ અપનાવીને ફુગાવા મંદીને ઘટાડે છે.
- મધ્યસ્થ બેંક નાણાકીય નીતિ દ્વારાશાખ નિયંત્રણનાં પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનો વડે વ્યાજનાં દર અને નાણાંનાં પુરવઠામાં વધઘટ લાવીને આર્થિક સ્થિરતા લાવવાનું કાર્ય કરે છે.

### નાણાકીય નીતિનાં પરિમાણાત્મક સાધનો

- આ એવા સાધનો છે જેની સમગ્ર અર્થતંત્ર ઉપર એક સરખી અસર પહોંચે છે.
- આ સાધનોને સામાન્ય સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે.

### 1. બેંક રેટ

- "RBI જે દર ઉપર વેપારી બેંકોના પ્રથમ કક્ષાના વિનિમય બિલો નું પુનઃ વટાવ કરે છે. તેને બેંક રેટ કહે છે".
- "જયારે વેપારી બેંકનાણાંની અછત અનુભવે ત્યારે RBIપાસેથી ઉછીનાં નાણાં લે છે ત્યારે RBI વેપારી બેંકો પાસેથી જે વ્યાજ લે છે તેને બેંક રેટ કહે છે".
- બેંક રેટનો ઉદ્દેશ આર્થિક સ્થિરતાનો છે.
- RBI ફુગાવાને રોકવા માટે બેંક રેટ વધારે છે. વેપારી બેંકોને ધિરાણ લેવાનું મોંઘું પડતા તેઓ પ્રજાને ઊંચા વ્યાજનાં દરે ધિરાણ આપે છે. વ્યાજનો દર વધતા પ્રજા ઓછું ધિરાણ લે છે.૭
- આમ, ધિરાણની માંગ ઘટતા અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી, આવક, અને માંગમાં ઘટાડો થવાની શરૂઆત થાય છે જેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઘટતા ભાવસપાટી ઘટે છે.

- RBI મંદીની પરિસ્થિતિમાં બેંક રેટ ઘટાડે છે. બેંકરેટ ઘટતા વેપારી બેંકને નાણાં સસ્તા દરે મળતાં વેપારી બેંકો વ્યાજનો દર ઘટાડે છે, તેથી વેપારી બેંકોનું ધિરાણ વધે છે.
- પરિણામે અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી, આવક, અને માંગમાં વધારો થવાની શરૂઆત થાય છે. આમ, દેશમાં નાણાંનો પુરવઠો વધતા ધીમે-ધીમે ભાવસપાટી વધે છે અને મંદીની પરિસ્થિતિ દૂર થાય છે.

[નાણાંની માગ કરતા નાણાંનો પુરવઠો વધુ ● ફુગાવો

નાણાંની માગ કરતા નાણાંનો પુરવઠો ઓછો ● મંદી ]

બેંક રેટ ખૂબ નીચા રાખવાની નીતિને ''સસ્તા નાણાંની નીતિ' કહે છે.

બેંક રેટ ખૂબ ઊંચા રાખવાની નીતિને ''મોંઘા નાણાંની નીતિ' કહે છે.

**ભારતમાં બેંકરેટનાં વલણો**

| વર્ષ | બેંક રેટ (%માં) |
|---|---|
| 30 Aug. 2015 | 8.25 |
| 29 Sept. 2015 | 7.75 |
| 5 April 2016 | 7.00 |
| 4 Oct. 2016 | 6.25 |
| 6 April 2017 | 6.50 |
| 2 Aug. 2017 | 6.25 |
| 6 June 2018 | 6.50 |
| 1 Aug. 2018 | 6.25 |
| 7 Feb. 2019 | 6.50 |
| 4 April 2019 | 6.25 |
| 6 June 2019 | 6.00 |
| 7 Aug. 2019 | 5. 65 |
| 4 Oct. 2019 | 5.40 |
| 27 March 2020 | 4.65 |
| 22 May 2020 | 4.25 |
| 30 Aug. 2020 | 4.25 |

**સ્રોત :-www.rbi.org**

**2. રેપો રેટ અને રિવર્સ રેપો રેટ**

- ''જ્યારે વેપારી બેંકો ખૂબ જ ટૂંકાગાળા માટે (1-7-15Days) RBI પાસે નાણાં લે અને બદલામાં જે વ્યાજ આપે તેને રેપોરેટ કહે છે''.
- ''RBI વેપારી બેંકો ને ટૂંકાગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે તેને રેપોરેટ કહે છે''.
- Repo Rate માં Repo એટલે Repurchase Rate.
- RBI ટૂંકાગાળા માટે ઋણઆપી અર્થતંત્રની તરલતા વધારે છે.
- ફુગાવાનાં સમયે RBI રેપો રેટ વધારે છે.
- રેપોરેટ વધે ત્યારે વેપારી બેંકો RBI પાસેથી ઓછું ધિરાણ લે છે, જેથી મૂડીરોકાણ કરનાર દ્વારા શાખની માંગ ઘટે છે.
- આમ, ખર્ચ ઘટતા માંગ ઘટે છે જેથી ભાવસપાટીમાં ઘટાડો થતાં ફુગાવો નિયંત્રણમાં આવે છે.

- મંદીનાં સમયે RBI રેપોરેટ ઘટાડે છે.
- "મધ્યસ્થ બેંક જે વ્યાજનાં દરે વેપારી બેંકો પાસેથી ધિરાણ લે છે તેને રિવર્સ રેપોરેટ કહે છે".
- રિવર્સ રેપોરેટ વધુ હોય તો નાણાંનો પુરવઠો ઘટે છે.

**ભારતમાં રેપોરેટ અને રિવર્સ રેપોરેટનાં વલણો**

| વર્ષ | રેપોરેટ | રિવર્સ રેપોરેટ |
|---|---|---|
| 30 Aug. 2015 | 7.25 | 6.25 |
| 29 Sept. 2015 | 6.75 | 5.75 |
| 5 April 2016 | 6.50 | 6.00 |
| 4 Oct. 2016 | 6.25 | 5.75 |
| 6 April 2017 | 6.25 | 6.00 |
| 2 Aug. 2017 | 6.00 | 5.75 |
| 6 June 2018 | 6.25 | 6.00 |
| 1 Aug. 2018 | 6.50 | 6.25 |
| 7 Feb. 2019 | 6.25 | 6.00 |
| 4 April 2019 | 6.00 | 5.75 |
| 6 June 2019 | 5.75 | 5.50 |
| 7 Aug. 2019 | 5.40 | 5.15 |
| 4 Oct. 2019 | 5.15 | 4.90 |
| 27 March 2020 | 4.40 | 4.00 |
| 22 May 2020 | 4.00 | 3.35 |
| 30 Aug. 2020 | 4.00 | 3.35 |

**3. કપરા સમયમાં સ્થિરતા લાવવા માટેની જોગવાઈ (MSF)**

- "જ્યારે અર્થતંત્રમાં નાણાંની કટોકટી કે અછત હોય ત્યારે વેપારી બેંકો RBI પાસે સરકારી જામીનગીરીઓ મૂકીને બદલામાં નિશ્ચિત દરે ધિરાણ લે છે, જેને Marginal Standing Facility કહે છે".
- આ ધિરાણ સામાન્ય રીતે રેપો રેટ કરતાં વધુ હોય છે, કારણ કે વેપારી બેંકોને તત્કાલ નાણાંની જરૂરીયાત હોવાથી RBI વધુ વ્યાજનાં દરે ધિરાણ કરે છે.
- RBI પાસેથી આ ધિરાણ માટે બેંકો SLR ની જામીનગીરીઓનો ઉપયોગ કરી શકે છે. MSF-માં ધિરાણની મહત્તમ મર્યાદા બેંકની NDTLનાં2% જેટલી હોય છે.

**ભારતમાં MSFના વલણો**

| વર્ષ | બેંક રેટ (%માં) |
|---|---|
| 30 Aug. 2015 | 8.25 |
| 29 Sept. 2015 | 7.75 |
| 5 April 2016 | 7.00 |
| 4 Oct. 2016 | 6. 75 |
| 6 April 2017 | 6.50 |
| 2 Aug. 2017 | 6. 25 |
| 6 June 2018 | 6.50 |
| 1 Aug. 2018 | 6. 75 |
| 7 Feb. 2019 | 6.50 |
| 4 April 2019 | 6.25 |
| 6 June 2019 | 6.00 |
| 7 Aug. 2019 | 5. 65 |
| 4 Oct. 2019 | 5.40 |
| 27 March 2020 | 4.65 |
| 22 May 2020 | 4.25 |
| 30 Aug. 2020 | 4.25 |

**સ્રોત :-www.rbi.org**

4. રોકડ અનામતનું પ્રમાણ (CRR - Cash Reserve Ratio)

- "દરેક વેપારી બેંકો પોતાની થાપણોનાં અમુક ટકા જેટલી રકમRBIપાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે જેનેCRR કહે છે".
- CRRનો મુખ્ય હેતુ બેંકિંગ વ્યવસ્થામાં પૂરતા પ્રમાણમાં નાણાં રહે તે છે.
- CRR ફુગાવાને નિયંત્રણ કરવા માટેનું સાધન છે.
- CRR વધે તો નાણાંનો પુરવઠો ઘટે જેથી ફુગાવો નીચો રહે છે.

  [CRR વધે વેપારી બેંકો પાસે શાખસર્જન કરવા ઓછું નાણું પ્રજાને ઓછું ધિરાણ મળે નાણાંનો પુરવઠો ઘટે ફુગાવો નીચો રહે.]
- મંદીના સમયમાં CRR ઓછું કરાય છે.

  [CRRઘટે વેપારી બેંકોપાસે શાખસર્જેન કરવા વધુ નાણું પ્રજાને વધુ ધિરાણ મળે નાણાંનોપુરવઠો વધે મંદીની પરિસ્થિતિ દૂર થાય.]

**ભારતમાં CRRનાં વલણો**

| વર્ષ | CRR (%માં) |
|---|---|
| 30 Aug.2010 | 6.00 |
| 28 Jan. 2012 | 5.50 |
| 10 March. 2012 | 4.75 |
| 22 Sept. 2012 | 4.50 |
| 3 Nov. 2012 | 4.25 |
| 9 Feb. 2013 | 4.00 |
| 28 May. 2020 | 3.00 |
| 30 Aug. 2020 | 3.00 |

**સ્રોત :-www.rbi.org**

**5. સામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ (SLR- Statutory Liquidity Ratio)**

- "બેંકિંગ રેગ્યુલેશન એક્ટ મુજબ દરેક વેપારીબેંક CRR ઉપરાંત પોતાની કુલ થાપણોનાં 25 % જેટલું મૂલ્ય રોકડ, સોનું, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને કાયદાકીય પ્રવાહીનું પ્રમાણ SLR કહે છે".
- SLR નો હેતુ ધિરાણની તરલતા જાળવવાનો છે.
- SLR વધુ તો પ્રજાને ઓછું ધિરાણ મળે.
- SLR નીચું હોય તો પ્રજાને વધુ ધિરાણ મળે.

**ભારતમાં SLRનાં વલણો**

| વર્ષ | CLR (%માં) |
|---|---|
| 30 Aug. 2015 | 21.50 |
| 2 April 2016 | 21.25 |
| 9 July 2016 | 21.00 |
| 1 Oct. 2016 | 20.75 |
| 7 Jan. 2017 | 20.50 |
| 24 June 2017 | 20.00 |
| 14 Oct. 2017 | 19.50 |
| 5 Jan. 2019 | 19.25 |
| 13 April 2019 | 19.00 |
| 6 July 2019 | 18.75 |
| 12 Oct. 2019 | 18.50 |
| 4 Jan. 2020 | 18.25 |
| 11 April 2020 | 18.00 |
| 30 Aug. 2020 | 18.00 |

**સ્રોત :-www.rbi.org**

**6. ખુલ્લા બજારનાં કાર્યો (OMO- Open Market Operation)**

- RBI ની કલમ17(C) મુજબ, અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે છે.

- આ બાબતમાં સરકારનાં એજન્ટ તરીકે કામ કરે છે.
- [RBI સરકાર પાસેથી જામીનગીરીઓ ખરીદે 2 અર્થતંત્રમાં નાણાંનો પુરવઠા વધે ખુલ્લા બજારમાં વેચે નાણાંનો પુરવઠો ઘટે. ]
- ફુગાવા કે મંદીનાં નિયમન માટે આ કાર્ય કરવામાં આવે છે.
- ખુલ્લા બજારમાં જામીનગીરીઓની ખરીદ-વેચાણની નીતિ અંતર્ગત, જાહેર ઋણપ્રબંધ માટે સરકારની જામીનગીરીઓનું ખરીદ - વેચાણ કરવામાં આવે છે. શાખ નિયંત્રણ માટેનાં એક ઉપકરણ સ્વરૂપે પણ જામીનગીરીઓનું ખરીદ-વેચાણ થાય છે.

**7. સ્ટરિલાઈઝેશન નીતિ**

- ''અર્થતંત્રમાં હૂંડિયામણની સ્થિરતા જાળવવાની નીતિને સ્ટરિલાઈઝેશન કહે છે''.
- RBI ના હૂંડિયામણ ખાતામાં વધ-ઘટ થતાં તેના નિયંત્રણ માટે, RBIસરકારી જામીનગીરીઓ ખુલ્લા બજારમાં ખરીદ-વેચાણ કરીને નાણાં વ્યવસ્થાની સમતુલા જાળવે છે તેને સ્ટરિલાઈઝેશન નીતિ કહે છે.
- **નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનોઃ**
- જરૂરીકે નિશ્ચિત ક્ષેત્રો માટે જ તકપૂર્વક વપરાતા સાધનોને ગુણાત્મક સાધનો કહે છે.
- આ સાધનો બધા ક્ષેત્રો ઉપર એક સરખી અસર પહોંચાડતા નથી.
- દેશનાં કોઈ ચોક્કસક્ષેત્રનાં (ખેતી-ઉદ્યોગ-સેવા) વિકાસ માટે અથવા જુદા-જુદા ક્ષેત્રો ઉપર નક્કી કરેલી અસરો પહોંચાડવા માટે ગુણાત્મક સાધનોનો ઉપયોગ કરાય છે.

**1. નૈતિક સમજાવટ**

- RBI વેપારી બેંકોને અમુક નીતિ અનુસરવાની વિનંતિ કરે છે આ પદ્ધતિને નૈતિક સમજાવટ પદ્ધતિ કહે છે. RBIઆ પદ્ધતિનો અવાર-નવાર ઉપયોગ કરે છે.
- RBI વેપારી બેંકોને શાખ સર્જનનું પ્રમાણ ઘટાડવા યોગ્ય સલાહ-સૂચન અને માર્ગદર્શન આપી અમુક પ્રકારની ધિરાણનીતિ અપનાવે છે.

**2. સલામતીની જરૂરિયાત**

- વેપારી બેંકો જ્યારે પ્રજાને ધિરાણ કરે ત્યારે પોતાની મૂડીની સલામતી માટે પ્રજાની સ્થાવર કે જંગમ મિલકત (ઘરેણાં, થાપણો, ઘર, જમીન, વગેરે) બાહેધરી પેટે લખાવે છે.
- જો વ્યક્તિ ધિરાણની રકમ પાછી ન ચૂકવે તો બેંક આવી મિલકતો જપ્ત કરે છે.
- RBI અલગ-અલગ વર્ગ પાસે જુદી-જુદી બાહેંધરી લખાવે છે.
- દા.ત. ગરીબ-ખેડૂત પાસે નહિવત અને ધનિક વ્યક્તિ કે ધંધાનાં માલિક પાસેથી મોટા પ્રમાણમાં મિલ્કતની બાહેંધરી લખાવવામાં આવે છે.

**3. માર્જિન**

- સલામતી માટે જે મિલકતની બાહેંધરી આપી હોય તેની કિંમત કરતા ઓછું ધિરાણ જ બેંકો આપે છે, જે બે વચ્ચેનાં ગાળાને માર્જિન કહે છે.
- જુદા-જુદા વર્ગો માટે માર્જિન જુદો-જુદો હોય છે.

### 4. શાખની માપબંધી

- શાખની માંગણીઓને ધ્યાનમાં લઈ મધ્યસ્થ બેંક દ્વારા શાખની ફાળવણી કરવામાં આવે તેને શાખની માપબંધી કહે છે અર્થાત અર્થતંત્રમાં સંગ્રહખોરી રોકવા માટે વેપારી બેંકો કઈ વસ્તુ પર, ક્યાં ઉદેશ્ય માટે અને કેટલાં પ્રમાણમાં ધિરાણ આપવું તે મધ્યસ્થ બેંક નક્કી કરી આપે છે જેને શાખની માપબંધી કહે છે.
- આમ, કોઈપણ વ્યક્તિ કે સંસ્થા માટે ધિરાણની ટોચમર્યાદા RBIનક્કી કરે છે.
- દરેક બેંકને RBIની નીતિ પ્રમાણે શાખ મળે છે.

### 5. ભેદભાવયુક્ત વ્યાજના દર

- જુદા-જુદા પ્રકારનાં ધિરાણ માટે અલગ-અલગ વ્યાજનાં દર RBI નક્કી કરે છે, આ નીતિને ભેદભાવયુક્ત વ્યાજની નીતિ કહે છે.
- દા.ત. ખેડૂતોને ખેતી માટે નીચા વ્યાજ દરે ધિરાણ અપાય છે તો ધનિક વ્યક્તિને ઘર કે કાર માટે ઊંચા વ્યાજ દરે ધિરાણ અપાય છે.

### 6. ઋણની સીમામાં ફેરફાર

- સટ્ટાકીય પ્રવૃત્તિ માટે થતાં ધિરાણને નિયંત્રણમાં રાખવા આ સાધનનો ઉપયોગ થાય છે. આ સાધન અંતર્ગત કુલ થાપણોની કેટલી રકમ બેંક ધિરાણ સ્વરૂપે આપી શકે તે નક્કી કરવામાં આવે છે.

## 7.2 રાજકોષીય નીતિ

રાજકોષીય નીતિ સરકારની અન્ય નીતિઓની જેમ સમાજની આકાંક્ષાઓ અને પ્રજાનાં ધ્યેય સિદ્ધ કરવા માટેનું અર્થપૂર્ણ સાધન છે. રાજકોષીય નીતિ એ કોઈપણ દેશની સમગ્ર આર્થિક નીતિનું એક મહત્ત્વનું અંગ છે અને આધુનિક સમયમાં આર્થિક સ્થિરતા તથા આર્થિક વિકાસનાં પ્રશ્નોનાં વિશ્લેષણમાં ખુબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

### 7.2.1 રાજકોષીય નીતિનો અર્થ

રાજકોષીય નીતિને અંગ્રેજોમાં "Fiscal Policy" કહે છે. જેમાં Fiscal તે Fiscશબ્દ પરથી ઉતરી આવ્યો છે. અહી ચ૧૫૮ એટલે તિજોરી. આમ, રાજકોષીય પ્રવૃત્તિઓ એટલે તિજોરીની આવક અને ખર્ચ અંગેની પ્રવૃત્તિઓ. ટૂંકમાં તિજોરીની આવક અને જાવક અંગેની નીતિને રાજકોષીય નીતિ કહે છે. બીજાં શબ્દોમાં કહીએ તો "સરકારની આવક-જાવક તથા દેવા અંગેની નીતિ એટલે રાજકોષીય નીતિ. ૧૯૨૯-૩૦ની વૈશ્વિક મહામંદી પછી નાણાકીય નીતિની પુરક નીતિ તરીકે રાજકોષીય નીતિનો ઉપયોગ વધ્યો. તેમાં પણ ખાસ કરીને અર્થશાસ્ત્રી કેઈન્સની પુસ્તક "જનરલ થિયરી"માં આર્થિક સ્થિરતા અને આર્થિક વિકાસ માટે રાજકોષીય નીતિનો ઉપયોગ વધ્યું. રાજકોષીય નીતિ હેઠળ સરકાર પોતાની આવક અને જાવકનાં કાર્યક્રમોને એવી રીતે ગોઠવે છે કે જેથી રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને રોજગારી ઉપર ઈચ્છિત અસરોને લાવી શકાય અને અનિચ્છિત અસરોને દૂર કરી શકાય.

**વ્યાખ્યા**

"કોઈચોક્કસ હેતુઓની સિદ્ધિઓને જાહેર જમા ખર્ચનાં વિવિધ સાધનોનાં ઉપયોગની નીતિને રાજકોષીય નીતિ કહે છે."

**– શ્રીમતિ હિક્સ**

"રાજ્યની આવક તથા ખર્ચનાં સ્વરૂપ અને તેનાં સિદ્ધાંતોની તપાસ કરતી નીતિને રાજકોષીય નીતિ કહે છે."

**- આર્મિટેજ સ્મિથ**

"હકારાત્મક રાજકોષીય નીતિ એટલે જાહેર કરવેરા અને જાહેર ખર્ચને અસર કરતી પ્રક્રિયા જે વેપાર ચક્રીય ચઢ-ઉતર હળવી બનાવે છે, તથા વિકાસશીલ અને ઊંચું રોજગારી ધરાવતું અર્થકારણ જે અતિશય ફુગાવો કે મંદીથી મુક્ત છે તેને જાળવી રાખે છે."

સમગ્રલક્ષી આર્થિક નીતિનું એક સાધન જેમાં સરકારનાં ખર્ચ અને કરવેરાનો ઉપયોગ કરીને આર્થિક પ્રવૃત્તિઓની સપાટીને પ્રભાવિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવે છે.

**દા.ત.,** અર્થતંત્રમાં ફુગાવો તીવ્ર બને ત્યારે કરવેરામાં વધારો કરી અને જાહેર ખર્ચની વૃદ્ધિને ઘટાડવાની નીતિ અમલમાં મુકવામાં આવે છે. ટૂંકમાં રાજ્યની આવક મેળવવાની, આવક ખર્ચવાની, દેવું કરવાની તથા દેવું ચૂકવવાની પ્રવૃત્તિઓ. આ પ્રવૃત્તિઓ અંગે લેવાતા નિર્ણયો અને તેની અર્થતંત્ર પર પડતી અસરોનો અભ્યાસ એટલે રાજકોષીય નીતિ.

**7.2.2 રાજકોષીય નીતિનો ઉપયોગ**

- ➢ અર્થતંત્રમાં મૂડી સર્જનને વેગ આપવા.
- ➢ ઉત્પાદન સાધનોની ગતિશીલતા વધારવા.
- ➢ રોજગારીની તકોમાં વધારો કરી, બેરોજગારી નિવારણ માટે.
- ➢ અર્થતંત્રમાં તેજી-મંદીની સ્થિતિને નિયંત્રણમાં રાખવા.
- ➢ નાણાકીય નીતિને અસરકારક બનાવવા.
- ➢ વિકાસાત્મક પ્રોજેક્ટને નાણાકીય મદદ પૂરી પાડવા.
- ➢ સમાન ક્ષેત્રીય વિકાસ માટે.
- ➢ માજવિકાસ માટે કલ્યાણકારી યોજના બનાવી સામાજિક - આર્થિક આંતરમાળખાનો વિકાસ કરવા.
- ➢ ખાનગીક્ષેત્રનાં વિકાસને વેગ આપવા.
- ➢ સંપત્તિ અને આવકની અસમાન વહેંચણી ઘટાડવા.
- ➢ નબળાં વર્ગોનાં વિકાસ માટે.

**7.2.3 રાજકોષીય નીતિનાં ઉદેશ્યો**

રાજકોષીય નીતિનાં ઉદેશ્યો નીચે મુજબ છે.

**1. રોજગારીની તકોમાં વધારોઃ**

- ➢ રાજકોષીય નીતિનો મુખ્ય ઉદેશ્ય અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થિતિ પ્રાપ્ત કરવાનો છે.
- ➢ રાજકોષીય નીતિનાં વિવિધ સાધનો દ્વારા રોજગારીનાં પ્રમાણમાં વધારો કરી શકાય છે.

**કરવેરા**

રોજગારીનાં પ્રમાણમાં વધારો કરવા માટે સરકાર કરવેરાનાં દરમાં ઘટાડો કરે છે. જેથી લોકોની વાસ્તવિક આવક, ખરીદશક્તિ, માંગ, વપરાશ, ઉત્પાદન અને રોજગારીમાં વધારો થાય છે. પરિણામે રોજગારીનું પ્રમાણ ઘટે છે.

**જાહેર ખર્ચ**

- સરકાર જાહેર ખર્ચમાં વધારો કરે તો અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી, આવકમાં વધારો કરી શકાય છે. અર્થતંત્રમાં અસરકારક માંગ જળવાઈ રહે તે માટેનાં પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવે છે. દા.ત., મંદીનાં સમયમાં રોજગારીની તકોનો સર્જન કરવા બાંધકામ કાર્યક્રમો શરૂ કરવાં જોઈએ.
- ખાનગીક્ષેત્રમાં મૂડીરોકાણ વધે તે માટે યોગ્ય ધિરાણ વ્યવસ્થા કરવી જોઈએ.

**જાહેર દેવું**

મંદીનાં સમયમાં........

- સરકાર દ્વારા જાહેર દેવું વધારી નાખવામાં આવે છે.
- ખાનગીક્ષેત્રમાં મૂડીરોકાણ વધારવા સરકાર દ્વારા વિવિધ લોનની સુવિધા આપવામાં આવે છે, જેથીરોજગારીમાં વધારો કરી શકાય.
- સરકાર બેંક દ્વારા લોન મેળવી પોતાનાં ખર્ચમાં વધારો કરે છે. આ નાણાંનો ઉપયોગ વિવિધ વિકાસલક્ષી યોજનાઓમાં કરવામાં આવે છે. પરિણામે રોજગારીનાં પ્રમાણમાં વધારો કરી શકાય.

**૨. આર્થિક સ્થિરતા**

- મોટાંભાગનાં દેશોમાં તેજી -મંદીની સ્થિતિ જોવા મળે છે અર્થાત ભાવ સ્થિરતા જોવા મળે છે. રાજકોષીય નીતિનાં સાધનો દ્વારા નીચે મુજબની આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરી શકાય છે.

**કરવેરા**

- મંદીનાં સમયમાં કરનીતિ એવી હોવી જોઈએ જે ખાનગી વપરાશ અને રોકાણને ઉત્તેજન આપે.
- મંદીનાં સમયમાં સમાજ પરનો કરબોજ અને સાથે-સાથે કંપની કરવેરા અને આવકવેરામાં ઘટાડો કરવાનું સૂચન કરવામાં આવે છે.
- જયારે તેજીનાં સમયમાં લોકોની ખરીદશક્તિ ઘટે તે માટે કરવેરામાં વધારો કરવામાં આવે છે.

**જાહેર ખર્ચ**

- મંદીની સ્થિતિમાં જાહેર ખર્ચ વધારવામાં આવે છે. જયારે તેજીની સ્થિતિમાં જાહેર ખર્ચ ઘટાડવાની નીતિ અપનાવામાં આવે છે.
- અહી જાહેર ખર્ચનાં બે ખ્યાલ મહત્ત્વનાં છે.
- Pump Priming : આ નીતિ કામચલાઉ અસમતુલાનાં ઉપાય તરીકે ઉપયોગી નીવડે છે. જાહેર ખર્ચમાં વધારા કારણે અર્થવ્યવસ્થા આપોઆપ બીજાં વધારાનાં ખર્ચ વિના પૂર્ણરોજગારી સપાટી પ્રાપ્ત કરે છે.
- Compensatory Spending :આ નીતિ અનુસાર ખાનગી ખર્ચમાં પડતી ઘટને પૂરી કરવા જાહેર ખર્ચમાંવધારો કરવાનો ખ્યાલ મુખ્ય છે.

**જાહેર દેવું**

- મંદીના સમય સરકાર દ્વારા જાહેર દેવાંમાં તેમજ ખાધપુરવણીનાં પ્રમાણમાં ઘટાડો કરવામાં આવે છે.
- આ સમય દરમિયાન જાહેર દેવાની પરત ચુકવણી પણ કરવામાં આવે છે. જેથી લોકોની ખરીદશક્તિ, માંગ, ઉત્પાદન, રોજગારી અને આવકમાં વધારો થાય છે જેથી મંદીની સ્થિતિ દૂર કરી શકાય છે.
- જયારે તેજીની સ્થિતિમાં જાહેર દેવાં અને ખાધપુરવણીનાં પ્રમાણમાં વધારો કરવામાં આવે છે, જેથી ફુગાવાની સ્થિતિને દૂર કરી શકાય છે.

**3. આર્થિક વિકાસ**

- આર્થિક વિકાસનાં દરને વેગ આપવા રાજકોષીય નીતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.
- રાજકોષીય નીતિ દ્વારા સાધનોની ફાળવણી તથા આવક વહેંચણીને અસર પહોંચાડી શકાય છે.

**કરવેરા**

- આર્થિક વિકાસનો આધાર બચતો અને મૂડીરોકાણ પર છે. કરવેરાની નીતિ દ્વારા બચતો અને મૂડોરોકાણમાં ફેરફાર કરી શકાય છે.
- બચતો અને મૂડીરોકાણ વધારવા માટે કરવેરાનાં દરોમાં ઘટાડો કરવામાં આવે છે, જેથી લોકોની વાસ્તવિક આવક વધતા બચતો અને મૂડીરોકાણમાં વધારો થાય છે, પરિણામે ઉત્પાદન અને રોજગારીમાં વધારો થાય છે. રોજગારી વધતા લોકોની આવક વધે છે અને આવક વધતા બચતો અને મૂડીરોકાણમાં વધારો થાય છે. આમ, આ પ્રક્રિયા સતત ચાલુ રહેતાં દેશનો આર્થિક વિકાસ શક્ય બને છે.
- કરમાળખા ને વ્યવસ્થિત બનાવી આર્થિક વિકાસ માટે સાધનો મેળવવાનું સરળ બને છે.
- કરવેરા દ્વારા બિનજરૂરી વપરાશ પર કાપ મૂકી શકાય છે.
- પ્રગતિશીલ કરવેરા દ્વારા આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડી શકાય છે.
- જાહેરક્ષેત્ર માટે કરવેરા દ્વારા આવક મેળવી શકાય છે.

**જાહેર ખર્ચ**

- આર્થિક વિકાસ માટે રાજકોષીય નીતિમાં જાહેર ખર્ચ મહત્ત્વનું ભાગ ભજવે છે.
- સરકાર, જાહેર ખર્ચમાં વધારો કરી દેશનાં નાગરિકોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડે છે.
- જાહેર ખર્ચ વધતા અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ વધે છે, પરિણામે બચતો અને મૂડીરોકાણમાં વધારો થાય છે.

  આમ, સામાજિક કલ્યાણ અને ઉદ્યોગો માટે જરૂરી હોય તેવી પ્રવૃત્તિઓ પાછળ જાહેર ખર્ચ કરીને આર્થિક વિકાસ સરળ બનાવી શકાય છે.

**જાહેર દેવું**

- સરકાર જાહેર દેવું કરીને વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ પાછળ ખર્ચ કરે છે. જેથી અર્થતંત્રમાં ઉત્પાદન, રોજગારી, આવક અને માંગમાં વધારો થતાં દેશનો આર્થિક વિકાસ થાય છે.

- જાહેર દેવાની નીતિથી જાહેરક્ષેત્રમાં રોકાણ માટેનાં સાધનો પ્રાપ્ત થાય છે.
- જાહેર દેવાની વ્યાજની ચુકવણી કરવામાં આવે ત્યારે લોકોની વાસ્તવિક આવકમાં વધારો થાય છે. જેથી બચતો, મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી અને આવકમાં વધારો થાય છે. પરિણામે દેશનોઆર્થિક વિકાસ થાય છે.

**૪. આવક અને સંપત્તિની સમાન વહેંચણી**

- અર્થતંત્રમાં આર્થિક અસમાનતાનો પ્રશ્ન રાજકીય અને સામાજિક દ્રષ્ટિ એ ખુબજ મહત્ત્વનો છે.
- આર્થિક અસમાનતા ત્રણ રીતે વ્યક્ત થાય છે. આવકની અસમાનતા, પ્રાદેશિક અસમાનતા, અને વ્યવસાયિક અસમાનતા.
- સરકાર આ આર્થિક અસમાનતા ઘટાડવા માટે મોજશોખ અને વૈભવી ચીજવસ્તુઓ ઉપર વધુ કરવેરા નાખે છે અને સામાન્ય વપરાશની ચીજવસ્તુઓ પર ઓછા કરવેરા નાખે છે અથવા વેરા નાખવામાં આવતું જ નથી.

**કરવેરા**

- ધનિક વર્ગની આવકો પર પ્રગતિશીલ દરે કરવેરા નાખવામાં આવે છે અને ગરીબ વર્ગનાં લોકોને કરવેરામાંથી મુક્તિ આપવામાં આવે છે.
- મોજશોખની વસ્તુઓ પર ઊંચા દરે પરોક્ષ વેરા નાખીને તથા જીવનજરૂરિયાતોની વસ્તુઓ કરમુક્ત રાખીને પ્રગતિશીલ પરોક્ષવેરા નાંખવામાં આવે છે.
- આમ, રાજકોષીય નીતિ અંતર્ગત ધનિક વર્ગની આવકમાં ઘટાડો થાય અને નીચી આવકવાળા વર્ગને વધુ આવક પ્રાપ્ત થાય તેવાં પગલાંઓ લેવાંમાં આવે છે.

**જાહેર ખર્ચ**

- સરકાર જાહેર ખર્ચમાં વધારો કરીને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ દ્વારા ગરીબ વર્ગનાં લોકોને રોજગારી પૂરી પાડે છે. જેથી ગરીબોનું જીવનધોરણ ઊંચું આવે છે.

**જાહેર દેવું**

- આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવા માટે સરકાર દ્વારા જાહેર દેવાનાં પ્રમાણમાં વધારો કરીને તે રકમનો ઉપયોગ ગરીબ વર્ગનાં લોકોને લાભ થાય તેવી કલ્યાણલક્ષી યોજનાઓ પાછળ કરવામાં આવે છે. આ ઉપરાંત જાહેર દેવાની પરત ચુકવણી કરવાની થાય ત્યારે તે માટે ધનિક વર્ગ પર ઊંચા દરે કરવેરા નાંખવામાં આવે છે.

## 7.3 ઓદ્યોગિક નીતિ

### 7.3.1 પ્રસ્તાવનાઃ

સ્વતંત્રતા સમય ભારત વિવિધ સામાજિક અને આર્થિક સમસ્યાઓથી ઘેરાયેલું હતું. ભારતીય અર્થકારણ ખેતીક્ષેત્ર પર નિર્ભર હતું. ઔદ્યોગિક વિકાસ પણ નહિવત હતો. આમ ખેતી પરનાં એકાંગી ઢાંચાને બદલવા અને ઉદ્યોગોનો વિકાસ કરવા ઔદ્યોગિક નીતિ ઘડવાની જરૂરિયાત સર્જાઈ.

ઔદ્યોગિક નીતિનો ખ્યાલ વિસ્તૃત છે. ઔદ્યોગિક નીતિ અંતર્ગત ઉદ્યોગોનાં વિકાસ અને નિયમન સાથે સંકળાયેલી તમામ બાબતો જેમ કે ઔદ્યોગિક સાહસોની સ્થાપના, સ્થળ, સંચાલન, માલિકીનું સ્વરૂપ, મૂડીરોકાણ, ઉત્પાદનનું પ્રમાણ, કામદારોનાં વેતન, કામદારોને બોનસ, માલિકો અને મજૂર વચ્ચેનાં સંબંધો, ઔદ્યોગિક શાંતિ, ઔદ્યોગિક પેદાશનાં ભાવો,

ઉદ્યોગો માટે કાચોમાલ અને અન્ય સેવાઓની પ્રાપ્તિ, ઉદ્યોગો પરનાં કરવેરા, જકાત, ઉદ્યોગોમાં વિદેશી મૂડીરોકાણ તથા વિદેશી સહાય, ટેકનોલોજી વગેરે બાબતોને ઔદ્યોગિક નીતિમાં આવરી લેવાંમાં આવે છે. ઔદ્યોગિક નીતિમાં ઔદ્યોગિકીકરણની ગતિ અને તેની તરાહને અસર કરતાં સિદ્ધાંતો અને નિયમોનો પણ સમાવેશ કરવામાં આવે છે. ઔદ્યોગિક નીતિમાં સરકારની રાજકોષીય નીતિ, નાણાકીય નીતિ, આયાત-જકાત નીતિ, શ્રમનીતિ, વિદેશી મૂડીરોકાણ અંગે સરકારનાં વલણો, ખાનગી અને જાહેરક્ષેત્ર તરફ સરકારનું અભિગમ વગેરે બાબતોનો નિર્દેશ કરવામાં આવે છે.

### 7.3.2 ઔદ્યોગિક નીતિનો અર્થ

- "દેશનાં ઔદ્યોગિક વિકાસ માટે લેવાતા પગલાંની સત્તાવાર જાહેરાત એટલે ઔદ્યોગિક નીતિ." કે "દેશમાં ઉદ્યોગોની પસંદગી, સ્થાપના, સંચાલન, વિસ્તરણ, કામગીરી અંગે સરકારની નીતિને ઔદ્યોગિક નીતિ કહે છે."
- ઔદ્યોગિક નીતિ એટલે ઉદ્યોગોની સ્થાપના, તેમની કામગીરી, તેમનો વિકાસ અને તેમનાં સંચાલન અંગે સરકારની નીતિ."

### 7.3.3 ભારતની ઔદ્યોગિક નીતિઓનો (આર્થિક નીતિઓ) વિસ્તૃત અભ્યાસ

સરકાર દ્વારા સમયાંતરે જુદી-જુદી ઔદ્યોગિક નીતિઓ રજુ કરી છે. ભારતની 1948 અને 1956ની ઔદ્યોગિક નીતિ એ રશિયાની ઔદ્યોગિક નીતિનું અનુકરણ હતું. ઔદ્યોગિક નીતિમાં વખતોવખત કરાયેલા ફેરફારોને પરિણામે દેશમાં એક મજબુત ઔદ્યોગિક માળખું નિર્માણ થવા પામ્યું છે. વર્તમાનમાં મોટાભાગની ચીજવસ્તુઓ અને પેદાશોની બાબતોમાં દેશ આત્મનિર્ભર બન્યું છે.

### 7.3.4 ઔદ્યોગિક નીતિ - 1948

ઔદ્યોગિકનવપ્રસ્થાનકરવાનાં હેતુથી તે વખતનાં વડાપ્રધાનપંડિત જવાહરલાલનેહરુનાં વડપણ હેઠળ6th April1948નાં રોજ પ્રથમ ઔદ્યોગિકનીતિ ડૉ. શ્યામા પ્રસાદ મુર્ખજી (વાણિજ્ય અને ઉધોગ મંત્રી) દ્વારા જાહેર કરવામાં આવી.

**ઔદ્યોગિક નીતિ - 1948નાં ઉદેશ્યો**

- નૂતન સમાજ રચનાનું ઘડતર કરવું જેમાં દરેક ભારતીયને ન્યાય પ્રાપ્ત થાય અને વિકાસની સમાન તકો મળે.
- દેશનાં ઉપલબ્ધ સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ કરી પ્રજાનાં જીવનધોરણમાં ઝડપથી સુધારો કરવો.
- તમામ ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવું.
- રોજગારીની તકો વધારી સૌને ઉપલબ્ધ બને તેવા પ્રયાસો હાથ ધરવાં
- ઔદ્યોગિકઉત્પાદનમાં ઝડપથી વધારો કરવો.

**મુખ્ય જોગવાઈઓ**

**[A] ઉદ્યોગોનું વિભાગીકરણ**

- દેશનાં સમગ્ર ઉદ્યોગોને ચાર વિભાગમાં વહેચવું.

**(i) જાહેરક્ષેત્ર**

- આ વિભાગનાં ઉદ્યોગોની માલિકી, સંચાલન અને વહીવટ સંપૂર્ણપણે સરકાર હસ્તક રાખવાનું નક્કીથયું.

- આ વિભાગમાં રેલ્વે, સરક્ષણઅને અણુશક્તિનો સમાવેશ થાય છે.

**(ii) પાયાનાં ઉદ્યોગો**

- આ વિભાગમાં એવા ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યું કે જેનો વિકાસ ખાનગી રીતે કરવું પરંતુ 10 વર્ષ પછી તે ઉદ્યોગોનો રાષ્ટ્રીયકરણ કરવું. (રાષ્ટ્રીયકરણ કરવું કે ન કરવું તે અંગેનો વિચાર સંપૂર્ણપણે સરકાર હસ્તક હતું.)
- આ વિભાગમાં લોખંડ, પોલાદ, કોલસો, હવાઈ જહાજ, બાંધકામ, ખનિજ તેલ, ટેલિફોન વગેરે ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યાં.

**(iii) અન્યઉદ્યોગો**

- આ વિભાગમાં રાજ્યનાં સામાન્ય નિયમોને આધીન રહીને કાર્ય કરનાર ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યો.
- આ વિભાગમાં મોટરકાર, અન્ય ઓટોમોબાઈલ, ખાંડ, કાગળ, સિમેન્ટ, સુતરાઉ કાપડ, રસાયણ, રબર, રૂ, મૂળભૂત દવાઓ, મશીન ટુલ્સ, રસાયણિક ખાતર વગેરે ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યાં.

**(iv) ખાનગી ઉદ્યોગો**

- ત્રણેય વિભાગમાં સમાવેશ ન થતાં સર્વ ઉદ્યોગોનો સમાવેશ અહી કરવામાં આવ્યાં.
- આ વિભાગનાં ઉદ્યોગો રાજ્યની સામાન્યદેખરેખ હેઠળ અને ખાનગી ક્ષેત્ર હસ્તક રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

**(B) ગૃહ અને નાના ઉદ્યોગો**

- દેશમાં ઉપલબ્ધ સાધનો અને કાચામાલને અનુરૂપ કુટીર ઉધોગનાં વિકાસ ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો.

**(C) વિદેશી મૂડી**

- ભારતમાં પોતાનાં ઉદ્યોગોનું વર્ચસ્વ જળવાઈ રહે અને વિદેશી મૂડીનું રોકાણ રાજ્ય નિયંત્રણ હેઠળ રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.

**(D) ઔદ્યોગિક સંબંધો**

- કારખાના માલિકો અને કામદારો વચ્ચેનાં સંબંધો શાંતિપૂર્ણ રહે, તેમાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય તે માટે કામદારોને કારખાનાનાં નફામાંથી ભાગ, યોગ્ય વેતન અને રહેઠાણની સારી સગવડો મળી રહે તેવાં પ્રયત્નો હાથ ધરવા, જયારે આવનારા 10 વર્ષમાં 10 લાખ નવાં મકાનો ઔદ્યોગિક કામદારોને રહેઠાણ માટે મળી રહે તેવાં પ્રયત્નો હાથ ધરવામાં આવશે

**(E) રાજકોષીય નીતિ**

- બચત અને મૂડોરોકાણનાં દરમાં વધારો થાય, આર્થિક કેન્દ્રીકરણની સત્તામાં ઘટાડો કરવા, વિદેશી માલની બિનજરૂરી હરીફાઈ અટકે તે રીતે સરકાર પોતાનાં કરવેરા અને જકાતોનું માળખું ગોઠવશે. અહી એક બાબતનું ધ્યાન રાખવામાં આવશે કે પ્રજા પર વધુ કરબોજો ન પડે.

### 7.3.5 ઔદ્યોગિક નીતિ - 1956

આ નીતિને ભારતનાં ''આર્થિક નિર્માણ''ની નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નીતિને 1991ની નવી આર્થિક નીતિ માટે મૂળભૂત ઢાંચો તૈયાર કરી આપ્યો હતો.

**ઔદ્યોગિક નીતિ - 1956 નાં ઉદ્દેશ્યો**

- ➢ અર્થતંત્રમાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વનાં ક્ષેત્રોમાં જાહેરક્ષેત્રનું વિસ્તરણ કરવું.
- ➢ નાના, ગૃહ-ઉધોગ અને સહકારીક્ષેત્રને પ્રોત્સાહન આપવું.
- ➢ ભારે ઉદ્યોગો અને યંત્રોનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ પર વિશેષ ભાર મુકવામાં આવ્યું. છે ખાનગીક્ષેત્રનાં ઈજારાને અટકાવવા આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થતું રોકવું.
- ➢ રોજગારીની તકોમાં વધારો કરવો.
- ➢ આર્થિક વિકાસની ગતિ વધારીને ઔધોગીકીકરણની ઝડપ વધારવી.
- ➢ સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન આપવું.
- ➢ આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવી.

**મુખ્ય જોગવાઈઓ**

- ➢ ઔદ્યોગિક નીતિ 1956માં કરવામાં આવેલી મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

**1. વિભાગનું વર્ગીકરણ**

- ➢ ઔદ્યોગિક નીતિ 1948માં ઉદ્યોગોનું વિભાગીકરણ ૪ ભાગમાં કરવામાં આવ્યું હતું. જેનાં સ્થાને ઔદ્યોગિક નીતિ -1956માં ત્રણ ભાગમાં ઉદ્યોગોને વર્ગીકૃત કરવામાં આવ્યું.

**વિભાગ –A**

આ વિભાગમાં જાહેરક્ષેત્ર માટે અનામત રાખવામાં આવેલાં17ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આ 17ઉદ્યોગોનાં ભાવિ વિકાસની ંપૂર્ણ જવાબદારી રાજ્યની રહેશે.

**વિભાગ – B**

- ➢ આ વિભાગમાં 12 ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યું.
- ➢ જેનો વિકાસ, સંચાલન અને માલિકી રાજ્ય હસ્તક વધતી રહેશે.
- ➢ આ 12ઉદ્યોગોમાં ગૌણ ખનિજો, વિભાગ -A માં સમાવેશ ન થતાં બિનલોહ ધાતુ અને એલ્યુમિનિયમ, લોહમિશ્ર ધાતુઓ, દવાઓ-રંગ અને પ્લાસ્ટિક જેવાં ઉદ્યોગો માટે જરૂરી મૂળભૂત અને સહાયક રસાયણો, એન્ટિબાયોટિક અને બીજી કેટલીક દવાઓ, રાસાયણિક ખાતર, રબ્બર, કુકિંગ કોલસો વગેરે.

**વિભાગ –C**

- ➢ વિભાગ -**C**માં બાકીનાં તમામ ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યું.

**2. ઉદ્યોગોનાં વિભાગીકરણમાં પરિવર્તનશીલતા**

- ➢ આઔદ્યોગિક નીતિમાં ઉધોગનું વર્ગીકરણ જડ ન હતું પરંતુ સરકારને ઉચિત લાગે ત્યારે જનહિતને ધ્યાનમાં રાખી તેમાં પરિવર્તન શક્ય હતું.

**3. ગૃહ ઉધોગ અને નાના ઉધોગ**

- 1948ની ઔદ્યોગિક નીતિમાં નાના અને ગૃહ ઉધોગને કઈ રીતે મદદ કરવામાં આવશે તેની કોઈ સ્પષ્ટતા કરી હતી નહી, પરંતુ 1956ની નીતિમાં નાના અને ગૃહ ઉધોગને ત્રણ રીતે મદદ કરવાનું જણાવવામાં આવ્યું.

(i) મોટાં પાયાનાં ઉધોગ પર અંકુશ મુકીને.

(ii) વિવેકપૂર્ણ કરનીતિ અપનાવીને અને

(iii) સરકાર દ્વારા પ્રત્યક્ષ નાણાકીય સહાય પૂરી પાડીને.

**4. વિદેશી મૂડીરોકાણ**

(i) વિદેશી મૂડીરોકાણકારો પ્રત્યે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહિ.

**5. પ્રાદેશિક અસમાનતા**

- અર્થતંત્રનો સર્વાંગી વિકાસ થાય અને દેશનાં કોઈપણ ક્ષેત્ર પછાત કે વિકાસ વગર ન રહી જાય તે માટેનાં પ્રયાસો હાથ ધરવા માટેનું લક્ષ્ય ઔદ્યોગિક નીતિ –1956માં નિર્ધારિત કરવામાં આવ્યું.

**6. જાહેરક્ષેત્રનું સંચાલન**

- જાહેરક્ષેત્રનાં વિસ્તરણને પરિણામે સંચાલનની મુશ્કેલીઓ વધતી જાય છે.
- આ મુશ્કેલીઓનાં નિવારણ માટે આર્થિક સત્તાનાં વિકેનદ્રીકરણની ભલામણ કરવામાં આવી.
- જાહેર ક્ષેત્રનાં એકમોનું સંચાલન પણ ધંધાકીય રીતે થાય તેવી ભલામણ કરવામાં આવી.

### 7.3.6 ઔદ્યોગિક નીતિ - 1970

ભારતમાં આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે કે કેમ તે અંગેનો અભ્યાસ કરવા માટે ઈજારાશાહી તપાસપંચ, નિયોજનપંચ, વહીવટી સુધારણાપંચ અને દત્ત સમિતિની રચના કરી, જેમની ભલામણોને આધારે ફેબ્રુઆરી - 1970માં નવી ઔદ્યોગિક પરવાના નીતિ જાહેર કરવામાં આવી. આ નીતિમાં MRTP Actઘડવામાં આવ્યું.

MRTP Act — Monopolistic and Restrictive Trade Practices Act — 1969

- MRTP Act 1st June1970થી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યું.
- 1969 માં 25 કરોડ અથવા તેનાથી વધારે સંપત્તિવાળી કંપનીને સરકાર પાસેથી પરવાનગી લેવાનીજરૂરરહેતી હતી. (જેને MRTP હદ કહેવામાં આવતું)
- 1980માં આ મર્યાદા વધારી ?50 કરોડ થઈ અને 1985માં તેની મર્યાદા ?100 કરોડ થઈ. જયારે 1991થી આ મર્યાદા સમાપ્ત કરવામાં આવી.

**ઔદ્યોગિક નીતિ - 1970નાં મુખ્ય મુદ્દાઓ**

1. ઔદ્યોગિક નીતિ - 1956માં 41 ઉદ્યોગોને પરવાના મુક્તિ આપવામાં આવી હતી તે પાછી ખેચવામાં આવી અને તેમને પરવાના પદ્ધતિ હેઠળ લાવવામાં આવ્યા.
2. 1 કરોડ સુધીનાં મૂડીરોકાણવાળા ઉદ્યોગોને મુક્તિ આપવામાં આવી.
3. નવી નીતિમાં ઉદ્યોગોનું વિભાગીકરણ મૂડીરોકાણનાં આધારે કુલ ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું. આ વિભાગો

(i) મૂળભૂત ઉદ્યોગો(Core Sector)

(ii) મધ્ય ક્ષેત્ર

(iii) ભારે ઉદ્યોગોનું ક્ષેત્ર

(iv) અનામત ક્ષેત્ર હતાં.

4. લઘુઉદ્યોગો માટે 7.5 લાખનાં મૂડીરોકાણનાં ધોરણને સ્વીકારવામાં આવ્યું.

5. સરકારે સંયુક્ત સાહસનાં ખ્યાલનો સ્વીકાર કર્યો હતો.

6. 1 કરોડ થી ?5 કરોડ સુધીનું મૂડીરોકાણ હોય એવા નવા ઉદ્યોગોને પરવાના લેવાની આવશ્યકતા રહેતી, પરંતુ વર્તમાન હયાત ઉદ્યોગોને અમુક સંજોગોમાં પરવાના મુક્તિ આપવામાં આવી.

7. સરકારની નવી નીતિને લીધે ભારે ઉદ્યોગોનું એક નવું ક્ષેત્ર અસ્તિત્વમાં આવ્યું. ?5 કરોડથી વધુ મૂડીરોકાણવાળા ઉદ્યોગો આ ક્ષેત્રમાં આવ્યા. આ ક્ષેત્રમાં આયોજનબદ્ધ રીતે કડક પરવાના પદ્ધતિ લાગુ પાડવામાં આવી.

8. ઔદ્યોગિક નીતિ - 1956નાં વિભાગ –A માં આવેલા ઉદ્યોગોને મહત્ત્વનાં (Core Sector) ક્ષેત્રમાં મુકવામાં આવ્યું.આ ઉદ્યોગો જાહેરક્ષેત્ર માટે અનામત રાખવામાં આવ્યા.

આ ઉદ્યોગોમાં લોખંડ-પોલાદ, બિન-લોહધાતુઓ, ખનિજ-તેલ, પેટ્રોકેમિકલ્સ, ખેત-ઉપયોગી સાધનો, અખબારી કાગળ, જહાજોનું બાંધકામ,ઔદ્યોગિક યંત્રો વગેરે ઉદ્યોગોનો સમાવેશ થતો હતો.

### 7.3.7 ઔદ્યોગિક નીતિ -1973

➢ ફેબ્રુઆરી 1973માં સરકારે ઔદ્યોગિક ગૃહોની તથા સંયુક્ત ક્ષેત્રનાં કામગીરીની સ્પષ્ટતા કરતી નવી ઔદ્યોગિક પરવાના નીતિ જાહેર કરી હતી.

**મુખ્ય બાબતો**

➢ ઔદ્યોગિક નીતિ 1956 મુખ્ય માર્ગદર્શક સ્તંભ તરીકે ચાલુ રહેશે.

➢ જાહેરક્ષેત્રનાં વિસ્તાર દ્વારા સ્વાવલંબન, સામાજિક ન્યાય અને પ્રજાની લઘુત્તમ જરૂરિયાતો સિદ્ધ કરવાનો ઉદેશ્યરાખવામાં આવ્યો.

➢ આ ઔદ્યોગિકનીતિમાં Core Sectorની વિચારધારા અપનાવવામાં આવી, મૂળભૂત ઉધોગ એવા ઉધોગ છે જે અન્ય ઉદ્યોગોનાં વિકાસ માટે મૂળરૂપથી મહત્ત્વપૂર્ણ હોય છે, જેમ કે લોખંડ, સ્ટીલ, કોલસો, પેટ્રોલિયમ વગેરે.

➢ ઔદ્યોગિકનીતિ - 1956નાં વિભાગ –Aમાં આવેલા 17ઉદ્યોગોને જાહેરક્ષેત્ર માટેનાં અનામત ઉદ્યોગો તરીકે ચાલુ રાખવામાં આવશે.

➢ નાના અને મધ્યમઉદ્યોગોને પ્રોત્સાહન આપવું.

### 7.3.8 ઔદ્યોગિક નીતિ - 1977

➢ આ ઔદ્યોગિક નીતિમાં ગ્રામીણ ઉધોગ, કુટીર ઉધોગ તથા મધ્યમ ઉધોગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. જે સામાન્ય રીતે સ્વરોજગારીનું નિર્માણ કરે છે.

➢ આ ઓધોગિક નીતિ અંતર્ગત સામાન્ય લોકોને ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા સાથે જોડવા માટેનાં પ્રયત્ન કરવામાં આવ્યા.

- જિલ્લા ઉધોગ કેન્દ્ર : લઘુ ઉધોગનાં વિકાસ માટે આ ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. નાના ઉદ્યોગોનાં વિકાસ માટે જરૂરી સુવિધાઓ જિલ્લા ઉધોગ કેન્દ્ર પૂરી પાડે છે.
- સંયુક્ત ક્ષેત્ર : આ ઔદ્યોગિક નીતિમાં ખાનગી અને જાહેર ક્ષેત્રનાં સહઅસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- ટચુકડા ઉધોગ : આ ખ્યાલ પ્રથમ વખત 1977માં આવ્યો, ઓછા ઉપકરણો અને મૂડીરોકાણની જરૂર પડે તેવાં ઉદ્યોગો જેમાં મૂડીરોકાણની મર્યાદા ?1લાખસુધીની રાખવામાં આવી હતી. વર્તમાનમાં તેની મર્યાદા 25 લાખસુધીની છે.

### 7.3.9 ઔદ્યોગિક નીતિ - 1980

નાના, મધ્યમ અને મોટાં પાયાનાં ઉદ્યોગોનાં વિકાસ માટે આ નીતિની ઘોષણા કરવામાં આવી. આ ઔદ્યોગિક નીતિમાં તકનીકી હસ્તાંતરણ દ્વારા રોકાણને ફરીથી અનુમતિ આપવામાં આવી. MRTP ની સીમામાં સંશોધન કરીને તેને ?50 કરોડ કરવામાં આવી.

### 7.3.10 ઔદ્યોગિક નીતિ - 1991 (આર્થિક નીતિ)

1991ની ઔદ્યોગિક નીતિ દેશનાં આર્થિક વિકાસ માટે ક્રાંતિકારી ગણાઈ છે.ઔદ્યોગિક નીતિમાં વખતોવખત કરાયેલાં ફેરફારોને પરિણામે દેશમાં એક મજબુત ઔદ્યોગિક માળખું નિર્માણ થવા પામ્યું છે. આજે મોટાભાગની ચીજવસ્તુઓ અને પેદાશોની બાબતમાં દેશ આત્મનિર્ભર બન્યો છે. 24 જુલાઈ 1991નાં રોજ નરસિંહરાવની સરકારે ઔદ્યોગિક નીતિની જાહેરાત કરી હતી. ઔદ્યોગિક નીતિ - 1991માં જાહેર સાહસોનું મહત્ત્વ ઘટાડ્યું છે અને બજારનાં પરિબળોને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. સાતત્ય સાથે પરિવર્તનનાં હેતુને અનુલક્ષીને સરકારે ઔદ્યોગિક નીતિનાં નીચેનાં ક્ષેત્રમાં મહત્ત્વનાં પગલાંની જાહેરાત કરી હતી.

**1. ઔદ્યોગિક પરવાના અંગે**

ઔદ્યોગિક નીતિ -1991માં પરવાના મેળવવાની વિધિ તથા નીતિનું ઉદારીકરણ કરવામાં આવ્યું છે. પરવાના અંગેની નીતિ નીચે મુજબ છે.

**(A) ઔદ્યોગિક પરવાનાની સમાપ્તિ**

- આ નીતિની શરૂઆતમાં 18ઉદ્યોગોને બાદ કરતાં તમામ ઉદ્યોગો માટે પરવાના પદ્ધતિ નાબૂદ કરવામાં આવી. વર્તમાનમાં માત્ર 5 ઉદ્યોગો માટે પરવાના લેવાની મંજુરી જરૂરી છે.

1. નશીલા પીણાં (આલ્કોહોલ)
2. તંબાકુ, સિગરેટ તથા અન્ય સંબંધિત વસ્તુઓ
3. ઇલેક્ટ્રોનિક, એરોસ્પેસ તથા રક્ષા સંબંધિત તમામ પ્રકારનાં સાધનો
4.જોખમી અને ખતરનાક રસાયણો
5. દારૂગોળો, ઔદ્યોગિક વિસ્ફોટકો, ગન પાઉડર જેવાં વિસ્ફોટકો

**(B) અનામત ઉધોગ**

- અનામત ઉધોગની સંખ્યા ઘટાડોને માત્ર 8 કરવામાં આવી હતી, વર્તમાનમાં માત્ર 2 ઉધોગ એવા છે જે સરકાર દ્વારા અનામત રાખવામાં આવ્યાં છે.

1. પરમાણું ઊર્જા અને સંશોધન 2.રેલવે

**(C) MRTP Act. ની સમાપ્તિ**

- આ કાયદો ઈજારાશાહી અને નિયંત્રણાત્મક વેપારી રીતરસમો અંગેનાં કાયદા તરીકે ઓળખાય છે. આ કાયદો 1st June1970થી અસ્તિત્વમાં આવ્યો.

 MRTP Act.નાં બે હેતુઓ હતા.

અ) જાહેર હિત માટે હાનિકારક હોય તેવી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવવું અને ઈજારાશાહીને નિયંત્રિત કરવી.

બ) ઈજારાશાહી, નિયંત્રણાત્મક તથા ગેરવાજબી વેપારી રીતરસમો પર પ્રતિબંધ મુકવો વર્તમાનમાં MRPT Act. ને દૂર કરીને હરીફાઈ ધારો (Competiton Act.-2002)અસ્તિત્વમાં આવ્યું.

**(D) વિદેશી મૂડીરોકાણ**

વિદેશી મૂડીરોકાણ પોતાની સાથે ટેકનોલોજી ટ્રાન્સફર, બજાર અંગેનું કૌશલ્ય, સંચાલનની આધુનિક ટેકનીક્સ તથા નિકાસોનાં પ્રોત્સાહનની સંભાવનાઓ સાથે લાવે છે. આ સંજોગોમાં રાષ્ટ્રનાં ઔદ્યોગિક વિકાસનાં હિતમાં વિદેશી મૂડીરોકાણને સરકાર આવકારશે.

- ઉચ્ચ ટેકનોલોજી અને ઉચ્ચ રોકાણવાળા અગ્રિમ ઉદ્યોગોમાં વિદેશી મૂડીરોકાણની મર્યાદા ૪૦% થી વધારીને ૫૧% કરવામાં આવી.
- FDI રોકાણની સરળ પ્રક્રિયા માટે “Foreign Investment Promotion Board”કરવામાં આવી.

**(E) વિદેશી ટેકનોલોજી**

વિદેશી મૂડીરોકાણની જેમ વિદેશી ટેકનોલોજીની આયાતને સરળ બનાવી દેશનાં ઉદ્યોગોની કાર્યક્ષમતા વધારવાના પ્રયાસ કરવામાં આવ્યા, જે નીચે મુજબ છે.

- દેશનાં ઉદ્યોગોને સંશોધન અને વિકાસ પાછળ વધુ મૂડીરોકાણ કરવા પ્રોત્સાહન અપાશે.
- દેશમાં વિકસાવેલી ટેકનોલોજોનાં વિદેશી પરિક્ષણ માટે અગાઉથી મંજુરી લેવી નહી પડે.

**(F) ઉદ્યોગોનું સ્થાન**

- ઉધોગ સ્થાપનાની જટિલ અને લાંબી પ્રક્રિયામાંથી ઉદ્યોગોને દૂર કરવા ઉદ્યોગોને ‘‘પ્રદુષણ કરતાં’’ અને પ્રદુષણ ન કરતાં’’ એમ બે શ્રેણીમાં વહેંચવામાં આવ્યું.
- પ્રદુષણ કરતાં ઉદ્યોગોને 10 લાખથી વધારે વસ્તી ધરાવતાં શહેરથી 25કિમી. દૂરનાં ક્ષેત્રમાં સ્થાપવાની છૂટ આપવામાં આવી.

**(G) ચરણબદ્ધ ઉત્પાદનની અનિવાર્યતાનો અંત**

- આ નીતિ દ્વારા ચરણબદ્ધરીતે ઉત્પાદનની અનિવાર્યતા સમાપ્ત કરવાને કારણે ખાનગી કંપનીઓ અનેક વસ્તુઓ અને પેદાશોનું ઉત્પાદન એક સાથે કરી શકતી હતી.

**(H) નાના ઉદ્યોગો અંગે**

- અતિ નાના લઘુઉદ્યોગો માટે મૂડીરોકાણની મર્યાદા ૨ લાખથી વધારીને 25 લાખ કરાઈ. વર્તમાનમાં આ મર્યાદા ૫ કરોડ સુધી વધારવામાં આવી છે.
- લઘુ ઉધોગ એકમો માટે ‘‘રાષ્ટ્રીય ઈક્વિટી ભંડોળ યોજના’’ને વિસ્તારવામાં આવશે.

- લઘુઉધોગનાં ધિરાણ માટે ખાસ નાણાકીય એજંસી બનાવશે.
- લઘુ ઉદ્યોગોમાં બીજાં ઉદ્યોગોની ભાગીદારી કરી શકાશે.
- હેન્ડલુમ હેન્ડિકાફ્ટ વિભાગને વધુ પ્રોત્સાહન આપવામાં આવશે.

**ઔદ્યોગિક નીતિ - 1991ની તરફેણની દલીલો**

- ખાનગીકરણમાં વધારો થયો.
- વૈશ્વિકીકરણમાં વધારો થયો.
- સાધન પુરવઠામાં વધારો થયો.
- કાર્યક્ષમતામાં સુધારો થયો.
- બજારતંત્રનો વિકાસ થયો છે.
- સાધન ફાળવણી મુક્ત બજાર દ્વારા થાય છે.
- વિદેશી મૂડોરોકાણમાં વધારો થયો.
- સરકારી અમલદારોનાં ભ્રષ્ટાચારમાંથી ઔદ્યોગિક તંત્ર મુક્ત બન્યું.

**ઔદ્યોગિક નીતિ - 1991ની વિરુદ્ધની દલીલો**

- અમુક સ્વદેશી ઉદ્યોગો વૈશ્વિક હરીફાઈ સામે ટકી શક્યા નહી જેથી સ્વદેશી ઉદ્યોગોને નુકશાન થયું.
- નાના અને ગૃહઉદ્યોગોને નુકશાન થયું.
- ઉદ્યોગોની સ્થાપનામાં આંતરરાષ્ટ્રીય વિલંબ.
- આંતરરાષ્ટ્રીય કંપનીઓનું ભારતમાં વર્ચસ્વ વધ્યું.

## 7.4 ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની પ્રક્રિયાઃ

### 7.4.1 પ્રસ્તાવનાઃ

ભારતની નવી આર્થિક નીતિની જાહેરાત ૨૪ જુલાઈ, 1991 ના રોજ કરવામાં આવી. જેને એલપીજી અથવા ઉદારીકરણ ખાનગીકરણ અને વૈશ્વિકરણના મોડેલ તરીકે ઓળખાય છે. 1991[LPG-LIBERALIZATION (ઉદારીકરણ) PRIVATIZATION (ખાનગીકરણ), GLOBALIZATION(વૈશ્વિકરણ)] સુધારા એ ભારતીય અર્થવ્યવસ્થામાં એક વ્યૂહાત્મક બદલાવ છે જેણે આજે ભારતીય વાસ્તવિકતાના સ્વરૂપમાં પરિવર્તન કર્યું છે. આ વિષય આજે ભારતીય અર્થવ્યવસ્થા માટે પાયો રચે છે. ભારતીય અર્થવ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય પ્રસંગોમાં જે પરિવર્તન આવ્યું છે તેના વિશે યોગ્ય વિચાર રાખવો, જે તેના તરફ દોરી જાય છે તે માટે આ મહત્ત્વપૂર્ણ ખ્યાલ છે.

### 7.4.2 પૂર્વ સુધારણા યુગમાં ભારતીય અર્થવ્યવસ્થાની પ્રકૃતિઃ

- સ્વતંત્રતા પછીની ભારતીય આર્થિક નીતિ, વસાહતી અનુભવથી પ્રભાવિત હતી, જેમાં રાજ્યના નિરીક્ષણ હેઠળ ઔદ્યોગિકરણ, મજૂર અને નાણાકીય બજારોમાં રાજ્યની દખલ, વિશાળ જાહેર ક્ષેત્ર, વ્યવસાય નિયમન અને કેન્દ્રિય આયોજન પર ભાર મૂકવામાં આવ્યો હતો.
- ભારતીય અર્થવ્યવસ્થા બંધ હતી. ભારતમાં વ્યવસાય સ્થાપવા માટે લાઈસન્સ રાજ પ્રચલિત હતું. ભારતીય રૂપિયો અકલ્પનીય હતો અને ઊંચા જકાત (ટેરિફ) અને આયાત લાઈસન્સિંગ વિદેશી વસ્તુઓને બજારમાં પહોંચતા રોકતા હતા.

- નીતિનો કેન્દ્રિય આધારસ્તંભ આયાત અવેજી છે, એવી માન્યતા હતી કે ભારતને આંતરરાષ્ટ્રીય વેપાર નહી પણ વિકાસ માટે આંતરિક બજારો પર આધાર રાખવો જરૂરી છે. વિદેશી રોકાણ અને તકનીકી અને સરકાર દ્વારા નિયંત્રિત નાણાં અને મૂડી બજારો પર પ્રતિબંધ હતો.
- બહુવિધ દર અને મોટા વિખેર સાથે ઉચ્ચ ફરજો અને કર હતા. પીએસયુને વિકાસનું એન્જિન માનવામાં આવતું હતું. ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઇ) અને મલ્ટિનેશનલ કોર્પોરેશનો (એમએનસી) પર પ્રતિબંધો હતા.

**7.4.3 1991 ના આર્થિક સુધારા તરફ દોરી જતા પરિબળોઃ**

- કિંમતોમાં વધારોઃ નાણાંની પુરવઠામાં ઝડપથી વધારાને કારણે ફુગાવાનો દર 6.7% થી વધીને 16.7% થયો છે અને દેશની આર્થિક સ્થિતિ વધુ ખરાબ બની.
- રાજકોષીય ખાધમાં વધારોઃ બિન વિકાસ ખર્ચમાં વધારાને કારણે સરકારની નાણાકીય ખાધમાં વધારો થયો. નાણાકીયખાધમાં વધારો થવાને કારણે જાહેર દેવામાં અને વ્યાજમાં વધારો થયો હતો. 1991 માં વ્યાજની જવાબદારી કુલ સરકારી ખર્ચના 36.4% બની હતી.
- ચુકવણીના પ્રતિકૂળ બેલેન્સમાં વધારોઃ 1980-81 માતે ?2214 કરોડ અને 1990-91 માં વધીને ?17,367 કરોડ થઈ. આ ખાધને પહોંચી વળવા મોટી માત્રામાં વિદેશી લોન લેવી પડી અને વ્યાજની ચુકવણી વધતી ગઈ.
- SUS As:1990-91માં, ઇરાકમાં યુદ્ધ તૂટી ગયું, જેના પગલે પેટ્રોલના ભાવમાં વધારો થયો. ગલ્ફ દેશોમાંથી વિદેશી ચલણનો પ્રવાહ અટકી ગયો અને આ સમસ્યાને વધુ તીવ્ર બનાવી.
- PSUs ની નિરાશાજનક કામગીરીઃ રાજકીય દખલને કારણે આ સારું પ્રદર્શન કરી રહ્યા ન હતા અને સરકાર માટે મોટી જવાબદારી બની હતી.
- વિદેશી વિનિમય અનામતમાં ઘટાડોઃ 1990-91માં ભારતનું વિદેશી વિનિમય ભંડાર ઓછું વહી ગયું અને ૨ અઠવાડિયા સુધી આયાત બિલ ચુકવવાનું તે અપૂરતું હતું.

**7.4.4 ભારતીય સુધારા સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય પ્રસંગોઃ**

- સોવિયત યુનિયન તે સમયે તૂટી રહ્યું હતું, તે સાબિત કરી રહ્યું હતું કે વધુ સમાજવાદ ભારતની દુષ્ટતાઓનો ઉપાય ન હોઈ શકે.
- ઝિયાઓપિગે બજારમાં અનુકૂળ સુધારા સાથે ચીનમાં ક્રાંતિ લાવી હતી.
- 1990-91 ઇરાક યુદ્ધને કારણે ગલ્ફ દેશોમાંથી વિદેશી ચલણના પ્રવાહને અટકાવ્યું.
- બેલેન્સ ઓફ પેમેન્ટ (લેણ-દેણની તુલા) ના મુદ્દાઓ પર ધ્યાન આપવા માટે ભારતે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈ.એમ.એફ.) પાસેથી મોટી રકમ ઉધાર લીધી હતી.
- 1997-99 ના એશિયન નાણાકીય કટોકટીએ ભારતને નીચો બનાવ્યો.
- 2001 ની વેશ્વિક મંદી, અને 2003 માં ઇરાકના આક્રમણની લડતમાં ઘણી વૈશ્વિક અનિશ્ચિતતા ઊભી થઈ.
- 2003-08 ની વૈશ્વિક તેજી ચીનની આગેવાનીમાં હતી.

### 7.4.5 આર્થિક સુધારણાનો સ્વરૂપ અને ક્ષેત્રઃ

ભારતની નવી આર્થિક નીતિની જાહેરાત એલપીજી અથવા ઉદારીકરણ ખાનગીકરણ અને વૈશ્વિકરણનામોડેલ તરીકે કરવામાં આવી .

ઉદારીકરણ - તે નીતિઓને આર્થિક પ્રવૃત્તિમાં ઓછા અવરોધની બનાવટની પ્રક્રિયા અને ટેરિફમાં ઘટાડોઅથવા ટેરિફ અવરોધોને દૂર કરવાનો સંદર્ભ આપે છે.

ખાનગીકરણ- તે સરકાર પાસેથી મિલકત અથવા વ્યવસાયની માલિકીની ખાનગી માલિકીમાંસ્થાનાંતરણનો સંદર્ભ આપે છે.

વૈશ્વિકરણ - તે રાષ્ટ્રના રાજ્યોની રાજકીય સીમાઓ તરફ આર્થિક પ્રવૃત્તિઓના વિસ્તરણનો સંદર્ભ આપેછે.

### 7.4.6 ઉદારીકરણઃ

- શરૂઆતમાં નિર્દેશ કરેલાં નિયમો અને કાયદા જે આર્થિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનો હતા, તે વિકાસ અને વિકાસમાં મુખ્ય અવરોધ બની ગયા. આ પ્રતિબંધોને સમાપ્ત કરવા અને અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો ખોલવા માટે ઉદારીકરણની રજૂઆત કરવામાં આવી હતી.
- 1980 ના દાયકામાં ઓદ્યોગિક લાઈસન્સિંગ, નિકાસ-આયાત નીતિ, તકનીકી સુધારણા, નાણાકીય નીતિ અને નાણાકીય રોકાણ માટેના ક્ષેત્રોમાં થોડા ઉદારીકરણનાં પગલાં રજૂ થયાં હોવા છતાં, 1991 માં શરૂ કરવામાં આવેલી સુધારા નીતિઓ વધુ વ્યાપક હતી.
- આપણે કેટલાક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો જેમ કે ઓદ્યોગિક ક્ષેત્ર, નાણાકીય ક્ષેત્ર, કર સુધારણા, વિદેશી હૂંડિયામણ બજારો અને વેપાર અને રોકાણ ક્ષેત્રોનો અભ્યાસ કરીએ જેમને 1991 માં અને તેના પછી વધુ ધ્યાન મેળવ્યું હતું.

**ઓદ્યોગિક ક્ષેત્રનું નિયમનઃ**

ભારતમાં, નિયમનકારી પદ્ધતિઓ વિવિધ રીતે લાગુ કરવામાં આવી હતી.

1. ઓદ્યોગિક લાઈસન્સિંગ, જે હેઠળ દરેક ઉદ્યોગસાહસિકને પેઢી શરૂ કરવા, પેઢી બંધ કરવા અથવાઉત્પાદન થઈ શકે તે વસ્તુની રકમ નક્કી કરવા માટે સરકારી અધિકારીઓની પરવાનગી લેવી પડતીહતી.
2. ઘણા ઉદ્યોગોમાં ખાનગી ક્ષેત્રની મંજૂરી નહોતી
3. કેટલીક વસ્તુઓનું ઉત્પાદન ફક્ત નાના ઉદ્યોગોમાં થઈ શકતો હતો.
4. પસંદ કરેલ ઓદ્યોગિક ઉત્પાદનોના ભાવ નિર્ધારણ અને વિતરણ પર નિયંત્રણ.

- 1991 માં અને ત્યારબાદ રજૂ થયેલી સુધારણા નીતિઓએ આમાંના ઘણા નિયંત્રણો દૂર કર્યા. ઓદ્યોગિક લાઈસન્સિંગ લગભગ તમામ ઉત્પાદન કેટેગરીઝ - આલ્કોહોલ, સિગારેટ, જોખમી રસાયણો, ઓદ્યોગિક વિસ્ફોટકો, ઇલેક્ટ્રોનિક્સ, એરોસ્પેસ અને દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ માટે નાબૂદ કરવામાં આવી હતી.
- એકમાત્ર ઉદ્યોગો કે જે હવે જાહેર ક્ષેત્ર માટે અનામત છે તે સંરક્ષણ ઉપકરણો, અણુ ઉર્જા ઉત્પાદન અને રેલ્વે પરિવહન. નાના પાયે ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ઘણી ચીજો હવે બિનઅનામત રાખવામાં આવી છે. ઘણા ઉદ્યોગોમાં, બજારને ભાવ નક્કી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

**નાણાકીય ક્ષેત્રમાં સુધારાઃ**

- નાણાકીય ક્ષેત્રમાં કમર્શિયલ બેંકો, સ્ટોક એક્સચેંજ ઓપરેશન્સ અને વિદેશી વિનિમય બજાર જેવી નાણાકીય સંસ્થા સામેલ છે. ભારતમાં નાણાકીય ક્ષેત્ર આરબીઆઈ દ્વારા નિયંત્રિત થાય છે.
- ભારતની તમામ બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ આરબીઆઈના વિવિધ ધારાધોરણો અને નિયમો દ્વારા નિયમન કરવામાં આવે છે. બેંકો પોતાની પાસે કેટલા પૈસા રાખી શકે છે, વ્યાજ દર વિવિધ ક્ષેત્રોમાં ધિરાણ આપવાની પ્રકૃતિ વગેરે આરબીઆઈ નક્કી કરે છે.
- નાણાકીય ક્ષેત્રના સુધારણાના મુખ્ય ઉદ્દેશોમાંથી એક એ છે કે આર.બી.આઈ.ની ભૂમિકાને નિયમનકારથી નાણાકીય ક્ષેત્રના સગવડ સુધી ઘટાડવી. આનો અર્થ એ છે કે નાણાકીય ક્ષેત્રને આરબીઆઈની સલાહ લીધા વિના ઘણી બાબતો પર નિર્ણય લેવાની મંજૂરી આપવામાં આવી શકે છે.
- સુધારણા નીતિઓને કારણે ભારતીય અને વિદેશી ખાનગી ક્ષેત્રની બેંકોની સ્થાપના થઈ. બેંકોમાં વિદેશી રોકાણની મર્યાદા વધારીને 50 ટકા કરી દેવામાં આવી હતી.
- કેટલીકબેંકો કે જેઓ ચોક્કસ શરતોને પૂર્ણ કરે છે તેમને આરબીઆઈની મંજૂરી વિના નવી શાખાઓ સ્થાપવાની અને તેમના હાલના શાખા નેટવર્કને તર્કસંગત બનાવવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.
- જોકે બેંકોને ભારત અને વિદેશથી સંસાધનો ઉત્પન્ન કરવાની મંજૂરી આપવામાં આવી છે, તેમ છતાં, ખાતા ધારકો અને રાષ્ટ્રના હિતોની રક્ષા માટે આરબીઆઈ સાથે અમુક વ્યવસ્થાકીય પાસાઓ જાળવી રાખવામાં આવ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફ.આઈ.આઈ.) જેમ કે વેપારી બેંકર્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ અને પેન્શન ફંડ્સને હવે ભારતીય નાણાકીય બજારોમાં રોકાણ કરવાની મંજૂરી છે.

**કર સુધારણાઃ**

- કર સુધારણા સરકારના કરવેરા અને જાહેર ખર્ચ નીતિઓમાં થયેલા સુધારા સાથે સંબંધિત છે જે સામૂહિક રીતે તેની રાજકોષીય નીતિ તરીકે ઓળખાય છે.
- પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રકારના કર હોય છે. પ્રત્યક્ષ કરમાં વ્યક્તિગત આવક પરના કર તેમજવ્યવસાયિક સાહસોના નફાનો સમાવેશ થાય છે.1991 થી, વ્યક્તિગત આવક પરના કરમાં સતત ઘટાડો થયો છે, કારણ કે એવું અનુભવાય છે કેઆવકવેરાના ઊંચા દરો કરચોરીનું મહત્ત્વનું કારણ છે.
- હવે તે વ્યાપકપણે સ્વીકાર્યું છે કે આવકવેરાના મધ્યમ દરો બચત અને આવકના સ્વૈચ્છિકહેરાતને પ્રોત્સાહન આપે છે. કોર્પોરેશન ટેક્સનો દર જે અગાઉ ખૂબ ઊંચો હતો, ધીમે ધીમેઘટાડવામાં આવ્યો છે.
- પરોક્ષ વેરામાં સુધારો લાવવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. ચીજવસ્તુઓ માટે સામાન્યરાષ્ટ્રીય બજારોની સ્થાપનાની સુવિધા માટે વસ્તુઓ પર કર વસૂલવામાં આવે છે.
- આ ક્ષેત્રમાં સુધારાઓનું બીજું એક ઘટક સરળતા છે. કરદાતાઓ દ્વારા વધુ સારી પાલન માટે પ્રોત્સાહિત કરવા માટે, ઘણી કાર્યવાહી સરળ બનાવવામાં આવી છે અને દરોમાં પણ નોંધપાત્રઘટાડો કરવામાં આવ્યો છે.

- ભારતીય સંસદે ભારતમાં એકીકૃત પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા જીએસટી(ચીજવસ્તુઓ અને સેવાઓ) ટેક્સ એક્ટ 2016માં પસાર કર્યો હતો.

**વિદેશી વિનિમય સુધારણાઃ**

- બાહ્યક્ષેત્રમાં પ્રથમ મહત્ત્વપૂર્ણ સુધારણા વિદેશી વિનિમયબજારમાં કરવામાં આવી હતી. 1991 માં, ચુકવણીની કટોકટીના સંતુલનને દૂર કરવાના તાત્કાલિક પગલાં રૂપે, વિદેશી ચલણ સામે રૂપિયાની અવમૂલ્યન કરવામાં આવ્યું હતું.
- આને કારણે વિદેશી વિનિમયની આવકમાં વધારો થયો. તેણે વિદેશી વિનિમય બજારમાં રૂપિયાના મૂલ્યના નિર્ણયને સરકારના નિયંત્રણમાંથી મુક્ત કરવા માટે પણ સૂર સ્થાપિત કર્યો. હવે બજારો વિદેશી વિનિમયની માંગ અને પુરવઠાના આધારે વિનિમય દર નક્કી કરે છે.

**વેપાર અને રોકાણ નીતિ સુધારણાઃ**

- વેપાર અને રોકાણ શાસનનું ઉદારીકરણ ઓદ્યોગિકઉત્પાદનની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા અને અર્થતંત્રમાં વિદેશી રોકાણો અને તકનીકી વધારવા માટે શરૂ કરવામાં આવ્યું હતું.
- આ ઉદ્દેશ સ્થાનિક ઉદ્યોગોની કાર્યક્ષમતા અને આધુનિક તકનીકીઓને અપનાવવાનો પણ હતો.
- ઘરેલું ઉદ્યોગોને સુરક્ષિત રાખવા માટે, ભારત આયાત પરના માત્રાત્મક પ્રતિબંધોના શાસનનું પાલન કરી રહ્યું છે. આયાત પર ચુસ્ત નિયંત્રણ દ્વારા અને ટેરિફને ખૂબ ઊંચા રાખીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

  આ નીતિઓએ કાર્યક્ષમતા અને સ્પર્ધાત્મકતામાં ઘટાડો કર્યો હતો જેના કારણે ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિધીમી પડી હતી.

  વેપાર નીતિ સુધારણા ના લક્ષ્યાંકમાં

  (1) આયાત અને નિકાસ પરના પરિમાણોના નિયંત્રણોને સમાપ્ત કરવા

  (2) ટેરિફ રેટમાં ઘટાડો

  (3) આયાત માટેની લાઇસેંસિંગ કાર્યવાહી દૂર કરવી.

  જોખમી અને પર્યાવરણીય સંવેદનશીલ ઉદ્યોગોના કિસ્સામાં સિવાય આયાતનું લાઇસન્સિંગ રદ કરવામાં આવ્યું હતું. 2001 એપ્રિલથી ઉત્પાદિત ગ્રાહક ચીજવસ્તુઓ અને કૃષિ પેદાશોની આયાત પરના માત્રાત્મક પ્રતિબંધોને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય વસ્તુની સ્પર્ધાત્મક સ્થિતિ વધારવા માટે નિકાસ ફરજોને દૂર કરવામાં આવી છે.

**7.4.7 ખાનગીકરણઃ**

સરકારની માલિકીની એંટરપ્રાઇઝની માલિકી અથવા મેનેજમેન્ટનું રૂપાંતરણ સૂચવે છે. સરકારી કંપનીઓ બે રીતે ખાનગી કંપનીમાં રૂપાંતરિત થાય છે.:-

1. જાહેર ક્ષેત્રની કંપનીઓની માલિકી અને સંચાલનમાંથી સરકારને પાછો ખેંચીને
2. જાહેર ક્ષેત્રની કંપનીઓના સંપૂર્ણ વેચાણ દ્વારા.

- પીએસઈની ઈક્વિટીના કેટલાંક ભાગ લોકોને જાહેરમાં વેચીને જાહેર ક્ષેત્રના ઉદ્યોગોનું ખાનગીકરણ ડિસઈન્વેસ્ટમેન્ટ તરીકે ઓળખાય છે.
- સરકારના જણાવ્યા મુજબ વેચાણનો હેતુ મુખ્યત્વે નાણાકીય શિસ્ત સુધારવા અને આધુનિકીકરણની સુવિધા આપવાનો હતો.
- એવી પણ કલ્પના કરવામાં આવી હતી કે ખાનગી મૂડી અને મેનેજમેન્ટલ ક્ષમતાઓનો ઉપયોગ કામગીરી સુધારવા માટે અસરકારક રીતે થઈ શકે. સરકારે એવી કલ્પના કરી હતી કે ખાનગીકરણ એફડીઆઈના પ્રવાહને મજબૂત ગતિ આપી શકે છે.
- સરકારે પીએસયુ ને મેનેજિશનલ નિર્ણયો લેવામાં સ્વાયત્તતા આપીને તેમની કાર્યક્ષમતામાં સુધારો લાવવાના પ્રયાસો પણ કર્યા છે.

### 7.4.8 વૈશ્વિકરણઃ

- વેશ્વિકરણનો અર્થ સામાન્ય રીતે વિશ્વના અર્થતંત્ર સાથે દેશની અર્થવ્યવસ્થાના એકીકરણ માટે થાય છે, તે એક જટિલ ઘટના છે. તે વિવિધ નીતિઓના સમૂહનું પરિણામ છે કે જેનો હેતુ વિશ્વને વધુ પરસ્પર નિર્ભરતા અને એકીકરણ તરફ રૂપાંતરિત કરવાનો છે. તેમાં આર્થિક, સામાજિક અને ભૌગોલિક બહિષ્કૃતતાઓને વટાવીને નેટવર્ક્સ અને પ્રવૃત્તિઓની રચના સામેલ છે.
- વેશ્વિકરણ કડીઓ એવી રીતે સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે કે ભારતમાં બનેલી ઘટનાઓ માઇલ દૂરની ઘટનાઓથી પ્રભાવિત થઈ શકે. તે વિશ્વને એક સંપૂર્ણમાં ફેરવી રહ્યું છે અથવા સરહદ વિનાની દુનિયા બનાવી રહ્યું છે.

### 7.4.9 એલ.પી.જી. (આર્થિક સુધારા)નીતિ ની મુખ્ય લાક્ષણિકતાઓઃ

- ઓદ્યોગિક પરવાના / પરમિટ રાજ નાબૂદ
- જાહેર ક્ષેત્રની ભૂમિકા ઓછી
- MRTP Act. ની સમાપ્તિ
- ખાનગીકરણની શરૂઆત
- વિદેશી રોકાણ અને તકનીકીમાં મફત પ્રવેશ
- નવા પ્રોજેક્ટ્સ માટે તબક્કાવાર ઉત્પાદન કાર્યક્રમો નાબૂદ
- ફરજિયાત કન્વર્ટિબિલિટી કારણને દૂર કરવું
- આયાત ટેરિફમાં ઘટાડો
- બજારોનું નિયમન
- કર ઘટાડો

### 7.4.10 આર્થિક સુધારાઓનું પરિણામઃ

**હકારાત્મક પરિણામોઃ**

- ભારતનો જીડીપી ગ્રોથ રેટ વધ્યો. 1990-91દરમિયાન ભારતનો જીડીપી વૃદ્ધિ દર ફક્ત 1.1% હતો પરંતુ 1991 સુધારા પછી જીડીપી વૃદ્ધિ દર વર્ષ દર વર્ષે વધ્યો અને 2015-10માં આઇએમએફ દ્વારા ૭.૫% નો અંદાજ લગાવવામાં આવ્યો.
- 1991 થી, ભારતે એક આકર્ષક વિદેશી રોકાણ લક્ષ્ય તરીકે પોતાને મજબૂત રીતે

સ્થાપિત કર્યું છે અને 2019-20 (ઓગસ્ટ સુધી) માં ભારતમાં એફડીઆઇ ઇક્વિટીનો પ્રવાહ 51004 19.33 અબજ ડોલર રહ્યો હતો.

- 1991 માં બેરોજગારીનો દર ઊંચો હતો પરંતુ ભારતે નવી એલપીજી નીતિ અપનાવી લીધા પછી નવી વિદેશી કંપનીઓ ભારતમાં આવતાની સાથે વધુ રોજગાર પેદા થયો અને ઉદારીકરણને કારણે ઘણા નવા ઉદ્યમીઓએ કંપનીઓ શરૂ કરી.
- રોજગારમાં વધારો થવાને કારણે માથાદીઠ આવક વધી છે.
- ઓક્ટોબર,2019 સુધીમાં નિકાસ વધીને 26.38 અબજ ડોલર રહી છે.

**નકારાત્મક પરિણામો:**

- 1991 માં, કૃષિએ 72 ટકા વસ્તીને રોજગાર પૂરો પાડ્યો હતો અને જીડીપીમાં 29.02 ટકા ફાળો આપ્યો હતો. હવે જીડીપીમાં કૃષિનો હિસ્સો એકદમ નીચે આવીને 18 ટકા થઈ ગયો છે. આના પરિણામે ખેડૂતોની માથાદીઠ આવક ઓછી થઈ છે અને ગ્રામીણ ઋણ વધ્યું છે.
- ભારતીય અર્થવ્યવસ્થાને વિદેશી સ્પર્ધામાં ખોલવાને કારણે, વધુ એમ.એન.સી. સ્થાનિક વ્યવસાયો અને કંપનીઓને સ્પર્ધા કરી રહ્યા છે, જે આર્થિક અવરોધ, અદ્યતન તકનીકનો અભાવ અને ઉત્પાદનની અસમર્થતાને કારણે સમસ્યાનો સામનો કરી રહ્યાં છે.
- વૈશ્વિકરણ પણ ઉત્પાદન પ્લાન્ટમાંથી ઉત્સર્જન અને વનસ્પતિ આવરણને સાફ કરીને પ્રદૂષણ દ્વારા પર્યાવરણના વિનાશમાં ફાળો આપ્યો છે. તે લોકોના સ્વાસ્થ્યને વધુ અસર કરે છે.
- એલપીજી નીતિઓને લીધે દેશની અંદર આવકનો અંતર વધે છે. ઊંચા વૃદ્ધિ દરને અર્થશાસ્ત્ર દ્વારા તે લોકોની ઘટતી આવકના ખર્ચે પ્રાપ્ત કરવામાં આવે છે કે જેને બિનજરૂરી થઈ શકે છે.

**સ્વાધ્યાય**

**સૈદ્ધાંતિક પ્રશ્નો**

1. નાણાકીય નીતિ નો ખ્યાલ સમજાવી તેના વિશે વિસ્તૃત નોંધ લખો.
2. રાજકોષીય નીતિ એટલે શું? રાજકોષીય નીતિ ભારત માં કઈ રીતે કાર્ય કરે છે તેના વિશે વિસ્તૃત માહિતી આપો.
3. ઓદ્યોગિક નીતિનો અર્થ આપી તેના ઉદ્દેશ્યો જણાવી 1991 ની ઓદ્યોગિક નીતિ વિશે લખો.
4. ભારતની ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની પ્રક્રિયા વિશે વિસ્તૃત નોંધ લખો.

**ટૂંકા પ્રશ્નો**

1. નાણાકીય નીતિનો અર્થ આપી તેના હેતુઓ અને ઉપયોગ જણાવો.
2. નાણાકીય નીતિ નો અર્થ આપી તેના સાધનોની ચર્ચા કરો.
3. રાજકોષીય નીતિની વ્યાખ્યાઓ લખી તેના ઉદ્દેશ્યો અને ઉપયોગ જણાવો.
4. ઓદ્યોગિક નીતિનો ખ્યાલ સમજાવી ઓદ્યોગિક નીતિ વિશે ટૂંક નોંધ લખો.

5. ઉદારીકરણ નો અર્થ આપી તેના વિશે નોંધ લખો.
6. ખાનગીકરણ અને વૈશ્વિકરણ વિશે સમજાવો.
7. ભારતમાં આર્થિક સુધારણા પુર્વની પરિસ્થિતિ અને પછીની પરિસ્થિતિ વિશે લખો.
8. 1991 ની એલ. પી. જી. નીતિ ના પરિણામો જણાવો.

**બહુવૈકલ્પિક પ્રશ્નો.**

**1. નીચેનામાંથી કઈ નીતિ નાણાંનાં જથ્થા, તેનું વહીવટ અને તેનાં નિયંત્રણ સાથે સંકળાયેલી નીતિ છે?**

A. ઔદ્યોગિક નીતિ B. રાજકોષીય નીતિ

**C. નાણાકીય નીતિ** D. એક પણ નહિ.

**2. નીચેના માંથી કયો ઉદ્દેશ નાણાકીય નીતિનો નથી?**

A. ઝડપી આર્થિક વિકાસ B. આર્થિક સ્થિરતા

C. રોજગારીમાં વધારો **D. લેણદેણની તુલનામાં અસમતુલા**

**3. જ્યારે વેપારી બેંકો ખૂબ જ ટૂંકાગાળા માટે (1-7-15 days) RBI પાસે નાણાં લે અને બદલામાં જે વ્યાજ આપે તેને ——————કહેવાય છે.**

**A. રેપો રેટ** B. રિવર્સ રેપો રેટ

C. CRR D. બેંક રેટ

**4. બેકિંગ રેગ્યુલેશન એક્ટ મુજબ દરેક વેપારી બેંકે તરર ઉપરાંત પોતાની કુલ થાપણોનાં 25 % જેટલું મૂલ્ય રોકડ, સોનું, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને ———————કહે છે.**

**A. કાયદાકીય પ્રવાહીનું પ્રમાણ (SLR)**

B. ખુલ્લા બજાર કાર્ય

C. રોકડ અનામત નો પ્રમાણ

D. બેંક રેટ

5. દરેક વેપારી બેંકો પોતાની થાપણોનાં અમુક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે જેને .....કહે છે.

A. કાયદાકીય પ્રવાહીનું પ્રમાણ (SLR)

B. ખુલ્લા બજાર કાર્ય

**C. રોકડ અનામત નો પ્રમાણ**

D. બેંક રેટ

**6. ‘‘સરકારની આવક-જાવક તથા દેવા અંગેની નીતિ એટલે ——————.**

A. ઓદ્યોગિક નીતિ **B. રાજકોષીય નીતિ**

C. નાણાકીય નીતિ D. એક પણ નહિ.

**7. ભારતની નવી આર્થિક નીતિની જાહેરાત ....ના રોજ કરવામાં આવી. જેને એલપીજી અથવા ઉદારીકરણ ખાનગીકરણ અને વૈશ્વિકરણના મોડેલ તરીકે ઓળખાય છે.**

A. 24 જુલાઈ, 1990 **B. 24 જુલાઈ, 1991**

**C. 24 જુલાઈ, 1992** D. 24 જુલાઈ, 1993

**8. ————તે નીતિઓને આર્થિક પ્રવૃત્તિમાં ઓછા અવરોધની બનાવટની પ્રક્રિયા અને ટેરિફમાં ઘટાડો અથવા ટેરિફ અવરોધોને દૂર કરવાનો સંદર્ભ આપે છે.**

**A. ઉદારીકરણ** B. ખાનગીકરણ

C. વૈશ્વિકરણ D. ઉપરમાંથી કોઈ નહી.

**9. ——————તે સરકાર પાસેથી મિલકત અથવા વ્યવસાયની માલિકીની ખાનગી માલિકીમાં સ્થાનાંતરણનો સંદર્ભ આપે છે.**

A. ઉદારીકરણ **B. ખાનગીકરણ**

C. વૈશ્વિકરણ D. ઉપરમાંથી કોઈ નહિ.

**10. ———. તે રાષ્ટ્રના રાજ્યોની રાજકીય સીમાઓ તરફ આર્થિક પ્રવૃત્તિઓના વિસ્તરણનો સંદર્ભ આપે છે.**

A. ઉદારીકરણ B. ખાનગીકરણ

**C. વૈશ્વિકરણ** D. ઉપરમાંથી કોઈ નહી.

જવાબો :-

| પ્રશ્ન | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉત્તર | C | D | A | A | C | B | B | A | B | C |

# એકમ : 8 આર્થિક નીતિઓ અને કાયદા-2

## : રૂપરેખા :

આયાત-નિકાસ નીતિ, MRTP કાયદો, FEMA, જરૂરિયાતની વસ્તુઓનો કાયદો

8.1 આયાત-નિકાસ નીતિ

8.1.1 પ્રસ્તાવના

8.1.2 એક્ઝિમ(EXIM) નીતિનો ઈતિહાસ

8.1.3 એક્ઝિમ નીતિના ઉદ્દેશો

8.1.4 આયોજિત અર્થતંત્ર પછીની ભારતની આયાત-નિકાસ નીતિ

8.2 MRTP (Monopolistic Restrictive Trade Practice) કાયદો

8.2.1 પ્રસ્તાવના

8.2.2 બંધારણીયપૂર્વભૂમિકા

8.2.3 MRTPઅધિનિયમ, 1969 ની ઝાંખી

8.2.4 MRTP એક્ટ, 1969ની મુખ્ય લાક્ષણિકતાઓ

8.2.5 તે કેમ નિષ્ફળ ગયો ? MRTPઅધિનિયમ, 1969નું ટીકાત્મક મૂલ્યાંકન

8.2.6 નિષ્કર્ષ અને ભલામણો

8.3 FEMA : Foreign Exchange Management Act. (વિદેશી વિનિમય સંચાલન અધિનિયમ)

8.3.1 પ્રસ્તાવના

8.3.2 ફેમા (FEMA)ના ઉદ્દેશો

8.3.3 ફેમાની મુખ્ય લાક્ષણિકતાઓ

8.3.4 ફેમા ક્યાં ક્યાં લાગુ પડે ?

8.3.5 ફેમા એક્ટ 1999ની મુખ્ય જોગવાઈઓ

8.3.6 નિષ્કર્ષ

8.4 જરૂરિયાતની વસ્તુઓનો કાયદો

8.4.1 પ્રસ્તાવના

8.4.2 કાયદાની ઐતિહાસિક પૂર્વભૂમિકા

8.4.3 કાયદાના ઉદ્દેશ્યો અને ક્ષેત્ર

8.4.4 મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાઓ

8.4.5 આવશ્યક પુરવઠાની જાળવણી સંબંધિત કાયદા

8.4.6 એક્ટમાં સુધારા 2020

8.5 સ્વાધ્યાય

## 8.1 આયાત-નિકાસનીતિ :

### 8.1.1 પ્રસ્તાવના :

- ભારતની વિદેશવેપાર નીતિનેઆયાત-નિકાસ નીતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે, જેને ભારત સરકારની EXIM નીતિ તરીકે ઓળખવામાં આવે છે અને વિદેશવેપાર વિકાસ અને નિયમન અધિનિયમ, 1992 દ્વારા નિયમન કરવામાં આવે છે.
- EXIM પોલિસીને લગતી બાબતોમાં ડીજીએફટી (ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ) દ્વારામુખ્ય સંચાલન થાયછે. વિદેશ વેપાર (વિકાસ અને નિયમન) અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ભારતમાં આયાતની સુવિધા આપીને વિદેશ વેપારના વિકાસ અને નિયમમાં પ્રદાન કરવું, અને ભારતમાંથી નિકાસ વધારવી. વિદેશ વેપાર ધારાએ આયાત અને નિકાસ (નિયંત્રણ) અધિનિયમ 1947તરીકે ઓળખાતા અગાઉના કાયદાને બદલ્યો છે.
- ભારત સરકાર વિદેશ વેપાર (વિકાસ અને નિયમન અધિનિયમ), 1992ની કલમ 5 હેઠળ પાંચ વર્ષ (1997-2002)ની એક્ઝિમ પોલિસીને સૂચિત કરે છે. આયાત-નિકાસ નીતિ દર વર્ષે 31મી માર્ચે અદ્યતન (રિવાઈઝ્ડ) કરવામાં આવે છે અને તેમાં ફેરફાર, સુધારણા અને નવી યોજનાઓ દર વર્ષે 1 લી એપ્રિલથી લાગુ થાય છે.
- એક્ઝિમ નીતિથી સંબંધિત તમામ પ્રકારના ફેરફારોની જાહેરત સામાન્ય રીતે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી દ્વારા કરવામાં આવે છે જે નાણાં મંત્રાલય, વિદેશ વેપાર મહાનિદેશાલય અને ડીજીએફટી કચેરીઓના નેટવર્ક સાથે સંકલન કરે છે.

### 8.1.2 એક્ઝિમ(EXIM) નીતિનો ઈતિહાસ :

- EXIMનીતિને લગતી બાબતોમાં ડીજીએફટી (ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ) એ મુખ્ય સંચાલન મંડળ છે.
- વિદેશ વેપાર અધિનિયમે આયાત અને નિકાસ કંટ્રોલ એક્ટ 1947તરીકે ઓળખાતા અગાઉના કાયદાનું સ્થાન લીધું છે.
- વર્ષ 1962માં ભારત સરકારે અગાઉની આયાત અને નિકાસ નીતિઓની સમીક્ષા કરવા માટે એક વિશેષ એક્ઝિમ નીતિ સમિતિની નિમણૂક કરી, સમિતિને પાછળથી ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- વી.પી. તત્કાલીન વાણિજ્ય પ્રધાન સિંહે 12મી એપ્રિલ, 1985ના રોજ એક્ઝિમ નીતિની જાહેરાત કરી.
- શરૂઆતમાં એક્ઝિમ પોલિસી ત્રણ વર્ષના સમયગાળા માટે રજૂ કરવામાં આવી હતી.

### 8.1.3 એક્ઝિમ નીતિના ઉદ્દેશો :

**ભારતમાંથી નિકાસ અને આયાતમાં વૃદ્ધિ થાય તે માટે...**

- ઉત્પાદન વધારવા અને સેવાઓ પૂરી પાડવા માટે જરૂરી કાચા માલ, ઘટકો, વપરાશી વસ્તુઓ અને મૂડી માલ યોજનાઓની સતત આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપવું.
- ઉદ્યોગ, કૃષિ ઉદ્યોગ અને સેવાઓની તકનીકી તાકાત અને કાર્યક્ષમતામાં વૃદ્ધિ કરવા માટે, નવી રોજગારની તકો ઉત્પન્ન કરતી વખતે તેમની સ્પર્ધાત્મક શક્તિમાં સુધારો કરવા અને ગુણવત્તાના આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ધોરણોની પ્રાપ્તિ માટે.

- વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક દરે ગ્રાહકોને ઉચ્ચ ગુણવત્તાની ચીજો અને સેવાઓ પ્રદાન કરવા માટેઅમુક વસ્તુઓ ફક્ત નિયુક્ત એજન્સીઓ દ્વારા જ આયાત કરી શકાય છે. ઉદાહરણ, તરીકે સોના જેવી વસ્તુ, મોટા પ્રમાણમાં ફક્ત એસબીઆઈ અને કેટલીક વિદેશી બેંકો અથવા નિયુક્ત એજન્સીઓ દ્વારા આયાત કરી શકાય છે.

### 8.1.4 આયોજિત અર્થતંત્ર પછીની ભારતની આયાત-નિકાસ નીતિ :

ભારત દેશને ઇ.સ. 1947માં આઝાદી મળ્યાપછી 1951માં આયોજન પંચની રચના કરવામાં આવી અને પંચવર્ષીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. વિવિધ પંચવર્ષીય યોજનાઓ દરમિયાનની ભારતની નિકાસ નીતિના વિશિષ્ટ તત્ત્વોની માહિતી નીચે પ્રમાણે છે.

1. પ્રથમ પંચવર્ષીય યોજના (1951-56) આ સમયગાળા દરમિયાન સરેરાશ વાર્ષિક વેપાર ખાદ્ય રૂ. 108કરોડ હતી. આયોજિત વિકાસ માટે આયાતનું પ્રમાણ વધુ રહેતું.
2. બીજી પંચવર્ષીય યોજના (1956-61) : આ સમયગાળા દરમિયાન અર્થશાસ્ત્રી મહાનલાનોબીસએ પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગોમાં વધારે રોકાણ કરવાનું કહ્યું. આમ, મોટા નાણાકીય રોકાણોના કારણે આયાતમાં વધારો જરૂરી બન્યો.
3. ત્રીજી પંચવર્ષીય યોજના (1961-1966) : આ યોજના અંતર્ગત અનાજ અને ટેકનોલોજીની આયાતોમાં વધારો થયો. જેના કારણે વાર્ષિક આયાતો રૂ. 747કરોડથી વધીને રૂ. 1224 જેટલી થઈ. આ સમયગાળામાં 1962નું ચીન સાથેનું યુદ્ધ અને 1965માં પાકિસ્તાન સાથેના યુદ્ધના કારણે સંરક્ષણ સાધનોની આયાતો ઉપર મોટો ખર્ચ જરૂરી બન્યો.
4. યુદ્ધના કારણે ઇ.સ. 1966ના વર્ષમાં ભારતીય રૂપિયાનું 36.5 % જેટલી કિંમતનું અવમૂલ્યન કરવામાં આવ્યું આથી આયાતો મોંઘી બની.
5. પાકિસ્તાન સાથેના બીજા યુદ્ધમાં ઇ.સ. 1971માં ભારતની આયાતોમાં વધારો થયો, પણ આયાત નિયંત્રણો અને નિકાસ પ્રોત્સાહન પગલાંના કારણે સૌપ્રથમ વખત વેપાર તુલાનો તફાવત પુરાંતવાળો બન્યો.
6. OPEC (ઓપેક) દેશો દ્વારા પેટ્રોલિયમ પેદાશોમાં અસાધારણ ભાવ વધારાના કારણે ભારતમાં પેટ્રોલિયમ આયાતખર્ચમાં ખૂબ મોટો વધારો થયો.

- આયોજનકાળ દરમિયાન અપનાવાયેલ આયાત નીતિ : આયોજનકાળ દરમિયાન અપનાવાયેલ આયાત નીતિના મુખ્ય સાધનો નીચે પ્રમાણે છે.

**(A) આયાત-નિયંત્રણો :** એપ્રિલ 1956માં બીજી પંચવર્ષીય યોજનાની શરૂઆતથી 1970 સુધી સરકારે નિયંત્રણાત્મક આયાતનીતિ અપનાવી હતી. જેમાં આયાતો ઉપર વધારે જકાત, આયાતો પરના પરિમાણાત્મક કે અન્ય નિયંત્રણો દ્વારા આયાતો ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યા હતા.

**(B) આયાત અવેજીકરણ :** સામાન્ય અર્થમાં જયારે આયાત થતી વસ્તુઓ અને સેવાઓના જેવી જ વસ્તુઓ અને સેવાઓનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવે અને એના પ્રમાણે આયાતો પરનો આધાર ઘટાડવામાં આવે ત્યારે તે પ્રક્રિયાને આયાત આવેજીકરણ તરીકે ઓળખવામાં આવે છે. આમ, આયાત અવેજીકરણ એ આયાતો પરનો આધાર ઘટાડવા માટેનું મુખ્ય સાધન છે. આયાત-નિકાસ નીતિ જાહેર કરવામાં આવી હતી, તેમાં આયાત અવેજીકરણનો વ્યાપ અમુક વસ્તુઓ પૂરતો જ મર્યાદિત થઇ જવા પામ્યો હતો.

(C) **આયાત ઉદારીકરણ :** આયાત ઉદારીકરણનો પ્રારંભ 1980ના દસકાથી થયો હતો. 1990ના દસકામાં તેને વધુ આગળ વધારવામાં આવ્યો. ઈ.સ. 1980ની આયાત નીતિઓનો અમલ ત્રણ સમિતિઓની ભલામણોના આધારે કરવામાં આવ્યો હતો. 1. ઍલકઝેનડર સમિતિ 2. ટંડન સમિતિ 3. આબિદ હુસેન સમિતિ. આ સમિતિઓએ નિકાસ પ્રોત્સાહન અને આયાત ઉદારીકરણ પર ખાસ ભાર મૂક્યો હતો.

1985પહેલા આયાત અને નિકાસ નીતિ અલગ અલગ જાહેર થતી હતી.તેના સ્થાને પ્રથમ વખત સંયુક્ત રીતે આયાત-નિકાસ નીતિ જાહેર કરાઈ. ત્યાર બાદ સમય અને સંજોગો પ્રમાણે સરકારે 1990, 1999, 2000ની સાલમાં Exim નીતિ જાહેર કરી છે.

- આયોજનકાળ દરમિયાન અપનાવાયેલ નિકાસ નીતિ : ભારતમાં આયોજન કાળ દરમિયાન અપનાવાયેલ નિકાસ નીતિનાં સાધનોમાં મુખ્ય રીતે સબસીડી, કરમાં રાહતો, આયતોમાં છૂટછાટ, વાજબી દરે ધિરાણ તથા વિવિધ નિકાસ પ્રોત્સાહનનો ઉપયોગ કરાયો છે. ભારતની નિકાસ નીતિના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

1. આર્થિક વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવી. તે માટે આયાતો કરવા નિકાસ કમાણી થાય તથા નિકાસ ઉદ્યોગો માટે બજાર મળે તેવી પરિસ્થિતિનું સર્જન કરવો.
2. લેણ-દેણની તુલાની અસમતુલા દૂર કરવી.
3. વિદેશી દેવાની ચૂકવણી માટે જરૂરી હૂંડિયામણ મેળવવું.
4. નિકાસોમાં વધારો કરવો.
5. ભાવ સ્થિરતા જાળવવી.

ભારતની નિકાસ નીતિના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

- ચા, કોફી,રેશમ જેવી વસ્તુ માટે નિકાસ પ્રોત્સાહન સમિતિ અને બોર્ડની સ્થાપના કરવી.
- ભારતમાં 1964થી ECGC (નિકાસ ધિરાણ ગેરંટી કોર્પોરેશન)ની સ્થાપના કરવામાં આવી છે.
- નિકાસકારોને આયાત જકાત અને આબકારી જકાતમાં રાહતો અપાઈ છે.
- નિકાસલક્ષી એકમો ઊભા કર્યા છે. જે ફક્ત મુક્ત રીતે કાચો માલ, અર્ધ તૈયાર માલ, મૂડીજન્ય માલ તથા ટેકનોલોજીની આયાત કરી શકે છે.
- 1991માં સરકારે રૂપિયાનું 20% અવમૂલ્યન કરી નિકાસને ઝડપી બનાવવાનો પ્રયાસ કર્યો છે.
- પરવાના અંગે માત્ર લઘુ ઉદ્યોગો અને જીવનરક્ષક દવાઓ તથા સામગ્રી બનાવતા ઉત્પાદકોને OGL હેઠળ છૂટ આપવામાં આવી છે.
- નિકાસ ગૃહોને અપાયેલા તમામ વધારાના લાઈસન્સ રદ્દ કર્યા છે.
- નિકાસકાર્ડનું વિકેન્દ્રીકરણ કર્યો છે.
- રૂપિયાનું અંશતઃ રૂપાંતરીકરણ કરવામાં આવ્યું છે. અને 40:60ના ગુણોત્તરનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમ કે નિકાસ કમાણીના 40% રકમ સત્તાવાર વિનિમય દરે RBI રૂપાંતરિત કરી આપે છે. અને 60%ચલણ બજારના દરે રૂપાંતરિત કરાય છે.

ભારત સરકાર દ્વારા આયાત-નિકાસને પ્રોત્સાહન આપવા માટે નીચેના પગલાં લેવામાં આવ્યા છે.

1. ઘરેલું ઉત્પાદન ક્ષમતા વૃદ્ધિ માટે સરકારે જુદી જુદી યોજનાઓ શરૂ કરી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય આયાત અવેજીકરણ છે. દા.ત. MAKE IN INDIA, START UP INDIA,ફોક્સ પ્રોડક્ટ સ્કીમ (FOCUS PRODUCT SCHEME),ફોક્સ માર્કેટ સ્કીમ (FOCUS MARKET SCHEME),વિશેષ કૃષિ અને ગ્રામ ઉદ્યોગ યોજના (VKGUY),સર્વડ ફ્રોમ ઇન્ડિયા સ્કીમ (SERVED FROM INDIA SCHEME),એગ્રીઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્સેન્ટિવસ્કીમ (AGRI INFRASTRUCTURE INCENTIVE SCHEME)
2. ઉત્તર પૂર્વી ક્ષેત્રમાંથી નિકાસને પ્રોત્સાહન માટે વાહન વ્યવહાર ખર્ચ પર વધારાનું 1% પ્રોત્સાહન સરકાર દ્વારા આપવામાં આવે છે.
3. ભારતના વિદેશ બજારને વિસ્તૃત અને વૈવિધ્યપૂર્ણ બનાવવા માટે 7 નવા બજારો (અલ્જીરિયા, અરુબા, ઓસ્ટ્રીયા, કમ્બોડિયા, મ્યાનમાર, યુક્રેન, નેધરલેન્ડ, ટાપુ સમૂહો)ને FMS યોજના અને 7 નવા બજાર (બેલીઝ, ચીલી, અલસાલ્વાડોર, ગ્વાટેમાલા, હોન્ડુરાસ, મોરોક્કો અને ઉરુગ્વે) વિશેષ FMS અંતર્ગત ઉમેરવામાં આવ્યા છે.
4. સેવા નિકાસોની વૃદ્ધિ માટે સરકાર દ્વારા સર્વિસ કોંકલેવનું આયોજન કરવામાં આવે છે.
5. વિદેશ વેપારને ડિઝિટાઈઝેશનકરવા માટે ભારતીય વેપાર પોર્ટલ ડિસેમ્બર 2014માં શરૂ કરવામાં આવ્યું, જેમાં નિકાસ ને લગતી તમામ માહિતી, નિયમો દર્શાવવામાં આવ્યા છે.
6. રાજ્યોનો નિકાસ વૃદ્ધિમાં ફાળો વધારવા માટે કેન્દ્ર સરકારે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને15સૂત્રીય માળખું મોકલાયું છે.
7. વેપાર વૃદ્ધિ માટે કેન્દ્ર સરકાર દ્વારા જુદા જુદા દેશો અને ક્ષેત્રીય સમૂહો સાથે આંશિક મુક્ત વેપાર કરાર, મુક્ત વેપાર કરાર વગેરે કરવામાં આવે છે, જેથી અન્ય દેશના બજારોનો લાભ લઈ શકાય.
8. વિશ્વ વેપાર સંગઠન અંતર્ગત થતાં કરારોમાં પણ ભારત સામેલ થાય છે.
9. બેન્કોના પ્રાથમિક ક્ષેત્ર ધિરાણમાં પણ નિકાસ ઉદ્યોગોને સામેલ કરવામાં આવે છે.
10. ZERO RATED EXPORT અંતર્ગત થતા કરારોમાં પણ ભારત સામેલ થાય છે.
11. સરકાર દ્વારા વિદેશવેપારને પ્રોત્સાહન માટે વિદેશ વેપાર નીતિ 2015 રજૂ કરવામાં આવી છે જે 2020 સુધીની છે.

**ભારતની છેલ્લી આયાત-નિકાસ (વિદેશ વેપાર) નીતિ :(ભારતની 2015-2020ની આયાત-નિકાસ નીતિ) :**

- તત્કાલીન વેપાર અને વાણિજ્ય મંત્રી નિર્મલા સિતારામન દ્વારા 2 એપ્રિલ, 2015ના રોજ ભારતની નવી વિદેશ વેપાર (આયાત-નિકાસ) નીતિ રજૂ કરવામાં આવી, જે 2015-2020સુધીનું વેપારનું માળખું રજૂ કરે છે.
- નવી વિદેશ વેપાર નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય 2013માં ભારતની નિકાસ 465 બિલિયન યુ. એસ. ડોલર હતી,તેથીવિશ્વ નિકાસમાં 3.5%હિસ્સો કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો.

- મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમને ધ્યાનમાં રાખીને નિકાસ ઉદ્યોગને પ્રોત્સાહન માટેની નીતિ ઘડવામાં આવી, જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

1. બે નવી યોજનાઓની શરૂઆત કરવામાં આવી.

(અ) વેપાર નિકાસ પ્રોત્સાહન માટેની અલગ અલગ યોજનાઓને ભારતમાંથી વેપારીમાલ નિકાસ યોજના (Merchandise Exports From India Scheme- MEIS)અંતર્ગત સમાવી નવી યોજના રૂપે શરૂ કરવામાં આવી.

(બ) સેવા નિકાસ પ્રોત્સાહન યોજનાઓને ‘ભારતમાંથી સેવા નિકાસ યોજના’ (Service Exports From Scheme-SEIS) અંતર્ગત સમાવી નવી યોજના રૂપે શરૂ કરવામાં આવી.

2. ઈ-કોમર્સને MEISના લાભ આપવામાં આવશે.

3. SEZ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન)માંથી નિકાસ ઉદ્યોગને પ્રોત્સાહન માટે MEIS અને SEIS અંતર્ગત લાભની સમય મર્યાદા વધારવામાં આવશે અને નવા SEZને નિર્માણ કરવામાં આવશે.

4. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત ડી??ટાઈઝેશનને પ્રોત્સાહન આપી કાગળરહિત 24×7 કાર્ય સંસ્કૃતિ ઊભી કરવામાં આવશે.

5. સરકાર દ્વારા પરવાનગીની પ્રક્રિયા સરળ કરવામાં આવી છે.

6. નિકાસ વૃદ્ધિ માટે MSME ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

7. નિકાસ ઉદ્યોગોને પ્રોત્સાહન અને સરળ નિકાસ પ્રક્રિયા માટે અન્ય ઘણી જોગવાઈઓ આ નીતિ અંતર્ગત કરવામાં આવી છે. જે સરકારની વિદેશ પ્રોત્સાહનની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## 8.2 MRTP (Monopolistic Restrictive Trade Practice) દ્વારા અધિનિયમ :

### 8.2.1 પ્રસ્તાવના :

ઈજારો અને પ્રતિબંધક વેપાર પ્રથા અધિનિયમ1969બે મુખ્ય હેતુથી લાગુ કરવામાં આવ્યો-

1. આર્થિક પ્રણાલીના સંચાલનથી થોડા લોકોના હાથમાં આર્થિક શક્તિનું કેન્દ્રીકરણ ન થાય તે સુનિશ્ચિત કરવા, ઈજારાશાહીના નિયંત્રણ માટે અને ઈજારાશાહી અને પ્રતિબંધિત વેપાર વ્યવહાર પર પ્રતિબંધ મૂકવા.

   એમ.આર.ટી.પી. એક્ટ જમ્મુ-કાશ્મીર સિવાય આખા ભારતમાં વિસ્તરે છે. જયાં સુધી કેન્દ્ર સરકાર અન્ય નિર્દેશ નહીં આપે ત્યાં સુધી આ અધિનિયમ લાગુ થશે નહીં :

- સરકારની માલિકીની અથવા નિયંત્રિત કોઇપણ ઉપક્રમ
- કોર્પોરેશન દ્વારા માલિકીની અથવા નિયંત્રિત કોઈપણ ઉપક્રમ (કોઈપણ કેન્દ્રીય પ્રાંતીય અથવા રાજ્ય અધિનિયમ)
- કોઈપણ ટ્રેડ યુનિયન અથવા અન્ય સંગઠન દ્વારા સ્થાપિત કંપની નહીં કામદારો અથવા કર્મચારીઓ જેવા કે તેમના પોતાના વાજબી સુરક્ષા માટે કર્મચારીઓ અથવા કર્મચારીઓ,ઉદ્યોગ સાથે સંકળાયેલ કોઈપણ ઉપક્રમ, જેનું સંચાલન કેન્દ્ર સરકાર દ્વારા સત્તા હેઠળના કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા લેવામાં આવ્યું હોય.

- જેની માલિકીનો કોઈપણ ઉપક્રમ, સહકારી મંડળની રચના, કોઈપણ કેન્દ્રીય, પ્રાંતીય અથવા રાજ્ય અધિનિયમ, કોઈપણ નાણાકીય સંસ્થા હેઠળ રજિસ્ટર થયેલ છે.

### 8.2.2 બંધારણીયપૂર્વભૂમિકાઃ-

ભારતમાં સ્પર્ધાત્મક કાયદાઘડવાની પ્રેરણારાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી [ડીપીએસપી- Directive Principles of State Policy] મળી છે, જે ભારતીય બંધારણના ભાગ IV માં સામેલ કરેલ છે.

બંધારણની કલમ-38 અને 39તે પણ જણાવે છે કે,

- રાજ્ય તેના લોકોના કલ્યાણ માટે પ્રોત્સાહન પૂરું પાડશે.અને તેના લોકો માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય સુરક્ષિત રાખશે.
- રાજ્ય ખાતરી કરશે કે દેશનાં સંસાધનોનું ન્યાયિક અને અસરકારક રીતે વિતરણ કરવામાં આવે છે, જે લોકોના હિતને શ્રેષ્ઠ સેવા આપે છે. આર્થિક પ્રણાલીના સંચાલનથી થોડા લોકોના હાથમાં સંપત્તિનું કેન્દ્રીકરણ થવું જોઇએ નહીં. જેનાથી નુકસાન થાય છે.

### 8.2.3 MRTPઅધિનિયમ, 1969ની ઝાંખી :

ઈન્દિરા ગાંધીના શાસન દરમિયાન દેશભરમાં સમાજવાદનો પ્રભાવ હતો.મોટા ઉદ્યોગોને શંકાની નજરે જોવાનુંશરૂ થયું. તેથી સરકારે કેટલાક લોકોના હાથમાં સત્તાના કેન્દ્રીકરણને રોકવા માટે એક મિકેનિઝમ રચવાના હેતુસર શ્રેણીબદ્ધસમિતિઓની નિમણૂક કરી. આપણે એવીસમિતિઓની ટૂંકી પૃષ્ઠભૂમિની વાત કરીએ જેણેએમ.આર.ટી.પી. એક્ટ, 1969ને બનાવવામાં મદદ કરી હતી-

**હઝારી સમિતિ (1951)**- ઔદ્યોગિક નીતિ હેઠળ લાઈસન્સ પ્રક્રિયાનું અધ્યયન કરવા માટે શ્રી હઝારીની અધ્યક્ષતામાં આ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. સમિતિએ તેના અહેવાલમાં જણાવ્યું કે મોટા ઉદ્યોગપતિઓ પોતાના સ્વાર્થ માટેના ઔદ્યોગિક નીતિ નિયમોને નિષ્ફળ બનાવવામાં સફળ થયા છે. અને મોટા વ્યવસાયિક ગૃહોને ઔદ્યોગિક લાઈસન્સ આપવા માટે રાજ્યો પક્ષપાતી બન્યા છે.

**સુબિમલ દત્ત સમિતિ –** આ સમિતિની સ્થાપના સંસ્થાકીય રચના અને વિવિધ વ્યવસાયિક ગૃહોના કાર્યની પદ્ધતિના અભ્યાસ માટે કરવામાં આવી હતી. સમિતિએ તેના અહેવાલમાં જણાવ્યું કે 73વ્યવસાયિક ગૃહોના નિયંત્રણમાંઅર્થતંત્રના લગભગ56%હિસ્સો છે. તેથી એમ.આર.ટી.પી.બિલ રજૂ કરવા સૂચન કર્યું.

**આવક અને જીવન ધોરણના વિતરણ પર મહાનલોબિસ સમિતિ (૧૯૬૪)**- પી.સી મહાનલોબિસની અધ્યક્ષતાવાળી સમિતિના ધ્યાને અમુક શ્રીમંત નીયોજકોના હાથમાં સંપતિ અને શક્તિનું કેન્દ્રીકરણ આવ્યું હતું. અને તેથી તે સુધારવા માટે જરૂરી ભલામણો આ સમિતિ દ્વારા કરવામાં આવી.

**ઈજારાતપાસ પંચ (એમઆઈસી- Monopolies Inquiry Committee- 1965)**– આ સમિતિના અધ્યક્ષ ન્યાયાધીશ કે.સી.દાસગુપ્તા હતા. સમિતિના અહેવાલમાંજણાવ્યું છે કે ખાનગી હાથમાં સત્તાનું પ્રમાણ વધારે છે અને ઔદ્યોગિક લાઈસન્સ આપવાની નીતિ તેમ જ આઈ.પી.આર.આનેનિયંત્રણમાં લેવા સક્ષમ નથી. તદુપરાંત એમ.આઈ.સી.એ બજારમાં ઈજારો અને પ્રતિબંધિત વેપારપ્રથાને કાબૂમાં રાખવા માટે એક બિલ બનાવ્યું.આ બિલ પાછળથી એમ.આર.ટી.પી. એક્ટ, 1969 બન્યું.

### 8.2.4 એમ.આર.ટી.પી.દ્વારા અધિનિયમ, 1969 ની મુખ્ય લાક્ષણિકતાઓ :

આ વિભાગમાં એમ.આર.ટી.પી. એક્ટ, 1969નું આલોચનાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પરંતુ તેના સિદ્ધાંતોને ધ્યાનમાં લીધા વિના કોઈ ચોક્કસ અધિનિયમનું યોગ્ય વિશ્લેષણ થઇ શકતું નથી. તેથી આ વિભાગમાં આ અધિનિયમની મુખ્ય લાક્ષણીકતાઓનું ટૂંકમાં વિશ્લેષણ કરવમાં આવે છે.

**પ્રાથમિક હેતુ :**

એમ.આર.ટી.પી. એક્ટ1 જૂન,1970ના રોજ અમલમાં આવ્યો. કાયદો આ એકમાત્ર હેતુ સાથે ઘડવામાં આવ્યો હતો-

"મહત્તમ લાભ પ્રાપ્ત કરતી વખતે મોટાભાગના લોકોને ઓછામાં ઓછા નુકસાન સાથે સૌથી વધુ શક્ય ઉત્પાદન પ્રાપ્ત કરવું."

**અધિનિયમ હેઠળ સંબંધિત ખ્યાલો :**

તેના અમલીકરણની તક અને તેના અમલીકરણમાં ઊભી થયેલી વ્યાવહારિક મુશ્કેલીઓનો સાચો અર્થ સમજવા માટે, કાયદાને સંચાલિત કરતી મુખ્ય લાક્ષણિકતાઓને સમજવી સૌ પ્રથમ જરૂરી છે. અધિનિયમ અંતર્ગત વિભાવનાઓ નીચે મુજબ છે-

- **આદેશ અને નિયંત્રણ અભિગમ –** આ કાયદા દ્વારા રૂ. 20 કરોડના કોઈપણ પ્રકારના કોર્પોરેટ પુનર્ગઠન અથવા ખરીદી પહેલાં કેન્દ્ર સરકારની મંજૂરી લેવી. પ્રબળ ઉપક્રમોને ઓળખવા માટેનો માપદંડ પણ નક્કી કરવામાં આવ્યો હતો. એક કરોડથી વધુની સંપત્તિ ધરાવતા સાહસો. આપમેળે પ્રબળ માનવામાં આવ્યાં હતાં.
- **ઈજારાશાહી વેપારપ્રવૃત્તિઓપ્રથા(Monopolistic Trade Practices) –** એમ.આર.ટી.પી. દ્વારા ??? ચોથા અધ્યાય હેઠળ આવરી લીધેલી એમ.ટી.પી. એ મોટા વ્યવસાયી ગૃહો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ છે, જે બજારની સ્થિતિનો દુરઉપયોગ કરે છે, જે બજારમાં તંદુરસ્તસ્પર્ધાને અવરોધે છે અથવા ખતમકરે છે. આવી પ્રથાઓ ઉપભોક્તા-કલ્યાણ વિરોધી છે.
- **પ્રતિબંધક વેપાર પ્રથા (Restrictive Trade Practices)-**આરટીપી એ એવી પ્રવૃત્તિઓ છે, જે બજારમાં મૂડી અથવા નફાના પ્રવાહને અવરોધે છે. કેટલીક કંપનીઓ ઉત્પાદનને મર્યાદિત કરીને અથવા ડિલિવરીને નિયંત્રિત કરીને બજારમાં માલ અથવા ઉત્પાદનોના પુરવઠાને નિયંત્રિત કરે છે. એમ.આર.ટી.પી. એ કંપનીઓને આરટીપીમાં સામેલ થવાથી અટકાવે છે.
- **અયોગ્ય વેપારપ્રથા (Unfair Trade Practices)** –યુ.ટી.પી દ્વારા ? પેઢીઓ દ્વારા વસ્તુઓ અને સેવાઓને લગતી તથ્યોની ખોટી, ભ્રામક, અથવા વિકૃત રજૂઆત પ્રક્રિયાછે. એમ.આર.ટી.પી.ની કલમ-36 એ કંપનીઓને અયોગ્ય વેપાર દ્વારા પ્રવૃત્તિઓમાં (યુ.ટી.પી)માં સામેલ થવા પર પ્રતિબંધિત કરે છે. આ જોગવાઈને MRTPA માં 1984ના સીમાચિહ્ન સુધારા દ્વારા દાખલ કરવામાં આવી હતી.

  એમ.આર.ટી.પી. એક્ટમાં સૂચિબદ્ધ થયેલા ગુનાઓ આચારનારા કસૂરવાર સામે કાર્યવાહી કરવાનો અધિકાર કમિશન પાસે હતો પરંતુ વૈશ્વિકરણને લીધે ભારતીય અર્થતંત્રના માળખામાં જળમૂળથી ફેરફાર કરવામાં આવ્યા હતા. વધુમાં, એમ.આર.ટી.પી. એક્ટમાં ઘણી છટકબારીઓ જણાઈ આવી હતી તેથી એમ.આર.ટી.પી. એક્ટમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થઇ હતી.

એમ.આર.ટી.પી. એક્ટમાં જણાઈ આવેલ કેટલીક છટકબારીઓ વિષે ટૂંકમાં નીચે મુજબ ચર્ચા કરવામાં આવી છે.

**એમ.આર.ટી.પી. એક્ટ : સમારકામની જરૂરિયાતમાંગતોએક ક્ષતિગ્રસ્ત કાયદો :**

એમ.આર.ટી.પી. 1984થી સફળતાપૂર્વક ભારતીય બજારમાં સ્પર્ધાને નિયંત્રિત કરી રહ્યો હતો. જો કે 1984સુધીમાં સમાજની જરૂરિયાતો અનુસાર અધિનીયમને સુધારવા માટે કેટલાક સુધારા કરવાં આવશ્યક હતા. એમ.આર.ટી.પી. એક્ટમાં થયેલ સુધારા નીચે મુજબ છે.

**1984નોસુધારો**- આ સુધારો સચ્ચર સમિતિની ભલામણોને આધારે કરવામાં આવ્યો હતો. આ સુધારાએ કાયદાની કલમ 36A દાખલ કરી, હતી જેથી અંતિમ ગ્રાહકોને અન્યાયી દ્વારા વેપારી પ્રવૃત્તિઓ સામે રક્ષણ મળે, જેથી અયોગ્ય પ્રવૃત્તિઓ કરનારા સામેઅસરકારક કાર્યવાહી થઈ શકે. આમ, ખોટી જાહેરાતો, માલની ભ્રામક રજૂઆત, ખોટી બાંયધરીઓ સામેના દાવા એક્ટના કાર્યક્ષેત્ર હેઠળ આવ્યાં હતા.

**1991નોસુધારો –** આ સુધારા દ્વારા એમ.આર.ટી.પી. દ્વારા અધિનિયમને જાહેરક્ષેત્ર અને સરકારની માલિકીની કંપનીઓ સુધી પણ વિસ્તારવાની મંજૂરીઆપવામાં આવી. આ સુધારા પછી બજારમાં કાર્યરત ખાનગી ખેલાડીઓએ હવે કોઈ કોર્પોરેટ પુનઃનિર્માણ હાથ ધરતા પહેલા સરકારની વિશેષ મંજૂરી લેવાની જરૂર રહેશે નહીં. એમ.આર.ટી.પી.એમાં આ સુધારો નવી આર્થિક નીતિના પ્રકાશમાં આવ્યો જેને ભારતીય અર્થવ્યવસ્થાની શરૂઆત કરી. ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસને પ્રતિબંધિત પરવાનો આમ નાબૂદ કરવામાં આવ્યો હતો.

અહીં એ નોંધવું જોઈએ એ એમ.આર.ટી.પી અધિનિયમની અસરકારકતામાટે ઉપરોક્ત સુધારાકરાયાહોવા છતાં ત્યાં ઘણી છટકબારીઓ બાકી હતી, જેણે તેને રદકરવા માટેઉત્તેજન આપ્યું હતું. ચાલો, આપણે તેના પર ટૂંકી ચર્ચા કરીએ.

**8.2.5 તે કેમ નિષ્ફળ ગયો ? MRTP અધિનિયમ, 1969 નું ટીકાત્મક મૂલ્યાંકન :**

એમ.આર.ટી.પી. એક્ટ, 1969ને નિષ્ફળતા તરફ દોરી જનારાં કારણો નીચે આપેલાં છે.

1. **અતિશય સરકારી નિયંત્રણ :**એમ.આર.ટી.પી. અધિનિયમ, હેઠળ નાના અને મોટા બંને પ્રકારનાધંધા અતિશય સરકારી નિયંત્રણહેઠળ હતું.ધંધાકીય એકમે કોઈપણ પ્રકારના કોર્પોરેટ પુનઃગઠન અથવા ખરીદીકરતા પહેલા સરકાર પાસેથી મંજૂરી લેવી ફરજિયાત હતી. આવી જટિલ પ્રક્રિયાઓ લીધે, ઘણી કંપનીઓને ટકી રહેવું મુશ્કેલ લાગ્યું. જેનાથી અંતિમ ગ્રાહકોને અસર થઈ.

2. **અસ્પષ્ટ કાયદો :**એમ.આર.ટી.પી. દ્વારા અધિનિયમની કલમ-2 (ઓ) એ ‘પ્રતિબંધિત વેપાર વ્યવહાર’ શબ્દની વ્યાખ્યા આપી છે, જેમાં એવી કોઈપણ પ્રવૃત્તિને આવરી લેવામાં આવી છે, જે પ્રતિસ્પર્ધાને અટકાવી વિકૃત અથવા પ્રતિબંધિત કરે છે. ત્યાં કોઈ વિશિષ્ટ જોગવાઈ નથી કે જેણે વિવિધ પ્રકારની વિરોધી સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓને નિર્ધારિત કરી હતી જેને કાયદા હેઠળ ગુના તરીકે ઓળખવામાં આવશે. વિરોધી સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ જેવી કે કાર્ટેલ, વર્ચસ્વનો દુરુપયોગ, કોલાબરેશન, ભાવ નિર્ધારણ વગેરે કયાંય વ્યાખ્યાયિત નથી. આમ તેના ક્ષેત્રમાં તમામ પ્રકારના સંભવિત ગુનાઓનો સમાવેશ કરે છે, જેના દ્વારા વિવિધ અદાલતો દ્વારા વિવિધ પ્રકારના અર્થઘટન થયા, જેના લીધે કાયદાના મૂળ સારને ગુમાવી દીધો હતો.

3. **નિયમ શાસનના બદલે નિયમ મુજબ :**નિયમ શાસન ના બદલે નિયમ મુજબ એમ.આર.ટી.પી.અધિનિયમ અંતર્ગત ૧૪ જેટલા ગુનાઓને ગેરકાયદેસર માનવામાં આવ્યા હતા. અને નિયમ શાસનના બદલે નિયમ મુજબ ટેલ્કો કેસમાં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે કલમ ૩૩ હેઠળની તમામ સૂચિબદ્ધ બાબતોને એમ.આર.ટી.પી. અધિનિયમ હેઠળ ગેરકાયદેસર ગણવામાં આવશે.

4. **સ્વ દીઠ ખરાબ :**એમ.આર.ટી.પી. અધિનિયમ હેઠળ, વર્ચસ્વને પોતાને ખરાબ માનવામાં આવતું હતું. પછી ભલે તેનો દુરુપયોગ કરે છે કે નહીં વર્ચસ્વ નક્કી કરવા માટે ગાણિતિક સૂત્ર હતું. એટલે કે તેવું ઉપક્રમ વસ્તુઓ અથવા સેવાઓના બજારમાં 25% અથવા તેનાથી વધુ નિયંત્રણ હોવું જોઇએ. જો કે, અહીં પકડ તે હતી કે જો કોઈ પેઢી કોઈ ચોક્કસ સમયે 20% અથવા 23% બજારહિસ્સો હસ્તગત કર્યો હોય. તેવું વર્ચસ્વ માનવામાં આવતું નહોતું.

5. **કોઈપણ કિંમતે નિકાસને પ્રોત્સાહન :**એમ.આર.ટી.પી. ની એક્ટની કલમ હેઠળ, જો કોઈ પરિયોજના ધંધાકીય એકમમાં ભવિષ્યમાં નિકાસની ઊંચી સંભાવના હોય તો તે કોઈ પણ સ્પર્ધા વિરોધીને ધ્યાનમાં લીધા વિના, કાયદા હેઠળ તેની તમામ અરજીઓને આંધળી મંજૂરી આપી શકે છે. નિકાસ પરના તેના વધુ પડતા દબાણને લીધે તે પ્રોજેક્ટમાં થતી બધી સંભવિત ખામીઓને અવગણે છે. ઘણા કેસોમાં તે નિકાસ દ્વારા મળેલા વિદેશી હૂંડીયામણ કરતાં વધુ ખર્ચાળ પડતો હતો.

6. **અપ્રચલિતતા :** નવી આર્થિક નીતિમાં ભારતને ખુલ્લુ અને વૈશ્વિક અર્થતંત્ર બનાવવા માટે સુધારણા કરવામાં આવી હતી, જેથી ભારતીય વેપાર બજાર ગતિશીલ બન્યું હતું. અને વિદેશી બહૂ રાષ્ટ્રીય કંપનીઓના ભારતીય બજારમાં પ્રવેશના લીધે ભારતીય કંપનીઓને બહૂરાષ્ટ્રીય કંપનીઓ સામે સ્પર્ધાત્મક ટકી રહેવા માટે સ્પર્ધાત્મક નીતિઓનું કાયદામાં સ્થાન આપવું જરૂરી બન્યું હતું. આવી નીતિઓ એમ.આર.ટી.પી. એક્ટ ન હોવાને કારણે એમ.આર.ટી.પી. એક્ટ અપ્રચલિત બન્યો હતો.

7. **વિદેશી પર અમલીનહીં** : એમ.આર.ટી.પી. એક્ટકોઈ વિદેશી કંપનીને લાગુ પડતો નહોતો, એટલે કે, તે ભારતની બહારના વ્યાવસાયિક ઉપક્રમો પર લાગુ થઈ શકતો નહીં. વિદેશી કંપનીના પ્રતિસ્પર્ધાવિરોધી વર્તનને ભારતીય બજારમાં નુકસાનકારક અસર પડતી હતી.આમ, જ્યારે આંતરરાષ્ટ્રીય કાર્ટેલ જેવી પ્રવૃત્તિઓની વાત આવે છે, ત્યારે એમ.આર.ટી.પી. એક્ટ અસરકારક ન હતો.

8. **ગુનાઓ માટે દંડ નહીં :**એમ.આર.ટી.પી. એક્ટની કલમ 12, એમ.આર.ટી.પી. કમિશનની સત્તાઓ અને કોઈપણ પ્રકારની પ્રતિસ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ યોજવાના કિસ્સામાં તે જારી કરી શકે તેવા ઓર્ડરના પ્રકારો સાથે કામ કરે છે. જોગવાઈના સ્પષ્ટ વાંચન પર આપણે અનુમાન લગાવી શકીએ કે કમિશન પાસે ડિફોલ્ટરો પર કઠોર પગલાં અથવા દંડ લાદવાની સત્તાનહોતી. તે વધુમાં વધુ કરી શકતો કે'બંધ કરો અને બંધ કરો' નો હુકમ આપવો, ઓર્ડર આપવો અથવા નજીવો દંડ વસૂલ કરવો.જેલની જોગવાઈહોવા છતાં ભાગ્યે જ લાગુ કરવામાં આવી હતી.

9. **ગ્રાહક સુરક્ષા અધિનિયમ :** (કન્ઝયુમર પ્રોટેક્શન એક્ટ) 1984માંસુધારા પછી યુટીપીથી ગ્રાહકોને સુરક્ષિત રાખવાના ઉદ્દેશ્ય સાથે કલમ 36-એ દાખલ કરવામાં આવી હતી. પરિણામે, કમિશન ટૂંક સમયમાં ખામીયુક્ત ચીજવસ્તુઓ અને અયોગ્ય સેવાઓ માટેની ગ્રાહકોની ફરિયાદોનેદફતરેકરી દે છે. જે ગ્રાહક સુરક્ષા કાયદામાં

પહેલેથી જ પૂરી પાડવામાં આવી હતી. ઉપભોક્તાઓને ગ્રાહક અદાલત અથવા એમ.આર.ટી.પી. કમિશનનો સંપર્ક કરવો કે કેમ તે બંને પાસે એક વિકલ્પ હતો, કારણ કે તે બંને એક સાથે અધિકારક્ષેત્ર ધરાવે છે. કમિશનનો મોટાભાગનો સમય ઉપભોક્તાના વિવાદોના નિવારણમાં વિતાવતો હતો, જયારે હકીકતમાં કમિશનની સ્થાપના કરાઈ તે મુખ્ય હેતુ સ્પર્ધા વિરોધી પ્રવૃત્તિઓનેનિયંત્રિત કરવાનો હતો. આ કેસોનો સંચયત્યારબાદ સીસીઆઈને (CCI) ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

આમ, તે સ્પષ્ટ હતું કે એમ.આર.ટી.પી.એક્ટ 1969 તે લક્ષ્યને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ ગયો. જેના માટે તે પ્રથમ સ્થાને બનાવવામાં આવ્યું હતું. કમિશન પાસે ઘણી સત્તાઓ નહોતી અને તે ગ્રાહકના કેસોમાં મોટાભાગે રોકાયેલા હતા. તદ્ઉપરાંત વિવિધ સુધારાઓને કારણે ઉદ્યોગપતિને સરકારને વધુ મજબૂત બનાવવાના બદલે ઈજારાશાહી અને પ્રતિસ્પર્ધી વિરોધી પ્રથાઓ પ્રત્યે ઉદારીકરણ આપ્યું.

### 8.2.6 નિષ્કર્ષ અને ભલામણો :

જયારે એમ.આર.ટી.પી. 1969ની કામગીરીમાં સમસ્યાઓ ઊભી થઈ ત્યારે નવી, સુધારેલી સ્પર્ધા કાયદાની નીતિની જરૂર ઊભી થઈ. જો કે, જે સવાલ ઊભો થયો તે હતો કે શું આપણે પોતે જ એમ.આર.ટી.પી. એક્ટમાં સુધારો કરવાની જરૂર છે અથવા એકસાથે નવો કાયદો બનાવવાની જરૂર છે. આ હેતુ માટે, ઘણી સમિતિઓની રચના કરવામાં આવી હતી. તેમાંથી સૌથી મહત્ત્વની કમિટી એસ.વી.એસ. રાઘવનની અધ્યક્ષતામાં રચાયેલી હતી.

**રાઘવન સમિતિનો અહેવાલ 1999:**

ભારતમાં સ્પર્ધા નીતિમાં ફેરફાર સૂચવવા સમિતિની રચના કરવામાં આવી હતી. તેણેનીચેની ભલામણો કરીહતી

- સીસીઆઈની સ્થાપના અને એમ.આર.ટી.પી.ની સમાપ્તિ, બાકી રહેલા એમ.આર.ટી.પી. કેસોને સીસીઆઈમાં સ્થાનાંતરિત કરવા.
- સરકારી ઈજારો, વિદેશી કંપનીઓને સ્પર્ધાના કાયદા હેઠળ લાવવા.
- મર્જરને સંચાલિત કરતી મર્યાદાઓ અને પ્રભુત્વના દુરુપયોગને અટકાવવા માટે નવા નિયમોની સ્થાપના કરવી.

**સ્પર્ધા કાયદો 2002ની અમલવારી :**

સ્પર્ધા કાયદો 2002ની જાહેરાત ભારતના તત્કાલીન નાણા પ્રધાન દ્વારા 1999ના તેમના બજેટ ભાષણમાં કરવામાં આવી હતી. નવા કાયદામાં જૂની એમ.આર.ટી.પી. દ્વારા ?માં રહેલીતમામ મોટી છટકબારીઓને આવરી લેવામાં આવી છે. સ્પર્ધા અધિનિયમ2002 મુખ્યત્વે આ પાસાઓ સાથે કામ કરે છે-

- વિરોધી-સ્પર્ધા કરાર
- પ્રભુત્વનો દુરુપયોગ
- કોલાબરેશનનિયમન
- સ્પર્ધાની હિમાયત

નવા કાયદામાં તમામ ફરિયાદોની નોંધણી માટે ભારતીય સ્પર્ધા પંચ (સીસીઆઈ) નામની અર્ધ-ન્યાયિક સંસ્થાની સ્થાપના અને સીસીઆઇના આદેશો સામે અપીલના કેસોની સુનાવણી માટે એક સ્પર્ધા અપીલ ટ્રિબ્યુનલ (સી.એમ.પી.એ.ટી)ની પણ જોગવાઈ કરવામાં આવી છે.

## 8.3 FEMA : Foreign Exchange Management Act. (વિદેશી વિનિમય સંચાલન અધિનિયમ) :

### 8.3.1 પ્રસ્તાવના :

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા બાહ્ય ચૂકવણીને પ્રોત્સાહન આપવા તથા સરહદ પારના વેપારને પ્રોત્સાહન આપવા માટે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) નામનો કાયદો ઘડવામાં આવ્યો. અગાઉના અધિનિયમ (વિદેશી વિનિમય નિયમન અધિનિયમ) ને બદલવા માટે 1999માં ફેમા (વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ)ની રજૂઆત કરવામાં આવી હતી. એફઆઈઆરએ (ફોરેન એક્સચેંજ રેગ્યુલેશન એક્ટ)ની બધી ખામીઓને દુર કરવા માટેફેમાની રચના કરવામાં આવી હતી અને તેથી ફેમા હેઠળ અનેક આર્થિક સુધારા (મોટા સુધારા ) રજૂ કરવામાં આવ્યા હતા. મૂળરૂપે ફેમાની રજૂઆત ભારતમાં બિન-નિયમિત કરવા અને ઉદાર અર્થતંત્ર રાખવા માટે કરવામાં આવી હતી.

➢ **ફેમા શું છે ?**

ફેમા, જેને વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વર્ષ 1999માં રજૂ કરવામાં આવ્યો હતો. આ અધિનિયમે એફઈઆરએ એટલે કેવિદેશી વિનિમય નિયમન અધિનિયમનું સ્થાન લીધું હતું.ફેમા 1 લી જૂન, 2002ના રોજ અમલમાં આવ્યો હતો. ફેરા ઉદારીકરણ પછી લાગુ કરવામાં આવેલી નીતિઓની આવશ્યકતાઓને પૂર્ણ કરતી ન હોવાથી ફેમા પસાર કરાયો હતો.ફેમાએ ફોજદારી ગુનાઓને બદલે અગાઉ નાગરિક અપરાધ તરીકે વિદેશી હૂંડિયામણને લગતા તમામ ગુનાઓ (અગાઉ એફઈઆરએના કિસ્સામાં લાગુ પડેલા) સિસ્ટમમાં અગ્રણી ફેરફારની રજૂઆત કરી હતી.

### 8.3.2 ફેમા (FEMA) ના ઉદ્દેશો

- ભારતમાં ફેમાની રજૂઆત કરવા માટેનો મુખ્ય ઉદ્દેશ બાહ્ય વેપાર અને ચૂકવણીની સુવિધા આપવાનો હતો. આ ઉપરાંત, ભારતીય ફોરેક્સ બજારના વ્યવસ્થિત વિકાસ અને જાળવણી માટે સહાય માટે પણ ફેમાની રચના કરવામાં આવી હતી. ફેમા ભારતમાં તમામ વિદેશી વિનિમય વ્યવહારો માટેની ઔપચારિકતાઓ અને કાર્યવાહીની રૂપરેખા આપે છે. આ વિદેશી વિનિમય વ્યવહારોને બે શ્રેણીમાંવર્ગીકૃત કરવામાં આવ્યા છે- મૂડી ખાતા વિનિમય અને ચાલુ ખાતા વિનિમય.
- ફેમા એક્ટ હેઠળ, બેલેન્સ ઓફ પેમેન્ટએ વિવિધ દેશોના નાગરિક વચ્ચે વસ્તુઓ, સેવાઓ અને સંપત્તિના વ્યવહારનો રેકોર્ડ છે. તે મુખ્યત્વે બે કેટેગરીમાં વહેંચાયેલું છે, એટલે કે મૂડી ખાતું અને ચાલુ ખાતું. મૂડી ખાતામાં મૂડી વ્યવહારો સામેલ હોય છે જયારે ચાલુ ખાતામાં વેપારીનો વેપાર સામેલ હોય છે.
- ચાલુ ખાતા વિનિમય એ તે વ્યવહારો છે કે જેમાં દેશોમાં એક વર્ષ દરમિયાન ચીજવસ્તુ, સેવા અને આવકના વેપારના કારણે નાણાંના પ્રવાહ અને આઉટફલોનો સમાવેશ થાય છે, ચાલુ ખાતું અર્થતંત્રની સ્થિતિનું સૂચક છે.
- લેણ-દેણ તુલાની સમતુલા ચાલુ અને મૂડી ખાતાનો સમાવેશ કરે છે. મૂડી ખાતામાં મૂડી પ્રાપ્તિઓ અને ખર્ચને કારણે અર્થતંત્રમાં મૂડીની ગતિ સામેલ છે. મૂડી ખાતું વિદેશી સંપત્તિમાં સ્થાનિક રોકાણ અને ઘરેલું વિદેશી રોકાણને માન્યતા આપે છે.

  ફેમા ભારતના તમામ ભાગો માટે લાગુ પડે છે અને વિદેશી વિનિમય સંસાધનોનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવા માટે મુખ્યત્વે ઘડવામાં આવ્યો હતો. તેવી ભારતની

બહાર આવેલી ઓફિસો અને એજન્સીઓમાં પણ એટલો જ લાગુ પડે છે. ભારતીય નાગરિક દ્વારા સંચાલિત અથવા તેની માલિકીની હોય. આનું મુખ્ય કાર્યાલય એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરીકે ઓળખાય છે અને તે દિલ્હી શહેરમાં આવેલું હોય છે.

**8.3.3 ફેમાની મુખ્ય લાક્ષણિકતાઓ :**

વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ, 1999ની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

1. ફેમા કેન્દ્ર સરકારને દેશની બહાર સ્થિત વ્યક્તિને ચૂકવણી કરવા અથવા તેમના દ્વારા નાણાં મેળવવા જેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાદવાની સત્તા આપે છે. આ સિવાય ફેમા દ્વારા વિદેશી વિનિમયની સાથે સાથે વિદેશી સુરક્ષાના સોદા પણ પ્રતિબંધિત છે.
2. વિદેશી સુરક્ષા અથવા વિદેશી વિનિમયસંબંધિત વ્યવહારોતેમજ કોઈ પણ વિદેશી દેશથી ભારતમાં કરવામાં આવતી ચૂકવણી ફેમાની વિશિષ્ટ અથવા સામાન્ય પરવાનગી વિના કરી શકાતી નથી. બધા વ્યવહારો તે વ્યક્તિ દ્વારા થવો આવશ્યક છે,ને તે માટે અધિકૃતતા મેળવી હોય.
3. કેન્દ્ર સરકાર કોઈ અધિકૃત વ્યક્તિને જાહેર હિસાબના આધારે ચાલુ ખાતામાં વિદેશી હૂંડિયામણના સોદા કરવા માટે પ્રતિબંધિત કરી શકે છે.
4. વિદેશી વિનિમયનું ખરીદ અથવા વેચાણ કોઈ અધિકૃત વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે, તેમ છતાં ફેમા એક્ટ, ભારતીય રિઝર્વ બેન્કને મૂડી ખાતાના વ્યવહારો પર વિવિધનિયંત્રણો મૂકવાની સત્તા આપે છે.
5. ફેમા અધિનિયમ હેઠળ, ભારતીય રહેવાસીઓઓને વિદેશી વિનિમય અને વિદેશી જામીનગીરીને લગતા વ્યવહારો કરવાની પરવાનગી પ્રાપ્ત થાય છે. અન્ય દેશમાં સ્થાવર મિલકત ધરાવવાની અથવા તેનો માલિકી અધિકાર પ્રાપ્ત કરવાની પણ આ અધિનિયમ હેઠળ મળે છે. જ્યારે તેઓ દેશની બહાર રહેતા અન્ય વ્યક્તિની મિલકત વારસામાં પ્રાપ્ત કરવાની પરવાનગી પણ આ અધિનિયમ હેઠળ હોય છે.
6. આ કાયદો દેશની બહાર રહેનારા (ભારતીય નાગરિક) પર લાગુ પડતોનથી.

**8.3.4 ફેમા ક્યાં ક્યાં લાગુ પડે ?**

- ભારતમાંથી કોઈપણ ખાદ્યપદાર્થો અને સેવાઓની નિકાસ, વિદેશી ચલણ (ભારતીય ચલણ સિવાયનું કોઈપણ ચલણ)
- વિદેશી વિનિમય
- ભારતની બહારથી વસ્તુઓ અને સેવાઓની આયાત.
- જાહેર દેવા અધિનિયમ 1994માં નિર્ધારિત જામીનગીરી.
- બેંકિંગ, નાણાકીય અને વીમા સેવાઓ
- કોઈપણ પ્રકારનું વેચાણ, ખરીદી અને વિનિમય (એટલે કે સ્થાનાંતરણ)
- કોઈપણ વિદેશી કંપની કે જેની માલિકી એનઆરઆઈ (બિન નિવાસી ભારતીય) દ્વારા 60% અથવા વધુહોય.
- ભારતનો કોઈપણ નાગરિક, દેશમાં અથવા બહાર રહેતો હોય (એનઆરઆઈ)

#### 8.3.5 ફેમા એક્ટ 1999ની મુખ્ય જોગવાઈઓ :

- ચાલુ ખાતા પર નિઃશુલ્ક વ્યવહાર પર લાદવામાં આવી શકે તેવા વાજબી પ્રતિબંધોને આધિન.
- મૂડી ખાતાના વ્યવહારો પર આર.બી.આઈ.નું નિયંત્રણ.
- અધિકૃત વેપારી દ્વારા અધિકૃત વ્યક્તિઓ દ્વારા વિદેશી વિનિમય વ્યવહાર.
- વિશેષ નિયામક (અપીલ્સ) સહિત અપીલની જોગવાઈ
- કોઈપણ વ્યક્તિ આર.બી.આઈ.ની કોઈ પૂર્વમંજૂરી વિના વિદેશી વિનિમય વેચી અથવા ઉપાડી શકે છે અને પછીથી આર.બી.આઈ.ને જાણ કરી શકે છે.
- એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પ્રકૃતિમાં વધુ તપાસ કરશે.
- ફેમાએ કેપિટલ એકાઉન્ટ રૂપાંતરણનીસંભાવનાને માન્યતા આપી.
- ફેમાનું ઉલ્લંઘન એ નાગરિક ગુનો છે.
- ફેમા નિયમો અથવા નિયંત્રણને બદલે મેનેજમેન્ટ સાથે વધુ સંબંધિત છે.
- ફેમા એ નિયમનકારી વ્યવસ્થાતંત્રછે, જે આર.બી.આઈ. અને કેન્દ્ર સરકારને ભારતની વિદેશ વેપાર નીતિને અનુરૂપ વિદેશી વિનિમય સંબંધિત નિયમો પસાર કરવા સક્ષમ બનાવે છે.

#### 8.3.6 નિષ્કર્ષ :

ફેમાની કલમ 3 મુજબ તમામ ચાલુ ખાતાના વ્યવહારો મફત છે. જો કે, કેન્દ્ર સરકાર કોઈપણ સમયે વિશેષ નિયમો જારી કરીને વાજબી સૂચનાઓ લાદી શકે છે. ફેમાની કલમ 6 મુજબ, કેપિટલ એકાઉન્ટ ટ્રાંઝેક્શન્સને (મૂડી ખાતા વિનિમયને) આર.બી.આઈ. દ્વારા તેના જારી કરેલા નિયમોમાં નિર્દિષ્ટ મર્યાદાસુધી જ મંજૂરી આપવામાં આવી છે. ફેમાના સેક્શન 10મુજબ આર.બી.આઈ.ની સંચાલનમાં નિયંત્રકની ભૂમિકા છે. જો કે આર.બી.આઈ. સીધા વિદેશી વિનિમય વ્યવહારને સંચાલિત કરી શકતી નથી અને આર.બી.આઈ. દ્વારા નિર્ધારિત નિર્દેશો અનુસાર કોઈ વ્યક્તિને તેની સાથે વ્યવહાર કરવા માટે અધિકૃત કરવું આવશ્યક છે. ફેમા પાસે આ ક્ષેત્રમાં વિવિધ અમલીકરણ, દંડ, ચુકાદો અને અપીલને જોગવાઈઓ પણ છે.

### 8.4 જરૂરિયાતની વસ્તુઓનો કાયદો(એસેન્સિયલ કોમોડિટીઝ એક્ટ)

#### 8.4.1 પ્રસ્તાવના :

આજકાલ દરેક વ્યક્તિનું જીવન કેટલીક આવશ્યક ચીજવસ્તુઓ પર આધારિત છે, જેનો ઉપયોગ રોજબરોજના જીવનમાં વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે. આ ચીજવસ્તુઓ સામાન્ય જીવન ટકાવી રાખવા માટેની મૂળભૂત આવશ્યકતાઓ છે. આમ, આવી ચીજવસ્તુઓની ઉપલબ્ધતા અને તેનો ભાવ સામાન્ય લોકોના જીવન પર અસર કરે છે. તેથી આ ઉત્પાદનોની કિંમત, ઉત્પાદન, માંગ અને પુરવઠાને નિયંત્રિત કરવા માટે ધ એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ, 1955 મુખ્ય ભૂમિકા ભજવે છે.

#### 8.4.2 કાયદાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

આ કાયદાનાં મૂળિયાં 1939ની સાલમાં શોધી શકાય છે, જયારે ભારત સરકારે વિશ્વયુદ્ધ દરમિયાન ભારત સંરક્ષણ અધિનિયમ, 1939હેઠળ અમુક ચોક્કસ ચીજવસ્તુઓના નિયંત્રણ માટે તેઓનાઉત્પાદન,પુરવઠો અને વિતરણ અંગેના નિયમો બનાવ્યા હતા. 1946માં આ

અધિનિયમનું અસ્તિત્વ ખતમ થઈગયું હતું. તેમ છતાં, એવું લાગ્યું કે સામાન્ય લોકોના હિતમાં કેટલીક આવશ્યક ચીજવસ્તુઓના રક્ષણ માટે અમુક નિયમો તાકીદે જરૂરી છે. તેથી, 1946માં આવશ્યક પુરવઠો વટહુકમ પસાર થયો, જે પછીથી આવશ્યક પુરવઠો અધિનિયમ, 1946 દ્વારા બદલી લેવામાં આવ્યો.

આ અધિનિયમની જોગવાઈઓ આગળ 1948 અને 1949માં સામાન્ય સભાના બે ઠરાવો દ્વારા વિસ્તૃત કરવામાં આવી હતી. સ્વતંત્રતા પછી, ત્રીજી બંધારણીય સુધારણા દ્વારા, પ્રથમ આવશ્યક કોમોડિટીઝ વટહુકમ પસાર કરવામાં આવ્યો, જેને પછીના અધિનિયમ, એસેન્શિયલ કોમોડિટીઝ અધિનિયમ, 1955(જરૂરિયાતની વસ્તુઓનો કાયદો- 1955) દ્વારા બદલવામાં આવ્યો.

### 8.4.3 કાયદાના ઉદ્દેશ્યો અને ક્ષેત્ર :

આ કાયદો સમગ્ર ભારતમાંઅમલમાંછે. ગ્રાહકોને આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતા અને અનૈતિક વેપારીઓના શોષણથી બચાવવા માટે આ કાયદો ઘડાયો હતો, તેથી આ કાયદો જરૂરી ચીજવસ્તુઓના ઉત્પાદન, ભાવો અને વિતરણના નિયમન અને નિયંત્રણને લગતા નિયમો પૂરા પાડે છે.

આ કાયદાના બે મુખ્ય ઉદ્દેશો છે :

1. આ આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જાળવવો અથવા વધારવો, અને
2. આ આવશ્યક ચીજવસ્તુઓની સમાન વિતરણ અને ઉપલબ્ધતા સુરક્ષિત કરવા.

### 8.4.4 મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાઓ :

- **જરૂરી ચીજવસ્તુ :**

એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ મુજબ જરૂરી ચીજવસ્તુઓનો અર્થ સૂચિમાં ઉલ્લેખિત કોઈપણ ચીજવસ્તુ છે. આમ, નીચેની 7ચીજવસ્તુઓ છે, જે સૂચિમાં ઉલ્લેખિત છે :

1. દવાઓ : (આનો ઉપયોગ ડ્રગ્સ અનેકોમોડિટીઝ અધિનિયમ 1940ના પરિચ્છેદ - 3ની કલમ બી હેઠળ નિર્ધારિત સમાન અર્થમાં થાય છે)
2. ખાતરો : કાર્બનિક, અકાર્બનિક અથવા મિશ્રિત
3. ખાદ્ય તેલ અને તેના બીજ સહિતના ખાદ્ય પદાર્થો
4. હાંક યાર્ન : કપાસથી સંપૂર્ણ રીતે બનાવવામાં આવે છે.
5. પેટ્રોલિયમઅને તેનાં ઉત્પાદનો
6. શણ (જ્યુટ) : કાચા અથવા કાપડના સ્વરૂપમાં હોય
7. બીજ : તે ફળો અને શાકભાજીના હોય, ઢોરના ઘાસચારાના હોય કે જ્યુટના

- **'કલેક્ટર'**

અધિનિયમ મુજબ, કલેક્ટર એટલે અધિકકલેક્ટર અથવા આવા અન્ય અધિકારી, પેટા વિભાગીય અધિકારીની કક્ષાથી નીચે નહીં, જે કલેક્ટર દ્વારા સત્તાધિકારી અને કાર્યો કરવા માટે કલેક્ટર દ્વારા અધિકૃત હોય.

- **'સૂચિત હુકમ'**

આનો અર્થ એ છે કે જેઓ રાજપત્ર(ગેઝેટ)માં સૂચિત છે.

- **'ખાંડ'**

એક્ટ મુજબ, ખાંડ શબ્દમાં કોઈપણ પ્રકારનો સમાવેશ થાય છે જેમાં સુગર કેન્ડી, ખંડસરી ખાંડ, બુરુ ખાંડ, કચડી ખાંડ, પાવડર સુગર અથવા ફેકટરી અથવા કાચા ઉત્પાદનની પ્રક્રિયામાં ખાંડનો સમાવેશ થાય છે. જેમાં સુગર કેન્ડી, ખંડસરી ખાંડ, નેવું ટકાથી વધુ સમાયેલ હોય છે.

### 8.4.5 આવશ્યક પુરવઠાની જાળવણી સંબંધિત કાયદા :

આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ, 1955 અંતર્ગત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગુનાઓને નિયંત્રિત કરવા માટે સરકારે 1980માં માર્કેટિંગ અને પુરવઠાની, પુરવઠાની જાળવણી નિવારણ અધિનિયમ અમલમાં મૂક્યો હતો. આ કાયદા હેઠળ કેન્દ્ર સરકારના અધિકારીઓને આ પ્રકારની સત્તા મળેલીછે. તેમજ રાજ્ય સરકાર તે અધિનિયમ, 1955ની કલમ 2હેઠળ નિર્ધારિત તે આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન, વિતરણ અને સપ્લાય, વેપાર અને વાણિજ્યને નિયંત્રિત કરવા માંગે છે. એક્ટમાં આ હુકમપસાર થાય છે અથવા અમલ કરે છે.

આવશ્યક ચીજવસ્તુઓ હેઠળ કેન્દ્ર સરકારની સત્તા (કલમ-3)

આ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર પાસે બે મહત્ત્વપૂર્ણ સત્તા છે.

1. **આવશ્યક ચીજવસ્તુને સૂચિત કરવાની સત્તાઃ** આ શક્તિ અંતર્ગત, કેન્દ્ર સરકાર સમયાંતરે કોઈ પણ ચીજવસ્તુને સામાન્ય લોકોના હિત માટેની સૂચિમાં ઉમેરેઅને દૂર કરે છે. જોકે, આવી સત્તાઓ અંગેની ચીજવસ્તુઓ કવાયતની છે, તે બંધારણની 7વી (7 ) સૂચિ 111 લિસ્ટની નોંધણી 33 હેઠળ હોવી જ જોઈએ.
2. **કંટ્રોલ ઓર્ડર આપવાની સત્તા(વિભાગ 3)ઃ** આ કાયદા હેઠળ, કેન્દ્ર સરકાર પાસે નિયંત્રણ ઓર્ડર જારી કરવાની સત્તા છે. આવા હુકમો નીચેના સંજોગોમાં સુનિશ્ચિત થયેલ આવશ્યક ચીજવસ્તુઓના નિયમન અને નિષેધ માટે પૂરા પાડે છે.

જયારે સરકારને લાગે છે કે સામાન્ય લોકોની તરફેણમાં કરવું જરૂરીઅને હિતાવહ છે.

જયારે તેમને બજારમાં આ ચીજવસ્તુઓની સમાન વિતરણ અને ઉપલબ્ધતા સુરક્ષિત કરવી પડશે.

જયારે તેઓએ ભારતના સંરક્ષણ માટે કોઈ ચોક્કસ ચીજવસ્તુ સુરક્ષિત કરવી પડશે.

**હુકમ પસારકરવાના ઉદ્દેશ્યો :**

- લાઈસન્સ, પરવાનગી અથવા અન્યથા દ્વારા નિયમન માટે
- કોઈપણ જમીન અથવા ખેતીલાયક જમીનના વાવેતર હેઠળ લાવવા માટે
- કોઈપણ આવશ્યક ચીજવસ્તુની ખરીદી અને વેચાણના ભાવને નિયંત્રિત કરવા માટે
- પ્રવેશ, શોધ પરીક્ષણ, કોઈપણ જરૂરી ચીજવસ્તુઓની જપ્તી નક્કી કરવા માટે
- કોઈ પણ વ્યક્તિને પ્રવૃત્તિઓકરવાની આવશ્યકતા માટે
- કોઈપણ વર્ગના વ્યાવસાયિક અને નાણાકીય વ્યવહારોને નિયંત્રિત કરવા અથવા પ્રતિબંધિત કરવા

**આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955 (વિભાગ 3 (3) હેઠળ ભાવ નિયંત્રણ)**

જયારેકોઈપણ વ્યક્તિ વિભાગ 3 હેઠળના હુકમના પાલન માટે કોઈપણ આવશ્યક

ચીજવસ્તુનું વેચાણ કરે છે, ત્યારે આવશ્યક ચીજવસ્તુઓની કિંમત આ પ્રમાણે નિર્ધારિત કરવામાં આવશે.

**સંમત કિંમત** - જયારે હિતધારકોપહેલેથી જ આ વિભાગ હેઠળ નિર્ધારિત નિયંત્રિત ભાવ પર સંમત થયા છે.

**નિયંત્રિત કિંમત –** જયારે આ પ્રકારનો કોઈ કરાર થઈ શકતો નથી, ત્યારે નિયંત્રિત કિંમતના સંદર્ભમાં કિંમતની ગણતરી કરવામાં આવે છે.

**બજાર કિંમત** - જયાં ઉપરના બંને ભાવ લાગુ થતા નથી, તો પછી કિંમત સ્થાનિકવિસ્તારમાંપ્રવર્તતા સરેરાશ બજાર ભાવઅનુસાર ગણવામાં આવે છે.

વિભાગ 3 અંતર્ગતકટોકટી દરમિયાન આવશ્યક ચીજવસ્તુઓની કિંમત નક્કીકરવામાં આવે છે.

કટોકટીની સ્થિતિને નિયંત્રણમાં રાખવી જરૂરી લાગે છે ત્યારે કેન્દ્ર સરકાર કોઈ પણ વિસ્તારના કોઈ પણ ખાદ્ય પદાર્થના વેચાણના ભાવ અંગે જાહેરનામું બહાર પાડી શકે છે.

આવી ખાદ્ય સામગ્રીની કિંમત નીચેના નિયમ મુજબ નક્કી કરવામાં આવશે.

- જો ખાદ્ય પદાર્થો સતત નિયંત્રિત ભાવની શ્રેણી હેઠળ આવે છે અને હિતધારકો તેના પર પહેલેથી જ સંમત થયા છે, તો તે કરાર મુજબ કિંમતની ગણતરી કરવામાં આવે છે.
- જો ખાદ્ય પદાર્થોને સંબંધિત એવો કોઈ કરાર ન થઈ શકે તો નિયંત્રિત ભાવના સંદર્ભમાં કિંમતની ગણતરી કરવામાં આવે છે.
- જયારે પરિસ્થિતિ એવી હોય કે શરત 1 અને 2 લાગુ પડતી નથી, ત્યારે આવા ખાદ્ય પદાર્થોની કિંમત સ્થાનિક વિસ્તારમાં પ્રવર્તતા સરેરાશ બજાર ભાવ અનુસાર ગણવામાં આવે છે.

આ કલમ હેઠળ જારી કરાયેલ દર ફક્ત 3 મહિના માટે અમલમાં રહેશે.

પ્રાપ્તિ ભાવની ચૂકવણી (વિભાગ 3 બી)

જયારે કોઈપણ ખાદ્ય પાકના ભાવ અંગે ઉપરોકત સૂચના બહાર પાડવામાં આવતી નથી, ત્યારે ખાદ્ય તેલીબિયાં અથવા ખાદ્યતેલોના ભાવ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખ્યા પછી નક્કી કરવામાં આવશે.

- નિયંત્રિત ભાવ, આ કાયદા હેઠળ નિયત ભાવ અથવા અન્ય કોઈ કાયદા માટે અથવા ખાદ્ય પાક, તેલીબિયાં અથવા ખાદ્યતેલના અમલ માટે અમલમાં છે.
- સામાન્ય પાકની સંભાવનાઓ, આવા ગ્રેડ અથવા વિવિધતાની જરૂરિયાત
- કૃષિ ભાવ પંચની ભલામણ.
- નિર્માતાને ચૂકવણી કરવા માટે ખાંડની કિંમત નક્કી કરવી (વિભાગ 3 સી)
- અધિકૃત નિયંત્રકની નિમણૂક કરવાની સત્તા (વિભાગ -3 (4)
- રાજ્ય સરકાર પર ફરજો લાદવી (વિભાગ -4)
- સત્તાની સોંપણી (વિભાગ –5) કેન્દ્ર સરકારનો અથવા કોઈપણ અધિકારી રાજ્ય સરકારનો કોઈપણ અધિકારીને સૂચિત આદેશ જારી કરીને હુકમ આપવા અને સૂચનાઓ બહાર પાડવાનીસત્તા સોંપશે.

આમ વિવિધ વિભાગો દ્વારા આ કાયદાનો અમલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા પૂરોકરવામાં આવે છે. આમ, એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ, 1955એ દેશના એક મહત્ત્વપૂર્ણ કાયદોછે, જે સામાન્ય લોકોના હિતના રક્ષણ માટે લાગુ પડે છે. આ કાયદા હેઠળ, કેન્દ્ર સરકાર પાસે આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન અને પુરવઠાને નિયંત્રિત કરવા માટે વિશાળ શક્તિઓ ધરાવે છે. આ કાયદા હેઠળ, કેન્દ્ર સરકારેસૂચિતકરેલી આવશ્યક ચીજવસ્તુઓના ભાવને નિયંત્રિત કરે છે. જે બજારને જાળવવા માટે જરૂરી છે.

છેલ્લા આર્થિક સર્વેક્ષણમાં આ કાયદાને હટાવવાનો કેસ કરવામાં આવ્યો હતો, કારણ કે દેશમાં અતિરિક્ત ખાદ્ય ચીજો હોવાને કારણે વધુ નુકસાન થયું છે. આ કાયદાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે અને મોટે ભાગે કિંમતોમાં વધારો થાય છે.

### 8.4.6 એક્ટમાં સુધારા 2020 :

એસેન્શિયલ કોમોડિટીઝ એમેન્ડમેન્ટ વટહુકમ2020માં બહાર પાડવામાં આવ્યો હતો. તે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955માં સુધારો કરે છે. આ કાયદો કેન્દ્ર સરકારને અમુક ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા, વિતરણ, વેપાર અને વાણિજ્યને નિયંત્રિત કરવાની સત્તા આપે છે. વટહુકમનો ઉદ્દેશકૃષિ ક્ષેત્રે સ્પર્ધા વધારવાનો અને ખેડૂતોની આવક વધારવાનો છે. ગ્રાહકોના હિતોનું રક્ષણ કરતી વખતે નિયમનકારી તંત્રને વધાર ઉદાર બનાવવાનું લક્ષ્ય છે.

➢ **ખાદ્ય ચીજોનું નિયમન :** આ કાયદો કેન્દ્ર સરકારને કેટલીક ચીજવસ્તુઓ (જેમ કે, ખાદ્ય ચીજો, ખાતરો અને પેટ્રોલિયમ ઉત્પાદનો)ને જરૂરી ચીજવસ્તુઓ તરીકે નિયુક્ત કરવાનોઅધિકારઆપે છે. કેન્દ્ર સરકાર આવી આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા, વિતરણ, વેપાર અને વાણિજ્યને નિયંત્રિત અથવા પ્રતિબંધિત કરી શકે છે. વટહુકમની જોગવાઈ છે કે કેન્દ્ર સરકાર ફક્ત અસાધારણ સંજોગોમાં અનાજ, કઠોળ, બટાટા, ડુંગળી, ખાદ્ય તેલીબિયાં અને તેલો સહિતની ખાદ્ય ચીજોનાપુરવઠાનું સપ્લાયનું નિયમન કરી શકે છે. આમાં સામેલ છેઃ (i)યુદ્ધ (ii)દુકાળ (iii)અસાધારણ ભાવવધારો અને (iv)ગંભીર કુદરતી આફત.

➢ **સ્ટોક મર્યાદાનો અમલ :** આ કાયદો કેન્દ્ર સરકારને આવશ્યક ચીજવસ્તુઓના સ્ટોકને કોઈવ્યક્તિ કેટલા પ્રમાણમાંરાખી શકે તે નિયંત્રિત કરવાની અધિકારઆપે છે. વટહુકમની જરૂરિયાત છે કે અમુક ચોક્કસ વસ્તુઓ પર કોઈ સ્ટોક મર્યાદા લાદવી તે ભાવવધારા પર આધારિત હોવી જોઈએ. સ્ટોક મર્યાદા ફક્ત ત્યારે જ લાદવામાં આવી શકે છે : (i) બાગાયતી પેદાશોની છૂટક ભાવમા 100% વધારો અને (ii)ઝડપથી બગડી જતાંકૃષિ પેદાશોનીવસ્તુઓના છૂટક ભાવમાં 50% વધારો. આ વૃદ્ધિની ગણતરી તાત્કાલિક બાર મહિના પહેલાના પ્રવર્તમાન ભાવો અથવા છેલ્લા પાંચ વર્ષના સરેરાશ છૂટક ભાવ, જે પણ ઓછી હશે તેના આધારે કરવામાં આવશે.

➢ **વટહુકમની જોગવાઈ છે કે કોઈ વ્યક્તિની પાસેનો સ્ટોક આ કરતાં ઓછો હોય તો કૃષિ પેદાશોપર પ્રક્રિયા કરનારાઅથવા મૂલ્ય સાંકળસહભાગીને કોઈ સ્ટોક મર્યાદા લાગુ થશે નહીં :** (i) પ્રક્રિયા કરવાની સ્થાપિત ક્ષમતાની એકંદર ટોચમર્યાદા, અથવા (ii) નિકાસની માંગ, નિકાસકારનો કેસ, મૂલ્ય સાંકળતા સહભાગીનો અર્થ એ છે કે કૃષિ પેદાશોની પ્રક્રિયા, પેકેજિંગ, સંગ્રહ, પરિવહન અને વિતરણના કોઈપણ તબક્કે ઉત્પાદનમાં અથવા મૂલ્યના વધારામાં સંકળાયેલાવ્યક્તિ.

➢ **જાહેર વિતરણ પ્રણાલીનો અમલ :** ખાદ્ય પદાર્થોના નિયમન અને સ્ટોક મર્યાદાના

અમલીકરણ અંગેના વટહુકમની જોગવાઈઓ જાહેર વિતરણ પ્રણાલીને લગતા કોઈપણ સરકારી આદેશને લાગુ પડશે નહીં. આ પ્રણાલી હેઠળ સરકાર દ્વારા અધિકૃત વ્યક્તિઓ દ્વારાઅનાજનું વિતરણ કરવામાં આવે છે.

## 8.5 સ્વાધ્યાય

- **સૈદ્ધાંતિક પ્રશ્નો :**

૧. ભારતની આયાત-નિકાસ નીતિ વિશે વિસ્તૃત માહિતી આપો.

2. MRTP (Monopolistic Restrictive Trade Practices) કાયદા વિશે નોંધ લખો.

3. FEMA(વિદેશી વિનિમય સંચાલન અધિનિયમ) એટલે શું ? તેના ઉદ્દેશ્યો, લાક્ષણિકતાઓ અને મુખ્ય જોગવાઈઓ જણાવો.

૪. જરૂરિયાતની વસ્તુનો કાયદા વિશે નોંધ લખો.

- **બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. એક્ઝિમ પોલિસીને લગતી બાબતોમાં —————————એ મુખ્ય સંચાલક મંડળ છે.

   અ. ડીજીએફટી (ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ)

   બ. વિદેશ મંત્રી

   ક. નાણાં મંત્રી

   ડ. મુખ્યમંત્રી

2. આયોજનકાળ દરમિયાન અપનાવાયેલી આયાત નીતિના મુખ્ય સાધનો ...........છે.

   અ. આયાત નિયંત્રણો　　બ. આયાત અવેજીકરણ

   ક. આયાત ઉદારીકરણ　　ડ. ઉપરના તમામ

3. ભારતની છેલ્લી આયાત-નિકાસ (વિદેશ વેપાર) નીતિ ક્યારે ઘડવામાં આવી ?

   અ. 2, એપ્રિલ, 2015　　બ. 2, એપ્રિલ, 1991

   ક. 1,એપ્રિલ, 1991　　ડ. 2, એપ્રિલ 2017

4. MRTP નું પૂરું નામ ——————છે.

   અ. MONOPOLISTIC REAPRANGE TRADE PRACTICES

   બ. MONOPOLISTIC RESTRICTIVE TRADE PRACTICES

   ક. MORGAN RESTRICTIVE TRADE PRACTICES

   ડ. ઉપરમાંથી કોઈ નહીં.

5. એમ.આર.ટી.પી. દ્વારા ? ——————રોજ અમલમાં આવ્યો.

   અ. 1,જૂન 1965ના　　બ. 1,જૂન 1969ના

   ક. 1,જૂન 1970ના　　ડ. 1,જૂન 1971ના

6. MRTP એક્ટ ની જગ્યાએ કયો અધિનિયમ લાગુ કરવામાં આવ્યો છે ?

   અ. CCI　　બ. MRTPC

   ક. FERA　　ડ. FEMA

7. એફઈઆરએ (ફોરેન એક્સચેંજ રેગ્યુલેશન એક્ટ) ની બધી ખામીઓને ભરવા માટે કયા અધિનિયમની રચના કરવામાં આવી હતી ?

    અ. MRTPC　　　બ. FEMA

    ક. CCI　　　ડ. ઉપરમાંથી કોઈ નહીં

8. ફેમાનું મુખ્ય કાર્યાલય કયા નામથી ઓળખાય છે?

    અ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ　　　બ. સૂચના અધિકારી

    ક. વિદેશી વિનિમય　　　ડ. ઉપરના કોઈ નહીં

9. ધ એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ કયા વર્ષમાં ઘડવામાં આવ્યો?

    અ. 1955　　　બ. 1999

    ક. 1991　　　ડ. 2020

10. જરૂરિયાતની વસ્તુના કાયદાના મુખ્ય ઉદ્દેશ્યો કયા છે ?

    અ. આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જાળવવો અથવા વધારવો

    બ. આવશ્યક ચીજવસ્તુઓની સમાન વિતરણ અને ઉપલબ્ધતા સુરક્ષિત કરવા.

    ક. (અ) અને (બ) બન્ને

    ડ. ઉપરના કોઈ નહીં

| **પ્રશ્ન** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જવાબ** | અ | ડ | અ | બ | ક | અ | બ | અ | અ | ક |

# એકમ : 9 સીધું વિદેશી રોકાણ (FDI)અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII)

: રૂપરેખા :


9.1 પ્રસ્તાવના

9.2 અર્થ-વિદેશી રોકાણ

9.3 વિદેશી રોકાણના પ્રકાર

1. FDI
2. FII
3. FPT

9.4 મહત્ત્વ

9.5 ભારતમાં (FDI)ને અસર કરતાં પરિબળો

9.6 ભારતમાં સીધું વિદેશી રોકાણ (FDI)

9.7 સારાંશ

9.8 સ્વાધ્યાય


## 9.1 પ્રસ્તાવના :

ભારતીય અર્થતંત્રમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અસંખ્ય પરિબળો વિકાસની ટ્રેનનાં પાટા બને છે જેમાંથી =, વિદેશી રોકાણ નામનું પરિબળ અત્યંત મહત્ત્વનો ટ્રેનનો પાટો છે.જે પાટા પરથી વિવિધ વિકાસની ટ્રેન જેવી કે FDI, FPT, FII વગેરે એમના સફરની શરૂઆત કરે છે. વિદેશી રોકાણ એ એક ચાવીરૂપ પરિબળ છે, જેની મદદથી ભારત વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્રમાં નિર્માણ થઈ શકે છે.

## 9.2 વિદેશી રોકાણનો અર્થ:

દરેક વિકાશશીલ દેશમાં મોટામાં મોટું નાણાકીય બિન-ધિરાણ સંસાધન એટલે વિદેશી રોકાણ ઘણી આંતરરાષ્ટ્રીય કંપનીઓ કે જે ભારતમાં રોકાણ કરે છે. તે કરમુક્તિ સસ્તા વેતન વગેરેનો લાભ લેવાનું પસંદ કરે છે. ભારતમાં વિદેશી રોકાણના પ્રવાહને કારણે ભારતમાં કેટલાક ઉદ્યોગોને પ્રવેશ મળી શકશે.

ભારત સરકારે સુનિશ્ચિત કર્યુ છે કે દેશમાં નીતિઓ અને વ્યાવસાયિક વાતાવરણ મજબૂત છે અને વિદેશી કંપનીઓની તરફેણમાં છે તેથી વિદેશી ખેલાડીઓએ પણ ભારતના ઉદ્યોગોમાં સ્પષ્ટ વિશ્વાસ દર્શાવ્યો છે. ઉપરાંત સરકાર દ્વારા લેવામાં આવેલી ઘણી પહેલ કરવામાં આવી છે જેણે PSU ઓઇલ રિફાઈનરીઓ, સંરક્ષણ પાવર એકરોજન, ટેલિકોમ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં વિદેશી ધોરણોને છૂટછાટ આપી હતી.

## 9.3 વિદેશી રોકાણના પ્રકાર:

વિદેશી રોકાણના મુખ્યત્વે પ્રકાર નીચે મુજબ છે:-

1. સીધું વિદેશી રોકાણ (FDI)

2. વિદેશી સંસ્થાકીય રોકાણ (FII)
3. લાયક વિદેશી રોકાણ (QFI)
4. વિદેશી પોર્ટફોલિયો રોકાણ (FPI)

**1) સીધું વિદેશી રોકાણ [FOREIGN DIRECT INVESTMENT]**

વિદેશી સીધું રોકાણ ત્યારે થાય છે,જ્યારે કોઈ વિદેશી કંપની અથવા વ્યક્તિ ભારતમાં કોઈ રોકાણ કરે છે, જેમાં બનેનો સમાવેશ થાય છે.

- ➢ નવા વ્યાવસાયિક કામગીરી માટે (Green field FDI)
- ➢ અસ્તિત્વમાનો ભારતીય કંપનીનાં હિતોને નિયંત્રિત કરવા સહિતના વ્યાવસાયિક સંપત્તિ પ્રાપ્ત કરવી.(Brown field FDI)

  સીધું વિદેશી રોકાણ (FDI)) એ વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) થી અલગ પડે છે. એ અર્થમાં કે તે લાંબા ગાળાના સંબંધો સ્થાપિત કરે છે. અને કંપનીના નિર્ણય લેવા પર નોંધપાત્ર નિયંત્રણ સામેલ છે.
- ➢ જયારે વિદેશી કંપનીઓ અથવા વ્યક્તિઓ ભારતમાં રોકાણ કરે છે. ત્યારે એને આંતરિક સીધું વિદેશી રોકાણ (Inward FDI) કહે છે.
- ➢ બાહ્ય સીધું વિદેશી રોકાણ(Outward FDI) એટલે જયારે ભારતીય કંપનીઓ અથવા વ્યક્તિઓ વિદેશી દેશોમાં રોકાણ કરે છે.

કંપની અધિનિયમ-૨૦૧,૨૦૧૩ મુજબ જો વિદેશી રોકાણકાર બિસ્ટેડ કંપનીમાં ૧૦% થી વધુ શેર ધરાવે છે.તો તે સીધા વિદેશી રોકાણ (FDI) તરીકે ગણવામાં આવશે.

**2) વિદેશી સંસ્થાકીય રોકાણ [Foreign Institutional Investment-FII]**

જયારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય કંપનીનાં શેરમાં અથવા ભારતીય કંપની દ્વારા ઓફર કરેલા બોન્ડમાં રોકાણ કરે છે તેથી જો વિદેશી રોકાણકાર રિલાયન્સમાં શેર ખરીદે છે, તોત તે વિદેશી સંસ્થાકીય રોકાણ છે.

ફક્ત સંસ્થાકીય રોકાણકારોએ જેમકે ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ, વીમા ભંડોળ વગેરેને ભારતીય શેરબજારમાં સીધા જ રોકાણ કરવાની મંજૂરી છે,તેથી શબ્દ વિદેશી સંસ્થાકીય રોકાણકારનો ઉપયોગ કરવામાં આવ્યો છે આ રોકાણકારોએ સેબી પાસેથી લાઈસન્સ લેવાનું રહેશે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોને "Hot Money" તરીકે પણ ઓળખવામાં આવે છે.કારણ કે તે પ્રકૃતિમાં સ્થિર નથી વિદેશી સંસ્થાકીય રોકાણકાર રાતોરાત દેશના શેર બજાર/ બોન્ડ બજારમાંથી પૈસા ખેંચી શકે છે.

**3) લાયક વિદેશી રોકાણ [Qualified Foreign Investment]**

લાયક વિદેશી રોકાણ એ વિદેશી વ્યક્તિઓ વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) સાથેના પેટા ખાતાઓ વિના સિધા ભારતના બજારોમાં રોકાણ કરી શકતા નથી ?

વિકસિત રૂપે લાયક વિદેશી રોકાણ ને વર્ષ 2002 માં રજૂ કરવામાં આવ્યું હતું એક લાયક વિદેશી રોકાણકાર સબ-એકાઉન્ટ વિના ભારતમાં રોકાણ કરી શકે છે. જો કે તેઓએ ભારતમાં ડિપોઝીટરી સહભાગી સાથે ડિમેટ ખાતું તથા વેપાર ખાતું ખોલાવું પડશે.

લાયક વિદેશી રોકાણકાર (QFT)એક વ્યક્તિ જુથ અથવા કોઈ સંગઠન હોઈ શકે છે,

જે વિદેશના રહેવાસી હોવાં જોઈએ તેથી જે મુજબ ફાઈનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF)ના ધોરણોનું પાલન કરે છે. આ ઉપરાંત લાયક વિદેશી રોકાણ(QFT) આંતરરાષ્ટ્રીય સંગઠન સિક્યુરિટીઝ કમિશનના બહુ પક્ષીય મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગના સહી કરનાર હોવા આવશ્યક છે.(MOU)

**4) વિદેશી પોર્ટફોલિયો રોકાણ [Foreign portfolio Investment]**

ભારતીય સંદર્ભમાં, વિદેશી સંસ્થાકીય રોકાણ (FII-સાથેનાં સબ-એકાઉન્ટસ સાથે) અને લાયક વિદેશી રોકાણ (QFI) ને સામૂહિક રોતે વિદેશી પોર્ટફોલિયો રોકાણો (FPI) તરીકે વગીકૃત કરી શકાય છે.

**નોંધ :** FDI ની બાહ્ય વિગત વગેરે દેશોનાં ચુકવણીનું સંતુલનના મૂડી ખાતામાં પ્રતિબિંબ થાય છે.

## 9.4 સીધા વિદેશી રોકાણનું મહત્ત્વ (FDI)

૧.રોજગાર અને આર્થિક વિકાસમાં વધારો

૨. માનવ સંસાધનનો વિકાસ

૩. પછાત વિસ્તારોનો વિકાસ

૪. નાણા અને તકનીકીની જોગવાઈ

૫. નિકાસમાં વધારો

૬. વિનિમય દર સ્થિરતા

૭. આર્થિક વિકાસની ઉત્તેજના

૮. સુધારેલ મૂડી પ્રવાહ

૯. સ્પર્ધાત્મક બજાર બનાવવું

**1. રોજગાર અને આથીક વિકાસમાં વધારો:-**

સીધા વિદેશી રોકાણનો સૌથી સ્પષ્ટ લાભ નોકરીની તકો ઊભી કરવી છે.રાષ્ટ્ર ખાસ કરીને વિકાસશીલ દેશ સીધું વિદેશી રોકાણને આકર્ષિત કરવા માટે કેવી રીતે આગળ વધે છે.તે સૌથી મહત્ત્વપૂર્ણ છે.વધેલી એફડીઆઈ (FDI) ઉત્પાદન તેમજ સેવા ક્ષેત્રને વેગ આપે છે.અને આ બદલામાં રાજગારીનું સર્જન કરે છે. દેશમાં શિક્ષિત યુવાનો તેમજ કુશળ અને અકુશળ મજૂર વચ્ચે બેરોજગારી ઘટાડવામાં મદદ કરે છે.વધેલી રોજગારી એ વધેલી આવકનો અનુવાદ કરે છે, અને વસ્તીને ઉન્નત ખરીદી શક્તિથી સજ્જ કરે છે.આ દેશની અર્થવ્યવસ્થાને વેગ આપે છે.

**2. માનવ સંસાધનનો વિકાસ:-**

એફડીઆઈ (FDI)નાં ઓછા સ્પષ્ટ ફાયદાઓ માંથી એક માનવ સંસાધનનો વિકાસ છે, માનવ મૂડીએ કર્મચારીઓનાં જ્ઞાન અને યોગ્યતાનો સંદર્ભ આપે છે.તાલીમ અને અનુભવ દ્વારા કુશળતા પ્રાપ્ત અને વિસ્તૃત થઈ. દેશનાં શિક્ષણ અને માનવ મૂડીના ભાગને ઉત્તેજન આપે છે.

**3. પછાત વિસ્તારોનો વિકાસ:-**

વિકાસશીલ દેશ માટે સીધા વિદેશી રોકાણ(FDI)નો આ સૌથી નિર્ણાયક ફાયદો છે. FDI દેશનાં પછાત વિસ્તારોના ઔદ્યોગિક કેન્દ્રોમાં પરિવર્તનને સક્ષમ કરે છે. આ

બદલામાં વિસ્તારની સામાજિક અર્થવ્યવવસ્થાને વેગ આપે છે. ભારતમાં તમિલનાડુના શ્રીપરબુદુમાં હ્યુન્ડાઈ એકમ આ પ્રક્રિયાની ઉદાહરણ આપે છે.

**4. નાણાકીય અને તકનીકીની જોગવાઈ:-**

પ્રાપ્તકર્તા વ્યવસાયોને વિશ્વભરના નવીનતમ નાણાકીય સાધનો તકનીકીઓ અને ઓપરેશનલ પ્રથાઓને વેગ મળે છે. સમય જતા નવી ઉન્નત તકનીકો અને પ્રક્રિયાઓની રજૂઆત સ્થાનિક અર્થતંત્રમાં તેમના ફેલાવોમાં પરિણમે છે, પરિણામે ઉદ્યોગની કાર્યક્ષમતા અને અસરકારકતામાં વધારો થાય છે.

**5. નિકાસમાં વધારો:-**

સીધા વિદેશી રોકાણ (FDI) દ્વારા ઉત્પન્ન થયેલાં તમામ માલ-સમાન ઘરેલું વપરાશ માટે નથી.આમાંના ઘણાં ઉત્પાદનોના વૈશ્વિક બજારો છે.૧૦૦% નિકાસલક્ષી એકમો અને આથીક ક્ષેત્રનાં નિર્માણથી એફડીઆઈ રોકાણકારોને અન્ય દેશોમાંથી તેમની નિકાસ વધારવામાં વધુ મદદ મળી છે.

**6. વિનિમય દર સ્થિરતા:-**

દેશમાં સીધાવિદેશી રોકાણનો સતત પ્રવાહ વિદેશી વિનિમયના ભાષાંતર કરે છે.આનાથી દેશની સેન્ટ્રલ બેંક વિદેશી વિનિમયની આરામદાયક અનામત જાળવવામાં મદદ કરે છે.આ બદલામાં સ્થિર વિનિમય દરની ખાતરી કરે છે.

**7. આર્થિક વિકાસની ઉત્તેજના:-**

એફડીઆઈ(FDI)એ દેશ માટે બાહ્ય મૂડી અને ઊચી આવકનો સ્ત્રોત છે.જયારે ફેક્ટરીઓ બનાવવામાં આવે છે,ત્યારે ઓછામાં ઓછા કેટલાંક સ્થાનિક મજુર, સામગ્રી અને સાધનોનાં ઉપયોગ કરવામાં આવે છે.એકવાર બાંધકામ પૂર્ણ થઇ ગયા પછી ફેકટરી કેટલાક સ્થાનિક કર્મચારીઓને રોજગારી આપશે અને આગળ સ્થાનિક સામગ્રી અને સેવાઓનો ઉપયોગ કરશે આવી કારખાનાઓ દ્વારા રોજગારી મેળવતા લોકો પાસે ખર્ચ કરવાં માટે વધુ પૈસા હોય છે.આનાથી વધુ રોજગારી ઊભી થાય છે. આ કારખાનાઓ સરકાર માટે વધારાની વેરાની આવક પણ બનાવશે, જેને શારીરિક અને નાણાકીય માળખાકીય સુવિધાઓ બનાવવા અને તેમાં સુધારણા કરવામાં આવશે.

**8. સુધારેલ મૂડીપ્રવાહ:-**


માર્યાદિત સ્થાનિક સંસાધનો ધરાવતાંદેશો માટે તેમજ વૈશ્વિક મૂડી બજારોમાં ભંડોળ ઊભું કરવાની માર્યાદિત તાકોવાળા દેશો માટે મૂડીનો પ્રવાહ ખાસ કરીને ફાયદાકારક છે.

**9. સ્પર્ધાત્મક બજાર બનાવવું:-**

ઘરેલું બજારોમાં વિદેશીમાં સંગઠનોનાં પ્રવેશને સુવિધા દ્વારા એફડીઆઈ(FDI) એક સ્પર્ધાત્મક વાતાવરણ બનાવવામાં મદદ કરે છે,સાથે સાથે સ્થાનિક ઈજારોને તોડવામાં પણ મદદ કરે છે.તંદુરસ્ત સ્પર્ધાત્મક વાતવરણ તેમની પ્રક્રિયાઓ અને ઉત્પાદનને સતત વધારવા માટે કંપનીઓને દબાણ કરે છે,ત્યાં નવીનતાને પ્રોત્સાહન આપે છે. ગાહકો સ્પર્ધાત્મક કિમંતવાળા ઉત્પાદનોની વિશાળ શ્રેણીમાં પણ પ્રવેશ મેળવે છે.

## 9.5 ભારતમાં FDIને અસર કરતાં પરિબળો:-

ભારતમાં સીધા વિદેશી રોકાણ(FDI)ને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે.




**a) વેતનદર:-**

મલ્ટીનેશનલને વિદેશમાં રોકાણ છે કે ઓછા વેતનવાળા દેશોમાં મંજૂર -ઉત્પાદન ઉત્પાદનનું આઉટસોર્સ કરવું દા.ત. જો યુ.એસમાં સરેરાશ વેતન એક કલાકના $15 ડોલર છે.તો ઉત્પાદનને આઉટસોર્સિંગ દ્વારા ઘટાડો શકાય છે.આ જ કારણે અનેક પશ્ચિમી કંપનીઓએ ભારતીય ઉપખંડમાં કાપડની ફેકટરીઓમાં રોકાણ કર્યું છે.

**b) મજુર કુશળતા:-**

કેટલાક ઉદ્યોગોને ઉચ્ચ કુશળ મજુરની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે ફાર્માસ્યુટિકલ અને ઈલેક્ટ્રોનિક્સ તેથી બહુરાષ્ટ્રીય તે દેશોમાં ઓછા વેતન,પરંતુ ઉચ્ચ મજુર ઉત્પાદકતા અને કુશળતાના જોડાણ સાથે રોકાણ કરશે.

**C) કર દર:-**

ગુગલ અને માઈક્રોસોફ્ટ જેવા મોટા મલ્ટીનેશનલ નિગમનાં ઓછા કરદર ધરાવતાં દેશોમાં રોકાણ કરવાની માંગ કરી રહ્યા છે.

**D) પરિવહન અને માળખાકીય સુવિધા:-**

રોકાણની ઈચ્છનીયતામાં એક મુખ્ય પરિબળ એ પરિવહન ખર્ચ અને માળખાગત સુવિધાઓ છે.દેશમાં મંજુર ખર્ચ ઓછો હોઈ શકે છે,પરંતુ જો વિશ્વ બજારમાં માલ મેળવવા માટે ત્યાં પરિવહન ખર્ચની વધુ કિંમત હોય તો આ એક ખામી છે.

**E) અર્થતંત્રનું કદ:-**

વિદેશી સીધાં રોકાણને આકર્ષિત કરવા માટે સામેલ દેશને માલ વેચાવવું લક્ષ્યાંક રાખવામાં આવે છે.તેથી રોકાણ આકર્ષવા માટે વસ્તીનું કળા અને આર્થિક વિકાસ માટેનો અવકાશ મહત્ત્વપૂર્ણ રહેશે.

**F) રાજકીય સ્થિરતા:-**

સીધાં વિદેશી રોકાણમાં જોખમનું તત્વ હોય છે.અનિશ્ચિત રાજકીય પરિસ્થિતિ ધરાવતા દેશો એક મોટી વિખવાદી હશે.ઉપરાંત, આર્થિક સંકટ રોકાણને નિરાશા કરી શકે છે,રાજકીય સ્થિરતા સાથે સંબંધિત ભ્રષ્ટાચાર અને સંસ્થાઓ, ખાસ કરીને ન્યાયતંત્ર અને કાયદો તથા વ્યવસ્થાની મર્યાદામાં વિશ્વાસનું સ્તર છે.

**G) ચીજવસ્તુઓનું અસ્તિત્વ:-**

વિદેશી રોકાણનું એક અસર કરતુ પરિબળ ચીજવસ્તુઓનું અસ્તિત્વ છે.આફ્રિકામાં

FDIમાં વૃદ્ધિ મુખ્ય કારણ-ઘણીવાર ચીની કંપનીઓ દ્વારા ચીજવસ્તુઓનાં સુરક્ષિત પુરવઠાની શોધ કરવામાં આવે છે.

**H) વિનિમય દર:-**

યજમાન દેશનો નબળો વિનિમયદર વધુ (FDI)એફડીઆઈને આકર્ષિત કરી શકે છે.કારણકે તે બહુરાષ્ટ્રીય સંપત્તિ ખરીદવા માટે સસ્તી હશે.જો કે વિનિમય દરમાં થતી અસ્થિરતા રોકાણને નિરાશ કરી શકે છે.

## 9.6 ભારતમાં સીધું વિદેશી રોકાણ:-

જયારે ભારત વિશ્વનો સૌથી ઝડપથી વિકસતી અર્થ વ્યવસ્થામાંનું એક છે, તે પણ સીધાં વિદેશી રોકાણો માટે ટોચનું સ્થાન બનીને ઊભરી આવ્યું છે.ભારતમાં રોકાણ કરવાં માટે વિકસતી વૈશ્વિક પસંદગીમાં વિકસિત વૈશ્વિક પસંદગીનાં કેટલાંક મુખ્ય પ્રવાહો એ એક મોટો ગ્રાહક આધાર વધતી નિકાલ યોગ્ય આવક અને વ્યવસાયમાં સરળતા માટે સુધારણાત્મક સૂચકાંક છે.

ખરેખર વિદેશી સીધાં રોકાણોએ દેશની અર્થવ્યવસ્થાનાં મહત્ત્વપૂર્ણ ડ્રાઈવર છે,કારણકે તે રોજગાર બજાર, તકનીકી વગેરેને વેગ આપે છે અને દેવું વિનાના નાણાકીય સંસાધનો સમજી ચુકી છે. તદુપરાંત વિદેશી રોકાણકારો, માટે કરમુક્તિ અને સ્વયંચલિત મૂળ દેશમાં રોકાણ માટે આકર્ષક લોલચ આપે છે. પરિણામે, છેલ્લાં દાયકામાં ભારતમાં એફડીઆઈનાં પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૭માં દેશનાં તમામ ક્ષેત્રમાં સીધાં વિદેશી રોકાણોનું મૂલ્ય ક્ષેત્રોમાં સીધાં વિદેશી રોકાણોનું મૂલ્ય આશરે ૪૩ અબજ યુ.એસ.ડોલરનું હતું. નાણાકીય વર્ષ 2019 માટે મહત્તમ હિસ્સો FDIનાં પ્રવાહનો 460 અબજ ભારતીય રૂપિયો જેટલો ફકત સેવાક્ષેત્રનો છે, જેનાં પછી કમ્પ્યૂટર સોફ્ટવેર અને હાર્ડવેર અને ટ્રેડીંગ સેક્ટર આવે છે.

એકંદરે દેશમાં ૨૦૧૮થી ૨૦૧૯ની વચ્ચે અત્યાર સુધીમાં સૌથી વધુ એફડીઆઈનો પ્રવાહ રહેલો છે. જે 44 મિલિયન યુ.એસ.ડોલર રહ્યો છે.જેમાંથી સીંગાપોર ટોચનાં રોકાણકારોમાંનો એક છે. 2019 વર્ષમાં સિંગાપોરથી એક ટ્રીલીયન રૂપિયા, ત્યારબાદ મોરેશિયન દ્વારા આશરે 571 અબજ રૂપિયા અને નેધરલેન્ડ્સમાંથી 270 અબજ રૂપિયાનું રોકાણ ભારતમાં FDI દ્વારા થયું છે.

રોકાણની પ્રક્રિયામાં વિવિધ નીતિ અને નાણાકીય સુધારા દ્વારા 2020 વર્ષ સુધીમાં 100 અબજ યુ.એસ.ડોલરનાં મૂલ્યનાં એફડીઆઈનાં લક્ષ્ય સુધી પહોચાડાવા તરફ ભારત સક્રિય રીતે કામ કરી રહ્યું છે.વર્ષ 2019માં FDIનાં પ્રવાહ માટે ભારતે ટોચનાં 20 યજમાન અર્થતંત્રમાં સ્થાન મેળવ્યું હતું.નાણાકીય વર્ષ ૨૦૧૮માં વૈશ્વિક FDIનાં લગભગ ૫૦૦ અબજ ડોલરથી વધુની આવક થાય છે.

ભારતીય કંપનીઓ દ્વારા કરવામાં આવતાં વિદેશી રોકાણોમાં તેલુ અને પ્રાકૃતિક ગેસ ક્ષેત્રે લગભગ ૧૮ દેશોમાં કેટલાક મુખ્ય રોકાણો સાથે સારી કામગીરી બજાવી છે.હકીકતમાં વર્ષ 2016માં, યુનાઈટેડ કિંગડમ (UK) એ જાહેરાત કરી હતી કે ભારત તેમનાં માટેનો અગાઉનાં નાણાકીય વર્ષમાં FDIનો ત્રીજો સૌથી મોટો સ્રોત બની ગયો છે, કારણકે ભારતમાંથી રોકાણોમાં લગભગ ૬૫ ટકાનો વધારો થયો છે.

વર્ષ 2000-01 થી વર્ષ 2019-20 સુધીનો FDI પ્રવાહ નીચે મુજબનાં ટેબલ પરથી જાણી શકાય છે.

**ભારતમાં નાણાકીય વર્ષ મુજબ FDIનાં પ્રવાહ**

| SR.NO. | નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ) | FDI નાં પ્રવાહની રકમ | |
|---|---|---|---|
| | | કરોડ રૂપિયામાં | યુ.એસ.ડોલર |
| 1 | 2000-01 | 10,733 | 2,463 |
| 2 | 2001-02 | 18,654 | 4,065 |
| 3 | 2002-03 | 12,871 | 2,705 |
| 4 | 2003-04 | 10,064 | 2,188 |
| 5 | 2004-05 | 14,653 | 3,219 |
| 6 | 2005-06 | 24,584 | 5,540 |
| 7 | 2006-07 | 56,390 | 12,492 |
| 8 | 2007-08 | 98,642 | 24,575 |
| 9 | 2008-09 | 1,42,829 | 31,396 |
| 10 | 2009-10 | 1,23,120 | 25,834 |
| 11 | 2010-11 | 97,320 | 21,383 |
| 12 | 2011-12 | 1,65,146 | 35,121 |
| 13 | 2012-13 | 1,21,907 | 22,423 |
| 14 | 2013-14 | 1,47,518 | 24,299 |
| 15 | 2014-15 | 1,81,682 | 40,001 |
| 16 | 2015-16 | 2,62,322 | 43,478 |
| 17 | 2016-17 | 2,91,696 | 44,857 |
| 18 | 2017-18# | 2,88,889 | 44,366 |
| 19 | 2018-19# | 3,09,867 | 36,769 |
| 20 | 2019-20#( ડીસેમ્બર,૨૦૧૯ સુધી) | 2,58,009 | 36,769 |
| કુલ (2000-2019 ડીસેમ્બર સુધી) | | 26,36,896 | 4,56,911 |
| નોંધ:- વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૧૮-૧૯ ની વિગતો પ્રોવિઝનલ જાહેર કરવામાં આવેલ છે.RBI દ્વારા | | | |

## 9.7 ભારતમાં FDIનાં વિશિષ્ટ ખ્યાલ તરીકેનું ચિત્ર-પરિચય :-

- **FDIનો વિશિષ્ટ ખ્યાલ :**

સીધુ વિદેશી રોકાણ (FDI-Foreign Direct Invest) એ એક દેશની પેઢી કે વ્યક્તિ દ્વારા બીજા દેશમાં સ્થિત વ્યવસાયિક હિતમાં કરવામાં આવતું રોકાણ છે. સામાન્ય રિટે જયારે રોકાણકાર વિદેશી વ્યવસાયિક કામગીરી સ્થાપિત કરે છે અથવા વિદેશી કંપનીમાં વિદેશી વ્યવસાયિક સંપતિ પ્રાપ્ત કરે છે ત્યારે FDI થાય છે. જોકે FDIને પોર્ટફોલિયોના રોકાણોથી અલગ પાડવામાં આવે છે. જેમાં કોઈ રોકાણકાર ફક્ત વિદેશી આધારિત કંપની ઓની ઇક્વિટી ખરીદે છે. વિદેશી સીધા રોકાણો સામાન્ય રિતે ખુલ્લા અર્થતંત્રમાં કરવામાં આવે છે. કે જે સપ્લાઈથી નિયમન કરેલા અર્થતંત્રનાં વિરોધમાં કુશળ કર્મચારીઓ અને રોકાણકારો માટે

સરેરાશથી ઉપરન ની વૃદ્ધિની સંભાવના આપે છે. સીધા વિદેશી રોકાણમાં હંમેશા મૂડી રોકાણો સિવાયનો સમાવેશ થાય છે, તેના મેનેજમેન્ટ અથવા તકનીકીની જોગવાઈઓ સામેલ હોઈ શકે છે. વિદેશી સીધા રોકાણની મુખ્ય લાક્ષણિકતા એ છે કે તે વિદેશી વ્યવસાયનાં નિર્ણય લેવા પર અસરકારક નિયંત્રણ અથવા ઓછામાં ઓછું નોંધપાત્ર પ્રભાવ સ્થાપિત કરે છે.

Bureau of Economic Analysis (BEA) જે સીધા વિદેશી રોકાણકારો દ્વારા યુ.એસ.નાં વ્યવસાયો પરનાં ખર્ચને નજરમાં રાખે છે. તેણે 2019નાં અંતે યુ.એસ. બીઝનેસમાં 46 ટ્રિલિયન ડોલરની કુલ FDI નોંધવી હતી.

- **ભારતમાં FDIની શક્યતાઓ :**

આર્થિક વિકાસના નિર્ણાયક ચાલક હોવા ઉપરાંત વિદેશી સીધા મૂડીરોકાણ (FDI) એ ભારતના આર્થિક વિકાસ માટે એક “બિન-દેવું નાણાકીય” સંસાધન છે. વિદેશી કંપનીઓ પ્રમાણમાં ઓછા વેતનનો લાભ લેવા ભારતમાં મૂડીરોકાણ કરે છે. ખાસ રોકાણ વિશેઅધિકારો જેવા કે કરમુકિત વગેરે વિદેશી રોકાણ કરવામાં આવે છે, તેવા દેશ માટે તેનો અર્થ તકનીકી જાણકારી મેળવવી અને રોજગારી ઉભી કરવાનો પણ છે.

ભારત સરકારની અનુકૂળ નીતિ શાસન અને મજબૂત વેપાર વાતાવરણ સુનિશ્ચિત કર્યું છે કે વિદેશી મૂડી દેશમાં વહેતી રહે છે. સરકારે તાજેત્રના વર્ષોમાં સંરક્ષણ PSU ઓઈલ રિફાઈનરીઓ, ટેલિકોમ, પાવર, એક્સચેન્જ અને સ્ટોક એક્સચેન્જ જેવા ક્ષેત્રોમાં FDI નાં ધોરણો આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (DPITI) નાં જણાવ્યા અનુસાર એપ્રિલ 2000 અને સપ્ટેમ્બર 2020 ની વચ્ચે ભારતમાં FDI ઈક્વિટીનો પ્રવાહ 500.12 અબજ યુ.એસ. ડોલર રહ્યો હતો, જે દર્શાવે છે કે વેપાર કરવામાં સરળતા અને FDI નાં કડક નિયંત્રણોમાં આરામ લાવવાના સરકારનાં પ્રયત્નોનું પરિણામ આવ્યું છે.

ભારતમાં FDI Equity (ઈક્વિટી)નો પ્રવાહ 2020-21 (એપ્રિલ 2020 અને સપ્ટેમ્બર 2020 ની વચ્ચે) માં ૩૦ અબજ યુએસ ડોલર રહ્યો હતો. હાર્ડવેર અને સોફ્ટવેર સેક્ટરમાં સૌથી વધુ FDI ઈક્વિટીનું પ્રમાણ 17.55 અબજ યુએસ ડોલર હતું. ત્યાર બાદ સર્વિસ સેક્ટર 2.25 અબજ યુએસ ડોલર અને કેમિકલમાં 437 અબજ યુએસ ડોલરનો વેપાર કરે છે.

વર્ષ 2020-21માં ભારતે સિંગાપોર, યુએસ, દાય્મેન આઈસલેન્ડ, મોરેશિયસ, નેધરલેન્ડ અને યુકે તરફથી FDIનો મહત્તમ પ્રવાહ મેળવ્યો.

- **FDIનું ભારતમાં ચિત્રપરિચય :**

  સૌ પ્રથમ ભારતમાં તાજેતરમાં FDI અને નોંધપાત્ર જાહેરાતો કરવામાં આવી છે. જે સ્પષ્ટ FDIની જોગવાઈઓનું ચિત્ર દર્શાવે છે.

- ➢ નાણાકીય વર્ષ 2021ના બીજા ક્વાટરમાં કુળ FDIનો પ્રવાહ 28.10 અબજ યુ.એસ. ડોલર હતો. જેમાંથી ઈક્વિટીનો પ્રવાહ 23.44 અબજ યુ.એસ. ડોલરનો હતો. એપ્રિલ 2020થી સપ્ટેમ્બર 2020ની વચ્ચે FDI નાં ઈક્વિટીના પ્રવાહમાં ૩૦ અબજ યુ.એસ. ડોલરનો વધારો થયો છે.
- ➢ નવેમ્બર 2020માં કેન્દ્રિય કેબિનેટ દ્વારા ATC ટેલિકોમ ઈન્ફ્રા પ્રા.લિ. માં રૂ. 2,480 કરોડનાં વિદેશી સીધા મૂડીરોકાણને મંજૂરી આપવામાં આવી હતી.
- ➢ નવેમ્બર 2020માં એમેઝોન વેલ સર્વિસીસ (ALOs) એ ભૂવિધ દેતા સેન્ટર સ્થાપવા માટે તેલંગાણામાં 2.77 અબજ યુ.એસ. ડોલરનાં રોકાણની જાહેરાત કરી. આ રાજ્યનાં ઈતિહાસમાં સૌથી મોટી FDI છે.

- એપ્રિલ 2020થી સરકારને 120 થી પણ વધારે FDIની દરખાસ્તો મળી છે. ચીન તરફથી રૂ. 12,000 કરોડની FDI મળે છે. એપ્રિલ 2000 અને સપ્ટેમ્બર 2020 ની વચ્ચે ભારતને ચીન તરફથી 2.43 અબજ કરોડની FDI મળી હતી.
- રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા આપવમાં આવેલા આંકડા મુજબ, ઈક્વિટી લોન અને ગેરેંટી ઈસ્યુમાં ભારતનું આઉટવર્ડ FDIનવેમ્બર 2020માં 1.06 અબજ યુ.એસ. ડોલર અને ઓકટોબર 2020માં 3.51 અબજ યુ.એસ. ડોલર, ડિસેમ્બર 2020માં ઉત્તર પ્રદેશ સરકારે મોબાઈલ અને આઈટી ડિસ્પ્લે પ્રોડક્ટ મેનુંફેક્ચરીંગ યુનિટ સ્થાપવા માટે સેમસંગ ડિસ્પ્લે પ્રા.લિ. નોઇડા ને વિશેષ પ્રોત્સાહન આપવાની સંમતિ આપી હતી. ઈલેક્ટ્રોનિક ઘટકો અને સેમીક્નડકટર્સ (IPECS) નાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની યોજના હેઠળ સેમસંગને રૂ. 4.60 કરોડ આપવામાં આવ્યા.

ડિસેમ્બર 2020માં ડાયરેક્ટર-ટુ-હોમ (DTH) સેવાઓની જોગવાઈનાં માર્ગદર્શિકામાં ફેરફારને કેન્દ્રિત કેબિનેટ દ્વારા મંજુરી આપવામાં આવી છે. જેનાથી DTH પ્રસારણ સેવાઓ બજારમાં ૧૦૦% FDI મેળવવા સક્ષમ છે.

ઓકટોબર 2020માં PLI યોજના હેઠળ 16 લાયકાત ધરાવતા અરજદારોને ઈલેક્ટ્રોનિકસઅને માહિતી તકનીકી મંત્રાલય (Meity) દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

મેગ્નેટિક મહારાષ્ટ્ર 2.0 હેઠળ રાજ્ય એ પ્લગ અને પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મહા-પરવાના, મહાજોબ, ઈન્વેસ્ટર, ફસ્ટ પ્રોગ્રામ, એમઆઈડીસી લેન્ડ બેંકો અને ડેડીકેટેડ કેન્દરી ડેક્સ જેવી મહત્ત્વની તકોને રોકાણમાં પ્રોત્સાહન આપવાનું અમલમાં આવેલ છે.

CII અને EY ના અહેવાલમાં જણાવાયું છે કે 2020સુધીમાં ભારત પ્રતિવર્ષ 120 થી 160 અબજ યુ.એસ. ડોલરનાં FDIને આકર્ષિત કરે તેવી અપેક્ષા છે. પાછલા 10 વર્ષમાં દેશમાં જીડીપી માં 6.8% નો વધારો જોવાયો હતો અને FDIમાં 1.8% ની વૃદ્ધિ સાથે આ GDPમાં વધારો થયો છે.

## 9.7 સારાંશ

ભારતીય અર્થતંત્રમાં પ્રત્યેક્ષ અને પરોક્ષ રીતે વિદેશી રોકાણ દેશના વિકાસ માટે અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે.ભારતમાં વિદેશી વ્યક્તિ,જૂથ કે સંસ્થા દ્વારા કરવામાં આવે છે.વિદેશી રોકાણ મુખ્યત્વે સીધાં વિદેશી રોકાણ(FDI) અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) સ્વરૂપે કરવામાં આવે છે.ભારતમાં વિદેશી સીધાં રોકાણ(FDI)ને અસર કરતા મુખ્ય પરિબળોમાં વેતન દર, કર દર,રાજકીય સ્થિરતા,ચીજવસ્તુઓનું અસ્તિત્વ,વિનિમય દર, માળખાગત, સુવિધાઓ, મજુર કુશવતા વગેરેનો સમાવેશ થાય છે.

## 9.8 સ્વાધ્યાય:-

૧. વિદેશી રોકાણ એટલે શું? તેનાં પ્રકાર સમજાવો.

૨. ટૂંકનોંધ લખો.- સીધાં વિદેશી રોકાણ (FDI)

૩. સીધાં વિદેશી રોકાણનું મહત્ત્વ સમજાવો.

૪. ભારતમાં સીધાં વિદેશી રોકાણને અસર કરતાં પરિબળો સમજાવો.

**MCQ**

૧. FDI નું પૂર્ણ સ્વરૂપ ____________.

A) Foreign Direct Interest B) Foreign Direct Investment

C) Foreign Disinvestment Interest D) એક પણ નહિ

૨. FII એટલે _________

A) વિદેશી સંસ્થાકીય રોકાણ B) સીધું વિદેશી રોકાણ

C) લાયક વિદેશી રોકાણ D) એક પણ નહિ

૩. QFI પૂર્ણ સ્વરૂપ _________

A) Qualified foreign Investment B) Quarter foreign Institution

C) Qualified four Institution D) Qualified four Investment

૪. નીચેનામાંથી કયું સીધું વિદેશી રોકાણનું સ્વરૂપ નથી.

A) Greenfield B) Brownfield

C) Ontward D) Interestfield

૫. ________ને Hot Money તરીકે ઓળખવામાં આવે છે.

A) વિદેશી સંસ્થાકીય રોકાણ B) લાયક વિદેશી રોકાણ

C) સીધું વિદેશી રોકાણ D) વિદેશી પોર્ટફોલિયો રોકાણ

૬. જયારે વિદેશી કંપનીઓ અથવા વ્યક્તિઓ ભારતમાં રોકાણ કરે છે,ત્યારે તેને _____કહે છે.

A) ગ્રીનફિલ્ડ એફ.ડી.આઈ. B) બ્રાઉનફિલ્ડ એફ.ડી.આઈ.

C) આઉટવર્ડ એફ.ડી.આઈ. D) ઇનવર્ડ એફ.ડી.આઈ.

૭. કંપની અધિનિયમન -201,2013 મુજબ જો વિદેશી રોકાણકાર લિમિટેડ કંપનીમાં ______ટકાથી વધુ શેર ધરાવે છે, તો તે સીધી વિદેશી રોકાણ કહેવાય.

A) 9 B) 10

C) 11 D) 12

૮. FII અને QFI ને સામૂહિક રીતે ________ તરીકે વગીકૃત કરવામાં આવે છે.

A) FDI B) FQI

C) FPI D) FCI

૯. FPI પૂર્ણ સ્વરૂપ _______

A) Foreignportfolio Investment B) Foreign part Investment

C) Foreign portfolio Institution D) Foreign private Investment

૧૦. નીચેનામાંથી કયું પરિબળ FDI ને ભારતમાં અસર કરતુ નથી.

A) અર્થતંત્રનું કદ B) કર દર

C) વેતન દર D) બાળજારણદર

**MCQs ના જવાબ**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| B | A | A | D | A | D | B | C | A | D |

# એકમ : 10 આંતરરાષ્ટ્રીય સંગઠનો અને આંતરરાષ્ટ્રીય વેપાર પર્યાવરણ

## : રૂપરેખા :


1. વિશ્વ વેપાર સંગઠન (World Trade Organisation)

1.1 પ્રસ્તાવના

1.2 જકાત અને વેપાર અંગેના સામાન્ય કરાર

1.3 વિશ્વ વેપાર સંગઠન

1.4 વિશ્વ વેપાર સંગઠન અને જકાત તથા વેપારના સામાન્ય કરાર અંગે તફાવત

1.5 વિશ્વ વેપાર સંગઠનના સિદ્ધાંતો

1.6 વિશ્વ વેપાર સંગઠનના હેતુઓ

1.7 વિશ્વ વેપાર સંગઠનના કાર્યો

1.8 વિશ્વ વેપાર સંગઠનની વહીવટી વ્યવસ્થા

1.9 ઉરુગ્વે રાઉન્ડની મુખ્ય વિશિષ્ટતાઓ

1.10 ભારત અને વિશ્વ વેપાર સંગઠન

1.11 વિશ્વ વેપાર સંગઠનની બેઠકો

2. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (International Monetary Fund (IMF)

2.1 પ્રસ્તાવના

2.2 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના

2.3 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું વહીવટી માળખું

2.4 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના ઉદ્દેશો

2.5 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના કાર્યક્ષેત્ર

2.6 નાણાં ભંડોળના નાણાકીય સાધનો

2.7 નાણાં ભંડોળના કાર્યો

2.8 નાણાં ભંડોળની કામગીરીનું મૂલ્યાંકન

2.9 નાણાં ભંડોળ અને ભારત

3. વિશ્વ બેંક (World Bank)

3.1 વિશ્વ બેંકના ઉદ્દેશો

3.2 વિશ્વ બેંકનું વહીવટી માળખું

3.3 વિશ્વ બેંકની મૂડી

3.4 વિશ્વ બેંકના કાર્યો

3.5 ભારત અને વિશ્વ બેંક

**4.** **ગેટ**

**4.1** **ગેટનો ઉદ્દ્ભવ**

**4.2** **ગેટના હેતુઓ અને ધ્યેયો**

**4.3** **વ્યાપક અપવાદો**

**4.4** **ગેટની સમીક્ષા**

**5.** **એશિયન વિકાસ બેંક (Asian Development Bank) (ADB)**

**5.1** **એશિયન વિકાસ બેંકના ઉદ્દેશો**

**5.2** **એશિયન વિકાસ બેંકનું માળખું / પ્રવૃત્તિ**

**5.3** **બેંકના મુખ્ય આદેશો**

**5.4** **બેંકનું સંચાલન**

**5.5** **એશિયન વિકાસ બેંકનું સ્ટાફ**

**5.6** **આંકડાકીય વર્ક પ્રોગ્રામ**

**6.** **SAARC**

**6.1** **સાર્કના હેતુઓ**

**6.2** **સાર્કના સિદ્ધાંતો**

**6.3** **સાર્કનું માળખું**

**6.4** **સાર્કના સહકારના ક્ષેત્રો**

**6.5** **સાર્ક સમિટ**

**6.6** **સાર્ક વિશેષ સંસ્થાઓ**

**6.7** **અન્ય સમિતિઓ**

**7.** **સ્વાધ્યાય**

---

## (1) વિશ્વ વેપાર સંગઠન :-

### 1.1 પ્રસ્તાવના :

બીજા વિશ્વ યુદ્ધ બાદ અનેક દેશો પર યુદ્ધને કારણે વિપરીત અસરો ઊભી થઈ. તેથી યુદ્ધને કારણે વૈશ્વિક અર્થતંત્ર પડી ભાંગ્યુંજેની વિપરીત અસરો દૂર કરવા તથા તેની પુનઃરચના કરી આર્થિક વૃદ્ધિનું સુમેળ ભર્યું વાતાવરણ ઊંભું કરવા સાથે – સાથે આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા ઘણા બધા દેશોએ ખૂબ જ વિચાર- વિમર્શ કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપ 1946 માં જિનિવા ખાતે 23 દેશોએ જકાત અને વેપાર અંગેની સામાન્ય સમજૂતી(General Agreement on Tariff and Trade- GATT) ગેટ પર હસ્તાક્ષર કર્યા અને તે કાર્યકામ રીતે અમલમાં 1 જાન્યુઆરી 1948 આવ્યું. આમ આ રીતે આ કરાર કરે જે " ગેટ " (GATT) ના નામ ઉપરથી ઓળખાય છે. તે અસ્તિત્વમાં આવ્યું.

ભારત આ સમજૂતી કે કરારનું શરૂઆતથી જ એક સ્થાપક સભ્ય રહ્યું છે. જેમ જેમ સમય પ્રસાર થયો આ સંસ્થાની સભ્ય સંખ્યા વધતી ગઈ અને 1994માં 108 દેશો તેના સભ્ય હતા, જે સંખ્યા 2005ના વર્ષના પ્રારંભે વધીને 148 જેટલી થઈ હતી.

## 1.2 જકાત અને વેપાર અંગેના સામાન્ય કરાર (ગેટ) :

ગેટની રચનાનો ઉદ્દેશ્ય બીજા વિશ્વ યુદ્ધને લીધે વૈવિશ્વક અર્થતંત્ર પર થયેલી નકારાત્મક અસર દૂર કરવા અને 1929-30ની વૈશ્વિક આર્થિક મંદીના સમય દરમ્યિાન જુદા-જુદા દેશો વચ્ચેના" જકાત યુદ્ધ " ના અનુભવને લક્ષમાં લઈને કરવામાં આવી હતી. કોઈપણ દેશ માટે મુક્ત વેપાર એ " ઈષ્ટતમ પરિસ્થિતિ " નથી. એનું કારણ એ છે કે વિવિધ દેશો વેપાર અર્થે વિવિધ રીતે જકાત નાખે છે. જેના પરિણામ સ્વરૂપ વિશ્વ વેપાર સંકોચાય છે."જકાતયુદ્ધ" આરંભ થાય છે. તેના લીધે વિશ્વ વેપાર અર્થે દેશોની પરિસ્થિતિમાં વિવિધ સમસ્યા ઊભી થાય છે.

- આ ઉપરાંત જો એક વખત જયારે વેપારનું ઓછું પ્રમાણ અને ઉંચી જકાતની સમતૂલા અસ્તિત્વમાં આવે છે. ત્યારે કોઈપણ દેશ જકાતમાં ઘટાડો કરવા તૈયાર થતું નથી.

  આમ ગેટની સ્થાપના માટેનું શુદ્ધ આર્થિક તર્ક હતું કે કોઈ વ્યકિતગત સંસ્થા દરેક દેશ માટે અસરકાર હોઈ શકે, જે તમામ જકાત અંગેના નિયમન અને અમલીકરણ માટે ઉદ્દભવે. આથી વિશ્વ વેપારમાં વૃદ્ધિ કરવા ગેટ જેવી અનિવાર્ય છે. અને તેથી વિશ્વ વેપાર સંગઠન જેવી સંસ્થા આવશ્યક છે.

  જકાત અને વેપાર અંગેના સામાન્ય કરાર અને તે અન્વયે થયેલા વાટાઘાટોના રાઉન્ડ :

- સભ્ય દેશો વચ્ચે તબક્કાવાર જકાતદર તથા વેપાર પરનાં નિયંત્રણમાં ઘટાડો કરવાની જોગવાઈ કરવી.
- આ હેતુસર પ્રસ્તુત થયેલ કરાર અન્વયે બહુપક્ષીયે વેપાર અંગેની વાટાઘાટો ( Multilateral Trade Negotiations ) ના કુલ આઠ રાઉન્ડ થયા હતા જે નીચે મુજબ છે.
- પહેલો રાઉન્ડ હવાના ખાતે 1947માં, જેમાં 23 દેશો લગભગ 45,000 જેટલી પેદાશો પર જકાત ઘટાડા માટે સંમત થયા.
- બીજો રાઉન્ડ ફ્રાન્સ ખાતે 1949 માં યોજાયો.
- ત્રીજો રાઉન્ડ બ્રિટન ખાતે 1950-51 માં
- ચોથો રાઉન્ડ જીનેવા ખાતે 1955-56 માં
- પાંચમો રાઉન્ડ જીનેવા ખાતે 1959-62 માં
- છઠ્ઠો રાઉન્ડ જીનેવા ખાતે 1964-67 યોજાયો જે " કેનેડી રાઉન્ડ " તરીકે ઓળખાયો
- સાતમો રાઉન્ડ ટોકિયો ખાતે 1973-79 જે ટોકિયો રાઉન્ડ તરીકે ઓળખાયો અને -
- આઠમો રાઉન્ડ પૂન્ટા ખાતે ડેલ એસ્ટે, ઉરુગ્વે ખાતે 1986-94માં યોજાયાં, જે ઉરુગ્વે રાઉન્ડ તરીકે ઓળખાયો.

## 1.3 વિશ્વ વેપાર સંગઠન :World Trade Organisation

ગેટ અન્વયે પ્રથમ છ રાઉન્ડમાં મુખ્યત્વે જકાત ઘટાડા વિશે ચર્ચા થઈ. જયારે સાતમાં રાઉન્ડ- ટોકિયો રાઉન્ડ અન્વયે જકાત મુક્તિમાં આવતા અવરોધોની ચર્ચા થઈ. 1986 સપ્ટેમ્બરમાં ઉરુગ્વે ખાતે બહુ લક્ષી વેપાર અંગેની વાટાઘાટાના સંદર્ભમાં ઉરુગ્વે રાઉન્ડની પ્રથમ બેઠકની શરૂઆત થઈ જે સાત વર્ષ સુધી ચાલી અને 15મી ડિસેમ્બર 1993ના રોજ વાટાઘાટો પૂરી થઈ.

ત્યારબાદ મોરકઠો દેશના મરાકેસ શહેરમાં 15મી એપ્રિલ 1994ના રોજ 104 દેશોએ આ અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા અને એ રીતે વિશ્વ વેપાર સંગઠનની સ્થાપના માટેનો માર્ગ ખુલ્યો અને 1લી જાન્યુઆરી 1995ના રોજ વિશ્વ વેપાર સંગઠન અસ્તિત્વમાં આવ્યું.

- ભારતે પણ આ કરારને 30મી ડિસેમ્બર 1994ના રોજ સ્વીકારી અન્ય દેશો સહિતWTO નું એક સ્થાપક સભ્ય બન્યું.
- આ સંગઠનમાં 142 દેશોએ સમજૂતી કરી અને 2005 ના શરૂઆતમાં 148 તેના સભ્ય હતા.
- આમ જકાત અને વેપાર અંગેના સામાન્ય કરારનું સ્થાન વિશ્વ વેપાર સંગઠને લીધું છે. આ ઉપરાંત તેમાં આંતરરાષ્ટ્રીય વેપાર અને વેપાર સંબંધિત અન્ય બાબતો અંગેની દરખાસ્તો કે જે ડુન્કલ ડ્રાફ્ટ (Dunkel Draft) તરીકે ઓળખાય છે. તેનો સમાવેશ કરવામાં આવ્યો.
- અમેરિકન અર્થશાસ્ત્રી આર્થર ડંકલ એ ગેટના ડિરેક્ટર જનરલ હતા અને તેમના નામ અર્થની આ દરખાસ્તો કે પ્રસ્તાવો ડંકલ ડ્રાફ્ટ તરીકે જાણીતાં બન્યાં છે.

## 1.4 વિશ્વ વેપાર સંગઠન અને જકાત તથા વેપાર અંગેના સામાન્ય કરાર વચ્ચેનો તફાવત :-

- WTO એ ગેટની અવેજી નથી પરંતુ ગેટનો કાયદાકીય સ્વરૂપ આપવા માટેની વહીવટી વ્યવસ્થા તરીકે WTO ની રચના થઈ છે. ગેટ અન્વયે કરાયેલા અગાઉના કરારો અને ઉરુગ્વે રાઉન્ડના કરારોને અમલ કરવાની સત્તાWTO ધરાવે છે.
- જકાત અને વેપાર અંગેનો સામાન્ય કરાર વાસ્તવમાં કોઈ સંગઠન ન હતું એ માત્ર કરાર કે સમજૂતી હતી. બીજી તરફ WTO એ નવું આંતરરાષ્ટ્રીય સંગઠન છે જે એક કાયમી સંસ્થા છે. જે તમામ પ્રકારની ચીજવસ્તુઓ અને સેવાઓનો વેપાર વિદશી હૂંડિયામણ બૌદ્ધિક સંપાદા હક્ક વગેરે ક્ષેત્રો પર દેખરેખ રાખવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.
- વિશ્વ વેપાર સંગઠન સભ્યપદની દષ્ટિએ વધુ વૈશ્વિક છે.
- WTO બહુલક્ષી વેપાર વ્યવસ્થા અન્વયે વાણિજ્ય પ્રવૃત્તિઓને આવરી છે.
- ગેટમાં કરાર અંતર્ગત પ્રોસેસમાં વિખવાદોના નિરાકરણની પ્રક્રિયા લાંબો સમય માંગી લે છે. જયારેWTO માં સર્વાનુમતે નિર્ણયોની જરૂર નથી, તેમ જ બધા વિખવાદોનું નિરાકરણ 18 માસમાં લાવવાનું હોય છે.
- WTO – એક દેશ – એક મત નો સિદ્ધાંત સ્વીકારાયો છે. જયારે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક જેવી નાણાકીય સંસ્થાઓમાં નાણાકીય ફાળાના આધારે સભ્ય દેશોને મતાધિકાર મળે છે.

## 1.5 વિશ્વ વ્યાપાર સંગઠનના સિદ્ધાંતો :

- WTO ની સ્થાપના પાછળ બે મૂળભૂત સિદ્ધાંતો રહેલા છે. આંતર-રાષ્ટ્રીય વ્યાપારમાં અને સમગ્ર વિશ્વના અર્થકારણમાં સ્પર્ધાનું તત્ત્વવધુ પ્રમાણમાં દાખલ કરવું હિતાવહ છે. કારણ કે અર્થતંત્રમાં સ્પર્ધા માનવ કલ્યાણ માટે ઉપયોગી છે..
- સ્પર્ધાથી વ્યાપાર વધશે જેને લીધે ઉત્પાદન વૃદ્ધિ થશે અને અંતે તે ઝડપી આર્થિક વિકાસમાં પરિણામશે, એટલે કે વ્યાપારથી વિકાસ થશે.

આમ ઉપરોક્ત સિદ્ધાંત હેઠળ WTO ની સ્થાપના થઈ અને તે અંગે જે સમજૂતીઓ થઈ છે તથા ઉરુગ્વે રાઉન્ડમાં જે સમજૂતી સ્વીકારાઈ છે તેની પાછળના પાયાના સિદ્ધાંત નીચે પ્રમાણે છે.

- ➢ દેશો વચ્ચે ભેદભાવ નહિ :- કોઈ એક દેશ જે અન્ય દેશો સાથે વેપાર કરે છે એ દેશો વચ્ચે ભેદભાવ કરી શકે નહિ. એટલે કે તેને માટે પોતાનીસાથે વ્યાપારમાં ભાગીદાર થતા તમામ દેશો સાથે એકસરખો વ્યવહાર રાખવો. એટલે આયાત જકાત ઘટાડે એવામાં ભેદભાવ કરી શકે નહિ. આમાં શરત એટલી જ છે કે દેશ વિશ્વ વ્યાપાર સંગઠનનાં સભ્યો હોવો જોઈએ. આમ છતાં કેટલાંક અપવાદ છે.
- ➢ જો કોઈ એક વિસ્તારના દેશો ભેગા થઈને મુક્ત વ્યાપાર સમજૂતી કરે તો તેમાં બહારથી આવતી વસ્તુઓને એ સમજૂતી લાગુ પડતી નથી.
- ➢ કોઈ એક દેશ તેમના જ દેશોમાંથી આવતી વસ્તુઓ પરના અવરોધો વધારી શકે છે. જો એ વસ્તુઓનો વેપાર ગેરવાજબી રીતે થતો લાગે.
- ➢ અમૂક સંજોગોમાં સેવાઓના વેપાર માટે છૂટછાટ.
- ➢ અમુક દેશોની અમૂક વસ્તુઓ ઉપર માલના લાદણ વિરોધી ડયૂટી (Anti-Dumping duty) નાંખી શકાય છે.

**(ii)** **દેશની અંદર ભેદભાવ નહિ :** આયાત થયેલી વસ્તુઓ અને દેશની અંદર ઉત્પન્ન થયેલી વસ્તુઓ વચ્ચે ભેદભાવ થઈ શકે નહિ. આ બાબત સ્વદેશો અને વિદેશી વસ્તુઓ – સેવાઓ તથા કોપીરાઈટ અને પેઈન્ટને પણ લાગુ પડે છે. આમ જકાત કે વેરા નાંખવાના બાબતમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર કે સ્થાનિક સંસ્થાઓ સ્વદેશી અને વિદેશી વસ્તુઓ વચ્ચે ભેદભાવ કરી શકે નહિ.

**(iii)** **મુક્ત વ્યાપાર :** વિશ્વ વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે સભ્ય દેશોએ વિદેશ વેપારને અવરોધતા પરિબળો ઘટાડવા જોઈએ. એટલે કે આયાત – નિકાસ પર પ્રતિબંધ નહી, તેના જથ્થા પર અંકુશ નહી તેમજ સરકાર આયાત ઉપરની કસ્ટમ જકાત ઘટાડે અને નિકાસો પર સબસીડી ના આપે એ પણ જરૂરી છે.

**(iv)** **પૂર્વ સૂચનિયતા :** વેપાર માટે ઉત્પાદકો અને વેપારીઓને ભવિષ્યમાં કેટલી તકો રહેલી છે તેનો ખ્યાલ કરાવો, અવરોધો દૂર કરવા, વેપાર ધંધાનું વાતાવરણ સ્થિર કરવું અને યોગ્ય આગાહી કરી શકાય એવું બનાવવાના પ્રયાસ કરવા. WTO ના સભ્ય દેશો પોતે પોતાનું બજાર વિદેશી વસ્તુઓ અને સેવાઓ માટે કેટલા પ્રમાણમાં ખોલવામાં આવશે તે અંગેની બાહેંધરી આપવી પડે જેને (બાઈન્ડિંગ્સ) (bindings) એટલે બંધનો કહે છે. દા.ત. વિદેશી વસ્તુઓ માટે કસ્ટમ જકાતના દરમાં ટોચની મર્યાદા અંગે બાંહેધરી આપવામાં આવે તો પછી એ દેશ કસ્ટમ જકાતના દરમાં ટોચ મર્યાદાથી વધારો કરી શકે નહિ.

**(v)** **સ્પર્ધાને પ્રોત્સાહન :** મુક્ત અને ન્યાયી સ્પર્ધા ઉભી થાય તે દિશામાં WTO કાર્યરત છે. કસ્ટમ જકાત ઘટે તેવા પ્રયત્ન પ્રત્યે આ સંગઠન પ્રતિબદ્ધ છે.

### 1.6 વિશ્વ વેપાર સંગઠનના (WTO) હેતુઓ :

(1) આંતરરાષ્ટ્રીય વેપારમાં આવતા અવરોધો દૂર કરી વિશ્વ વેપારમાં વૃદ્ધિ કરવાનો છે.

(2) પ્રજાનું જીવન ધોરણ અને આવકનો સ્તર ઉચો લાવતું પૂર્ણ રોજગારીની સ્થિતિ નિશ્ચિત

કરવી, ઉત્પાદન અને વેપારનું વિસ્તરણ કરવું, વૈશ્વિક સાધનોના ઈષ્ટતમ ઉપયોગ કરવો તેમજ આ બધા હેતુઓ સેવા ક્ષેત્રને લાગુ પાડવા.

(3) વૈશ્વિક સાધનોના ઈષ્ટતમ ઉપયોગના સંદર્ભમાં ટકાઉ વિકાસ હાંસલ કરવો અને રાષ્ટ્રના આર્થિક વિકાસના સ્તર સાથે સુસંગત હોય એ રીતે પર્યાવરણની જાળવણી અને તેનું રક્ષણ કરવું.


(4) આંતરાષ્ટ્રીય વેપારની વૃદ્ધિમાં વિકાસમાન દેશો અને તેમાંય વિશેષ કરીને સૌથી ઓછા વિકસેલા દેશોને વધુ સારો હિસ્સો પ્રાપ્ત થાય એ માટે વિધેયાત્મક પ્રયાસ હાથ ધરવા.

## 1.7 વિશ્વ વેપાર સંગઠનના કાર્યો :

વિશ્વ વેપારના આર્ટિકલ -3(Article, III)માં જણાવ્યા પ્રમાણે તેના મુખ્ય કાર્યો નીચે મુજબ છે.

- બહુપક્ષીય વેપારી કરારોના અમલ અને વહીવટ માટેની વ્યવસ્થા પુરી પાડે છે.
- આ કરાર અન્વયે સભ્ય દેશો વચ્ચે બહુપક્ષીય વેપારી સંબંધે અર્થ વાટાઘાટો માટેનું એક ચોક્કસ સ્થળ પૂરું પાડે છે.
- સભ્ય દેશો વચ્ચે વિખવાદ કે મતભેદોના નિરાકરણ માટેના નિયમો અને પદ્ધતિઓનો અમલ કરે છે.
- વેપારી નીતિની સમીક્ષા માટેની વ્યવસ્થાનું અમલીકરણ કરવું.
- વૈશ્વિક આર્થિક નીતિને વધુ સૂસંગત બનાવવાના હેતુથી આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ વિશ્વબેંક અને અન્ય એવી આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ સાથે યોગ્ય સહકાર સાધવો.
- આ સંગઠન વિશ્વ વેપાર માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કરે છે તેના અર્થશાસ્ત્રીઓ વૈશ્વિક અર્થતંત્ર પર સતત દેખરેખ રાખે છે, અને ઉદ્ભવતા પ્રશ્નોનો અભ્યાસ કરી જરૂરી સલાહ સુચનો આપે છે.
- આ સંગઠન સભ્ય દેશો વચ્ચે થતાં વેપાર અંગેના મતભેદો માટેના ઉકેલ માટે સમાધાન(Conciliation) ના પ્રયાસ કરે છે. જો દ્વિપક્ષી વાટાઘાટો દ્વારા પ્રશ્નોનો ઉકેલ ન આવે તો વિશ્વ વેપાર સંગઠનની તકરારની પતાવટ અદાલત (WTO Dispute) દ્વારા લવાદી પદ્ધતિ (Adjudication) મારફતે તેનું નિરાકરણ કરવામાં આવે છે.

## 1.8 વિશ્વવેપાર સંગઠનની વહીવટી વ્યવસ્થા :-



**કમિટીઓ :-**

- વેપાર અને પર્યાવરણ
- વેપાર અને વિકાસ
- પેટા સમિતિ અતિ ગરીબ દેશો
- પ્રાદેશિક વેપાર કરાર
- લેણદેણની તૂલા પર નિયંત્રણ
- માર્કેટ ઉપલબ્ધતા
- કૃષિક્ષેત્ર
- સેનિટરી અને સાઈટો, સેનિટરી માપદંડ
- તક્નિડિ અવરોધ વેપાર માટે
- અનુદાન અને પ્રતિકારક પગલાં
- એન્ટિ ડમ્પિંગ પ્રેકટિશ
- રીતિઓનું મૂલ્યાંકન
- મૂળ નિયમો
- આયાત પરવાના
- TRIPS
- સબમતી
- ટેકસટાઈલ્સ નિરીક્ષક વિભાગ
- ફિનાન્સિયલ સેવાઓ વેપાર માટે
- વિશિષ્ટ પ્રતિબદ્ધો
- વેપાર સિવિલ એરડાફટ
- ગર્વમેન્ટની ખરીદી.

**વર્કિંગ ગ્રૂપ :**

વેપાર અને મૂડીરોકાણ વચ્ચેના સબંધ

વેપાર અને સ્પર્ધા અને સ્પર્ધાત્મક નીતિ પર ક્રિયા - પ્રતિક્રિયા વેપાર, દેવું અને ફાયનાન્સ.

વેપાર તથા ટેકનોલોજીનું ટ્રાન્સફર

વર્કિંગ પાર્ટીઝ : ઉદ્દેશ્ય

સ્ટેટ ટ્રેડિંગ એન્ટરપ્રાઈઝ

સ્થાનિક નિયત્રંણ

GATS ના નિયમો

**વિશ્વ વેપાર સંગઠનની વહીવટી વ્યવસ્થા :**

વિશ્વ વેપાર સંગઠનની વહીવટી માટેની સર્વોચ્ચ સંસ્થા“ પ્રધાનોની પરિષદ ” (Ministerial Conference) છે જેમાં બધા સભ્ય દેશોનું પ્રતિનિધિત્વ હોય છે.

➢ દર બે વર્ષ ઓછામાં ઓછી એક વખત તેની બેઠક હોય છે. તદઉપરાંત બધાજ સભ્ય દેશોનું પ્રતિનિધિત્વ ધરાવતી એક જનરલ કાઉન્સિલ પણ હોય છે જે પ્રધાનોની પરિષદના કાર્યા સંભાળે છે.

**1.9 ઉરુગ્વે રાઉન્ડની મુખ્ય વિશિષ્તાઓ :**

પ્રસ્તુત રાઉન્ડ હેઠળ કુલ 28 જેટલા કરારો થયા હતા જે નીચે મુજબ છે.

**(1) ખેતી અંગેના કરાર :**

આ કરારનો મુખ્ય ઉદ્દેશ ખેત પેદાશોના આંતરરાષ્ટ્રીય વેપારમાં રહેલાં અવરોધોને દૂર કરવાનો જે માટે ત્રણ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી છે.

**(i) કૃષિ પેદાશોનો વેપાર :**

કૃષિના અવરોધો દૂર કરવા, આ બાબતમાં બંગ્લાદેશ, નેપાળ, ભૂતાન જેવાં સૌથી ઓછા વિકસેલા દેશોને રાહત આપવી, જ્યારે ભારત, પાકિસ્તાન જેવા વિકાસમાન દેશોની લેણદેણ તૂલાની કટોકટી જેવી પરિસ્થિતિ સિવાય આવી રાહતો આપવામાં આવતી નથી.

➢ ખેતપેદાશના વેપારનું વિસ્તરણ કરવું, સભ્ય દેશોએ 1993ના વર્ષમાં આંતરિક વપરાશમાં આવેલ કૃષિ પેદાશોના મૂલ્યના ઓછામાં 3 ટકા જેટલી કૃષિ આયાત કરવાની રહેશે જે 1999 સુધીમાં વધારીને 5 ટકા જેટલી કરવી પડશે.

**(ii) કૃષિ વેપારને અસર કરતી નીતિઓ :**

કૃષિ ઉત્પાદનને સબસીડી, વિકાસમાન દેશો માટે કૃષિ ઉત્પાદન મૂલ્યના 10% સહાયની મર્યાદા નક્કી કરવામાં આવી છે તથા આ દેશોના ઓછી આવક અને સાધન ધરાવતા ખેડૂતો માટે કેટલીક છૂટછાટો અને રાહત આપવી.

➢ સભ્ય દેશોએ તેમની કૃષિ પેદાશોની નિકાસ પર અપાતી સબસીડીમાં ઘટાડો રવાનો રહેશે. સભ્ય દેશોએ આયાત પરિમાણ જેવા બિન- જકાતી અવરોધોને સમાન ધોરણે જકાતી પગલાંમાં રૂપાંતરિત કરવાનું રહેશે. વિકસિત દેશોએ આ જકાત રૂપાંતર 6 વર્ષના સમયગાળામાં સરેરાશ 36 % નો ઘટાડો અને વિકાસમાન દેશોએ 10 વર્ષના સમયગાળામાં સરેરાશ 24 % નો ઘટાડો કરવાનો રહેશે.

➢ જાહેર વિતરણ વ્યવસ્થા અથવા અન્ય સુરક્ષા વ્યવસ્થાને ચાલુ રાખવા ચોક્કસ ધોરણોની જોગવાઈ.

➢ વિકાસમાન દેશો દ્વારા થતી કાપડ અને વસ્ત્રોની નિકાસ આ અંગે એવી પરિસ્થિતિ છે કે આયાત કરનાર દેશો, વિશેષ કરીને વિકસિત દેશો, કાપડ અને વસ્ત્રોની આયાત પર ભેદભાવ યુક્ત નિયંત્રણો મૂકે છે. આ માટે મલ્ટીફાયબર કરારની જોગવાઈ કરેલ છે. જે અન્વયે આગામી 10વર્ષમાં એટલે કે 2001 સુધીમાં આવાં નિયંત્રણો ઉઠાવી લેવા અને જાન્યુઆરી 2006થી કાપડ અને વસ્ત્રોનો વેપાર તમામ નિયંત્રણોમાંથી મુક્ત રહેશે.

**(iii) બિયારણ અને છોડ અંગેના પેટન્ટ :-**

બિયારણ અને છોડ અંગેની બાબત એ વેપાર સંબધી બૌદ્ધિક સંપદા હક્કનો એક ભાગ છે, સભ્ય દેશોએ બૌદ્ધિકસંપદા અંગેના હક્કોનું રક્ષણ કરવા માટે તથા તેના વ્યાપને સ્પષ્ટ કરતું જરૂરી કાયદાકીય માળખું તૈયાર કરવાનું રહેશે. હાલમાં બૌદ્ધિક સંપદા

હક્ક અન્વયે ટ્રેડ માર્ક, ટ્રેડ સિક્રેટ, ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન, ભોગોલિક નિર્દેશકો વગેરેનો સમાવેશ થાય છે.

**(A) તૈયાર પેદશો માટેના કરાર(Agreement on Manufactured Goods) :-**

આ કરાર મુજબ કાપડ વસ્ત્રો સિવયાયની તૈયાર પેદાશો અંગે વિકસિત દેશોએ આગામી 10 વર્ષમાં જકાતના દરમાં 40 % એટલે કે, સરેરાશ 3.8% દરે ઘટાડો કરવા માટે સંમત થયા છે.

**(B) વેપાર સંબંધી મૂડી રોકાણ માટેનાં પગલાં અંગેના કરાર(Agreement on Trade Related Investment Measures TRIMs) :-**

આ કરાર મુજબ વિદેશી મૂડીરોકાણ પરનાં નિયંત્રણો કે જે મુક્ત વેપારને વિષમ કરી ઉત્પાદન ખર્ચ અને કિંમતને વિપરીત અસર કરે છે. તેને નાબુદ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આવા નિયંત્રણો વિશેષ કરીને વિકાસમાન દેશોમાં ખાસ જોવા મળે છે કે જે મુજબ આ દેશો વિદેશી મૂડીરોકાણકારો માટે અમુક ચોક્કસ શરતોની પૂર્તિ માટેનો આગ્રહ રાખે છે.

**(C) વેપાર સંબંધી બૌદ્ધિકસંપદા હક્ક-અંગેના કરાર(Agreement on Trade Related Intellectual Property Rights TRIPs:-)**

કોપીરાઈટ ટ્રેડ માર્ક પેટન્ટસ, ઔદ્યોગિક ડિઝાઈન સભ્ય દેશોએ રક્ષણનાં ન્યૂનતમ ધોરણો અપનાવવા.

**(D) સેવાક્ષેત્ર અંગેના કરાર (Agreement on Services) :-**

કેટલાંક રાષ્ટ્રોમાં વિદેશી સેવાઓના (બેકિંગ, વીમાક્ષેત્ર વગેરે) પ્રવેશ પર નિયંત્રણ મુકતા કાયદાઓ છે. આવા નિયંત્રણો મુકત વેપારને વિકૃત કરે છે. આથી આ કરાર અન્વયે સેવાઓનો વેપાર પણ વાટાઘાટા હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

**(E) તકરાર – નિવારણ વ્યવસ્થા (Disputes Settlement Body) :-**

વિશ્વ વેપાર સંગઠન અન્વયે રચાયેલ તકરાર – નિવારણ સંસ્થાઓ 18 મહિનામાં તકરારનું નિવારણ લાવવાનું હોય છે. અને તેના તારણો તથા ચૂકાદાઓ બધા પક્ષો માટે બંધનકર્તા હોય છે.

**1.10 ભારત અને વિશ્વ વેપાર સંગઠન :-**

ભારત વિશ્વ વેપાર સંગઠનનું એક સ્થાપક સભ્ય દેશ રહ્યું છે.ભારત તરફથી વિશ્વ વેપાર સંગઠનને અપાયેલી બાંયધરીઓ.

**(1) જકાત દરમાં ઘટાડો :-(Reduction in Tariffs Rates)**

WTO ના સભ્ય દેશ તરીકે ભારત તરફથી બિન કૃષિ પેદાશો માટે જકાતની મર્યાદા તૈયાર વસ્તુઓ પર મૂલ્યાંકન અનુસાર 40 % અને અર્ધા – ઉત્પાદિત માલ સામાન, યંત્રસામગ્રી વગેરે માટે 25% જેટલી રાખવાની સંમતિ અપાઈ છે. જકાતદરમાં આ ઘટાડો તબક્કાવાર માર્ચ 1995 થી 2005 સુધીમાં કરવામાં આવ્યો.

**(2) સંખ્યાત્મક નિયંત્રણોની નાબૂદી :- (Abolition of Quantitative Restrictions)**

ભારતે WTO ને આયાતો પરના પારિમાણિક નિયંત્રણો એપ્રિલ 2001 સુધીમાં ઉઠાવી લેવાની બાંયધરી આપી હતી. કુલ 715 જેટલી ચીજવસ્તુઓના સંખ્યાત્મક નિયંત્રણો દૂર કરવામાં આવ્યા છે. આમ આયાત ક્ષેત્રે કવોટા રાજનો અંત આવ્યો છે.

**(3) વેપાર સંબંધી બૌદ્ધિક સંપદા હક્ક :-(Trade related IntellectualProperty Right-TRIPS) :-**

આ બાંયધરી અન્વયે ભારતે 1970 ના પેટન્ટસ કાયદામાં માર્ચ 1999 માં જરૂરી સુધારા કર્યા. ઉપરાંત 1957 ના કોપીરાઈટ એકટમાં 1994 અને 1958 ના ટ્રેડ માર્ક એકટમાં 1999 માં જરૂરી સુધારા કરવામાં આવ્યા.

**(4) વેપાર સંબંધી મૂડી રોકાણના પગલાં :- Trade related Investment Measures (TRIMS) :**

આ મુજબ ભારત જેવા વિકાસમાન દેશોને પાંચ વર્ષ સુધી પ્રવતેમાન વ્યવસ્થા ચાલુ રાખવાની છુટ અપાઈ હતી.

**(5) સેવાક્ષેત્ર વેપાર અંગેના સામાન્ય કરાર :- (General Agreement on Trade in services-GATS)**

આ કરાર મુજબ ભારતે 33 સેવાકીય પ્રવૃત્તિઓ અંગે બાંયધરી આપી છે. જેમાં વિદેશીઓને પ્રવેશની છૂટ આપવામાં આવશે. આવી મંજૂરી આપતી વખતે સ્થાનિક ટેકનોલોજી રોજગારી વગેરે બાબતો સહિત સમગ્ર રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રખાશે.

**(6) જકાત મૂલ્યાંકન અંગેના નિયમો (Customs Valuation Rules) :-**

1988ના કસ્ટમ મૂલ્યાંકન નિયમોમાં જરૂરી સુધારા કરીને તેને વિશ્વ વેપાર સંગઠનની જોગવાઈ સાથે સૂસંગત બનાવવામાં આવ્યા છે.

**વિશ્વ વેપાર સંગઠનથી ભારતને થનાર લાભ :-**

વિશ્વ વેપાર સંગઠનના સભ્યપદને લીધે ભારતના વિદેશ વેપારમાં અને તેમાંય વિશેષ કરીને નિકાસ વેપારમાં નોંધ પાત્ર વધારો થવાનો સંભવ છે. ઉદાહરણ તરીકે ભારતની કૃષિ પેદાશો, વન – પેદાશો દરિયાઈ પેદાશો, પ્રોસેસ્ડ ફુડ, કાપડ અને વસ્ત્રો વગેરેની નિકાસમાં સારી એવી વૃદ્ધિથવાની ગણતરી છે જેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

વિકસિત દેશોમાં કૃષિ પેદાશોની આયાતો પરના જકાતના નિયંત્રણમાં ઘટાડો થતા ભારતની આ પેદાશોની નિકાસમાં વધારો થવાની સંભાવના છે કારણ કે ભારતમાં વિશાળ ફળદ્રુપ જમીન છે અને સસ્તા શ્રમની ઉપલબ્ધતાને લીધે તુલનાત્મક લાભ ધરાવીએ છીએ.

વિકસિત દેશો તરફથી કૃષિ પેદાશોને અયાતી સબસીડી ઘટાડો થતાં અને કૃષિપેદાશના વેપાર પરના અન્ય નિયમો દૂર થતાં આ ક્ષેત્રે ભારતની નિકાસમાં વૃધ્ધિ થવાના ખૂબ જ ઉજળા સંજોગો છે.

આમ અમેરિકા અને યુરોપિયન સંઘના દેશો દ્વારા જકાત નિયંત્રણો તથા સબસીડીઓમાં થનાર ઘટાડાને લીધે ભારતની કૃષિ પેદાશોની નિકાસમાં નોંધપાત્ર વધારો થશે.

Agro – based Industries પણ નિકાસ વધારાની સંભાવના છે.

મલ્ટી ફાયબર કરાર દૂર થતાં, કવોટા પધ્ધતિનો અંત આવ્યો જેના લીધે ભારતના કાપડ અને વસ્ત્રોની નિકાસ વધતાં લાભ થશે.

ભારતાં આર્થિક ઉદારીકરણની પ્રક્રિયાથી નિકાસોમાં વૃધ્ધિ થશે.

કસ્ટમ ડયૂટીમાં ઉત્તરોત્તર થઈ રહેલા ઘટાડાને લીધે આયાતો સસ્તી થવા પામશે.

ભારતીય અર્થતંત્રના બાહ્ય ક્ષેત્રમાં મુક્ત વેપાર અને આંતરિક ક્ષેત્રે અર્થતંત્રનું બજારીકરણની નીતિને લીધે ઉત્પાદનમાં સાધનોની ઈષ્ટતમ અને કાર્યક્ષમ ફાળવણી તુલનાત્મક

લાભને અનુલક્ષીને થશે. આમ થતાં કુલ અર્થતંત્રમાં કુલ ઉત્પાદન રોજગારી અને આવકમાં વૃધ્ધિ થતી રહેશે.

- સ્પર્ધાત્મક કાર્યક્ષમતામાં વધારો થશે, ગુણવત્તા સુધરવાથી ઉત્પાદન ખર્ચ ઘટના, હરીફાઈ થશે, કિંમતો ઘટશે અને ઉંચી ગુણવત્તા વાળી વસ્તુઓ ઉપલબ્ધ થતાં લાભ થશે.

**વિશ્વ વેપાર સંગઠનથી ભારતને થનાર ગેરલાભ :**

- ભારતને તુલનાત્મક લાભ અપેક્ષિત પ્રમાણમાં મળી શકશે નહિ. કારણ કે ઉદારીકરણની પ્રક્રિયા કૃષિક્ષેત્રે મર્યાદિત છે.
- કવોટા પ્રથા દૂર થતા તે માત્ર ભારત માટે જ નહિ પરંતુ દરેક દેશ માટે દૂર થશે. આથી ભારતને ચીન, વિયટનામ પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા અને મલેશિયા જેવાં અનેક દેશો સાથે સ્પર્ધા કરવી પડશે. આમ ભારતની નિકાસોની સ્પર્ધાત્મકતાને અનેક અંતરાયો નડે છે.
- ખેતી અંગેની સબસીડી માટે અપૂરતી જોગવાઈને લીધે ભારતની નિકાસો સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થાય છે.
- વિશ્વ વેપાર સંગઠન પરના કરારને લીધે ભારત જેવા વિકાસમાન દેશોને વિકસિત અને સમુદ્ધ રાષ્ટ્રો તરફથી હરીફાઈનો સામનો કરવો પડશે.
- કૃષિક્ષેત્રને અપાતી મોટા ભાગની સહાય બંધ કરવામાં અવાર નવાર આવે છે. ઉપરાંત બીજી તરફ બહુ રાષ્ટ્રીય કોર્પોરેશની પ્રવૃત્તિઓ અને તેમના દ્વારા અપનાવાતી યોગ્ય અને ગેરરીત - રસમમાં કે જે પણ મુક્ત વેપારને વિકૃત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- વેપાર સંબંધી બૌદ્ધિક સંપદા હક્ક અંગેના કરારથી થનાર ગેરલાભ :-
- બૌદ્ધિક સંપદા હક્કમાં દવા ઉદ્યોગોમાં પ્રોસેસ પેટન્ટસ અને પ્રોડકટ પેટન્ટસની મંજૂરી આપવામાં આવી તેનાથી ભારતના દવા ઉદ્યોગ પર બહુરાષ્ટ્રીય કંપનીઓનું વર્ચસ્વ સ્થાપાઈ જશે.
- ભારતના પેટન્ટ કાયદા સમય અવિધ 20 વર્ષની છે, જયારે આ કાયદા અન્વયે પ્રોસેસ પેટન્ટ તથા પ્રોડકટ પેટન્ટની સામાન્ય અવધિ 14 વર્ષની છે.
- ઉપરાંત તેમાં રોયટલી ચૂકવણી કોઈ મર્યાદા નથી.
- પ્રસ્તુત કરારમાં પેટન્ટ કરારમાં ફરજિયાત પરવાના અંગેની જોગવાઈ નથી.
- વેપાર સંબંધી મૂડીરોકાણ માટેનાં પગલાં અંગેના કરારથી થનાર ગેરલાભ :-

  વેપાર સંબંધી મૂડી રોકાણ અંગેના કરાર પણ વિકસિત અને સમુદ્ધ દેશોને વધુ તરફેણ કરે છે. કારણ કે ભારત જેવા વિકાસમાન દેશોની દૃષ્ટિએ આ કરારને વધુ સંતુલિત બનાવવા માટે વિદેશી રોકાણકારોની અનિચ્છનીય અને નિયંત્રિત વેપારી રીતે રસમોને અંકુશિત કરવા પગારા આવશ્યક હતા. પરંતુ તેની ઉપેક્ષા કરવાઆવી હોય એમ જણાય છે.
- સેવાક્ષેત્રના કરારથી વિકસિત દેશો અને ભારત જેવા વિકાસમાન દેશો વચ્ચે સેવાઓના ધોરણોમાં ઘણો મોટો તફાવત છે. ભારત એ હરીફાઈ સામે ટકી શકે તેમ નથી. કારણ કે, વિકસિત દેશોના સેવાક્ષેત્રમાં ભારતને પ્રવેશવું સરળ નથી.

➢ આ ઉપરાંત વિશ્વ વેપાર સંગઠનની શરતો વેપાર પૂરતી મર્યાદિત નથી. ભારતના શ્રમિક ક્ષેત્ર, પર્યાવરણ, પ્રદૂષણ, ઔદ્યોગિક નીતિઓ, કરમાળખાના બુનિયાદોમાં ફેરફારો વગેરેમાં દખલગીરી WTO ની થઈ રહી છે. આ ઉપરાંત પડકારતા હોય તેવું અનુભવાય છે.

**વિશ્વ વેપાર સંગઠનથી મહત્તમ લાભ મેળવવાના સૂચનો :**

➢ પ્રસ્તુત કરારમાં એ પ્રકારના સુધારા દાખલ કરાવવા ભારતે પ્રયાસ કરવા જોઈએ જેનો તુલનાત્મક લાભ મળે જેમ કે કન્સલ્ટન્સી સેવાઓ, વ્યાવસાયિક તજજ્ઞતા શ્રમ સેવા વગેરે.

➢ મલ્ટી ફાયબરની અવધીનો સમય પણ ટૂંકાવો જોઈએ.

➢ સબસીડીઓ અંગેની જોગવાઈમાં સુધારો કરીને કૃષિક્ષેત્રને વધુ મદદ આપવાના પ્રયાસ કરવા.

➢ અર્થતંત્રને વધુ ગતિશીલ બનાવવું તેના માટે અસરકારક પગલાં લેવા.

➢ આર્થિક વિકાસનો ઊંચો દર હાથ ધરવા પ્રયત્ન કરવા.

➢ કુલ ઘટેલ પેદાશમાં નિકાસનોઊંચો હિસ્સો હોવો જોઈએ.

➢ વૈજ્ઞાનિક સંશોધનોને પ્રોત્સાહન આપવું.

**1.12 વિશ્વ વેપાર સંગઠનની બેઠકો :**

(1) નવેમ્બર 2001માં દોહા ખાતે યોજાયેલ હતી બેઠક વિશ્વ વેપાર સંગઠનની સમજૂતી અન્વયે એવું ઠરાવવામાં આવ્યું કે દર બે વર્ષે એક વખત મંત્રી કક્ષાની બેઠક યોજાશે. 1995 માં વિશ્વ વેપાર સંગઠનની સ્થાપના થઈ, ત્યારબાદ 1996 માં સિંગાપોર ખાતે પ્રથમ બેઠક યોજાઈ, 1998માં જીનિવા ખાતે બેઠક, 1999 માં સિઆટેલ ખાતે ત્રીજી બેઠક અને દોહા ખાતે ચોથી બેઠક યોજાઈ હતી.

➢ દોહાની બેઠકમાં 142 દેશોએ ભાગ લીધો અને મંત્રી કક્ષાની મળેલી આ બેઠક છ દિવસની હતી.

➢ ઉદાર વૈશ્વિક વેપાર માટે મંત્રણાનો નવો વિસ્તૃત તબક્કો શરૂ કરવા માટે તથા ગરીબી નિવારણ અને વિશ્વના દેશોને આર્થિક મંદીમાંથી બહાર કાઢવા માટે ઉદારીકરણની નીતિ પર નવેસરથી વાટાઘાટો કરવાની સમજૂતી કરારમાં 142 દેશોએ સહી કરી.

**(2) કેનકૂન પરિષદ (સપ્ટેમ્બર 2003) :-**

146 દેશોના વેપાર પ્રધાનોની પરિષદ મેક્સિકોના કેનકૂન ખાતે 10મી સપ્ટેમ્બરથી 14મી સપ્ટેમ્બર 2003એમ પાંચ દિવસ માટે મળી હતી. આમ 100 થી વધુ દેશો ગરીબ અને વિકાસશીલ હતા.

આ પરિષદમાં સૌથી મહત્ત્વનો મુદ્દો કૃષિક્ષેત્રે અપાતી સબસીડી અંગેનો હતો. ભારત, ચીન અને બ્રાઝિલ સહિત ત્રીજા વિશ્વના ૨૨ દેશોએ પોતાનો અલગ જૂથની રચના કરી હતી.અને આ ઠરાવનો અસ્વીકાર કર્યો હતો.

**(2) જીનિવા પરિષદ (ઓગષ્ટ 2004) :**

147 દેશોના વેપાર પ્રધાનોની બેઠક ઓગષ્ટ 2004માં જીનિવા ખાતે મળી હતી. જેમાં મહત્ત્વની બાબત એ હતી કે વિશ્વના કૃષિ વેપારમાં સુધારા લાવવા જેના માટે નિકાસ સબસીડીની

નાબૂદી, શ્રીમંત દેશો તરફથી તેમના ખેડૂતોને અપાતી સહાય પર મર્યાદા, જકાત દરમાં ઘટાડો, વિવિધ દેશો વચ્ચે કૃષિ અને બિનકૃષિ ક્ષેત્રે બજાર પહોંચ સેવાક્ષેત્ર, વેપાર ક્ષેત્રને લગતા મુદ્દા તથા દોહા ખાતે આગળની વાટાઘાટો કરવા માટેની માર્ગદર્શિકાઓ નક્કી થઈ હતી.

➢ જીનીવા બેઠકમાં ભારતની ચાવીરૂપ માંગણીઓનો સમાવેશ થયો, જેમાં વિકાસશીલ દેશોને કૃષિક્ષેત્રે અમુક પેદાશોને " સ્પેશિયલ પ્રોડકટ " તરીકે વર્ગીકૃત કરવાની છુટ રહેશે. તેના માટે ખાસ તંત્ર સ્પેશ્યલ સેફગાર્ડ તંત્રની રચના કરવામાં આવશે.

**(3) હોગકોંગ ખાતે ડિસેમ્બર 2005 માં મળેલી છઠ્ઠી મંત્રી સ્તરીય પરિષદ :**

2005માં હોગકોંગમાં વિશ્વ વેપાર સંગઠનની મંત્રી સ્તરીય પરિષદ મળી, 149 રાષ્ટ્રોએ ભાગ લીધો, છ દિવસ આ બેઠક ચાલી.

➢ 2003સુધીમાં કૃષિ નિકાસ પરની સબસીડીઓ દૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

➢ ખોરાક અને જીવન નિર્વાહની ચિંતાનો ખ્યાલ રાખીને વિકાસશીલ દેશોને આવી વસ્તુઓ પર ઊંચી જકાત તથા સબસીડી જાળવી રાખવાની છૂટ આપવામાં આવી.

➢ ગરીબ દેશો દ્વારા ઉત્પાદિત પેદાશોની 97% જેટલી નિકાસો માટે જકાત મુકત અને કવોટા ફી માર્કેટમાં પ્રવેશ કરવાની છૂટ આપી.

➢ ઔદ્યોગિક જકાતના ટોચના દરમાં ઘટાડો.

**(4) જીનિવા બેઠક (જુલાઈ- 2006) :-**

વિશ્વ વેપાર સંગઠનના મહત્ત્વના છ દેશોની બેઠક જીનિવા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં એમરિકા, યુરોપિયન સંઘ, જાપાન, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ અને ભારતે ભાગ લીધો હતો. પાછલી નિષ્ફળ ગયેલી પ્રધાન મંડળની બેઠક પછી ફરીથી મંત્રણા શરૂ કરવાનો પ્રયાસ હતો.આમ છતાં આ બેઠકમાં પણ કૃષિ સબસીડી બિન-કૃષિ પેદાશોના વેપાર ઉદાર બનાવવા માટે કોઈ સમજૂતી સંધાઈ નહી.

**(5) જીનિવા બેઠક (જુલાઈ- 2008) :**

આ બેઠક પણ અગાઉની બેઠકની જેમ કોઈપણ પ્રકારની સમજૂતી વિના પૂર્ણ થઈ હતી. અસહમતીનો મુખ્ય મુદ્દો કૃષિ આયાતોના સંદર્ભમાં વિશિષ્ટ સંભાળ રાખવાની વ્યવસ્થા અંગેનો હતો.

**સમીક્ષા :**

વર્તમાન સમયમાં વિશ્વ વેપાર સંગઠનનું સ્થાન ખૂબજ સુગ્રથિત અને સુસંકલિત બન્યું છે. અને તેથી ભારતના પ્રયાસો હવે એવા હોવાં જોઈએ કે જેથી વિશ્વ વેપાર સંગઠન હેઠળની વૈશ્વિક વ્યવસ્થામાં ભારતને વધુ લાભ મળે. આંતરરાષ્ટ્રીય વેપારના મહત્તમ તુલનાત્મક લાભ લેવાથી અર્થતંત્ર વધુ સમુદ્ધ બને. અર્થતંત્ર વધુ ગતિશીલ બનાવવાના પ્રયાસ હાથ ધરવા સ્પર્ધાત્મક બનવું. આ સાથે આપણા પ્રતિનિધિ મંડળના સભ્યો જરૂરી એવું વ્યાવસાયિક કૌશલ્ય, તજજ્ઞતા અને પ્રતિબદ્ધતા ધરાવતા હોય તે અંત્યત આવશ્યક છે.

## 2. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળInternational Monetary Fund (IMF)

### 2.1 પ્રસ્તાવના :-

1930 બાદ સુર્વણ ધોરણના પતનને કારણે દુનિયાએ સ્વયં સંચાલિત આંતરરાષ્ટ્રીય ચૂકવણીની વ્યવસ્થા ગુમાવી હતી. પ્રથમ વિશ્વ યુદ્ધને અંતે સુવર્ણ ધોરણની વ્યવસ્થા પડી ભાંગી ત્યાર પછી આંતરરાષ્ટ્રીયનાણાકીય સંચાલનમાં અવ્યવસ્થા અનેમુશ્કેલીનો પ્રારંભ થઈ ચૂકયો હતો. મૂડીની હેર-ફેરની સમસ્યા સર્જાઈ હતી. જો કે પ્રથમ વિશ્વ યુદ્ધનો અંત આવ્યા બાદ ઘણા દેશોએ સુવર્ણ પાટ ધોરણનો સ્વીકાર કર્યો હતો. પરંતુ અનેક સમસ્યા અને કારણો સર્જાતા આ સુર્વણ ધોરણ લાંબ સમય ટકી શકયું નહિ. 1931ના સપ્ટેમ્બરમાં બ્રિટને સોના ધોરણનો ત્યાગ કર્યા અને 1933 સુધીમાં વિશ્વના સંખ્યા બંધ સૂર્વણ ધોરણની વ્યવસ્થાને તિલાંજલિ આપી હતી.

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન આંતરરાષ્ટ્રીયનાણાકીય વ્યવસ્થાના ક્ષેત્ર શૂન્ય અવકાશ સર્જાયો હતો. અનેક દેશોએ પોતાની નિકાસો ટકાવી રાખવા સ્પર્ધાત્મક અવમૂલ્યન કરતા હતા. આયાતોને અટકાવવા અને પ્રકારના વિનિમય અંકુશોનો આશ્રય લેતા હતા. સુવર્ણ ધોરણના અભાવમાં ચૂકવણીઓની સરળતા માટે દ્વિપક્ષી વ્યાપારી કરારો અમલમાં આવ્યા હતા. એકંદરે આંતરરાષ્ટ્રીય વેપારનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. મુક્ત અને બહુપક્ષીય વેપારને બદલે મર્યાદિત, અંકુશિત અને દ્વિપક્ષીય વ્યાપાર પ્રથા અસ્તિત્વમાં આવી હતી. અનેક દેશોએ સંકુચિત રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે આયાત જકાત અને કવોટાના નિયંત્રણોનો વ્યાપક અમલ કર્યો હતો. અનેક દેશો લેણદેણની તુલાની અસમતુલાથી પીડાતા હતા. આવી સ્થિતિમાં બીજા વિશ્વ યુદ્ધે ઉમેરો કર્યો હતો. આથી બીજા વિશ્વ યુદ્ધને અંતે આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા અને ચુકવણીઓની સમસ્યાને હળવી કરવા તેમજ લેણદેણની તુલાની અસમતુલાના પ્રશ્નો આંતરરાષ્ટ્રીય ધોરણે હલ કરવા આંતરરાષ્ટ્રીય સહકાર ઊભો કરવાની અનિવાર્યતા સર્જાઈ હતી. જુદા-જુદા દેશોના અર્થ નિષ્ણાંતો ખોરવાઈ ગયેલી વિશ્વ નાણાકીય વ્યવસ્થા ફરીથી વ્યવસ્થિત કરવાના પ્રયાસો શરૂ થયા હતા. આમ સુવર્ણ ધોરણના પતન બાદ સર્જાયેલી મુશ્કેલીઓ દૂર થાય અને આંતરરાષ્ટ્રીય વેપારના લાભ વિશ્વના દેશો મેળવી શકે તે માટેની વૈકિલ્પક યોજના તૈયાર કરવામાં આવી. 1945માં નાણાં ભંડોળ અસ્તિત્વમાં આવ્યું.

આમ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળને સમયના સંજોગોની ભેટ છે.

### 2.2 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના (IMF) :-

સ્થિર આંતરરાષ્ટ્રીય નાણાં પદ્ધતિની સ્થાપના માટે અમેરિકા અને બ્રિટન તરફથી પ્રયાસો થયા હતા. આ સંદર્ભમાં બ્રિટિશ અર્થશાસ્ત્રી જે એમ કેઈન્સ અને અમેરિકાના નિષ્ણાંત એચ.ડી.વ્હાઈટે જે યોજનાઓ રજૂ કરી તે કેઈન્સ પ્લાન અને વ્હાઈટ પ્લાન તરીકે ઓળખાય છે. આ બંન્ને યોજનાઓના મૂળભૂત ઉદ્દેશ એકસરખો હોવા છતાં તેમણે રજૂ કરેલા માળખામાં તફાવત હતો. જુલાઈ 1944માં અમેરિકાના બ્રેટનવુડઝ ખાતે 44 દેશોની પરિષદમાં કંઈન્સ પ્લાન અને વ્હાઈટ પ્લાનની મૂળભુત બાબતોનો સમન્વય કરીને બે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ સ્થાપવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

(1) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ

(2) આંતરરાષ્ટ્રીય પુનઃગઠન અને વિકાસ બેંક જે વિશ્વ બેંક તરીકે પણ ઓળખાય છે.

➢ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ આંતરરાષ્ટ્રીય નાણાકીય ક્ષેત્રે સ્થિરતા અને શિસ્ત લાવા માટે પ્રથમ આયોજિત પ્રયાસ હતો. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં જે સ્થાન સંયુકત રાષ્ટ્ર ધરાવે છે. તેવું જ મહત્ત્વનું સ્થાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ક્ષેત્રેIMF ધરાવે છે.

આમ નાણાં ભંડોળની સ્થાપના આંતરરાષ્ટ્રીય નાણાકીય સરકારની દિશામાં એક અત્યંત મહત્ત્વનું સીમા ચિન્હ છે, તે વિશે બે મત નથી. આ ભંડોળની સ્થાપના ડિસેમ્બર 1945 માં થઈ તેણે તેની કામગીરીની શરૂઆત માર્ચ 1947થી કરી હતી.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને આંતરરાષ્ટ્રીય પુનઃગઠનઅને વિકાસ બેંક.

- International Monetary Fund (IMF)
- The International Bank for Reconstruction and Development (IBRD)

આ બંન્ને નાણાકીય સંસ્થાઓ રચવાનો નિર્ણય બ્રેટન??ડ્ઝ પરિષદમાં લેવાયો હોવાથી નાણાં ભંડોળ અને વિશ્વ બેંક એ Bretton Woods Twins તરીકે પણ ઓળખાય છે.

## 2.3 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું વહીવટી માળખું :-

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ એક સ્વાયત સંસ્થા છે, જેનું વહીવટી માળખું આર્ટિકલ્સ ઓફ એગ્રિમેન્ટ પ્રમાણે રચાયેલું છે તે ડિસેમ્બર 1945 માં અમલમાં મુકાયું હતું જો કે અત્યાર સુધીમાં તેમાં ત્રણ વાર સુધારા કરવામાં આવ્યા છે.

- આર્ટિકલ્સ ઓફ એગ્રિમેન્ટ મુજબ ગર્વનર્સ એક બોર્ડ, એક કાર્યકારી બોર્ડ એક મેનેજિંગ ડિરેકટર્સ તેમજ અધિકારીઓના સ્ટાફની જોગવાઈ કરવામાં આવી છે.
- બોર્ડ ઓફ ગવર્નર્સ ભંડોળની સર્વોચ્ચ સત્તા છે જે સભ્ય દેશોના નાણાં પ્રધાનો અથવા મધ્યસ્થ બેંકોના વડાનું બનેલું હોય છે. વર્ષમાં એકવાર બોર્ડ ઓફ ગવર્નસની બેઠક યોજાય છે પરંતુ તેણે ઘણી સત્તાઓ કાર્યકારી બોર્ડને સૌથી દીધેલી છે. કાર્યકારી બોર્ડ ભંડોળનું એક કાયમી ઘટક છે. ભંડોળની મુખ્ય ઓફિસ વોશિંગ્ટનમાં આવેલી છે જે અગત્યના નિર્ણયો લેવાનું કાર્ય કરે છે.
- વર્તમાન સમયે સભ્ય દેશો દ્વારા નિયુક્ત આપવા ચૂંટાયેલા 24 કાર્યકારી ડિરેકટર્સનો સમાવેશ થયેલો છે.
- કાર્યકારી બોર્ડ ભંડોળની નીતિ, તેનો અમલ અને તેના વહીવટી અંગેની વિભિન્ન બાબતો સાથે સંબંધ છે. જેમાં સભ્ય દેશોની વિનિમયદરની નીતિ સભ્ય દેશોની નાણાકીય મદદ સભ્ય દેશો સાથે સંપર્ક મંત્રણા વગેરેના સર્વાંગી અભ્યાસનો સમાવેશ થાય છે. કાર્યકારી બોર્ડ ભંડોળના મેનેજિંગ ડિરેકટરની નિમણુક પણ કરે છે. અને આ મેનેજિંગ ડિરેકટર કાર્યકારી બોર્ડના અધ્યક્ષ તરીકે તેમજ ભંડોળના કર્મચારીઓ અને અધિકારીઓના વડા તરીકે કામગીરી બજાવે છે.

## 2.4 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના ઉદ્દેશો :

આંતર યુદ્ધના સમયમાં થયેલા અનુભવોને આધારે ભંડોળ

- આંતરરાષ્ટ્રીય વિશિષ્ટીકરણનો પૂરો લાભ વિશ્વને મળે તે હેતુથી બહુપક્ષીય વેપારનું સર્જન કરવા વિનિમય અંકુશોને નાબૂદ કરવા.
- સ્થિર વિનિમય દરોની સ્થાપના કરવી.
- રાષ્ટ્રીય નાણાકીય અને રાજકોષીય નીતિની સવતંત્રતા સાથે વિનિમય દરની સ્થિરતાથી નીતિનું વિવિધ દેશો દ્વારા પાલન.

આ ત્રણ મૂળભૂત ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને ભંડોળનાં કરારમાં નીચે આપેલા મહત્ત્વના ઉદ્દેશો સ્વીકારવામાં આવ્યા છે.

- ➢ એક કામયી સંસ્થાના સર્જન દ્વારા આંતરરાષ્ટ્રીય નાણાકીય સહકારને પ્રોત્સાહન આપવું.
- ➢ સભ્ય દેશોમાં રોજગારી અને આવકોનું ઊંચું ધ્યેય હાંસલ કરવું.
- ➢ વિનિમય દરની સ્થિરતાને પ્રોત્સાહન આપવું સભ્ય દેશો વચ્ચે વ્યવસ્થિત વિનિમયદરની ગોઠવણ કરવી અને સ્પર્ધાત્મક અવમૂલ્યન દૂર કરવું.
- ➢ વિદેશી હૂંડિયામણ ઉપરના અંકુશોને દૂર કરીને ચાલુ વિનિમયો માટે સભ્યો વચ્ચે બહુપક્ષીય ચૂકવણીની પરિસ્થિતિ સર્જવી.
- ➢ સભ્ય દેશોની લેણદેણની તુલામાં ઉભી થયેલી અસમતૂલા દૂર કરવા ભંડોળે મદદ કરવી જેથી રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સમૃદ્ધિને અવરોધતા પગલાંઓ અટકાવી શકાય.
- ➢ સભ્ય દેશોની લેણદેણની તુલાની અસમતૂલાની કક્ષા ઓછી કરવી કે તેના સમયગાળાને ઓછો કરવો.

**2.5 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું કાર્યક્ષેત્ર :-**

- ➢ નાણાં ભંડોળ ટૂંકાગાળાનું ધિરાણ પૂરું પાડતી સંસ્થા તરીકે કાર્ય કરે છે.
- ➢ વિવિધ દેશના વિનિમયદરો વચ્ચે સંવાદિતા સર્જવાની પ્રક્રિયા પૂરી પાડે છે.
- ➢ વિદેશી હૂંડિયામણની જરૂરિયાત અનુભવતા દેશોને હૂંડિયામણ પૂરું પાડવા હૂંડિયામણના સંગ્રાહક તરીકેનું કાર્ય કરે છે.
- ➢ વિદેશીહૂંડિયામણ ઉછીનું આપતી હોવા છતાં માત્ર ચાલુ ખાદ્ય માટે ધિરાણ આપે છે.
- ➢ સભ્ય દેશની લેણદેણની તુલામાં સર્જાયેલી મૂળભુત અલમતુલાની નાબૂદી માટે ચલણના મૂલ્યમાં ફેરફારની વ્યવસ્થા પૂરી પાડે છે.
- ➢ સભ્ય દેશોને જરૂરી સલાહ સૂચનો અને માર્ગદર્શન પુરા પાડે છે.

ટૂંકમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ આંતરરાષ્ટ્રીય નાણાકીય સમસ્યાઓ દૂર કરી સભ્ય દેશો વચ્ચે સંવાદિતા અને સહકાર પેદા કરવાનું કાર્ય કરતી સંસ્થા છે.

**2.6 નાણાં ભંડોળના નાણાકીયસાધનો :**

**(1) સભ્ય દેશોનો ફાળો :**

ભંડોળના દરેક સભ્ય દેશે નિશ્ચિત કોટા પ્રમાણે પોતાનો હિસ્સો ફાળા તરીકે આપવો પડે છે. આ ફાળો કેટલા પ્રમાણમાં આપવો તેના ધોરણો નિશ્ચિત કરવામાં આવ્યા છે.

- ➢ જે તે દેશની આર્થિક સ્થિતિ, રાષ્ટ્રીય આવક, આંતરરાષ્ટ્રીય વેપાર હિસ્સો, લેણદેણની તુલાના પ્રમાણે અને દેશ પાસે સોનું અને વિદેશી હૂંડિયામણની અનામતો વગેરેને આધારે નક્કી કરવામાં આવે છે. સભ્ય દેશે નક્કી કરેલાં ફાળાની 25% અથવ તેની પાસેના સોનાના અને અમેરિકન ડોલરનો જથ્થો હોય તેના 10% આ બે માંથી જે ઓછું હોય તેનો ફાળો સોનામાં આપવાનો હોય છે. આ સિવાયનો બાકીનો ફાળો પોતાના ચલણમાં આપવાનો હોય છે. સભ્ય દેશોના ચલણો અલગ અલગ હોવાથી ભંડોળ પાસે ફાળાના સ્વરૂપમાં વિવિધ પ્રકારનું ચલણ જમા થાય છે. ભંડોળ જરૂરિયાત અનુસાર સભ્ય દેશોના ફાળામાં વધારો કર્યો છે. વધતા જતાં આંતરરાષ્ટ્રીય વેપાર અને આંતરરાષ્ટ્રીય રોકાણની વધતી જતી માંગને પહોંચી વળવા સભ્યોના ફાળામાં વધારો કરવામાં આવ્યો હતો.

**(2) સભ્ય દેશોની ચલણોની ખરીદી કે લોન :-**

ભંડોળ તેના સભ્ય દેશોની પાસેથી તેમનું ચલણ ખરીદી શકે છે. તે સભ્ય દેશો પાસેથી તેમના ચલણમાં લોન પણ મેળવી શકે છે. જો કોઈ સભ્ય દેશના ચલણની માંગ વધી ગઈ હોય તો તેને પહોંચી વળવા જો ભંડોળ તેવું ચલણ ખરીદવા કે ઉછીનું લેવા પ્રયત્ન કરે છતાં તે ચલણ વધુ પ્રમાણમાં પ્રાપ્ય ન બને તો તેવા ચલણને ભંડોળ " અછત ચલણ " તરીકે જાહેર કરી શકે છે, સભ્ય દેશોમાં જેને અછત ચલણની જરૂરિયાત હોય તેમને ભંડોળ તેમની જરૂરિયાત પ્રમાણમાં વહેંચી આપે તેવી જોગવાઈ કરવામાં આવી છે. તે દેશનું ચલણ અછત ચલણ જાહેર થાય તેની અછત નિવારવા ભંડોળ તેવી સત્તાનો ઉપયોગ કરી શકે છે.

**(3) વિશિષ્ટ ઉપાડ હક્કનું (SDR) સર્જન Special Drawing Rights :**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ એ વિશ્વ બેંક નથી કે જે નાણાંનું સર્જન કરી શકે. પરંતુ ભંડોળ નાણાકીય સાધનો એકત્રિત કરી શકે છે.આમ છતાં આંતરરાષ્ટ્રીય તરલતાનો પ્રશ્ને હળવો કરવા માટે વિશિષ્ટ ઉપાડ અધિકાર (SDR)ની યોજના હેઠળ ભંડોળે નવા આંતરરાષ્ટ્રીય નાણાંનું સર્જન કર્યું છે. જે SDRતરીકે ઓળખવામાં આવે છે. વિશિષ્ટ ઉપાડ હકક/અધિકાર યોજના એ સ્વૈચ્છિક યોજના છે. અને ભંડોળના સભ્ય દેશો તેમાં જોડાઈ શકે છે. દરેક સભ્ય દેશનો વિશિષ્ટ ઉપાડ અધિકાર કવોટા નક્કી કરવામાં આવ્યો છે. 1970થી વિશિષ્ટ ઉપાડ હક્કના સર્જનની શરૂઆત થઈ શકે છે. આમ ભંડોળ SDRની યોજના દ્વારા નાણાકીય સાધનોમાં વધારો કર્યો છે.

**2.7 નાણાં ભંડોળના કાર્યો :**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ સભ્ય દેશોને મદદરૂપ થવા ત્રણ પ્રકારની કામગીરી બજાવે છે.

**(1) બેંક તરીકે :-**

ભંડોળ બેંકર તરીકે હૂંડિયામણના સાધનો એકત્રિત કરવાની અને ટૂંકાગાળાની લેણદેણની તુલાની ખાદ્ય ને દૂર કરવા નાણાકીય સાધનો પુરા પાડવાની કામગીરી બજાવે છે.

**(2) નિરીક્ષક તરીકે :-**

ભંડોળ વિનિમયદરની સ્થિરતા જળવાય અને વિનિમય દરમાં ફેરફાર આંતરરાષ્ટ્રીય સમતુલાને હાનિકારક ન નીવડે તેનું નિરીક્ષણ કરે છે.

**(3) સભ્ય દેશોને મદદ :-**

ભંડોળ સભ્ય દેશોને વિવિધ પ્રકારે મદદ આપે છે.

**(i) લેણદેણ તુલનાની ખાદ્ય પૂરવા ભડોળની કામગીરી :-**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ સભ્ય દેશોને ટૂંકગાળાનું ધિરાણ પૂરું પાડે છે. આ ધિરાણ લેણદેણની ચાલુ ખાદ્ય પૂરવા માટે કામચલાઉ ધોરણે ટૂંકાગાળા માટે આપવામાં આવે છે. તે સભ્ય દેશોને લાંબાગાળાનું ધિરાણ નથી આપતું વળી જે ટૂંકાગાળા માટે જે ધિરાણ આપવમાં આવે છે તેની સામે સર્વિસ ચાર્જ લેવામાં આવે છે. સભ્ય દેશોને તેમના ચલણના બદલામાં ભંડોળ વિદેશી હૂંડિયામણ પૂરું પાડે છે. પરંતુ સભ્ય દેશોએ પોતાનું ચલણ ભંડોળ પાસેથી પાછું ખરીદી લેવાનું રહે છે. આ સાથે સભ્ય દેશો પર ભંડોળે નીચે મુજબ મર્યાદા મૂકી છે.

- ➢ સભ્ય દેશ તેના ક્વોટાના 25% રકમથી વધુ રકમનું વિદેશી હૂંડિયામણ પોતાના ચલણના બદલામાં કોઈ વર્ષ દરમિયાન મેળવી શકતો નથી.
- ➢ આ પ્રકારની કુલ ખરીદી કોઈપણ સમયે સભ્ય દેશના ભંડોળમાં રહેલા ક્વોટાના 20% થી વધારે થઈ શકતી નથી.

આ ઉપરાંત ભંડોળ આવી મદદ લેનાર સભ્ય દેશ પાસેથી શરૂઆતમાં 1/2 % જેટલો સર્વિસ ચાર્જ લે છે. પરંતુ જેમ રકમનું અને મુદતનું પ્રમાણ વધારે તેમનું આ ચાર્જ પણ વધતો જાય છે. સભ્ય દેશોનું ચલણ, ભંડોળ પાસે અમર્યાદિત પ્રમાણમાં એકઠું ન થાય તે માટે મદદ લેનાર સભ્ય દેશોએ વિદેશી હૂંડિયામણ કે સોનું આપીને પોતાનું ચલણ પાછું મેળવી લેવું પડે છે. આ પ્રકારની જોગવાઈને પુનઃખરીદીની જોગવાઈ કહેવામાં આવે છે. સભ્ય દેશો પોતાના હિસ્સામાં આવતા SDRનો ઉપયોગ લેણદેણનીતુલ??નીખાદ્ય દૂરકરવા માટે કરી શકે છે. આ સાથે ભંડોળ ખાદ્ય ધરાવતા સભ્ય દેશોને અમુક શરતોને આધીન રહીને વિનિમય અંકુશોનો ઉપયોગ કરવાની છૂટ આપી શકે છે. જો સભ્ય દેશની લેણદેણની તુલામાં મૂળભૂત અસમતુલ પેદા થઈ હોય તો તે દૂર કરવા ભંડોળ વિનિમય દરમાં ફેરફાર કરવાની અવમૂલ્યન કરવાની છૂટ આપી શકે છે.

(ii) નાણાં ભંડોળે અને વિનિમય દરની નીતિ :-

નાણાં ભંડોળની વિનિમય દરની નીતિને સમયના બે તબક્કામાં વહેંચી શકાય (1) સંચાલિત પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ (2) તરતા વિનિમયદરની નીતિ.

**(i) સંચાલિત પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ :-**

નાણાં ભંડોળની વ્યવસ્થા મુજબ દરેક સભ્ય દેશે તેના ચલણનું સમતા મૂલ્ય સોનામાં અથવા અમેરિકન ડોલરમાં જાહેર કરવાનું હતું. અમેરિકન ડોલર સોનાના મૂલ્ય સાથે જોડાયેલ હતો. 35 ડોલર : 1 ઔંસ સોનું એ દરે અમેરિકન ડોલર મૂલ્ય સાથે જોડાયેલો હતો. સભ્ય દેશને તેના ચલણનું સમતા મૂલ્ય ટકાવી રાખવાનું હતું. પરંતુ કેટલીક છૂટછાટ નીચે મુજબની શરતોને આધીન હતી.

- ➢ સભ્ય દેશે તેના ચલણના સમતા મૂલ્ય 10% સુધી વધઘટ અને તે અંગેની ચર્ચા IMF સાથે કરીને એકપક્ષીય રીતે નિર્ણય લઈ શકે છે.
- ➢ સભ્ય દેશ તેના ચલણના સમતા મૂલ્યમાં 20% સુધીની વધઘટ કરવા ઈચ્છતું હોય તો પ્રથમ 10% સુધી ભંડોળની મંજૂરી ગણી લેવાની છે. ત્યારબાદ વધુ 10% વધઘટ માટે મંજૂરી આવશ્યક છે.
- ➢ જો સભ્ય દેશ તેના ચલણના રકમના મૂલ્યમાં 20% કરતાં વધુ વધઘટ કરવાની જરૂર જણાય તો ભંડોળની 2/3 ની બહુમતી સંમત થાય તો આવી છૂટ આપી શકે છે.
- ➢ સભ્ય દેશના ચલણના વિનિમય દરમાં જે ફેરફાર થાય તે બધા જ સભ્ય દેશોના ચલણની બાબતમાં અલમમાં આવે છે.

આમ નાણાં ભંડોળની ઉપરોક્ત વિનિમય દરની વ્યવસ્થા ટૂંકાગાળામાં સ્થિર પરંતુ લાંબાગાળે પરિવર્તનશીલ વિનિમય દરની વ્યવસ્થા તરીકે જાણીતી બની છે. પરંતુ ડોલર પર આધારિત સમતા મૂલ્યવાળી સંચાલિત પરિવર્તનશીલ વિનિમય દરની નીતિનો 1971 માં અંત આવ્યો.

**(ii) તરતા વિનિમયદરોની નીતિ :-**

સંચાલિત પરિવર્તનશીલ વિનિમય દરની નીતિનો 1971માં અંત આવ્યો, અને 1973 થી મોટા ભાગના દેશોએ તેમના ચલણો તરતા મૂક્યા હતા. તેમજ કેટલાક દેશોએ જુદા-જ પ્રકારની વિનિમય દરની નીતિ અમલમાં મુકી હતી જેને પરિણો વિવિધ વિનિમય દરની નીતિઓ જોવા મળી હતી.

- ચલણને સ્વતંત્ર રીતે તરતું મૂકવાની નીતિ.
- કોઈ એક ચલણના મૂલ્ય સાથે દેશના ચલણને જોડવાની નીતિ.
- વિવિધ દેશોના ચલણોની બાસ્કેટ વેલ્યુ સાથે દેશના ચલણને જોડવાની નીતિ.
- વિનિમય દરમાં અવાર નવાર ફેરફારની નીતિ.
- ચલણોને તરતા મૂકવાની નીતિ.

ઉપરોક્ત બાબતો અન્વયે 10 મુખ્ય ઔદ્યોગિક દેશોએ ત્રણ વિકલ્પ સૂચવ્યાં.

(i) તરતા વિનિમય દર મુજબ વિનિમય દર નક્કી કરવો.

(ii) વિશ્વના દેશોએ પરસ્પર સંમત વિનિમય દર અપનાવવો.

(iii) નક્કી કરવામાં આવેલાં વિનિમય દરમાં જરૂર જણાય તો ફેરફાર કરવો.

**(3) ભંડોળની સભ્ય દેશોને મદદ :**

- **સામાન્ય પ્રકારની મદદ :**

IMF સભ્ય દેશોને વિવિધ પ્રકારે મદદ આવે છે.

**(1) રિઝર્વ ટાંચ :-**

સભ્ય દેશોને લેણદેણની તુલાની ખાદ્ય પૂરવા તેના ફાળાથી વધારાની રકમની જરૂર હોય તો તે સભ્ય દેશ ઉપાડી શકે છે. જેને રિઝર્વ ટાંચ કહેવાય છે. તેના પર સભ્ય દેશે વ્યાજ આપવાનું હોતું નથી.

**(2) ક્રેડિટ ટાંચ :**

સભ્ય દેશ આર્થિક સુધારાના અમલ માટે ભંડોળના તેના ફાળાના 25% રકમ મેળવી શકે છે. આ રકમ હપ્તામાં આપવામાં આવે છે.

**(2) સ્ટેન્ડ બાય એરેન્જમેન્ટ :**

સભ્ય દેશ આર્થિક કાર્યક્રમ માટે સ્ટેન્ડ બાય એરેન્જમેન્ટ હેઠળ વધુમાં વધુ તેના ફાળા જેટલી રકમ મેળવી શકે છે. જે 3 થી 5 વર્ષમાં પરત કરવાની હોય છે.

**(4) એક્ષટેન્ડેડ ફંડ ફેસિલિટી :**

સભ્ય દેશને સ્ટ્રક્ચર્ચર સંયોજન માટે લેણદેણની તુલાની ખાદ્યને પહોંચી વળવા વધુ મોટી રકમ લાંબા સમય માટે જોઈએ તો લોન આપવામાં આવે છે.

- **વિશિષ્ટ પ્રકારની સવલતો :-**

**(1) કોમ્પેન્સ્ટરી ફાઈનાન્સિંગ સગવડતા :-**

સભ્ય દેશના અંકુશ બહારના અનાજની આયાતોનો ખર્ચ વધી જાય તો ભંડોળ હંગામી ધોરણે મદદ આપે છે.

**(2) કાઉન્ટજન્સી ફાઈનાન્સિંગ સગવડતા :-**

અણધાર્યા પ્રતિકુળ બ્રાહ્ય અસરોમાં સભ્ય દેશોને આર્થિક સુધારા ચાલુ રાખી શકે છે. તે માટે મદદ આપે છે.

**(3) ઈમરજન્સી સહાય :-**

કુદરતી આપત્તિઓના સમયે સભ્ય દેશોને લેણદેણની તુલાની ખાદ્ય સર્જાય ત્યારે મદદ કરવામાં આવે છે.

➢ **રાહતરૂપની સવલતો :-**

**(1) સ્ટ્રકચરલ એડજસ્ટમેન્ટ સવલતો :-**

સભ્ય દેશોને આ પ્રકારની સવલતો 1986 થી આપવામાં આવે છે. પરંતુ 1993ના ઠરાવ અનુસાર આ જોગવાઈ હેઠળ સભય દેશના ફાળાના 60% રકમ લોન આપવી.

**(2) ઈનહાર્સ્ડ સ્ટ્રકચરલ એડજસ્ટમેન્ટ સવલતો :-**

સભ્ય ગરીબ અને અલ્પ વિકસિત દેશોને લાંબા સમયથી લેણદેણની તુલામાં ખાદ્યની સમસ્યાનો સામનો કરતા હોય ત્યારે તેને રાહત દરે લોન આપવામાં આવે છે.

**2.8 નાણાં ભંડોળની કામગીરીનું મૂલ્યાંકન :-**

**સિધ્ધિઓ :-**

1. IMF સભ્ય દેશોની લેણદેણની તુલાને સમતોલ રાખવામાં યોગ્ય કામગીરી બજાવે છે.
2. આંતરરાષ્ટ્રીય તરલતાનો પ્રશ્ન હલ કરવા નાણાં ભંડોળે SDRની યોજના અમલમાં મૂકીને અછતવાળા ચલણનો પુરવઠો વધારવાનો પ્રયાસ થયો છે.
3. ભંડોળ મુક્ત વેપાર અને બહુમુખી ચૂકવણીઓના પ્રશ્નો મહત્ત્વની કામગીરી બજાવે છે.
4. ભંડોળે સભ્ય દેશોને જરૂરી માર્ગદર્શન અને સલાહ સૂચનો પુરા પાડયા છે.
5. ભંડોળે સભ્ય દેશોની સરકારની નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ અને ચલણના અવમૂલ્યનની બાબતમાં માર્ગદર્શન આપ્યું છે.

આમ નાણાં ભંડોળ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે મહત્ત્વની કામગીરી બજાવી છે. ભંડોળના નાણાકીય સાધનોનો વિકસિત અને વિકસતા દેશોએ ઉપયોગ કર્યા છે. ભંડોળે આંતરરાષ્ટ્રીય નાણાં - પ્રવિહિતાનો પ્રશ્ન હલ કરવા પ્રયાસ કર્યો છે. ભંડોળ બદલાયેલી પરિસ્થિતિમાં તેની સ્થિતિ સ્થાપકતા જાળવી રાખી છે.

**મર્યાદાઓ :-**

1. સભ્ય દેશોને ધિરાણ આપવા માટે કડક શરતો મૂકી છે અને ઊંચા વ્યાજના દર વસુલ કરે છે.
2. ભંડોળની વ્યવસ્થામાં સભ્ય દેશોના ચલણોની ખરીદ શક્તિમાં થતાં ફરેફારો મુજબ વિનિમય દરોમાં ફરેફાર થાય તેવી કોઈ વ્યવસ્થા નથી.
3. ભંડોળ તેના સભ્ય દેશોને સલાહ સૂચનો આપી શકે છે. પરંતુ જરૂરી નીતિઓના અમલ માટે ફરજ પાડી શકતું નથી.
4. અમેરિકા અને યુરોપના અમુક દેશોનું વર્ચસ્વ વધારે છે અને SDRનો કવોટા પણ વધુ છે.

5. વિનિમય દરની સ્થિરતા અને સભ્ય દેશો વચ્ચે વ્યવસ્થિત વિનિમય વ્યવસ્થા વિકસાવવામાં IMF નિષ્ફળ ગયેલ છે.
6. ભંડોળનો હેતુ વિદેશી હૂંડિયામણ વિનિમય પરનો પ્રતિબંધ જે વિશ્વ વેપારને અવરોધે છે.

**2.9 નાણાં ભંડોળ અને ભારત :-**

ભારત નાણાં ભંડોળની સ્થાપના થઈ ત્યારથી સભ્ય છે ભારતનાં નાણાંમંત્રી ભંડોળના બોર્ડ ઓફ ગવર્નર્સમાં છે. જયારે ભારતનો ક્વોટા 4158 મિલિયન SDRમતાધિકારને આધારે ભારતનો ક્રમ 21 છે. ભારતના રૂપિયામાં અને 887 મિલિયન SDRઅનામત સ્વરૂપમાં છે.

ભારત 2002માં ભંડોળના ફાયનાન્સિયલ ટ્રાન્ઝેક્સન પ્લાનમાં જોડવા સંમત થયું હતું. જેને પરિણામે ભારતને ભંડોળના લેણદાર તરીકેનો દરજ્જો મળ્યો છે.

**(3) વર્લ્ડ બેંક :-**

International Bank of Reconstruction Development (IBRD)

**પ્રસ્તાવના :**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક બંન્ને ભગિની સંસ્થાઓછે. બંન્ને સંસ્થાઓ 1944 માં યોજાયેલી બ્રેટનવુડઝ પરિષદના પરિણામ સ્વરૂપ એક સાથે અસ્તિત્વમાં આવી હતી. ઘણી બધી બાબતોમાં નાણાં ભંડોળ અને વિશ્વ બેંક સરખી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ છે. પરંતુ બંન્નેના ઉદ્દેશો જુદાં-જુદાં છે.તેમજ કામગીરીમાં પણ તફાવત જણાય છે.

વિશ્વ બેંક સભ્ય દેશોને લાંબાગાળાની લોન આપે છે. સભ્ય દેશોને આર્થિક વિકાસ અને અર્થતંત્રની પુનઃરચનામાં મદદરૂપ થાય છે. વિશ્વ બેંકની સ્થાપના 27 ડિસેમ્બર 1945 થી થઈ છે. જો કે તેણે તેની કામગીરી ૨૫ જૂન 1946 થી શરૂ કરી.

**3.1 વિશ્વ બેંકના ઉદ્દેશો :-**

- સભ્ય દેશોને આર્થિક વિકાસના અને પુનઃરચનાના કાર્યમાં મદદરૂપ થવા ઉત્પાદક હેતુઓ માટે મૂડીરોકાણની સગવડો પુરી પાડવી.
- વિકસતા દેશોમાં ઉત્પાદકતામાં વધારો થાયતે માટે સભ્ય વિકસતા દેશોને પૂરક મૂડી દ્વારા પ્રોત્સાહન પૂરું પાડે છે.
- સભ્ય દેશોમાં ખાનગી મૂડી રોકાણ માટે વિશ્વ બેંક પ્રોત્સાહન પૂરું પાડે છે. ઉત્પાદક હેતુઓ માટે પ્રત્યક્ષ ખાનગી મૂડી રોકાણ કરે છે.
- સભ્ય દેશોમાં ઉત્પાદકતા જીવન ધોરણ અને શ્રમિકોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવામાં વિશ્વ બેંક મદદરૂપ થાય છે. આ ઉપરાંત લાંબાગાળાના વિદેશી મૂડી રોકાણને પ્રોત્સાહન આપીને વિશ્વ વેપારનો વિકાસ થાય તે અંગે વિશ્વ બેંક પ્રયાસો કરે છે.
- સમતોલ વિકાસને પ્રોત્સાહન આપી સભ્ય દેશોની લેણદેણની તુલાને સમતોલ રાખવા મદદ કરે છે.

**3.2 વિશ્વ બેંકનું વહીવટી માળખું :-**

વિશ્વબેંકનું ત્રણ માળખું છે વહીવટ માટેનું, બોર્ડ ઓફ ગવર્નર્સ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ અને પ્રમુખ બોર્ડ ઓફ ગવર્નર્સ વિશ્વ બેંકની સર્વોચ્ચ સત્તા છે. પ્રમુખની નિમણુક બેંકના કાર્યવાહકો કરે છે જેની સંખ્યા 21 છે. જેમાંથી પાંચ કાર્યવાહક નિયામકો વધુ શેરમૂડી ધરાવતા અમેરિકા,

યુકે, પશ્ચિમ જર્મની, ફ્રાન્સ, જાપાનનો સમાવેશ થાય છે. બાકીના 16 ડિરેકટર્સની નિમણુક બોર્ડ ઓફ ગવર્નર દ્વારા કરવામાં આવે છે. પાંચ વર્ષની મુદત માટે દરેક સભ્ય દેશને એક ગવર્નર અને એક વૈકલ્પિક ગવર્નરની નિયુક્તિ કરવાની રહે છે. વિશ્વ બેંકના પ્રમુખ બોર્ડ ઓફ ગર્વનર્સની મિટિંગ દર મહિને બોલાવે છે. વાર્ષિક મિટિંગમાં ઑડિટ કરેલા હિસાબો વહીવટી અંદાજપત્ર અને વિશ્વ બેંકની કામગીરી અને નીતિઓ પરનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવે છે.

### 3.3 વિશ્વ બેંકની મૂડી :-

બેંકની રચના થઈ ત્યારે તેની 10 અબજ ડોલર અધિકૃત મૂડી હતી. મતાધિકાર ધરાવતા સભ્ય દેશોની સંમતિથી વિશ્વ બેંકની અધિકૃત મૂડીમાં વધારો કરી શકાય છે. વર્તમાન સમયમાં અધિકૃત મૂડી 21 અબજ ડોલર અને ભરપાઈ થયેલી મૂડી છે. જેમાં ભરપાઈ થયેલી મૂડીના 2% સોનાના સ્વરૂપમાં અને 98% મૂડી સભ્ય દેશોના ચલણના સ્વરૂપમાં છે. 19 અબજ ડોલરના મૂલ્યના સેયર્સ સભ્ય દેશોને આપવામાં આવ્યા છે.

### 3.4 વિશ્વ બેંકના કાર્યો :-

અલ્પ વિકસિત દેશોને ઉત્પાદક સવલતો અને સાધનો ઉભા કરવા મૂડી રોકાણની સગવડ, ખાનગી મૂડી રોકાણને પ્રોત્સાહન આપે છે તથા લાંબાગાળાના સમતુલિત આંતરરાષ્ટ્રીય વેપારને ઉત્તેજન આપવાનું કાર્ય કરે છે.

#### (i) ધિરાણ :-

વિશ્વ બેંક એવી સંસ્થા છે કે જે તેના સભ્યોને પોતાની મૂડી અને આંતરરાષ્ટ્રીય મૂડી – બજારમાંથી લાંબાગાળાનું ધિરાણ આપે છે. વિશ્વ બેંક ખાનગી સંસ્થાઓ સાથે વ્યવહાર કરતી નથી, પરંતુ સરકારકે મધ્યસ્થ બેંક ગેરંટી આપે તો વિશ્વ બેંક ખાનગી સંસ્થાને પણ ધિરાણ આપે છે.

- ➢ સભ્ય દેશે જે સ્વરૂપમાં લોન લીધી હોય તે જ સ્વરૂપમાં પરત કરવાની હોય છે.
- ➢ અર્થતંત્રની ઉત્પાદન શક્તિ વધારે તેવા પ્રોજેકટને વિશેષ લોન આપવી.
- ➢ વિશ્વ બેંક લોનની રકમ મધ્યસ્થ બેંકમાં જમા કરાવે છે. અને ધિરાણ લેનાર સંસ્થાએ મધ્યસ્થ બેંકમાંથી આ રકમ મેળવવાની હોય છે.
- ➢ વીજળી સિંચાઈ, શિક્ષણ, સ્વસ્થ્ય, ઉદ્યોગ વાહન વ્યવહાર સંદેશા વ્યવહાર, પર્યાવરણ અને વસ્તી નિયંત્રણ માટે લોન કે ધિરાણ આપે છે.

આ ઉપરાંત સભ્ય દેશોમાંથી જરૂરતમંદ દેશોને લોન કે ધિરાણ વિશ્વ બેંક પોતાના ભંડોળમાંથી આવે છે જો અન્ય સભ્ય દેશોના ચલણના સ્વરૂપમાં લોન આપવાની હોય તો વિશ્વ બેંક માટે તે સભ્ય દેશોની પૂર્વ મંજૂરી લેવી પડે છે.

જો કે વિશ્વ બેંક પાસે પૂરતા સાધનો નથી તેથી બધા જ સભ્ય દેશોની વિકાસલક્ષી જરૂરિયાતોને સંતોષી શકે તેમ નથી. આવા કારણોસર વિશ્વ બેંકે કેટલીક ગૌણ સંસ્થાઓની સ્થાપના કરે છે. (1) ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (2) ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસિયેશન.

#### (ii) ટેકનીકલ સહાયઃ-

ટેકનીકલ સહાય આપે છે. આ માટે સભ્ય દેશોમાં પોતાનું નિષ્ણાતોનું જૂથ મોકલે છે. જે સભ્ય દેશોને ઉત્પાદક સાધનોની મોજણી કરે છે. અને સાધનોનો વધુ અસરકારક ઉપયોગ

કરવા અંગે સલાહ સૂચનો આપે છે. વિશ્વ બેંક દ્વારા" આર્થિક વિકાસની સંસ્થા " સ્થાપવામાં આવી છે. જે જે સભ્ય દેશોને કર્મચારીઓને તાલીમ આપવાનું કાર્ય કરે છે. આર્થિક વિકાસ અંગેની અનુકૂળ અને અસરકારક નીતિઓનું ઘડતર કરવા તેનો અમલ કરવા પર વિશેષ ધ્યાન આપે છે. ખાસ કરીને ખેતી વિષયક સંશોધન, ગ્રામ્ય સ્વસ્થ્ય ઔદ્યોગિક નીતિ, ઊર્જાનીતિ, રેલવે વહીવટી વગેરે બાબતો અંગેનું ટેકનીકલ જ્ઞાન સભ્ય દેશોના લોકોને પ્રાપ્ત થાય તે અંગેના પ્રયાસો કરે છે.

**(iii) સભ્ય દેશોના વિવાદાસ્પદ પ્રશ્નોનો ઉકેલ :-**

સભ્ય દેશોના વિવાદાસ્પદ પ્રશ્નોના ઉકેલમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પાણીની વહેંચણીના વિવાદ અંગે વર્લ્ડ બેંકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

**સહાયક સંસ્થાઓની સ્થાપના :**

વિશ્વ બેંક વિકસતા દેશોના ગરીબ વર્ગનું કલ્યાણ અને ઉત્પાદનમાં વધારો અને જીવનધોરણમાં સુધારો થાય તેવો તેનો વર્તમાન મૂડીરોકાણનો વ્યૂહ રહ્યો છે. આ સાથે વિકસતા દેશોને વધુ સહાય આપી શકાય તે માટે " એઈડ ઈન્ડિયા કલબની " સ્થાપના કરી છે. જે વિકસતા દેશોને લોન / સહાય આપવામાં વિશ્વ બેંકને ખૂબજ મદદરૂપ થાય છે.

**3.5 ભારત અને વિશ્વ બેંક :-**

વિશ્વ બેંકના સ્થાપના સમયથી ભારત તેનું સભ્ય છે અને વર્ષો સુધી તેના કાર્યવાહક નિયામક મંડળમાં સ્થાન ધરાવતું હતું. વિશ્વ બેંક ભારતને તેના આર્થિક વિકાસ માટે ધિરાણ પૂરું પાડીને નિષ્ણાતોની સલાહ પુરી પાડીને ભારતીય કર્મચારીઓને ટેકનીકલ સલાહ અને તાલીમ પુરી પાડીને મહત્ત્વની સાબિત થઈ છે. ભારત 1949 થી વિશ્વ બેંકની સૌથી વધુ સહાય મેળવનાર દેશ રહ્યો છે.

➢ વિશ્વ બેંકે ભારતને બંદર વિકાસ તેલની શોધખોળ વિમાની સેવા, લોખંડ, પોલાદ એલ્યુમિનિયમ, ખાતર, રેલવેનું આધુનિકરણ, ટેકનિકલ સહાય વગેરે માટે સહાય કરી છે. ભારતમાં ખેતીનો વિકાસ, ઉદ્યોગ અને ઊર્જા પરિવહનના વિકાસમાં વિશ્વ બેંકની મહત્ત્વની ભૂમિકા રહી છે.

## (4) General Agreement on Tariff and Trade – GATT

**પ્રસ્તાવના :-**

આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન વિકલ્પે વેપાર અને જકાત સાથે સામાન્ય સમજૂતી (GATT) 1947 માં કરવામાં આવી. પ્રારંભમાં એ સમજૂતી ૨૩ દેશો વચ્ચે થઈ હતી. આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠનની બધી જોગવાઈઓ અને સિદ્ધાંતોનો તેમાં સમાવેશ કરી લેવામાં આવ્યો હતો." ગેટ " ની જોગવાઈઓને વહીવટી મંજૂરીની અપેક્ષા હતી ધારાકીય મંજૂરીની અપેક્ષા ન હતી. આંતરરાષ્ટ્રીય કાયદામાં વહીવટી સમજૂતીઓ ચુસ્ત રીતે બંધનકર્તા ગણાતી નથી. વળી સંગઠનની રચનામાં " યૂનો " ના આશ્રયે એક પ્રભાવશાળી અને સત્તા ધરાવતું વહીવટીતંત્ર રચવાની જોગવાઈ હતી. એ તંત્ર સંગઠનની જોગવાઈઓના અમલ માટે તકેદારી રાખે તેવી અપેક્ષા હતી. એ તંત્ર સંગઠનની જોગવાઈઓના અલ માટે તકેદારી રાખે તેવી અપેક્ષા હતી. સંગઠનના વિકલ્પે ગેટનો સ્વીકાર થયો છે.

**4.1 ગેટનો ઉદ્‌ભવ :-**

જનરલ એગ્રિમેન્ટ ઓન ટેરિફ્સ એન્ડ ટ્રેડ (GATT) 1948 માં સાકાર થયો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વ વેપારને વધુ ઉદાર બનાવવાનો હતો. જેથી વિશ્વના દેશો સમ્રુદ્ધ બની શકે.

**4.2 ગેટના ધ્યેયો અને હેતુંઓ :-**

ગેટના ધ્યેયોને તેના આમુખમાં સ્પષ્ટ કરવામાં આવ્યાં હતા. અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની જેમ આ સમજૂતીમાં વ્યાપક ધ્યેયો નજર સમક્ષ રાખવામાં આવ્યા હતા.

➢ સભ્ય દેશોના નાગરિકોના જીવન ધોરણમાં સુધારો કરવો.

➢ પૂર્ણ રોજગારી ટકાવી રાખવી.

➢ આંતરરાષ્ટ્રીય વેપામાં વધારો કરવો.

➢ વિશ્વમાં ઉપલબ્ધ સાધનોનો પૂર્ણ ઉપયોગ કરવો.

➢ વેપાર સંબંધમાં આવતાં અવરોધો નાબૂદ કરવા.

**હેતુંઓ / ઉદ્દેશો :-**

**(1) આયાત નિકાસ ક્ષેત્રે ભેદભાવભરી નીતિ નાબૂદ કરવી :**

આયાત અને નિકાસના ક્ષેત્રે ભેદભાવ ભરેલી નીતિ દૂર કરવા માટે Most Favoured Nation (MFN) ની જોગવાઈ રાખવામાં આવી છે. જે પ્રમાણે કરારથી જોડાયેલાં દેશ અન્ય દેશને આયાત જકાતની બાબતમાં જો કોઈ વિશેષ લાભ આપે તો એવા જ લાભ તેણે કરારથી જોડાયેલાં અન્ય તમામ દેશોને વિના શરતે તત્કાળ આપવાં જોઈએ.

**(2) આયાત જકાતોમાં ઘટાડો અને સ્થિરતા :**

ગેટની બીજી મહત્ત્વની જોગવાઈ આયાત જકાતમાં ઘટાડો કરવાની છે. સભ્ય દેશો પરસ્પર વાટાઘાટો દ્વારા જુદી – જુદી વસ્તુઓ પરની આયાત – જકાત ઘટાડવા સંમત થાય છે. ઉપરની જોગવાઈ પ્રમાણે જકાત ઘટાડવાનો લાભ અન્ય દેશોને સમાન રીતે પ્રાપ્ત થાય છે.

**(3) પરિમાણાત્મક અંકુશોની નાબૂદી :**

ગેટ અન્વયે કરવામાં આવેલી સમજૂતીમાં પરિમાણાત્મક અંકુશોની નાબૂદી કરવાનું અગાઉથી સ્વીકાર કરવામાં આવ્યું નહોતું. પરંતુ" હવાના ચાર્ટર " દ્વારા કવોટા તથા આયાત નિકાસ પરવાના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

**(4) સંરક્ષણનાં અન્ય સ્વરૂપોનું નિયંત્રણ :**

દેશના ઉદ્યોગોને સંરક્ષણ આપવા અન્ય માર્ગો સભ્ય દેશો નહિ અપનાવે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. દા.ત. દેશની વસ્તુ પર ન હોય તેવા કોઈ કર વિદેશી વસ્તુ પર નાખી ન શકાય, કોઈ વસ્તુના ઉત્પાદનમાં અમુક ભાગો દેશમાંથી જ મેળવવાનો નિયમ ન થઈ શકે.

**4.3 વ્યાપક અપવાદ :-**

પ્રત્યેકમહત્ત્વની જોગવાઈઓમાં અપવાદો રાખવામાં આવ્યા. દા.ત. લેણદેણની તુલાના સરવૈયાની ખાદ્ય નિવારવા માટે આયાતો પર નિયંત્રણ મૂકી શકાય. દેશના આર્થિક વિકાસ માટે જરૂરી વસ્તુઓની આયાતો થઈ શકે તે માટે અન્ય વસ્તુઓની આયાતો સીમિત કરી શકાય. દેશમાં નવા ઉદ્યોગો સ્થાપવા અને તેના દ્વારા લોકોના જીવન ધોરણ ઊંચે લઈ જવા માટે દેશ

આયાત જકાતમાં કરેલા ઘટાડો નાબૂદ કરી શકે. વિકાસશીલ દેશોની તરફેણમાં સંખ્યાબંધ અપવાદો રાખવામાં આવ્યા.

### 4.4 ગેટની સમીક્ષા :-

ગેટના આશ્રયે આયાત જકાતોમાં ઘટાડો કરવા માટે વાટાઘાટોના વિવિધ રાઉન્ડ થયાં જેમ કે 1962 થી 67 સુધી કેનેડી રાઉન્ડ, 1973 થી 1980 ટોકિયો રાઉન્ડના નામે જાણીતી વાટાઘાટો થઈ આ બધી સમજૂતીઓને પરિણામે ઔદ્યોગિક દેશો દ્વારા નાખવામાં આવતી આયાત જકાતોમાં એકંદરે મોટો ઘટાડો થયો.

- ગેટના કાર્યક્ષેત્રને સીમિત રાખવામાં આવ્યું હતું તેમાં કૃષિ પેદાશો, વસ્ત્રો, સેવાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. મોટા ભાગે એ સમજૂતીઓ ઔદ્યોગિક ચીજોને સ્પર્શતી હતી.
- ગેટના આશ્રયે થયેલી સમજૂતીઓનું પાલન કોઈ દેશ પાલન ન કરે તો તેમાંથી ઊભા થતાં વિવાદના નિકાલ લાવવાનો કોઈ વહીવટી પ્રબંધ એ સમજૂતીમાં ન હતો.
- ગેટના આશ્રયે ઉરુગ્વે રાઉન્ડના નામે ઓળખાતી વાટાઘાટોને આરંભ 1986માં થયો હતો તેની ફલશ્રૃતિ રૂપે આખરી સ્વરૂપ 1995“ વિશ્વ વેપાર સંગઠન ” નામ આપવામાં આવ્યું.

## (5) Asian Development Bank (ADB) એશિયન વિકાસ બેંક :-

**પ્રસ્તાવના :-**

એશિયન વિકાસ બેંક એ આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે. તેની સ્થાપના 1966 માં ફિલિપાઈન્સ ના મનિલામાં મુખ્ય મથક તરીકે કરવામાં આવી હતી. બેંક તેના વિકાસશીલ સભ્યોને આર્થિક અને સામાજીક પ્રગતિને પ્રોત્સાહન આપવામાં રોકાયેલ છે, ખાસ કરીને એશિયા પેસિફિક ક્ષેત્રમાં જેના માટે તે લોન ઈક્વિટી રોકાણ વિવિધ વિકાસ લક્ષી પ્રોજેક્ટ અને પ્રોગ્રામ્સ માટે પૂરી પાડે છે. આ ઉપરાંત સલાહકારી સેવાઓ તકનીકી સહાય ગેરંટીઝ અનુદાન અને નીતિ સંવાદો પૂરા પાડે છે.

- એશિયન વિકાસ બેંકના 67 સભ્યો છે. જેમાં 48 પ્રાદેશિક અને 19 બિન-પ્રાદેશિક સભ્યો છે. ભારત 1966 માં સ્થાપના સભ્ય તરીકે રહ્યું છે.
- ભારતની કુલ શેયર 6.357 % અને મતદાન અધિકાર 5.384 % 31 ડિસેમ્બર 2013 મુજબ છે. જાપાન અને યુ.એસ. દરેક શેરના 15.67 % સાથે વધુ શેર હોલ્ડરોનું પ્રતિનિધિત્વ કરે છે. ચીન અને ભારત ત્રીજું અને ચોથુ સ્થાન શેર હોલ્ડરોમાં ધરાવે છે.
- એશિયન ડેવલપમેન્ટ બેંકના મુખ્ય ભાગીદારો સરકાર ખાનગીક્ષેત્ર, બિન સરકારી સંસ્થાઓ, વિકાસ એજન્સીઓ વગેરે છે.

### 5.1 એશિયન વિકાસ બેંકના ઉદ્દેશ્યો :-

- સભ્ય દેશો વચ્ચે ગરીબીનું પ્રમાણ ઘટાડાવું.
- જીવનની ગુણવત્તામાં સુધારો કરવો.
- તેમની દૃષ્ટિએ “ એશિયા અને પેસિફિક ક્ષેત્ર ગરીબી મુક્ત ” કરવું.
- એશિયન બેંકની 2008 ની વ્યૂહરચના અંતર્ગત એવી પ્રક્રિયા નિર્ધારિત કરવી કે જો

વધુ લોકો આર્થિક રીતે ઉત્પાદકીય હોય તો ગરીબી ઉન્મૂલન થઈ શકે છે. આ ઉપરાંત વધુ સારી રીતે આર્થિક વૃદ્ધિ દર હાંસલ કરી શકાય જો પાડોશી દેશો સાથે અને મુક્ત બજારો અંતર્ગત યોગ્ય વાતાવરણ સ્થાપીએ તો.

- 2020 ની વ્યૂહરચના અંતર્ગત ત્રણ વિશિષ્ટ એવા પૂરક એજન્ડા વિકાસ કેન્દ્રિત છે. સમગ્રલક્ષી આર્થિક વિકાસ, પર્યાવરણ અને ટકાઉ વિકાસ અને પ્રાદેશિક એકીકરણ.

**5.2 એશિયન વિકાસ બેંકનું માળખું / પ્રવૃત્તિ :-**

- અહી બેંક પ્રાથમિક આંકડા સંગ્રહ કરવા માટે સીધી જવાબદાર નથી.
- જો કે તે તેના વિકાસશીલ સભ્ય દેશોમાં આંકડાકીય અને સંબંધિત આંકડાકીય ક્ષમતા-નિર્માણ પ્રવૃત્તિઓ માટે તકનીકી અને નાણાકીય સહાય પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- બેંકના ટેકનિકલ અને નાણાકીય સહાયના મોટા પ્રમાણમાં આર્થિક આંકડા સામાજીક આંકડા અને આંકડાકીય ક્ષમતા બિલ્ડિંગ પર કેન્દ્રિત છે.
- બેંક તેના વિકાસશીલ સભ્ય દેશોના સામાજીક અને આર્થિક સુચાકાંક ઈન્ડેક્ષ નંબર પર માળખાગત ડેટાબેઝ જાળવે છે.

**5.3 બેંકના મુખ્ય અંશ :-**

- બેંકનો ઉદ્દેશ્ય આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવું તેમાં સહકાર આપવો.
- એશિયા અને પૂર્વ ક્ષેત્રના વિકાસશીલ દેશોને આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઝડપથી વધારો થાય તે માટે સમજૂતી પૂર્વક અને વ્યક્તિગત સ્તરે કરારની સ્થાપના કરવી.

**5.4 બેંકનું સંચાલન :-**

- એશિયન વિકાસ બેંક પાસે બોર્ડ ઓફ ગર્વનર્સ છે (BOG) બોર્ડ ઓફ ડિરેક્ટરર્સ (BOD) એક રાષ્ટ્રપતિ, છ ઉપરાષ્ટ્રપતિ અને અન્ય જરૂરી અધિકારીઓ અને કર્મચારી.
- અન્ય સભ્યોની જેમ ભારત " બોર્ડ ઓફ ગર્વનર્સમાં " પ્રતિનિધિ છે. ભારતના નાણાં પ્રધાન તે માટેના નિયુક્ત રાજયપાલ છે.
- બોર્ડ ઓફ ગર્વનર્સમાં બેંકની તમામ સત્તાઓ હોય છે જેમ કે નવા સભ્યોના પ્રવેશ અંગે નિર્ણય કરવો, અધિકૃત શેરમૂડીમાં વધારો કરવો અથવા ઘટાડો, ચૂંટાયેલા ડિરેક્ટર અને પ્રમુખ નક્કી કરવા, તેમના રાષ્ટ્રપતિનું મહેનતાણું નક્કી કરવું. અન્ય આંતરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગ આપવો, અને આવક અને નફાની ફાળવણી કરવી વગેરે.
- બોર્ડઓફ ગર્વનર્સ તેની સત્તાનો ઉપયોગથી યોગ્ય કાર્યો અને સહાય કરે છે. જયારે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ જેને ચોક્કસ કાર્યો કરવા માટે સત્તા આપવામાં આવી છે. જેમ કે બેંકની સામાન્ય કામગીરીનો નિર્દેશો પાલન કરાવવું, લોન, ગેરેટિંઝ, ઈકિવટી કેપિટલમાં મૂડી રોકાણ આપવું, તકનીકી સહાય, નાણાકીય હિસાબ વર્ષ દરમ્યાન આપવું, બેંકનું બજેટ મંજૂર કરવું.
- ભારત બોર્ડ ઓફ ડિરેક્ટરર્સમાં પણ પ્રતિનિધિત્વ કરે છે. ભારત તરફથી બે સલાહકાર અને એક કાર્યકારી સહાયક દ્વારા નામાંકિત થયેલા છે.

**5.5 એશિયન વિકાસ બેંકના સ્ટાફ :–**

- કુલ સ્ટાફની સંખ્યા 2500 છે. જેમાં ફિલ્ડ ઓફિસનો પણ સમાવેશ થાય છે.

- સભ્યો :874 વ્યાવસાયિક અને 1627 રાષ્ટ્રીય સ્ટાફ.
- જયારે આંકડાકીય પ્રવૃત્તિઓમાં સામેલ 4 વ્યાવસાયિક અને છ રાષ્ટ્રીય સ્ટાફ વિકાસ સુચકાંકો અને નીતિ સંશોધન વિભાગમાં છે.

**5.6 આંકડાકીય વર્ક પ્રોગ્રામ :-**

- મલ્ટી – વાર્ષિક 3 વર્ષનો પ્રોગ્રામ છે વર્તમાન કાર્યક્રમ 2009 – 2011 ના સમયગાળાને આવરી લે છે. સભ્ય દેશોને પ્રાદેશિક તકનીકી સહાય પૂરી પાડીને આંકડાકીય ક્ષમતા સુધારવા અને વ્યૂહરચના ઘડવા સહાય કરે છે.
- જેમાં વિકાસ સૂંચકાંઠો અને નીતિ સંશોધન વિભાગને આ કામગીરીના અમલીકરણની જવાબદારી નિભાવે છે.

## (6) South Asian Association For Regional Co-operation (SAARC)

**પ્રસ્તાવના :-**

સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કો-ઓપરેશન (સાર્ક) દક્ષિણ એશિયન દેશોનું સંગઠન છે, જેની સ્થાપના 8 ડિસેમ્બર 1985 માં કરવામાં આવી હતી. તેમાં 7 સભ્યો જોડાયા હતા. સાર્કમાં ——

- જેમાં બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા. અફઘાનિસ્તાન 2005 માં તેના સભ્યપદ માટે વિનંતી કરી હતી તેને સભ્યપદ 2007માં મળ્યું હતું.
- આમ સાર્કમાં મુખ્ય પ્રથમ સાત દેશો ઓપચારીક રીતે તેના સભાને અપનાવ્યું જેનો મુખ્ય ઉદ્દેશ આર્થિક અને સામાજિક પ્રગતિના પ્રદાન માટે સાંસ્કૃતિક વિકાસ માટે દક્ષિણ એશિયાના ક્ષેત્રમાં અને વિકાસશીલ દેશો સાથે મિત્રતા અને સહયોગ માટેનો હતો.
- તેનું મુખ્ય મથક કાઠમંડુ, નેપાળમાં છે.
- રાજયોના વડાઓની બેઠક સામાન્ય રીતે દર વર્ષે નક્કી કરવામાં આવે છે.
- જયારે વિદેશી સચિવોની બેઠક વર્ષમાં બે વાર થાય છે.

**6.1 સાર્કના હેતુઓ :-**

ચાર્ટરમાં એસોસિએશનના નિર્ધારિત ઉદ્દેશો છે.

- દક્ષિણ એશિયાના લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવો અને કલ્યાણમાં વધારો કરવો.
- આર્થિક વિકાસની ગતિ વધારવા સામાજીક પ્રગતિ અને સાંસ્કૃતિક વિકાસ પ્રદેશમાં સ્થાપવો. ઉપરાંત દરેક વ્યક્તિને તક આપવી કે તે પોતાની ક્ષમતા જાણી શકે અને ગૌરવ અનુભવી શકે.
- દક્ષિણ એશિયાના દેશોને મજબૂત અને આત્મનિર્ભર બનાવવા પ્રોત્સાહન આપવું.
- સભ્ય દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસનું વાતાવરણ સર્જાય તેવા પ્રયત્ન કરવા તથા યોગ્ય સમજણ અને એકબીજાની સમસ્યાઓને ઉકેલવાની ભાવના વિકસે.
- પારસ્પરિક સહાય અને સક્રિય રીતે સહયોગ આર્થિક સામાજિક, સાંસ્કૃતિક, તકનીકી અને વૈજ્ઞાનિક ક્ષેત્રે આપવો.

- વિકાસશીલ દેશો સાથે સહકાર મજબુત કરવા.
- સામાન્ય હિત માટે આંતરરાષ્ટ્રીય ફોરમે સહકાર સંગઠનોએ સહયોગ આપવા.

**6.2 સાર્કના સિદ્ધાંતો :-**

- બધા સભ્ય દેશોની સ્વતંત્રતા સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને રાજકીય સમાનતા માટે આદર રાખવો.
- આંતરિક બાબતોમાં દખલ ન કરવી.
- પારસ્પરિક લાભ માટે સહયોગ કરવો.
- નિર્ણયો બધા આઠ સભ્યોએ સર્વ સંમતિથી લેવા.
- ઘણા દેશો સાથે સંકળાયેલા ફકત બહુપક્ષીય મુદ્દાઓની ચર્ચા કરવી. પરંતુ દ્વિપક્ષીય મુદ્દાઓને અલગ રાખવા તથા બહુપક્ષીય મુદ્દાઓની ચર્ચામાં પૂર્વગ્રહરાખવા નહિ.

**6.3 સંસ્થાકીય માળખું :-**

- મંત્રીઓની પરિષદ.
- સ્થાયી પરિષદ.
- તકનીકી સમિતિ.
- પ્રોગ્રામીંગ કમિટી.
- સચિવાલય.

**6.4 સાર્કના સહકારના ક્ષેત્રો :-**

સાર્કના સહકારના ક્ષેત્રો નીચે મુજબ છે.

1. કૃષિ અને ગ્રામિણ વિકાસ કરવો.
2. મૂડી રોકાણ કરવું અને વાણિજિયક વિવાદ સમાધાન.
3. બાયોટેકનોલોજી.
4. સંસ્કૃતિ વિકસાવી તથા આદરભાવ રાખવો.
5. આર્થિક વેપારને પ્રોત્સાહન
6. શિક્ષણ ફેલાવવું.
7. ઊર્જા.
8. પર્યાવરણ સાચવણી.
9. નાણાં.
10. ફૂડ સિકયુરિટી અને સાર્ક ફૂડ બેંક
11. ગરીબી ઉન્મૂલન કાર્યક્રમ.
12. વિજ્ઞાન અને ટેકનોલોજી, ઈર્ન્ફમેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી.
13. સલામતીના પાસાઓ :- દવા અને દવા સંબંધિત ગુનાઓ,
    આતંકવાદ
    નીતિ મુદ્દાઓ.

14. સામાજીક વિકાસ

15. ટુરિઝમનો વિકાસ

16. ભંડોળની વ્યવસ્થાપના.

**6.5 સાર્ક સમિટ :-**

- પહેલી સાર્ક સમિટ 8 ડિસેમ્બર- 1985 માં ઢાકામાં યોજવામાં આવી.
- ંબીજી સાર્ક સમિટ, 17 નવેમ્બર- 1986 માં કાંઠમંડુ થઈ હતી.
- ચોથી સમિટ, 29 – 31 ડિસેમ્બર- 1988 માં ઈસ્લામબાદ થઈ. પાંચમી સમિટ 21 – 23 નવેમ્બર 1990 માલેમા થઈ, છઠ્ઠી સમિટ 21 ડિસેમ્બર, 1991 કોલ્મબોમાં થઈ.
- સોળમી સમિટ ભૂતાનમાં 14 એપ્રિલ 2010 માં થઈ.
- 18મી સમિટ, 26 – 27 નવેમ્બર, 2014માં કાંઠમંડુ નેપાલમાં થઈ છે.

**6.6 સાર્ક વિશેષ સંસ્થાઓ :-**

વિશિષ્ટ સંસ્થાઓ સભ્ય દેશો દ્વારા બનાવવામાં આવે છે. તેમની રચના પ્રાદેશિક કેન્દ્રોથી જુદી હોય છે. મેનેજમેન્ટની સંભાળ સભ્ય દેશોના પ્રતિનિધિઓ યજમાન સરકારના વિદેશી બાબતોના મંત્રાલય દ્વારા લેવામાં આવે છે.

SAARC – આરબિટ્રેશન કાઉન્સિલ (SAARCO)પાકિસ્તાન SAARCડેવલપમેન્ટ ફંડ (SDF)ભૂતાન સાઉથ એશિયન યુનિવર્સિટી (SAO) - ભારત સાઉથ એશિયન રિઝનલ સ્ટાર્ન્ડડ ઓર્ગનાઈઝેશન (SAARCO) ઢાકા.

**6.7 અન્ય સમિતિઓ :-**

1. કમિટી ઓન ઈકનોમિક કો- ઓપરેશન(CEC)સભ્ય દેશોના વાણિજ્ય / વેપાર સચિવોની બનેલી છે. અને આર્થિક ક્ષેત્રે સહયોગની દેખરેખ રાખે છે. અત્યાર સુધીમાં ચૌદ બેઠકો યોજી છે.

2. એગ્રીમેન્ટ ઓન સાર્ક પ્રેફેરનટીલટ્રેડિંગ એગ્રીમેન્ટ (SAPTA) :-

   બાંગ્લાદેશના ઢાકામાં આયોજીત સાતમી સાર્ક સમિટ દરમ્યાન 11 એપ્રિલ 1993ના રોજ SAPTA કરાર પર હસ્તાક્ષર થયા હતા. અને7 ડિસેમ્બર, 1995ના રોજ અમલમાં આવ્યા હતા.

3. સાઉથ એશિયન ઈકનોમિક યુનિયન(SAEU) :-

   દક્ષિણ એશિયન આર્થિક સંઘ તરફ આગળ વધાવાના ઉદ્દેશથી, દક્ષિણ એશિયન મુક્ત વેપાર ક્ષેત્ર (SAFTA) પર કરાર 6 જાન્યુઆરી 2004ના રોજ પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં યોજાયેલી બારમી સાર્ક સમિટ દરમ્યાન હસ્તાક્ષર કરવામાં આવ્યા. અને 1 જાન્યુઆરી 2006ના રોજ અમલમાં મૂકવામાં આવ્યો.

- SAFTA નું મંત્રી મંડળ (SMC) એ SAFTA ની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે. તેના કાનૂની માળખામાં કરવામાં આવેલ કરાર અને તમામ નિયમો અને વ્યવસ્થાપનના વહીવટ અને અમલીકરણ માટે જવાબદાર છે.
- સાર્કના નાણાં પ્રધાનોના નિર્દેશન મુજબ નાણાકીયમુદ્દાઓ પરનું એક આંતર સરકાર નિષ્ણાંત જૂથ ધીરે ધીરે તબક્કાવાર રીતે દક્ષિણ એશિયન આર્થિક સંઘ (SAEO) હાંસલ કરવા યોગ્ય રસ્તો વિકસાવી રહ્યા છે. સાર્ક ફાઈનાન્સના નેજા હેઠળ સદસ્ય રાજયોની

સેન્ટ્રલ બેંકોના ગર્વનરોની નાણાકીયબાબતોમાં સહકાર મેળવવા નિયમિત રીતે મળે છે.

**4. સાર્ક ડેવલોપમેન્ટ ફંડ (SDF) :-**

જે આર્થિક સામાજિક અને માળખાકિય સુવિધાઓ અને પ્રારંભિક ચૂકવણીની મૂડી 300 મિલયનથી કાર્યરત છે. તેના કાયમી સચિવાલયની સ્થાપના થિમ્ફુમાં થવાની છે. જેમાં સામાજિક વિંડો હેઠળ બે પ્રોજેકટસ પહેલાંથી અમલમાં છે.

**સમીક્ષા :-**

દક્ષિણ એશિયામાં સતત વિવાદો, તથા સાર્કના દેશો પોતાના રાષ્ટ્રીય ક્ષેત્રમાં સીમાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. જેના લીધે આર્થિક વિકાસ અને આત્મ નિર્ભરતાને વધારવામાં સાર્ક નિષ્ફળ રહ્યું છે. જેમાં ઘણાં બધા કારણોનો સમાવેશ થાય છે. દા.ત. સાર્ક વેપારનું નીચું સ્તર, તીવ્ર સંસાધનોની તંગી, અવિકસિત ઈન્ફ્રા સ્ટ્રકચર, સાર્કના કાર્યક્રમોની અસરકારકતાને અસરનો અભાવ, નાણાકીય સંશોધનો અને અદ્યતન ટેકનીકીનો અભાવ.

- ➢ આમ છતાં સાર્ક, એક સંગઠન તરીકે, દક્ષિણ એશિયન દેશોની ઓળખનું પ્રતિબિંબ પૂરું પાડે છે, જે ઐતિહાસિક અને સમકાલીન છે.
- ➢ દક્ષિણ એશિયામાં સાંસ્કૃતિક, ભાષાકીય, ધાર્મિક એક સમાન કુદરતી રીતે ભૌગોલિક ઓળખ બનાવી છે. દક્ષિણ એશિયાના દેશો વચ્ચે સહકાર અને સુમેળ વધારવાની જરૂર છે.

- **મુદ્દાસર પ્રશ્નોના જવાબ આપો.**

1. વિશ્વ વેપાર સંગઠન અને તેની કામીગીરી ચર્ચા કરો.
2. વિશ્વ વેપાર સંગઠન અને ભારત વિશે ટૂંકનોંધ લખો.
3. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનો ઉદ્ભવ અને વિકાસ.
4. વિશ્વ બેંકની ચર્ચા કરો.
5. GATT નો ઉદ્ભવ અને કરારની સમીક્ષા કરો.
6. સાર્કના ઉદ્દેશો અને કામગીરીનું વર્ણન કરો.
7. એશિયન વિકાસ બેંકની ભૂમિકા ચર્ચો.

**બહુવિકલ્પ પ્રશ્નો.**

1. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના વર્ષ.

   (A) 1944 (B) 1943
   (C) 1950 (D) 1955

2. સાર્કનું મુખ્ય મથક કયાં આવેલું છે ?

   (A) નેપાળ (B) પાકિસ્તાન
   (C) ભારત (D) ભૂતાન

3. એશિયન વિકાસ બેંકના કુલ સભ્યો કેટલા છે.

   (A) 69 (B) 67
   (C) 70 (D) 78

4. GATT નું પૂરું નામ.
   (A) જનરલ એગ્રિમેન્ટ ઓન ટ્રાન્સપોર્ટ એન્ડ ટેરિફ
   (B) જનરલ આર્ટિકલ ઓન ટ્રેડ ટેરિફ
   (C) જનરલ એગ્રિમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ
   (D) જનરલ એગ્રિમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રાન્સપોર્ટ
5. વર્લ્ડ બેંકની સ્થાપના.
   (A) 27 ડિસેમ્બર1942 (B) 27 ડિસેમ્બર 1943
   (C) 27 ડિસેમ્બર 1945 (D) 27 ડિસેમ્બર 1946
6. વિશ્વ બેંકની રચના થઈ ત્યારે કેટલી અધિકૃત મૂડી હતી.
   (A) 20 અબજ ડોલર (B) 25 અબજ ડોલર
   (C) 22 અબજ ડોલર (D) 10 અબજ ડોલર
7. TRIMs નું પૂરું નામ.
   (A) Trade Related Investment Measures.
   (B) Trade Related Intellectual Measures.
   (C) Transpost Related Investment Measures.
   (D) Trade Related Intra –Transfer Measures.
8. ભારત કયા વર્ષમાં ભંડોળના ફાયનાન્સિયલ ટ્રાન્ઝેકશનમાં પ્લાનં મેળવવા સંમત થયું ?
   (A) 2001 (B) 2004
   (C) 2009 (D) 2002
9. વિશ્વ બેંકના કાર્યો કયા છે ?
   (A) ધિરાણ (B) ટેકનીકલ સહાય
   (C) વિવાદસ્પદ પ્રશ્નોનો ઉકેલ (D) ઉપરોક્ત બધા
10. ગેટના ધ્યેયો કયા છે ?
   (A) જીવન ધોરણમાં સુધારો કરવો.
   (B) પૂર્ણ રોજગારી ટકાવી રાખવી.
   (C) (A) અને (B) બંન્ને
   (D) ઉપરોક્ત કોઈ પણ નહિ.
11. SAEUનું પૂરું નામ.
   (A) સાઉથ એશિયન ઈકનોમિક યુનિયન.
   (B) સાઉથ એશિયન એન્વાયરન્મેન્ટ યુનિયન.
   (C) સાઉથ આફ્રિકા ઈકનોમિક યુનિયન.
   (D) સાઉથ આફ્રિકન.

12. એશિયન વિકાસ બેંકનું સંચાલન કેવી રીતે થાય છે ?

(A) એક રાષ્ટ્રપતિ અને છ ઉપરાષ્ટ્રપતિ. (B) બોર્ડ ઓફ ગર્વનર્સ.

(C) બોર્ડ ઓફ ડિરેકટર્સ. (D) ઉપરોકત તમામ.

13. એશિયન વિકાસ બેંકના સ્ટાફની ——— સંખ્યા છે.

(A) 2100 (B) 2200

(C) 2400 (D) 2500

14. SAFTA નો કરાર સાર્કની કઈ સમિટ દરમિયાન થયો ?

(A) 15 મી (B) 11 મી

(C) 9 મી (D) 12મી

15. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના કાર્યો.

(A) બેંક તરીકે (B) નિરીક્ષક તરીકે

(C) (A) અને (B) બંન્ને (D) ઉપરોકત કોઈપણ નહિ.

16. નાણાં ભંડોળમાં વિનિમય દરની નીતિને કેટલા ભાગમાં વહેંચી શકાય ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

17. ગેટના ડિરેકટર જનરલ કોણ હતા ?

(A) આર્થર ડંકલ (B) આર્થર કેનેડી

(C) આર્થર જયોર્જ (D) આર્થર ડેવિડ

18. આંતરરાષ્ટ્રીય ભંડોળની સભ્ય દેશોને વિશિષ્ટ પ્રકારની કઈ સવલતો આપે છે ?

(A) સ્ટેન્ડ બાય એરેન્જમેન્ટ (B) કોમ્પેન્સેટરી ફાઈનાન્સિંગ સગવડતા

(C) ક્રેડિટ ટાંચ (D) રિઝર્વ ટાંચ

19. એશિયન ડેવલપમેન્ટ બેંકના મુખ્ય ભાગીદારો કયા છે?

(A) મુખ્ય ભાગીદાર (B) સરકાર

(C) ખાનગી ક્ષેત્ર (D) ઉપરોકત તમામ

20. વિશ્વવેપાર પરિષદની બેઠકો કઈ છે ?

(A) જીનિવા (B) કેન્હકુન

(C) દોહ (D) ઉપરોકત

**જવાબ :**

1. (A) 2. (A) 3. (B) 4. (C) 5. (C) 6. (D) 7. (A)
8. (D) 9. (D) 10. (C) 11. (A) 12. (D) 13. (D) 14. (D)
15. (C) 16. (A) 17. (A) 18. (B) 19. (D) 20. (D)

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

# માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

# ધંધાકીય પર્યાવરણ

MC02CC203




બ્લોક -૩

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# દ્વિતીય સેમેસ્ટર એમ. કોમ.

# MC02CC203

# બ્લોક -3

## ધંધાકીય પર્યાવરણ


| | |
|---|---|
| એકમ-11 વેપાર અને સમાજ | 3-20 |
| એકમ-12 કર માળખું | 21-58 |
| એકમ-13 ઔદ્યોગિક મજૂર અને નબળાઈ | 59-78 |
| એકમ-14 ધંધાકીય નીતિશાસ્ત્ર | 79-90 |

| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. પી.સી.વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ HOD (Eco,Dept.)<br>પ્રિ.એમ.સી.શાહ કોલેજ,<br>નવગુજરાત કેમ્પસ, અમદાવાદ. |
| | ડૉ. બીના પટેલ | આસીસ્ટન્ટ પ્રોફેસર,<br>કોમર્સ ફેકલ્ટી (SMPIC)<br>જી.એલ.એસ.યુનિવર્સીટી. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | પ્રિન્સિપાલ,<br>સી.યુ.શાહ કોલેજ, અમદાવાદ. |
| | પ્રિ. હીનાબેન પટેલ | પ્રિન્સિપાલ,<br>મણીબેન એન.પી.શાહ મહિલા કોલેજ, કડી. |
| | ડૉ. પિંકીબેન દેસાઈ | એસોસિએટ પ્રોફેસર એન્ડ HOD (ECO),<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |



| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

આવૃત્તિ : 2021-22 પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ)

ISBN : 978-93-92139-22-2



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ : 11 વેપાર અને સમાજ

## : રૂપરેખા :

**11.1 પ્રસ્તાવના**

**11.2 વેપારનો ખ્યાલ**

**11.2 વેપારની ભૂમિકા**

**11.3 વેપારનું મહત્વ અને કામગીરી**

**11.4 સમાજ**

**11.5 સમાજના પ્રકારો**

**11.6 સમાજની લાક્ષણિકતા**

**11.7 વેપાર અને સમાજના અભ્યાસનું મહત્વ**

**11.8 કોર્પોરેટ ગવર્નન્સ અને તેનું મહત્વ**

**11.9 સામાજિક જવાબદારી**

**11.10 વ્યવસાયમાં અસરકારક પરિબળોનું અમલીકરણ**

## 11.1 પ્રસ્તાવના:

**ભારતમાં બજારનું સ્વરૂપ-**

ભારતના ધંધાકીય વાતાવરણમાં જાહેર અને ખાનગી ક્ષેત્ર બંનેનું સહઅસ્તિત્વ છે. દેશની વિવિધ આર્થિકનીતિઓ પ્રવૃત્તિઓના વિવિધ ક્ષેત્રમાં બંને ક્ષેત્રોના વિકાસને પ્રોત્સાહન આપી શકે છે. ભારતમાં ધંધાકીય વાતાવરણમાં આર્થિક પ્રવૃત્તિઓ નિર્ધારિત કરવા માટે મહત્વનું પરિમાણ લોકોની આવક છે જો ભારતમાં આવકનું સ્તર નીચું છે. માથાદીઠ મૂડી ઉપલબ્ધતાનો દર પણ નીચો છે. જેથી રોકાણ ઓછું થાય છે. આમ ઓછી આવક અને ઓછી બચત જેનાથી ધંધાકીય વાતાવરણના ઝડપી વિકાસ માટે એક નબળું કારણ બની રહે છે. ટેકનૉલૉજીનું નિમ્ન સ્વરૂપ, કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્ર અપ્રચલિત તથા જૂની ઉત્પાદન પધ્ધતિ, ક્ષમતાનો યોગ્ય ઉપયોગનો અભાવ, ઉત્પાદનદીઠ ખર્ચ વધુ ઓછી નફાકારકતા, ઔદ્યોગિક માંદગી, મજુરોના પ્રશ્નો, ઔદ્યોગિક વિવાદ વગેરે જેવા પ્રશ્નો ભારતીય ધંધાકીય વાતાવરણમાં જોવા મળે છે. ધંધાકીય સ્વરૂપમાં દેશની સરકારે અનેક દખલગીરી કરી છે જેમાં ઔદ્યોગિક લાઈસન્સ, ધંધાકીય એકટ પરવાના, વેરા,

સિંગલ વિંડો ક્લિયરન્સ તથા વહીવટી કાર્યક્ષમતા સુધારણાને મહત્વ આપ્યું છે. 1991 ના આર્થિક સુધારા જેમાં, ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ વગેરે હેઠળ ધંધાના સ્વરૂપમાં મોટા પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે. વિદેશી મૂડી પ્રવાહ તથા અદ્યતન તકનીકના પ્રવાહમાં વધારો થયો છે. સ્પર્ધાત્મકમાં વધારો થયો છે. નિકાસમાં વધારો થયો છે.

**ભારતીય સમાજનું માળખું** :

સામાજિક રચનાએ સામાજિક સંબંધનું નેટવર્ક સૂચવે છે. સામાજિક માળખું એ એક અમૃત ઘટના છે. તે સમાજમાં એક સંગઠનનો દાખલો હોય છે. જેની રચના એવી હોય છે કે એકબીજાં પાસે વ્યક્તિઓના સંગઠનથી પરિણામે છે તે એક જૂથ, સંસ્થા, કોઈ સંગઠન સમુદાય હોઈ શકે જે સામાજિક રચનાના ભાગો છે જેના દ્વારા તે કાર્ય કરે છે. ભારતીય સમાજના માળખામાં સંકુલ સોસાયટી એટલે કે બહુવચનવાદી સમાજ તરીકે વર્ગીકૃત થયેલ છે તે અનેક વંશીય ભાષાકીય, ધાર્મિક અને જાતિ વિભાગો છે. લગભગ 70% ભારતીય લોકો ગામડામાં વસે છે. હજી પણ આર્થિક રીતે પછાત દેશ છે. મોટાભાગની વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે. ભારતમાં લગભગ 60% વસ્તી અભણ છે નિરક્ષરતા ઘણી સામાજિક સમસ્યા બનાવે છે. ભારતનું બંધારણ 22 ભાષાઓને મુખ્ય ભાષા તરીકે માન્યતા આપે છે. ભારતમાં આર્યન, દ્રવિડિયન અને મોગોલીયન જેવી વિવિધ જાતિના છે. ભારતમાં જાતિ અને સાંપ્રદાયિકતાનું સહઅસ્તિત્વ જોવા મળે છે. ભારતમાં જાતિ, ધર્મ, ભાષા અને સંસ્કૃતિમાં વિવિધતાઓએ પ્રાદેશિકતાના દળોમાં ફાળો આપ્યો છે. ભારતીય ક્ષેત્ર– રાજકીય પ્રણાલી પહેલા પ્રાદેશિકવાદ ને રાષ્ટ્રવાદમાં ફાળો આપવા અને તેને યોગદાન આપવું એ એક મુશ્કેલ કાર્ય છે.

## 11.2 વેપારનો ખ્યાલ

વ્યવસાયનો મૂળ ઉદ્દેશ ગ્રાહકોને માલ અને સેવાઓને વિકાસ કરવો અને ઉત્પાદન, પુરવઠો પૂરું પાડવાનો છે. યોગ્ય, કુશળ ઉધમી દ્વારા યોગ્ય નફાકારક વેપાર ઉભો થાય છે. જે લાંબા સમય સુધી બજારમાં કંપનીને ટકી રહેવા મદદ કરે છે. વેપાર સમાજ સાથે જોડાયેલ છે આથી કંપનીઓના માલિકોની સામાજિક કુશળતા, ગ્રાહકો, સપ્લાયર્સ અને અન્ય વ્યવસાયિક લોકો સાથેના સુમેળભર્યા સંબંધો જ ધંધાને સારી રીતે ચલાવામાં મદદરૂપ બને છે. આમ, ધંધો/વેપાર એ ઉત્પાદિત માલ અને સેવાઓ તે ગ્રાહકો અન્ય કંપનીઓ જાહેર સંસ્થાઓ દ્વારા

કરવામાં આવેલી માંગણીઓ પૂરી કરે છે. સમાજમાં સમૃદ્ધિનો પાયો મુકે છે. ધંધામાં નફો અનિવાર્ય ઘટક છે. જે કંપનીના લાંબાગાળાના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. તેમની પ્રાથમિક વ્યવસાયિક કામગીરી સમાજને લાભાન્વિત કરવાની છે.

- કંપનીઓ દ્વારા સમાજને લાભ થાય છે.
- જે વસ્તુઓ અને સેવાઓ ગ્રાહક પેદા કરી શકતો નથી તે પૂરી પાડે છે.
- ગ્રાહકો, સપ્લાયર્સ, વિતરકો, સહકાર્યકરમાટે રોજગારીનું સર્જન કરે છે.
- રોજગારીના સર્જનથી, આવક સર્જન, કરવેરા ચુકવણી તથા કુટુંબને નાણાંકીય લાભ મળે છે. તથા તેઓ વસ્તુ અને સેવાઓ મેળવી શકે છે.
- નવીનીકરણ, નવી તકનીક કૌશલ વધારો કરવો
- આંતરરાષ્ટ્રીય ધોરણોનું નિર્માણ અને પ્રસાર દા.ત. પર્યાવરણીય પધ્ધતિ માટે, કાર્યસ્થળ સલામતીમાં વધારો થાય છે.

## 11.2 વેપારની ભૂમિકા :-

સમાજના વિકાસમાં વ્યવસાયની/ધંધાની ભૂમિકાને ઘણી રીતે વર્ણવી શકાય છે. એકમની પ્રગતિ અને વિકાસ માટે તેના હોદ્દેદારો સાથેના સંબંધો મજબૂત હોવાં જોઈએ. તેમાં ઘણા બધાને સામેલ કરી શકાય જેમ કે કર્મચારી, ગ્રાહક અને સપ્લાયર્સ જેમનો વેપાર ધંધામાં પર વ્યાપક અસર છે. આ ઉપરાંત મીડિયા, અધિકારીઓ, ટ્રેડ યુનિયનો અને સ્થાનિક રહેવાસીઓ જેમનો પણ વ્યાપક અસર છે વેપાર ધંધા પર.

- વેપારની ભૂમિકા અંગે અર્થશાસ્ત્રી મિલ્ટન ફિડમેને દલીલ કરે છે કે "Business of Business is business" અને તેથી તેની એક જ જવાબદારી છે અને તે શેરધારકોને કાયદાનું પાલન કરી નફો કમાવી આપવાની છે. આમ, વેપાર એ એવી વ્યવસ્થા છે જે સમાજની પધ્ધતિ તરીકે છે તથા અને તે સભ્યોની દરેક પધ્ધતિને અસર કરે છે. દા.ત. આસપાસના સમુદાય સરકારી સંસ્થા, અન્ય સંસ્થા તથા કુદરતી વાતાવરણ વગેરે આમ, ધંધો કરવા માટે યોગ્ય આર્થિક લક્ષ્યોને તો પ્રાપ્ત કરવા માટે એવી પ્રણાલી અપનાવી જોઈએ જેનાથી સમાજને લાભ થાય આમ કંપનીના હોદ્દેદારો વિશ્વાસનું વાતાવરણ સર્જી ઉત્પાદન પ્રક્રિયામાં સતત સુધારો કરી, સમાજ, બજાર સ્ટાફ, અને સામાન્ય લોકોના અભિપ્રાયોને સ્વીકાર કરવો જોઈએ. જે કંપનીના વિકાસ માટે પૂર્વશરત છે.

- ગ્રાહકો, શેરધારકો એ સમાજ, પર્યાવરણીય તથા નૈતિક બાબતો અંગે જાગૃતિની માંગ કરી રહ્યા છે ત્યારે આર્થિક એકમે આ બાબત પરત્વે ગ્રહણશીલ રહી કામગીરીમાં સક્રિયપણે ઉપયોગ કરવો જોઈએ.
- સમાજના મૂલ્યો તથા વર્તમાન જ્ઞાનના સ્તર તે કંપનીની પ્રવૃત્તિમાં ધોરણો મુજબ પ્રતિબિંબ થઇ રહ્યા છે. આર્થિક એકમે સામાન્ય મૂલ્યોનું યોગ્ય અર્થઘટન કરીને અનુકુલન સાધવું આવશ્યક છે નહિ તો તે બજારમાંથી બહાર નીકળી જશે. તેમના અસ્તિત્વ પર જોખમ ઊભું થાય છે.
- સમાજના આ એવા ઔપચારિક નિયમ છે. જેનું પાલન ખાનગી અને જાહેર કંપનીએ કરવું પડે છે. કોઈપણ કંપનીના હિતમાં એ છે કે તેને 'સારા કોર્પોરેટ સિટીઝન' બનવું.
- તેના માટે કંપનીના હેતુ સ્પષ્ટ, યોગ્ય વ્યાવસાયિક વિભાવના સાથેના હોવાં જોઈએ. જે નૈતિક અને સામાજિક મૂલ્યોનું સંચાલન અને એકીકરણ કરે.

## 11.3 વેપારનું મહત્વ અને કામગીરી :-

વ્યવસાય એ એક સંગઠન અથવા સાહસિક સંસ્થા છે જે વ્યાપારી, કોમર્શિયલ, ઔદ્યોગિક અને વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં રોકાયેલી છે. જે નફાના આશય ની સાથે બિનલાભકારી અસર પણ હોઈ શકે છે. જેનો હેતુ યોગ્ય લક્ષ્યો પૂર્ણ કરવા રચાયેલ હોય. ધંધાકીય એકમ દ્વારા ઉત્પાદિત સાધનોનો અને સેવાઓ પહોંચાડવી. વ્યૂહાત્મક તથા તાર્કિક ઉદ્દેશો પુરા કરવા. જેમાં કાયદાકીય રૂપરેખાનું પાલન કરવું, જેમાં કંપનીના ઓળખનંબર તથા કર જવાબદારી કાર્ય પણ આવશ્યક છે.

- ધંધાનો ફાળોએ આર્થિક પધ્ધતિમાં શેરહોલ્ડરો, કર્મચારી ગ્રાહકો અને સમાજ માટે મોટાં પ્રમાણમાં સંપત્તિનું સર્જન કરવું. કેપિટલ, જોખમ ઉઠાવવા, નવીનીકરણ, રોજગારી આપવી
- કંપનીની સંખ્યામાં વધારો થવાનું કરણ સતત થતાં નફામાં વધારો તથા પરસ્પર સહાય સિધ્ધાંતો છે જેને શાષણ પ્રણાલીમાં કોર્પોરેટ જવાબદારી તરીકે જુએ છે જે વર્તમાન સમયમાં વ્યવસાય કરવાની જરૂરિયાતનો ભાગ છે.
- સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા વ્યવસાય માટે ઉત્પાદિત સિધ્ધાંતો, માર્ગદર્શિકા અથવા કોડની સંખ્યામાં નોંધપાત્ર વિકાસ થયો છે, પરંતુ ઘણી વાર કંપની દ્વારા કરવામાં આવતા પ્રારંભિક પ્રયત્નો પર સુમેળ

અથવા સંઘર્ષનો પણ સામનો કરે છે. આવી પરિસ્થિતિમાં વ્યાવસાયિક કામગીરી, સિધ્ધાંતો અને મૂલ્ય વિકસાવવાનું કાર્ય પડકારરૂપ બને છે.

- આર્થિક એકમ/વ્યવસાય કે ધંધા માટે આવશ્યક શરત યોગ્ય આવક-ખર્ચ આયોજન, પરોક્ષ કે પ્રત્યક્ષ ખર્ચ વિશ્લેષણ, રોકાણ પરત્વે ધ્યાન આપવું, ભાડું, ડિવિડન્ડ, વ્યાજ મેળવવું, સંચાલન નિર્ણય પ્રક્રિયા કામગીરી એકમની, વધતા ભાવો, વધતાં માર્જીન વગેરે છે.

**ધંધાકીય કુશળતા :-**

વ્યુહાત્મક સંચાલન

- મૂળભૂત એકાઉન્ટિંગ, ક્યાં રેકોર્ડ રાખવા, કેવી રીતે રાખવાં
- નાણાંકીય વ્યવસ્થાપન, ક્યાંથી નાણા મેળવવા, તેનું સંચાલન કેવી રીતે કરવું.
- સંચાલન, કર્મચારીની ભરતી
- માર્કેટિંગ વ્યૂહરચના
- વેચાણ તકનીકી
- સંચાલકીય કામગીરી જેમાં સપ્લાયર્સ પસંદ કરવા જેમાં યોગ્ય કર્મચારીની નિમણૂંક, નિષ્ણાંત સલાહકાર રોકવાં વગેરે
- વ્યવસાય સંચાલનમાં સંપત્તિ નિર્માણમાં વળતરનો ગાળો વૃદ્ધિ, રોકડ વગેરે મૂળભૂત ભાગો છે. જેનું નિયમન આવશ્યક બની રહે છે.

**કેશ/રોકડ :-**

ધંધા માટે આવશ્યક છે, પૂરતા પ્રમાણમાં કેશ/રોકડ રાખવી તે ધંધાના વિકાસ અને યોગ્ય સ્થિતિ હાંસલ કરવા માટે જરૂરી છે.

**સંપત્તિ પર વળતર :**

ઉદ્યોગ સાહસિક દ્વારા ધંધામાં રોકાણ કરવા પોતાના અથવા અન્ય સાથે પૈસા લઈને ઉપયોગ કરે છે. જેમાં કેટલો નફો મળશે, કામ પાછળ થતું ખર્ચ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

**વૃદ્ધિ :-**

વૃદ્ધિ તથા વિકાસ દરેક વ્યવસાય માટે મહત્તવપૂર્ણ છે. તે વ્યવસાયને ઉત્સાહ અને નવી તકો પૂરી પાડે છે.

**ગ્રાહકો :-**

ગ્રાહક વિના ધંધાની વૃદ્ધિ તથા વિકાસ થઇ શકે નહીં. ગ્રાહકોની માંગ જાણવા તે પેઢીના ઉત્પાદિત સાધનો અને કઈ સેવાઓનો ઉપયોગ કરે છે. તે જાણવું, આ ઉપરાંત વિશ્વસનીયતા, સગવડ, ગુણવત્તા વગેરે પૂરી પાળવી જરૂરી છે.

## 11.4 સમાજ :

સમાજ એ લોકોનું એક જૂથ છે જે સતત સામાજિક ક્રિયા-પ્રતિક્રિયામાં સામેલ હોય અથવા તે જે ભૌગોલિક અથવા સામાન્ય રીતે જે રાજકીય અધિકાર અને પ્રભાવશાળી સાંસ્કૃતિક અપેક્ષાઓને આધીન હોય છે. સમાજ જ એક વિશિષ્ટ સંસ્કૃતિ અને સંસ્થાઓ વચ્ચે રહેલાં લોકોનો જૂથ છે. જે અરસ-પરસ સંબંધ સામાજિક જોડાણ ધરાવે છે. આ સમાજ પેટા વર્ગો તથા જૂથો કે વર્ચસ્વ ધરાવતાં વર્ગમાં સમાવેશ છે.

- સમાજમાં પ્રભાવશાળી એવા ધારા-ધોરણો તથા મૂલ્યો દ્વારા સંચાલિત સમાન વિચાર ધારા ધરાવતાં લોકોનો સમાવેશ થાય છે. સમાજના વિચારો અને વર્તણુંકની એક ગર્ભિત પ્રક્રિયા હોય છે. જેના માળખામાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, સાંસ્કૃતિક, ભૌગોલિક તથા ઐતિહાસિક પરિબળો રહેલાં હોય છે.
- પીટર એલ બર્ગર મુજબ, “A human product, and nothing but a human product, that yet continuously acts upon its producers.” સમાજ, મનુષ્ય દ્વારા બનાવવામાં આવ્યો હતો પરંતુ આ સમાજ પાછો પોતાની ભૂમિકા બદલે છે અને તે દરરોજ મનુષ્યને બનાવે છે
- સમાજશાસ્ત્રી ગેહાર્ડ લેન્સકીમુજબ સમાજ અમુક બાબતોથી અલગ પડે છે, જેમાં અર્થતંત્રમાં તકનીક અને સંદેશાવ્યવહારનું સ્તર, શિકારી અને ભેગા કરનાર, કૃષિ વિકસિત કૃષિ, ઔદ્યોગિક પ્રગતિ મત્સ્ય ઉદ્યોગ વગેરે
- સમાજના વિચારો અને વર્તણુંકની, એક ગર્ભિત પ્રક્રિયા હોય છે. જેના માળખામાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, સાંસ્કૃતિક, ભૌગોલિક તથા ઐતિહાસિક પરિણામો રહેલાં હોય છે.

## 11.5 સમાજના પ્રકારો :-

સમાજ એ સામાજિક જૂથો છે, જે નિર્વાહની વ્યૂહરચના અનુસાર જુદાં પડે છે. મનુષ્ય પોતાની જરૂરિયાતો પૂરી પાડવા માટે તકનીકનો ઉપયોગ કરે છે. તેમ

છતાં માણસોએ સમગ્ર ઈતિહાસમાં ઘણા પ્રકારનાં સંજોગો સ્થાપિત કર્યા છે. છતાં પણ સમાજનાં વર્ગીકરણમાં તેવાં સ્તરનું નિર્માણ થયું છે. આમ, સામાજિક એકીકરણની પ્રક્રિયા દ્વારા, સમાજના સભ્યો શક્તિ, સંપત્તિ તથા પ્રતિષ્ઠા અસમાન રીતે વર્ગીકરણ થયું છે. સમાજશાસ્ત્રી ત્રણ વ્યાપક વર્ગોમાં, સમાજને મુકે છે. પૂર્વ ઔદ્યોગિક, ઔદ્યોગિક, ઔદ્યોગિકરણ પછી.

**(a) પૂર્વ ઔદ્યોગિક** :

પૂર્વ ઔદ્યોગિક સમાજમાં ખોરાક ઉત્પાદન એ મુખ્ય પ્રવૃત્તિ હતી, જેમાં માનવી તથા પ્રાણીનો મજૂર તરીકે ઉપયોગ થતો. તેમાં ખોરાક બનાવવાની પધ્ધતિ અનુસાર પેટા વિભાગ થાય છે દા.ત. પશુપાલન, બાગાયતી, કૃષિ, સામંત પધ્ધતિ.

**(b) ઔદ્યોગિક** :

15મી અને 16મી સદીની વચ્ચે નવી આર્થિક વ્યવસ્થા ઊભી થઈને સામંતવાદ બદલાવાની શરૂઆત થઇ મૂડીવાદ, ખુલ્લી બજાર વ્યવસ્થા આવી. ઉત્પાદનના સાધનોનું ખાનગી માલિકીપણે જોવા મળ્યું. આ ઔદ્યોગિક ક્રાંતિ યુરોપમાં થઇ જ્યાં મૂડીવાદનો પાયો નંખાયો છે.

**(c) ઔદ્યોગિકરણ પછી** :

સમાજમાં માહિતી, સેવા તથા ઉચ્ચ તકનીકનું પ્રભુત્વ ઉત્પાદન અને સેવા કરતાં વધારે છે. અત્યારે વિકસિત દેશોમાં ઉદ્યોગો દ્વારા સેવા ક્ષેત્ર વધુ કાર્યબળ મેળવ્યું છે. જેમાં સરકાર, સંશોધન, શિક્ષણ, સ્વાસ્થ્ય, વેચાણ, કાયદો અને બેંકિંગ છે.

## 11.6 સમાજની લાક્ષણિકતાઓ :-

સમાજની સમગ્રલક્ષી, સમાજ માટે ની લાક્ષણિકતા સમજવી આવશ્યક છે. સમાજ એ આખા માનવ સમાજને સંદર્ભિત કરે છે. લોકોના જૂથ વિના કોઈ સમાજની રચના થઇ શકતી નથી.

**1) સુસંગતતા:-**

સુસંગતતા એ સમાજનો સૌથી મહત્વપૂર્ણ લાક્ષણિકતા છે. પ્રખ્યાત સમાજશાસ્ત્રી માલ્વર કહે છે કે, સમાજનો અર્થ સમાનતા છે. સમાનતાની ભાવના વિના એક સાથે જોડાયેલાં ના હોઈએ તો સમાજ

તરીકેની કોઈ માન્યતા પામતો નથી. આધુનિક સમાજમાં સામાજિક સમાનતાની શરતો રાષ્ટ્રીયતાના સિધ્ધાંતમાં વિસ્તૃત થઇ છે.

**2) તફાવતો:-**

સમાજમાં મતભેદો પણ છે ને સુસંગતતા પર પણ નિર્ભર છે. તેથી જ માકલ્વર કહે છે કે "પ્રાથમિક સમાનતા અને ગૌણ તફાવતો બધી સંસ્થાઓમાં સર્વશ્રેષ્ઠ સર્જન કરે છે. મજૂરનું વિભાજન" કારણ કે મતભેદો ને સામાજિક સંબંધો માટે પૂરક છે. જો લોકો તમામ બાબતે એકસરખાં રહેશે તો સમાજની રચના થઇ શકશે નહી. કેમકે ત્યાં પારસ્પરિક સંબંધ હશે પરંતુ માર્યાદિત રૂપે. આથી જૈવિક તફાવત અને યોગ્યતા, રૂચિ, ક્ષમતાના તફાવતો તે મુખ્ય રીતે પ્રથમ સમાજનો આધાર છે.

**3) આંતર-અવલંબન:-**

પસ્પર નિર્ભરતા વર્તમાન સમયમાં દ્રશ્યમાન માં છે. એરિસ્ટૉટલ કહે છે કે માનવ એક સામાજિક પ્રાણી છે. તેથી તે બીજાં પર આધારિત છે. ખોરાક, આશ્રય, સલામતી વગેરે માટે તે બીજાં પર આધારિત છે.

**4) સહકાર અને વિરોધીભાસ:-**

સમાજની રચના માટે સહકાર જરૂરી છે. સહકાર વિના લોકો સુખી જીવન જીવી શકતા નથી. કુટુંબ તે પહેલો સમાજ છે જે સહકાર પર આધાર રાખે છે. સહકાર પરસ્પર વિનાશને ટાળે છે. તથા અર્થતંત્રમાં ખર્ચ સ્વરૂપે દ્રશ્યમાન થાય છે. સહયોગની જેમ વિરોધાભાસ/સંઘર્ષ પણ આવશ્યક છે. તે સામાજિક સંબંધને મજબૂત બનાવે છે. સ્વરૂપ અને સારા વિકસિત સમાજમાં સહકાર અને વિરોધાભાસનું સહ-અસ્તિત્વ છે. સંઘર્ષ તે સહકારને અર્થપૂર્ણ બનાવે છે. સંઘર્ષ સીધો કે પરોક્ષ હોઈ શકે છે. જો કે બંને ખૂબ જરૂરી છે.

**5) સમાજ એ સામાજિક સંબંધોનું નેટવર્ક છે.**

સામાજિક સંબંધો એ સમાજનો પાયો છે. ને પરસ્પર જાગૃતતા તથા માન્યતા પર આધારિત છે. સામાજિક સંબંધોમાં સ્વભાવ અમૂર્ત હોવાથી સમાજ, પ્રકૃતિમાં પણ અમુર્તે છે. વિવિધ પ્રકારની સામાજિક પ્રક્રિયાઓ જેવી કે સહકાર, સંઘર્ષ સતત સમાજમાં થાય તેથી

વ્યક્તિઓ વચ્ચે બનેલાં સામાજિક સંબંધોનું નેટવર્ક સમાજનું નિર્માણ કરે છે.

**6) કાયમી સ્વભાવ**

સમાજ એક સુસંગત સંસ્થા છે તે કાયમી છે, તે અસ્થાયી સંસ્થા નથી કે વ્યક્તિના મૃત્યુ પછી ન હોય. તેનું અસ્તિત્વ છે.

**7) સમાજ તે શીર્ષક છે**

તે અમૃત ખ્યાલ છે. સંબંધ જોઈ શકાતાં નથી પરંતુ અનુભવી શકીએ છીએ. સમાજમાં રિવાજો, પરંપરા, લોક્માર્ગો, સંસ્કૃતિ વગેરેનો સમાવેશ થાય છે. જે અ-મૃત છે. તેથી સમાજ પ્રકૃતિનો અમૃત ખ્યાલ છે.

**8) સમાજ ગતિશીલ છે.**

તે પરિવર્તનશીલ છે કોઈ સમાજ સ્થિર નથી, દરેક સમાજ સતત બદલાતો રહે છે. જૂના રિવાજો, પરંપરા મૂલ્યો અને સંસ્થાઓ બદલાઈ નવાં રિવાજો અને મૂલ્યો અસ્તિત્વમાં આવ્યાં છે.

**9) વ્યાપક સંસ્કૃતિ**

દરેક સમાજની પોતાની સંસ્કૃતિ છે. જે અન્યથી અલગ પડે છે. જે સમાજના સભ્યોના જીવનનો માર્ગ છે. તેમાં તેમના મૂલ્યો, માન્યતા, કલા, નૈતિકતા વગેરે સામેલ છે. તેથી સંસ્કૃતિ વ્યાપક છે કારણ કે તે સામાજિક જીવનની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે.

- કોઈ શંકા નથી કે સમાજમાં વ્યક્તિઓ હોય છે. પરંતુ માત્ર વ્યક્તિઓનો સંગ્રહ એ સમાજ નથી. તેના કરતાં કઈંક વિશેષ છે.

## 11.7 વેપાર અને સમાજના અભ્યાસનું મહત્વ :-

- વેપાર તે આજે વિશ્વની સૌથી પ્રબળ સંસ્થા છે. જે ઉત્પાદન, નફા માટે, સેવામાં રોકાયેલ છે. જયારે સમાજ તેના વ્યાપક અર્થમાં મનુષ્ય અને તેઓએ બનાવેલ સામાજિક રચનાઓનો સંદર્ભ આપે છે. જેમ કે ચોક્કસ સમુદાય, રાષ્ટ્ર અથવા જૂથ માનવ દ્વારા રચિત સંગઠનોનાસમૂહ તરીકે વ્યવસાય સ્પષ્ટ રીતે સમાજનો ભાગ છે. તે સ્પષ્ટ સીમાઓ દ્વારા, બાકી સમાજથી અલગ છે.
- વર્તમાન સમયમાં વ્યવસાયિકો માત્ર માલ-સામાન તથા સેવાઓ ઉત્પન્ન કરવી અને પોતાનાં શેરહોલ્ડર્સને શકય તેટલા પૈસા કમાવી આપવાની ફરજ સુધી જ

રોકાયેલાં નથી. પરંતુ વેપાર અને સમાજ વચ્ચેના સંબંધોમાં મહત્વપૂર્ણ પરિબળ સામેલ છે. આજે સરકાર, વ્યવસાય, વ્યાપક સમાજ વચ્ચે ભાગીદારીનો સંબંધ વિકસિત બન્યો છે.

- કંપનીનો હેતુ રોજગાર પૂરો પાડવો, તેની સાથે સમુદાયનાહિત, પર્યાવરણીય અને સામાજિક મુદ્દાઓ સંબંધિત કાયદા, કાર્યસ્થળમાં ઉચિત કાયદા, વગેરેને પણ સામેલ કરવામાં આવે છે. તેમજ સમાજ પણ એવી માંગણી કરે છે કે સામાજિકમૂલ્યોનું ધંધાકીય ક્ષેત્રમાં પાલન કરવામાં આવે.
- વૈશ્વિકરણે વિશ્વભરમાં વ્યવસાયો પર જબરદસ્ત દબાણ લાવ્યું છે. જેમાં ઉચ્ચ નૈતિકતા તથા મૂલ્ય વગેરે, ગ્રાહકોની વધતી શક્તિએ, વધુ સભાન બનવાની ફરજ પાડી છે, જે વિશ્વભરના વ્યવસાયો માટે તક અને જોખમ બંને ઊભું કરે છે.

## 11.8 કોર્પોરેટ ગર્વનન્સ :-

કોર્પોરેટ નિષ્ફળતા વ્યાપક અસંતોષ ઘણા કોર્પોરેટ કાર્યોના લીધે વૈશ્વિક સ્તરે યોગ્ય, સિસ્ટમ મુકવાની જરૂરિયાત ઊભી થઇ છે. આર્થિક અને સામાજિક લક્ષ્યો અને વ્યક્તિગત અને સાંપ્રદાયિક લક્ષણો વચ્ચે કોર્પોરેટ ગવર્નન્સ સંતુલન રાખવાં સાથે સંબંધિત છે.

ગવર્નન્સનું માળખું તે સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ તથા તેના પરત્વે સમાન જવાબદારીને પ્રોત્સાહન કરે છે. જેનો ઉદ્દેશ વ્યક્તિઓ નિગમો તથા સમાજને એક રૂપમાં જોડવાનો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ગર્વનન્સના ધોરણો અપનાવવા માટે કોર્પોરેટનાને માલિક તથા મેનેજરને, કોર્પોરેટ હેતુઓ દાખલ કરવા માટે, રોકાણ કરવા પ્રેરિત કરવું. જેમાં રાજ્યો પણ તેમને પ્રોત્સાહન આપશે તેનાથી અર્થતંત્ર મજબુત બનશે છેતરપીંડી અને ગેરવહીવટ ઓછો થશે. આમ નીચેના ત્રણ મુખ્ય કારણો એ, કોર્પોરેટ ગવર્નન્સની સમસ્યા દર્શાવી છે.

- 1991થી અર્થતંત્રમાં ઉદારીકરણ થતાં બજારઆધારિત અર્થવ્યવસ્થામાં બિઝનેસ પ્રેક્ટિસ એક પીડિત રીતે પારદર્શક રૂપે, બહાર આવ્યું. જેમાં, ગેરવહીવટ તથા જાણીતા એક્ઝિક્યુટીવ દ્વારા મંતવ્યોના આક્ષેપ બહાર આવ્યાના અનેક દાખલા જોવા મળ્યા છે.
- સ્થાનિક અને વિદેશી રોકાણકર્તા કંપની પાસેથી વધુ માહિતી લેવા તથા નિર્ણયો પર પોતાની ધારી અસર કરી રહ્યાં છે.

- બિન-પ્રમોટર શેર-હોલ્ડર અને નાના રોકાણકારોની રૂચિ વધુ નબળી પડી રહી છે. અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓ 100% પેટાકંપનીઓને વ્યવસાયમાં સ્થાનાંતરિત કરવાની માંગ કરી રહી છે. આવા કિસ્સામાં કોર્પોરેટગવર્નન્સ જરૂરી છે જે યોગ્ય વર્તણૂંકની ખાતરી કરવા માટેના યોગ્ય ધોરણો ઘડવામાં મદદરૂપ બને છે.

**કોર્પોરેટ ગર્વનન્સનું મહત્વ :-**

કોર્પોરેટ ગવર્નન્સ, મૂલ્યો, દ્રષ્ટિ અને દ્રશ્યતા સાથે સંબંધિત છે. તે વ્યવસ્થાતંત્રનાં મુલ્યલક્ષી અભિગમ, તેના પ્રભાવ માટેના નૈતિક ધોરણો, સંગઠનના વિકલ્પ અને સામાજિક સિદ્ધિ તથા તેની દિશા, વ્યવહાર અને પ્રભાવની દ્રશ્યતાસાથે સંબંધિત છે. કોર્પોરેટ સંચાલન, તે સંશોધનના કુશળ ઉપયોગ, મૂલ્યવર્ધન, સંપત્તિનું સર્જન વગેરેની વિચારધારા સાથે જોડાયેલ છે.

- કેટલાંક અધ્યયનો ભારત તથા વિદેશ વેપારમાં જોવા મળે છે કે, રોકાણકારોની વસ્તુને ધ્યાનમાં લે છે. જ્યાં કંપનીનું સુવ્યવસ્થિત સંચાલન હોય, સકારાત્મક પ્રતિસાદ મળતો હોય, ઉચ્ચ મૂલ્યાંકન થતું હોય બીજા શબ્દોમાં કહીએ તો તે સાદી ગવર્નન્સની સિસ્ટમ છે.
- મજબૂત કોર્પોરેટ ગવર્નન્સ માટે સ્થિતિસ્થાપકતા અને ગતિશીલતા અનિવાર્ય છે જે મૂડીબજાર અને રોકાણકારોના રક્ષણનું એક મહત્વનું સાધન છે. કોર્પોરેટ ગવર્નન્સ હેઠળ, કોર્પોરેટ દ્વારા, સમયસર યોગ્ય રીતે, માહિતીના પ્રસારણની અપેક્ષા રાખવામાં આવે છે. તે સુનિશ્ચિત કરવામાં આવે છે કે જ્યાં સુધી માહિતી જાહેર ન થાય, ત્યાં સુધી કંપનીના સિક્યોરિટીઝમાં ટ્રાન્ઝેક્શન કરવાનું ટળે છે.
- સારા કોર્પોરેટ ગર્વનન્સ, શેરહોલ્ડર, તથા તમામ હિસ્સેદારોના હિતોનું રક્ષણ કરે છે. તથા ધંધાકીય ઉદ્યોગની ક્ષમતા, સંપત્તિના નિર્માણમાં અને દેશના અર્થતંત્રમાં ફાળો આવે છે.
- સારા કોર્પોરેટ ગવર્નન્સ દ્વારા કંપની આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવામાં સક્ષમ બનાવામાં મદદરૂપ બને છે, તથા માધ્યમિક કે લાંબાગાળાના દ્રષ્ટિકોણ માટે પણ ઉપકારક નીવડે છે જે માત્ર ભૌતિક જીવનધોરણમાં સુધારો જ નહિ પણ સામાજિક એકતાને વધારવા મદદરૂપ બને છે.

- સારા કોર્પોરેટ ગર્વનન્સની સિસ્ટમ આવશ્યક છે. જેમાં સ્પષ્ટ ભૂમિકા, સત્તા, જવાબદારી, યોગ્ય માળખું દ્રષ્ટિ, સિધ્ધાંત, ધોરણો યોગ્ય વિકાસ માર્ગ સૂચવે છે. કામગીરી માટેની ભલામણ, ધોરણો તથા માર્ગદર્શિકા, દેખરેખ, અહેવાલ તથા યોગ્ય પધ્ધતિ જરૂરી છે.

## 11.9 સામાજિક જવાબદારી :-

સામાજિક જવાબદારી એ નિર્ણય-નિર્ધારણની પ્રક્રિયા જેમાં સમગ્ર સમાજના હિતનું રક્ષણ અને કલ્યાણમાં વધારો કરવાનો છે. ઉદ્યોગપતિ દ્વારા ધંધા માટે લેવામાં આવતા દરેક નિર્ણયની સામાજિક અસર ઉદભવે છે. જેમાં ધંધામાં વિવિધતા, વિસ્તરણ, નવી શાખા શરૂ કરવા, હાલની શાખા બંધ કરવા, મજૂરના સ્થાને મશીનરીનો ઉપયોગ કરવો, વગેરે બાબતો એક યા બીજી રીતે સમાજને અસર કરે છે.

સામાજિક જવાબદારીનો અર્થ એ છે કે વ્યવસાય સંસ્થા, જે સમાજની અંદર કાર્ય કરે છે. તેના પ્રત્યેની વિવિધ જવાબદારી તથા ફરજોનો નિર્દેશ કરે છે.

**સામાજિક જવાબદારી અંગેની દલીલો :-**

- ધંધાએ, સમાજની જરૂરિયાતો અને અપેક્ષાઓને જવાબ આપવો પડે છે.
- સામાજિક વાતાવરણમાં સુધારો, તે સમાજ તથા વ્યવસાય બંનેને લાભકારક છે.
- સામાજિક જવાબદારીને વધારનાર  સરકારી નિયમન તથા હસ્તક્ષેપને નિરુત્સાહ કરે છે.
- વ્યવસાય પાસે મોટી શક્તિ છે. જે સમાન જવાબદારી સાથે જોડાયેલ છે.
- ધંધાની આંતરિક પ્રવૃત્તિઓની બાહ્ય અસર પડે છે.
- સામાજિક જવાબદારીની કલ્પના શેરધારકોના હિતોનું રક્ષણ કરે છે.
- તે અનુકૂળ છબિ સમાજમાં મુકે છે.
- વ્યવસાય પાસે સમાજની કેટલીક સમસ્યા હલ કરવાનાં સંસાધનો હોય છે.
- પરંતુ વ્યવસાયિક સંડોવણી દ્વારા સામાજિક સમસ્યાનો ઉકેલ કરવો, તેના કરતાં સામાજિક સમસ્યાનો પ્રારંભથી જ કાળજી ઉકેલ કરવો આવશ્યક છે.

**સામાજિક જવાબદારી હેઠળ કંપનીની ફરજો**

- શેરહોલ્ડર્સ અથવા રોકાણકારો કે જેઓ વ્યવસાય માટે ભંડોળ ફાળો આપે છે. અન્યને કર્મચારી બનાવે છે.
- ઉપભોક્તા જે ઉત્પાદનનો અથવા સેવાઓનો ઉપયોગ કરે છે.
- ગર્વમેન્ટ અને સ્થાનિક વહીવટી સંસ્થાઓ, જે તેના અધિકારક્ષેત્રોમાં આવતી વ્યાપારી પ્રવૃત્તિઓને નિયમન કરે છે.
- સ્થાનિક સમુદાય તથા તેના સભ્યો, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રવૃત્તિઓથી પ્રભાવિત થાય છે.
- તેનાથી આસપાસના વાતાવરણમાં કાર્યનું સ્થાન બને છે.
- સામાન્ય લોકો, જે સમાજનો મોટો ભાગ બને છે.
- વ્યવસાયે તેના શેરહોલ્ડર તથા રોકાણકારને યોગ્ય ડિવિડન્ડ આપવું, વેતન, પગાર આપવો, સારી વસ્તુઓ, વ્યાજબી ભાવે તેમજ પૂરવઠો પૂરો પડવો.
- વ્યવસાય સરકારના નીતિ-નિયમો તથા કાયદાનું પાલન કરે છે. તથા વ્યવસાય સંબંધિત નીતિનું સમર્થન આપવું. સમયાંતરે વેરો ભરવો વગેરે જેવી ફરજો નિભાવવી.
- વ્યવસાયે સમાજમાં-શાળા, કૉલેજ તથા હૉસ્પિટલ તથા સ્થાનિક સમુદાયની સુધારણા પ્રક્રિયામાં ફાળો આપવો.
- નફો કમાવવો તથા જરૂર મુજબ સામાજિક કાર્યમાં ઉચ્ચ ફાળો પણ આપવો.
- સામાજિક જવાબદારીને પ્રામાણિકતાપૂર્વક નિભાવવી.

---

## 11.10 વ્યવસાયમાં અસરકારક પરિબળોનું અમલીકરણ :-

---

1) શેરહોલ્ડર અથવા રોકાણકારો :-

ધંધાનીમૂજવાબદારીમાં શેરહોલ્ડર પ્રત્યેની જવાબદારી સોંપવીમહત્વની છે. જો ધંધો તેના રોકાણકારને યોગ્ય સંતોષ આપે તો જ ભવિષ્યના પ્રોજેક્ટમાં વધુ નાણાંનું રોકાણ વધી શકે છે. આમ, વધુ ભંડોળનો પ્રવાહ આવશે,જેનો ઉપયોગ આધુનિકીકરણ, વિસ્તૃતિકરણ તથા વિવિધતા માટે આવશ્યક છે.

2) કર્મચારી :-

વ્યવસાયની તેના કર્મચારી, સ્ટાફ, કામદારો પ્રત્યે પણ મહત્વની જવાબદારી છે. કેમ કે સંતુષ્ટ કર્મચારી સંસ્થાના વિકાસ તથા સંસાધનના ઉત્પાદન, વેચાણ અને નફામાં વધારો કરે છે. પરંતુ અસંતૃષ્ટ કર્મચારી ઉત્પાદનમાં નકારાત્મક અસર લાવે છે.

3) ગ્રાહકો :-

વ્યવસાયની જવાબદારી માત્ર, તેના વેચાણ અને નફા પર ખરી પરંતુ તેનાથી વિશેષ સ્થાન ગ્રાહક છે. વ્યવસાય સારી ગુણવત્તાસભર વ્યાજબી ભાવે, વસ્તુ તથા સેવા પહોંચાડે તો તેનાથી ગ્રાહકની સુખાકારીમાં વધારો થાય છે. જેનાથી ધંધાની નફાકારકતા પણ ઉતરોત્તર વધે છે.

4) સરકાર :-

સરકાર દ્વારા મુકવામાં આવતાં નિયમો, પરવાના પધ્ધતિ, જથ્થાબંધી, પર્યાવરણ પરવાના તથા ધોરણો અને કરપ્રણાલીને માનવા માટે વ્યવસાય બંધાયેલ છે. આ સરકારી નિયમન સંસ્થા તથા એજન્સીના ધારા-ધોરણોનું પાલન કરવું તે વ્યવસાયની જવાબદારી છે. દા.ત., મજૂરને વેતન, કામના કલાકો નક્કી કરવા, કામની સ્થિતિ વગેરે... આમ જો વ્યવસાય યોગ્ય નીતિ નિયમોનું પાલન કરે તો, સરકાર સંતૃષ્ટ હોય તો વ્યાપારને અનુકુળ નીતિ બનાવશે, જે આખરે નવી તકો ખોલશે પરિણામે સંગઠનને લાભ થશે.

5) સ્થાનિક સમુદાય :;-

કોઈપણ પ્રકારના આંદોલન કે અડચણ વગર પ્રવૃત્તિ સરળ રીતે ચાલે તે આવશ્યક છે સ્થાનિક વિસ્તારમાં હાથ ધરાયેલી પ્રવૃત્તિ, સ્થાનિક સમુદાયના જીવનને અસર કરે છે. આ ઉપરાંત સ્થાનિક સમુદાય માટે ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય કેન્દ્ર, બાળકો માટે પ્રાથમિક તથા માધ્યમિક શાળા બનાવી, કુશળ તાલીમ કેન્દ્ર સ્થાપવાં, લોકોની ભરતી કરી, રોજગારી પૂરી પાડવી વગેરે દ્વારા લોકોના સંતોષમાં વધારો થાય છે તથા આંદોલનમાં મોટા પ્રમાણમાં ઘટાડો લાવી શકાય છે.

6) પર્યાવરણ :-

વ્યવસાયે પર્યાવરણના તથા પ્રકૃતિના રક્ષક બનવાનું છે તથા નુકસાન ન પહોંચે તેવી બાબતો પર રસ દાખવવાનો છે. જેમાં ઔદ્યોગિક કચરાનું

ડમ્પિંગ ટાળવું, પર્યાવરણના કાયદાઓમાં નિર્ધારિત માર્ગદર્શિકાનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું.

7) જાહેર જીવન :-

લોકોના જીવનમાં સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયત્ન કરવાં. આધ્યાત્મિક સ્થાનો, બગીચાનું નિર્માણ, સુવિધા ઉપલબ્ધ કરાવવી, સામાજિક કારણોસર આયોજન કરવા.

**સામાજિક જવાબદારી વિરુધ્ધની દલીલો :**

- સામાજિક જવાબદારીઓ આર્થિક કાર્યક્ષમતામાં ઘટાડો કરી શકે છે.
- સામાજિક જવાબદારી વ્યવસાય માટે વધુ પડતાં ખર્ચ પેદા કરશે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે લેણદેણની તુલાને નબળી બનાવે છે.
- વ્યવસાયમાં પુરતી શક્તિ છે. જે સમાજનાં મુદ્દાઓમાં સામેલ થઈને પોતાની સત્તા તથા શક્તિમાં વધારો કરે છે.
- વ્યવસાયિક લોકો સમાજની સમસ્યાઓનો સામનો કરવા માટે જરૂરી સામાજિક કુશળતાનો અભાવ ધરાવે છે.
- ધંધો તેની સમાજ પ્રત્યે એટલી જવાબદારી નથી.

**સમીક્ષા :-**

આમ, ઘણાં બધાં પરિબળો વેપાર તથા સમાજને અસર કરે છે. તથા ઘણા કારણે બંને વચ્ચેના સબંધોને અલગ આકાર આપે છે. જેમાં સામાજિક તથા નૈતિક અપેક્ષાઓમાં બદલાવ, સરકારની ભૂમિકાની નવી વ્યાખ્યા સ્પષ્ટ કરવી, ગતિશીલ વૈશ્વિક અર્થતંત્ર ઈકોલોજીકલ અને પ્રાકૃતિક સંસાધન, ચિંતા તથા કાળજી રાખવી, તકનીકી તથા નવીનતા, પરિવર્તનશીલ ભૂમિકા, આ બધાનો સમાવેશ થાય છે. આવા તમામ પરિબળોની અસરકારકતા ઊભી કરવા કંપનીના તમામ હિસ્સેદારોની અપેક્ષાને ધ્યાનમાં રાખી સમાજ કલ્યાણ આવશ્યકરૂપ બની રહે છે.

**સ્વાધ્યાય**

1) વેપાર એટલે શું ? તેનો ખ્યાલ તથા મહત્વ સમજાવો.
2) સમાજ એટલે શું? સમાજના પ્રકારો તથા લાક્ષણિકતાની ચર્ચા કરો.
3) વેપાર અને સમાજના અભ્યાસનીમહત્વપૂર્ણ ચર્ચા કરો.
4) કોર્પોરેટ ગવર્નન્સ એટલે શું ? તથા તેનું મહત્વ દર્શાવો ?

5) સામાજિક જવાબદારી એટલે શું? સામાજિક જવાબદારી તરફેણની દલીલ તથા વિરુદ્ધની દલીલની ચર્ચા કરો.

6) સામાજિક જવાબદારી હેઠળ વ્યવસાયની ક્રમિકતા વિગતવાર આલેખો.

7) વ્યવસાયમાં અસરકાર પરિબળોનું અમલીકરણ ચર્ચો.

8) ભારતમાં બજારનું સ્વરૂપ દર્શાવો.

9) બજારના માળખાની ચર્ચા કરો.

10) વેપાર અને સમાજના અભ્યાસનું મહત્વ લખો.

11) વેપારના ખ્યાલની ચર્ચો લખો.

12) સમાજના પ્રકારો વિગતવાર દર્શાવો.

13) સમાજની લાક્ષણિકતા દર્શાવો.

**બહુવિકલ્પ પ્રશ્નો**

1) સંચાલનમાં સામાજિક જવાબદારી વિશે કલાસિકલ દ્રષ્ટિકોણ શું છે.?

(a) કાર્યસ્થળમાં વિશિષ્ટ વાતાવરણ બનાવવું

(b) મહત્તમ નફો કરવો

(c) સમાજમાં કલ્યાણની સુરક્ષા અને સુરક્ષિત કરવા

(d) ઉપરોક્ત તમામ

2) સામાજિક જવાબદારીના સામાજિક-આર્થિક દ્રષ્ટિકોણ વિશે શું માન્ય છે.?

(a) સામાજિક જવાબદારી, નફો કમાવવા ઉપરાંત સમાજ કલ્યાણની સુરક્ષા અને સુધારણાને સમાવવી.

(b) ધંધાને પ્રોત્સાહિત કરો

(c) નાણાંકીય વળતર

(d) ઉપરોકતમાંથી કોઈ નહિ

3) શેરધારકોને શેની ચિંતા છે?

(a) નાણાંકીય વળતર

(b) નફો કરો

(c) વ્યવસાયને સામાજિક જવાબદારી નિભાવવા પ્રોત્સાહિત કરવાં

(d) ઉપરોક્તમાંથી કોઈ નહિ

4) નીચેનામાંથી કોણસામાજિક જવાબદારીનું, ગેરલાભ દર્શાવે છે.?

(a) સંસાધનોનો કબજો (b) નૈતિક જવાબદારી

(c) જાહેર છબિ (d) નફો મહત્તમનું ઉલ્લંઘન

5) વ્યવસાય દ્વારા સમાજને કયા લાભ થાય છે.?

(a) રોજગારી (b) આવક સર્જન

(c) નવીનીકરણ (d) ઉપરોક્ત તમામ

6) વેપારની ભૂમિકા અંગે નીચેનામાંથી ક્યા અર્થશાસ્ત્રી એ સ્પષ્ટ વ્યાખ્યા આપી છે.?

(a) માર્શેલ (b) કેઈન્સ

(c) ફિશર (d) મિલ્ટન

7) ધંધાકીય કુશળતામાં, પાયાના ઘટકો કયા છે.?

(a) વેચાણ (b) તકનીકી

(c) નાણાંકીય વ્યવસ્થાપન (d) ઉપરોક્ત તમામ

8) વ્યવસાય નિર્માણના મૂળભૂત કેટલાં ભાગો છે.?

(a) છ (b) ત્રણ

(c) સાત (d) ચાર

9) વ્યવસાય નિર્માણના મૂળભૂત ભાગો, કયા છે.?

(a) રોકડ (b) સંપત્તિ પર વળતર

(c) ગ્રાહક (d) ઉપરોકત તમામ

10) સમાજની રચનામાં કયા પરિબળો અસર કરે છે.

(a) રાજકીય (b) ઐતિહાસિક

(c) આર્થિક (d) ઉપરોક્ત તમામ

11) સમાજ મનુષ્ય દ્વારા બનાવવામાં આવ્યો છે પોતાના સમાજમાં પોતાની ભૂમિકા બદલી તે મનુષ્યનું ઘડતર કરે છે. આ વિધાન કોણે આપ્યું છે.?

(a) પીટર (b) જે.બી.સે

(c) માર્શેલ (d) મિલ્ટન

12) સમાજશાસ્ત્રી મુજબ સમાજકઈ બાબતથી અલગ પડે છે.

(a) કૃષિ (b) ઔદ્યોગિક પ્રગતિ

(c) સંદેશાવ્યવસાય (d) ઉપરોક્ત તમામ

13) સમાજના પ્રકારો કયા છે.?
(a) પૂર્વ ઔદ્યોગિક (b) ઔદ્યોગિક
(c) (a) અને (b) બંને (d) ઉપરોક્ત કોઈ નહિ

14) સમાજની લાક્ષણિકતા.....
(a) સહકાર (b) તફાવત
(c) સુસંગતતા (d) ઉપરોકત તમામ

15) કયા આંદોલન દ્વારા વ્યવસાયમાં રુકાવટ લાવે છે.?
(a) સ્થાનિક સમુદાય (b) બિનસરકારી સંસ્થા
(c) ધંધાદારી પેઢી (d) ઉપરોકત કોઈ નહીં

16) ગ્રાહકોની સુખાકારીથી વ્યવસાયમાં કયું પરિવર્તન આવે છે.?
(a) નફો વધે (b) વૃદ્ધિ અટકે
(c) વ્યાજ વધે (d) ખર્ચ વધે

17) વ્યવસાયમાં મૂલ્ય જવાબદારી કોના પરત્વે છે.?
(a) રોકાણકાર (b) વસ્તુ વેચનાર
(c) સરકાર (d) મજૂર મંડળ

18) વ્યવસાયથી સમાજને નુકસાનકારક બાબતો કઈ છે.?
(a) નફો (b) પર્યાવરણીય અસર
(c) કર્મચારી (d) સ્થાનિક સમુદાય

19) કોનો ફાળો વ્યવસાયમાં મહત્વનો છે.?
(a) માલિક (b) સરકાર
(c) કર્મચારી (d) સ્થાનિક સમુદાય

20) સામાજિક જવાબદારીની નકારાત્મક અસર કઈ છે.
(a) કાર્યક્ષમતા ઘટે (b) કુશળતા ઘટાડે
(c) લેણદેણની તુલા બગડે (d) ઉપરોકત તમામ

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| 1) (b) | 6) (d) | 11) (a) | 16) (a) |
| 2) (a) | 7) (d) | 12) (d) | 17) (a) |
| 3) (a) | 8) (d) | 13) (c) | 18) (b) |
| 4) (d) | 9) (d) | 14) (d) | 19) (c) |
| 5) (d) | 10 (d) | 15) (a) | 20) (d) |

# એકમ : 12 કર માળખું

**: રૂપરેખા :**

12.1 કરવેરાનો અર્થ, વ્યાખ્યા અને લક્ષણો

12.1.1 પ્રસ્તાવના

12.1.2 અર્થ

12.1.3 કરવેરાની વ્યાખ્યાઓ

12.1.4 કરવેરાના લક્ષણો

12.2 કરવેરાનું વર્ગીકરણ (પ્રકારો)

12.2.1 કરાઘાત અને કરસંપાતના આધાર ઉપર કરવેરાના બે પ્રકારો

1. પ્રત્યક્ષ કરવેરા - અર્થ, વ્યાખ્યા ગુણ-દોષ.

2. પરોક્ષ કરવેરા – અર્થ, વ્યાખ્યા, ગુણ-દોષ.

12.2.2 કર દરના આધાર ઉપર કરવેરાના ત્રણ પ્રકારો

(1) પ્રમાણસર વેરા: અર્થ, ગુણ અને દોષો.

(2) પ્રગતિશીલ કરવેરા: અર્થ, ગુણ, દોષો.

(3) હ્રિરયમાન કરવેરા

12.2.3 મૂલ્યાંકન પદ્ધતિના આધારે કરવેરાના બે પ્રકારો

(1) વિશિષ્ટ વેરો

(2) વ્યવહાર કે મિલકત પરનો વેરો

12.3 ભારતીય કર માળખું

12.3.1 પ્રત્યક્ષ કરવેરા

12.3.2 પરોક્ષ કરવેરા

12.4 કેન્દ્ર સરકારના કરવેરા

12.5 રાજ્ય સરકારના કરવેરા

12.6 સ્થાનિક સંસ્થાના કરવેરા

12.7 સુગઠિત કરવેરાના સિદ્ધાંતો :

12.8 સ્વાધ્યાય

## 12.1 કરવેરાનો અર્થ, વ્યાખ્યા અને લક્ષણો

### 12.1.1 પ્રસ્તાવના :

સરકારની આવકોને જાહેર આવકો ગણવામાં આવે છે. સરકારને જાહેર ખર્ચને પહોંચી વળવા માટે જાહેર આવકના સ્ત્રોતો શોધવા પડે છે. જાહેર આવકના નીચેના બે મુખ્ય સ્ત્રોતો છે.

1. બિન કર આવક સ્ત્રોતો
2. કર આવક સ્ત્રોતો

બિન કર આવકોમાં વહીવટીય આવક, રાજય મિલકત અને ઉદ્યોગો, ઉપહાર અને દાન વગેરેનો સમાવેશ થાય છે, જયારે બીજી બાજુ કરવેરા સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત છે. સરકાર કેટલાક આર્થિક નિર્ણયો લેવા માટે કરવેરાનો ઉપયોગ કરે છે. સૌપ્રથમ કરવેરાના અર્થ વિષે જાણીશું.

### 12.1.2 અર્થ :

કરવેરાએ સરકાર તરફથી કોઈપણ લાભની અપેક્ષા વગર, આર્થિક એકમ દ્વારા સરકારને ફરજિયાત પણે ચુકવવામાં આવતું ફી ચાર્જ છે. કરવેરાએ મરજિયાત ચુકવણી કે દાન નથી પણ એક ફરજિયાત ફાળો છે, જે વ્યક્તિ પાસેથી ફરજિયાતપણે વસૂલ કરવામાં આવે છે. કર ભરનાર વ્યક્તિ કર ચૂકવણીના બદલામાં કોઈ પણ લાભની માંગણી કરી શકતો નથી અને કર ભરનાર વ્યક્તિ જે સરકાર તરફથી લાભ મેળવે છે તે તેની કર ચૂકવણીથી સંબંધિત હોતી નથી.

### 12.1.3 કરવેરાની વ્યાખ્યાઓ :

કરવેરાની કાયદાકીય વ્યાખ્યા અને આર્થિક વ્યાખ્યામાં તફાવત જોવા મળે છે કારણ કે અર્થશાસ્ત્રીઓ સરકારને થતાં કેટલાક હસ્તાંતરણને કરવેરો ગણતાં નથી. સરકાર મરજિયાત ઉપહાર અને દંડ ચુકવણી દ્વારા પણ આવક મેળવે છે. અર્થશાસ્ત્રીઓના મત પ્રમાણે, કરવેરાએ બિન દંડનીય આવક છે. જે ફરજિયાતપણે સરકાર દ્વારા વસુલવામાં આવે છે. કરવેરાની કેટલીક આર્થિક વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે જે જુદાં જુદાં અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલી છે.

(1) ડૉ. ડાલ્ટન પ્રમાણે, “જેના બદલામાં ચોક્કસ વળતરને સંબંધ નથી તેવા જાહેર સત્તા દ્વારા ઉઘરાવવામાં આવતાં ફરજિયાત કરવેરા કહેવામાં આવે છે.”

(2) પ્રો. સેલિંગમેનના શબ્દોમાં કરવેરા એટલે કે સરકાર તેની જાહેર હિતની પ્રવૃત્તિઓના ખર્ચને પહોંચી વળવા માટે તથા બદલામાં કોઈ વિશિષ્ટ લાભ આપ્યા વગર વ્યક્તિ પાસેથી ફરજીયાતપણે જે રકમ વસૂલ કરે છે તે.

(3) પ્રો. બુલહર પ્રમાણે, “કરવેરાએ ફરજિયાત ફાળો છે, જો કે તે સ્વેચ્છાએ ચૂકવી શકે છે પણ તે કોઈ ગુનો માટે કરવામાં આવતો દંડ નથી.”

(4) ટેલર પ્રમાણે, “કરવેરાએ દર ભરનારના હિતમાં પ્રત્યક્ષ વળતરની અપેક્ષા વગર સરકારને કરવામાં આવતી ફરજિયાત ચુકવણી છે.”

ઉપરોક્ત આર્થિક વ્યાખ્યાઓ પ્રમાણે કરવેરાની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે તારવી શકાય છે.

**12.1.4 કરવેરાના લક્ષણો :**

**(1) ફરજિયાતપણું:**

કરવેરાની ચૂકવણી ફરજિયાત હોય છે. વસ્તુ, કિંમત અને કરવેરા વચ્ચે આ જ મૂળભૂત તફાવત જોવા મળે છે. સરકારની વસ્તુ કે સેવાની ખરીદી મરજિયાત હોય છે, જ્યારે કરવેરા ફરજિયાતપણે ભરવા પડે છે.

**(2) પ્રમાણસર અને પ્રત્યક્ષ લાભનો અભાવ :**

કર ભરનારને કરથી કોઈપણ પ્રત્યક્ષ લાભ મળતો નથી. એટલુ જ નહીં, જો કોઈ વ્યક્તિ વધારે કર ચૂકવે છે તો તેને વધારે લાભ મળશે અને જે વ્યક્તિ ઓછો કર ચૂકવે છે તેને ઓછો લાભ મળશે તેવું પણ નથી.

**(3) ચોક્કસ ઉદ્દેશ્યનો અભાવ :**

સરકાર દ્વારા જ્યારે કરવેરા નાખવામાં આવે છે ત્યારે તેનો મુખ્ય હેતુ ખર્ચને પહોંચી વળવા માટે આવક મેળવવાનો છે. ગરીબ વ્યક્તિ પાસેથી ઉઘરાવવામાં આવેલો કરવેરો ગરીબો માટે વાપરવો અને

ધનિક વ્યક્તિ પાસેથી ઉઘરાવવામાં આવેલો કરવેરો ધનિકો માટે જ વાપરવો તેવો કોઈ હેતુ સરકારનો હોતો નથી.

(4) **દંડની રકમ** :

કાયદાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ પાસેથી સરકાર દંડ સ્વરૂપે રકમ વસૂલે છે. કરવેરા અને દંડમાં તફાવત છે દંડનો હેતુ શિક્ષા કરવાનો હોય છે, જ્યારે કરવેરાનો હેતુ આવક મેળવવાનો હોય છે. કરવેરાની રકમ એ કોઈ ગુના બદલ સરકારને નથી ચૂકવવાની, જ્યારે દંડની રકમ ગુના બદલ સરકારને ચૂકવવાની હોય છે.

## 12.2 કરવેરાનું વર્ગીકરણ (પ્રકારો)

કરવેરાનું વર્ગીકરણ અનેક રીતે કરવામાં આવે છે જે મુખ્ય રીતે નીચેના ત્રણ આધાર ઉપર કરી શકાય છે.

1) કરાઘાત અને કરસંપાતના આધાર ઉપર

- 1. પ્રત્યક્ષ કરવેરા
- 2. પરોક્ષ કરવેરા

2) કર દરના આધાર ઉપર

- 1. પ્રમાણસર કરવેરા
- 2. પ્રગતિશીલ કરવેરા
- 3. હિરયમાન કરવેરા

3) મૂલ્યાંકનની પદ્ધતિના આધાર ઉપર

- 1. વિશિષ્ટ વેરો
- 2. વ્યવહાર કે મિલકત પરનો કરવેરો.

### 12.2.1 કરાઘાત અને કરસંપાતના આધાર ઉપર કરવેરાના પ્રકારો :

- કરવેરાના બે પ્રકારો છે, જેને પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા તરીકે ઓળખવામાં આવે છે. પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ વેરાની ચર્ચા કરતાં પહેલા કરાઘાત અને કરસંપાત શું છે તે વિષે સમજીશું.
- કરાઘાત એટલે કે જે વ્યક્તિ ઉપર કર નાખવામાં આવે છે, તેના દ્વારા જ કરની ચુકવણી થાય છે. તેનાથી સંબંધિત છે. કરઘાત શબ્દનો ઉપયોગ કરના તાત્કાલિક પરિણામથી છે. એટલે કે કરની અસર તે વ્યક્તિ પર પડે છે, જેના પર તે પહેલા નાખવામાં આવે

છે. કરાઘાત મૂળ આકરણીના મુદ્દાને સૂચવે છે. આમ કરાઘાત કરના અંતિમ બોજથી નહિ પણ તાત્કાલિક બોજથી સંબંધિત છે.

- કરવેરાના બોજાના સ્થાનાંતરણની પ્રક્રિયાને કર વિવર્તન તરીકે ઓળખવામાં આવે છે.
- કરસંપાત એટલે કે જે વ્યક્તિ ઉપર કરવેરાનો અંતિમ બોજો પડે છે. એટલે કે તે વ્યક્તિ કર નો બોજો બીજા વ્યક્તિ ઉપર ખસેડી શકતો નથી.

**1. પ્રત્યક્ષ કરવેરા- અર્થ, વ્યાખ્યા, ગુણ-દોષ :**

**અર્થ :**

સામાન્ય રીતે પ્રત્યક્ષ કરવેરા એટલે કે એવા કરવેરા કે જે વ્યક્તિ ઉપર નાખવામાં આવે છે, તેના દ્વારા જ તેની ચુકવણી કરવામાં આવે છે. આ કરવેરાનો નાણાકીય બોજો બીજા ઉપર ખસેડી શકાતો નથી. આમ કરાઘાત અને કરસંપાત બંને એક જ વ્યક્તિ પર પડે છે. આવક વેરો પ્રત્યક્ષ વેરાનું ઉદાહરણ છે.

વ્યાખ્યા :

(1) ડૉ. ડાલટન પ્રમાણે, "પ્રત્યક્ષ કરવેરા તે વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવે છે. જેના ઉપર પ્રથમ તે કાયદાકીય રીતે નાખવામાં આવે છે, પ્રત્યક્ષ વેરાનો નાણાકીય બોજો બીજા વ્યક્તિ ઉપર ખસેડી શકાતો નથી."

(2) જોન મિલના શબ્દોમાં, "પ્રત્યક્ષ કરવેરા એટલે કે જે વ્યક્તિને કરવેરો ચૂકવવા જોઈએ તેના ઉપર જ લાદવામાં આવે છે."

(3) ડે માર્કોના શબ્દોમાં, "જો વ્યક્તિની આવક પ્રત્યક્ષ રીતે મુલવવામાં આવે છે તો તે પ્રત્યક્ષ કરવેરા છે."

**ગુણ (લાભ) :**

**પ્રત્યક્ષ કરવેરાના ગુણ (લાભ) નીચે મુજબ છે:**

(1) સમાનતા અને ન્યાય: પ્રત્યક્ષ કરવેરા ન્યાય અને સમાનતાના સિદ્ધાંતને અનુસરે છે. કારણ કે તે પ્રગતિશીલ સ્વરૂપના હોય છે. એટલે કે ધનિક વ્યક્તિ પાસેથી વધારે કર લેવામાં આવે છે અને ગરીબ પાસેથી ઓછો કર લેવામાં આવે છે. આમ આ સમાનતા ઉપર આધારિત છે.

(2) પરિવર્તનશીલ: પ્રત્યક્ષ કરવેરા વ્યક્તિની આવક અને સંપત્તિ ઉપર આધાર ધરાવે છે. જો દેશની રાષ્ટ્રીય આવકમાં કે માથાદીઠ આવકમાં વધારો થાય તો વ્યક્તિની આવક પણ વધે છે, તેના લીધે કર આવક પણ વધે છે. આમ પ્રત્યક્ષ કરવેરા પરિવર્તનશીલ હોય છે. સરકાર અર્થતંત્રની આર્થિક પરિસ્થિતિના આધારે કરવેરાના દરમાં વધારો કે ઘટાડો કરી શકે છે.

(3) નિશ્ચિતતા: પત્યક્ષ કરવેરા નિશ્ચિતતાના સિદ્ધાંતને અનુસરે છે. કર ભરનાર વ્યક્તિ સમય અને ચૂકવણીના સંદર્ભમાં નિશ્ચિત હોય છે. અને તે જાણે છે કે કેટલી રકમ ચૂકવવાની છે. તેવી જ રીતે સરકારને પણ ખ્યાલ હોય છે કે તેને કરની કેટલી રકમ મળવાની છે.

(4) કરકસર: પરોક્ષ વેરાની સરખામણીમાં પ્રત્યક્ષ કરવેરાનો ઉઘરાવવાનો ખર્ચ ઓછું હોય છે. કારણ કે પ્રત્યક્ષ વેરાના ખર્ચ કરતાં તેની આવકો વધુ હોય છે.

(5) ઉત્પાદકતા: પ્રત્યક્ષ વેરાથી સરકારને ઊંચી આવકો મળે છે. જે અર્થતંત્ર માટે લાભદાયી છે. સરકાર આ આવકોનો ઉપયોગ લોકોના કલ્યાણ માટે કરે છે.

(6) નાગરિકોમાં સભાનતા: પ્રત્યક્ષ કરવેરા નાગરિકોમાં કર ભરવાની બાબતે સભાનતા લાવવામાં પણ મદદ કરે છે. નાગરિકો કર આવકોમાં વધારા અને તેના ઉપયોગ પ્રત્યે વધારે સભાન બને છે.

**દોષો (ગેરલાભ)** :

**પ્રત્યક્ષ વેરાના દોષો (ગેરલાભ) નીચે મુજબ છે**:

(1) કર ચોરી: પ્રત્યક્ષ કરવેરાનો મુખ્ય ગેરલાભ કર ચોરીનું પ્રમાણ છે. પ્રત્યક્ષ વેરામાં કરચોરીની શકયતા વધારે હોય છે. કર ચોરી ત્યારે જ અશકય છે, જયારે કર ભરનાર વ્યક્તિ ઈમાનદાર હોય. જયારે કરવેરા પ્રત્યક્ષ રીતે ભરવામાં આવે છે, ત્યારે વ્યક્તિ વધારે સભાન હોય છે અને આ સભાનતાની સાથે તે કરચોરી કરવાનો પ્રયાસ કરે છે.

(2) અસુવિધાજનક: પ્રત્યક્ષ વેરામાં અગવડ જોવા મળે છે કર ભરનાર વ્યક્તિએ પોતાની આવક જાવકના વ્યવસ્થિત હિસાબો રાખવા પડે છે અને કર ભરતી વખતે કર ભરનાર વ્યક્તિને કેટલાંક કાયદાઓનો ખ્યાલ હોતો નથી અને માહિતી અપૂર્ણ હોય છે, જેના લીધે કર ભરનાર વ્યક્તિને અગવડતા સહન કરવી પડે છે.

(3) બચત અને રોકાણ ઉપર પ્રતિકૂળ અસર: જો પ્રત્યક્ષ વેરાના દર ઊંચા હોય તો કર ભરનાર વ્યક્તિ ઉપર પ્રતિકૂળ અસર જોવા મળે છે. સામાન્ય રીતે આ પ્રકારના કરવેરાનો બોજો જે વ્યક્તિ બચત અને રોકાણ કરે છે તેમના ઉપર પડે છે.

(4) મર્યાદિત ક્ષેત્ર: જો કે પ્રત્યક્ષ કરવેરા આવક ઉપર નાખવામાં આવે છે એટલા માટે તેનો ક્ષેત્ર મર્યાદિત છે. નીચી આવકોવાળા આ પ્રકારના વેરામાંથી મુક્ત રહે છે. નીચી આવકોવાળા સમૂહના લોકો પ્રત્યક્ષ વેરામાં કોઈ પણ ફાળો આપતાં નથી.

(5) મનસ્વી દર: સરકાર દ્વારા પ્રત્યક્ષ વેરાનો દર નિર્ધારિત કરવામાં આવે છે પણ તેનો કોઈ વૈજ્ઞાનિક આધાર હોતો નથી. કેટલીક આવકો કરવેરામાંથી મુક્ત રાખવામાં આવે છે અને પ્રગતિશીલ વેરાનો દર પસંદ કરવામાં આવે છે આમ પ્રત્યક્ષ કરવેરા આવકની અસમાનતા ઘટાડવામાં નિષ્ફળ નીવડે છે.

(6) માનસિક ચિંતા: પ્રત્યક્ષ કરવેરા લોકો દ્વારા સીધા ભરવામાં આવે છે અને તેઓ આનાથી સંપૂર્ણ સભાન હોય છે, જે તેમની માનસિક ચિંતાનો કારણ બને છે.

2. **પરોક્ષ કરવેરા- અર્થ, વ્યાખ્યા, ગુણ-દોષ:**

**અર્થ:**

અર્થશાસ્ત્રીઓ પ્રમાણે કરનો નાણાકીય બોજો બીજી વ્યક્તિ ઉપર ખસેડી શકાય તો તે પરોક્ષ કરવેરો છે. પરોક્ષ વેરામાં કરાઘાત અને કરસંપાત અલગ અલગ વ્યક્તિ પર પડે છે. દા.ત. ઉત્પાદક ઉપર સરકાર આબકારી જકાત નાખે તો કરાઘાત ઉત્પાદક ઉપર પડે છે. સરકારની તિજોરીમાં આ કરના નાણાં ભરવાની જવાબદારી ઉત્પાદકની છે, પરંતુ જો ઉત્પાદક આ કરનો બોજો વસ્તુઓના ભાવ વધારા દ્વારા ગ્રાહક ઉપર ખસેડી

શકે તો કરનો નાણાકીય બોજો ગ્રાહકે ઉઠાવવો પડે છે. આમ ગ્રાહકો દ્વારા નાણાંની ચૂકવણી કરાય છે. જી એસ ટી, આબકારી જકાત વગેરે પરોક્ષ વેરાના ઉદાહરણ છે.

**વ્યાખ્યા:**

(1) જોન સ્ટુઅર્ટ મિલના શબ્દોમાં, "પરોક્ષ કરવેરા એટલે કે જેની અપેક્ષા અને ઉદ્રેશથી એક વ્યક્તિ પાસેથી માંગણી કરવામાં આવે છે કે તે બીજાના ખર્ચ પર નુકસાન ચૂકવશે."

(2) બેસ્ટબલના મત પ્રમાણે "પ્રસંગોપાત અને વિશેષ ઘટનાઓ પર વસૂલવામાં આવતા કરવેરા પરોક્ષ કરવેરા હોય છે."

(3) ડાલ્ટન પ્રમાણે, "પરોક્ષ કર એક વ્યક્તિ પર લાદવામાં આવે છે, પરંતુ કેટલાંક કરાર અથવા તેમની વચ્ચે સોદાની શરતો માં પરિણામોમાં ફેરફારને કારણે, અંશતઃ અથવા સંપૂર્ણરૂપે બીજા દ્વારા ચૂકવવામાં આવે છે. આ રીતે પરોક્ષ કર એક તરીકે કલ્પના કરવામાં આવે છે, જે બીજા વ્યક્તિ ઉપર ખસેડી શકાય છે."

**ગુણ(લાભ) :**

પરોક્ષ વેરાના ગુણ (લાભ) નીચે મુજબ છે:

(1) વ્યાપક ક્ષેત્ર : દરેક વ્યક્તિનું તેની કર દેય ક્ષમતાના આધારે કર ચૂકવવો જોઈએ. આ આધાર પ્રમાણે પરોક્ષ વેરાનુ ક્ષેત્ર વ્યાપક છે અને આ વેરાનો બોજો દરેક વ્યક્તિ ઉપર પડે છે કારણ કે, બધી આવક વર્ગ (-ઊંચી, મધ્યમ, નીચી) વાળા લોકોને આવરી લેવામાં આવે છે. કારણ કે, દરેક જણ વસ્તુઓ અને સેવાઓ નો વપરાશ કરે છે. આમ બધા વ્યક્તિઓને કર ચૂકવવો પડે છે.

(2) કરચોરી અશકય : પરોક્ષ વેરામાં કરચોરી અશકય હોય છે દા.ત. જો સરકારી મશીનરી જાગૃત હોય અને ઉત્પાદનના મુદ્દાઓ પર યોગ્ય તપાસ કરવામાં આવે તો પરોક્ષ કરના મામલામાં ચોરીની સંભાવના ઓછી હોય છે તો એકસાઈઝ ડયૂટીસ ટાળવી મુશ્કેલ છે.

(3) સુવિધાજનક : આ પ્રકારના વેરો સુવિધાજનક હોય છે. કારણ કે વસ્તુ ખરીદવામાં આવે ત્યારે જ કરવેરો ભરવાનો હોય છે.

વેરાની રકમ નજીવી હોય છે. અને વેરાની રકમ કિંમતમાં સમાયેલી હોય છે તેથી તેના બોજનો ખ્યાલ પણ આવતો નથી.

(4) સામાજિક કલ્યાણમાં વધારો : પરોક્ષ વેરાઓ સામાજિક કલ્યાણમાં વધારો કરે છે. કારણકે એવા પ્રકારની વસ્તુઓ જેમનો વપરાશ સામાજિક કલ્યાણમાં ઘટાડો કરે છે તેમની ઉપર વધારે કરવેરો નાખીને હતોત્સાહિત કરવામાં આવે છે. આમ, તમાકુ, દારૂ(આલ્કોહોલ) વગેરે ઉપર વધારે કરવેરો નાખવામાં આવે છે.

(5) પરિવર્તનશીલ : સરકાર વેચાણવેરો, આબકારી જકાત, આયાત જકાત વગેરે વેરાના દરોમાં ગમે ત્યારે વધારો ઘટાડો કરી શકે છે.

(6) નુકસાનકારક વસ્તુઓના વપરાશનું નિયંત્રણ : દારૂ અને સિગારેટ જેવી હાનિકારક વસ્તુઓ પર કરવેરા નાખીને એની વપરાશ ઘટાડી શકાય છે.

(7) શક્તિશાળી સાધન : અર્થતંત્રમાં ઉત્પાદન અને રોકાણોનું વર્તન ઘડવા માટે પરોક્ષ કરવેરા શક્તિશાળી સાધન છે.

**દોષો (ગેરલાભ):**

પરોક્ષ વેરાના દોષો નીચે મુજબ છે:

(1) ન્યાયનો અભાવ: પરોક્ષ વેરાનો મુખ્ય ગેરલાભ એ છે કે તે હિરયમાન સ્વરૂપનો હોય છે. હિરયમાન એટલે કે જે લોકોની આવક વધારે તેમનાથી ઓછો કરવેરો લેવામાં આવે છે. અને જે લોકોની આવક ઓછી છે, તેમનાથી વધારે કરવેરો લેવામાં આવે છે. ધનિક અને ગરીબ બન્ને પાસેથી એકસમાન કરવેરો લેવામાં આવે છે. આમ ગરીબ વ્યક્તિ ઉપર આ વેરાનો બોજો વધારે પડે છે. આમ પરોક્ષ વેરામાં ન્યાયનો અભાવ જોવા મળે છે.

(2) અનિશ્ચિત : સરકારને પરોક્ષ વેરામાંથી કેટલી આવક મળશે તેની જાણ હોતી નથી. કારણ કે તે ગ્રાહકોની માંગની મૂલ્ય સાપેક્ષતા પર આધારિત હોય છે. અને ગ્રાહકો પણ જાણી શકતાં નથી કે, તેમણે કેટલાં નાણાં ચૂકવવા પડશે, કારણ કે કર દરમાં વધારો થાય તો વેચાણકારો ગ્રાહકો ઉપર મન મુજબ વેરાઓ નાખે છે.

(3) હિરયમાન: પરોક્ષ વેરાઓ હિરયમાન સ્વરૂપના હોય છે. પરોક્ષ વેરાઓ દરેક વર્ગ ઉપર સમાન રીતે પડે છે પરિણામસ્વરૂપે આ વેરાઓનો બોજો ધનિક વ્યક્તિ કરતાં ગરીબ વ્યક્તિ પર વધારે પડે છે.

(4) કરકસરનો અભાવ: પ્રત્યક્ષ કરવેરા કરતાં પરોક્ષ કરવેરા વધારે ખર્ચાળ હોય છે. છૂટક
વેપારીઓ, જથ્થા બંધ વેપારીઓ અને ઉત્પાદકોના ઉત્પાદન, વેચાણ અને સ્ટોક અંગેની માહિતી એકત્રિત કરવા માટે સરકારે ઈન્સપેકટસ, અધિકારીઓ અને કારકુનો વગેરેને રાખવા પડે છે.

(5) વપરાશ અને ઉત્પાદન ઉપર પ્રતિકૂળ અસર : પરોક્ષ વેરાઓ વસ્તુઓની કિંમતોમાં વધારો કરે છે. જેથી વપરાશ અને ઉત્પાદન ઘટે છે.

(6) નાગરિકોની સમાનતાનો અભાવ : જે લોકો વસ્તુઓની ખરીદી કરે છે તે લોકોને ખ્યાલ હોતો નથી કે તે સરકારને કરની ચૂકવણી કરી રહ્યાં છે. આ વેરાઓ કિંમતોમાં છૂપાયેલાં હોય છે. આમ અહીંયા નાગરિક સભાનતાનો અભાવ જોવા મળે છે.

(7) બચત હતોત્સાહિત : પરોક્ષ વેરાઓ કિંમતોમાં સમાયેલાં હોય છે. આમ ગ્રાહકોને તેમના વપરાશ માટે વધારે ખર્ચ કરવો પડે છે. આમ વધેલું વપરાશી ખર્ચ બચતોને ઘટાડે છે.

**ઉપસંહાર**

પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ વેરાઓના ગુણ દોષ જોયા પછી કયો કરવેરો શ્રેષ્ઠ છે તે જાણવું મુશ્કેલ છે. બંને સારી ગુણવત્તા ધરાવે છે. "ડી માર્કો" ના શબ્દોમાં, "બંને એકબીજાંના પૂરક છે. આ વેરાઓ આવકની ન્યાયી વહેંચણી અને આવક મેળવવા માટેના વૈકલ્પિક સાધનો તરીકે ઉપયોગમાં લેવાય છે. આ સાચું છે કે પરોક્ષ વેરાઓનો બોજો ધનિક વ્યક્તિ કરતાં ગરીબ વ્યક્તિ પર વધારે પડે છે. પ્રત્યક્ષ કરવેરા નીચી આવકવાળા લોકો પર પડતું નથી કારણ કે તે સામાન્ય રીતે વેરાઓમાંથી મુક્ત હોય છે. આમ કયો કરવેરો શ્રેષ્ઠ છે, તે અંગે કોઈપણ નિર્ણય લઈ શકતાં નથી. સરકારે બંને વેરાઓ વચ્ચે સંતુલન બનાવીને કાર્ય કરવું જોઈએ.

**12.2.2 કર દરના આધાર** ઉપર કરવેરાના ત્રણ પ્રકારો જોવા મળે છે. જેમની સમજૂતી નીચે મુજબ છેઃ


**(1) પ્રમાણસર વેરા : અર્થ, ગુણ અને દોષો**

**અર્થ :**

આવકના વધારા સાથે, તેની ઉપર વસૂલ કરવામાં આવતો કરનો દર એક સરખો રહતો હોય, એટલે કે તેમાં કોઈ ફેરફાર ના થતો હોય તે પ્રમાણસર કરવેરા છે. દા.ત. જો વેરાનો દર 10% નિશ્ચિત હોય તો દરેક વ્યક્તિ ને 10% જેટલો કરવેરો ચૂકવવું પડશે. તેની આવક વધે કે ઘટે તેને 10% જેટલો નિશ્ચિત કરવેરો ચૂકવવું પડશે. આને નીચેની અનુસૂચિના ઉદાહરણ દ્વારા સમજી શકાય છે.

| પ્રમાણસર કરવેરાના દરની અનુસૂચિ | | |
|---|---|---|
| **આવક સપાટી** | **કરવેરાનો દર** | **કરની રકમ** |
| ₹ 10,000 | 10% | ₹ 1,000 |
| ₹ 20,000 | 10% | ₹ 2,000 |
| ₹ 30,000 | 10% | ₹ 3,000 |
| ₹ 40,000 | 10% | ₹ 4,000 |

પ્રમાણસર કરવેરાના દરની અનુસૂચિ પરથી જોઈ શકાય છે કે જો વ્યક્તિની આવક ₹ 10,000 છે અને કરવેરાનો દર 10% છે તો તે વ્યક્તિને ₹ 1,000 કર રકમ ચૂકવવી પડશે. તેવી જ રીતે ₹ 20,000 ₹ 30,000 અને ₹ 40,000 આવકવાળા વ્યક્તિઓને પણ 10% જેટલો કર ભરવો પડે છે. આમ તેઓને અનુક્રમે ₹ 2,000 ₹ 3,000 અને ₹ 4,000 જેટલી કર રકમ ભરવી પડે છે. આમ આના પરથી સ્પષ્ટ થાય છે કે આવકના વધારાની સાથે કર દરમાં કોઈપણ ફેરફાર જોવા મળતો નથી. જો કે કરની રકમમાં વધારો જોવા મળે છે. આને નીચેની આકૃતિની મદદથી પણ સમજી શકાય છે.




આકૃતિમાં આડી ધરી ઉપર આવકની સપાટી દર્શાવામાં આવેલી છે. ઊભી ધરી ઉપર કર દરને લેવામાં આવ્યો છે. આકૃતિ પરથી જોઈ શકાય છે કે આવકનું પ્રમાણ ₹ 10,000 થી વધીને ₹ 20,000, ₹ 30,000 અને ₹ 40,000 થાય છે, તો પણ કર દર 10% જેટલો યથાવત્ રહે છે કર દરમાં કોઈપણ ફેરફાર જોવા મળતો નથી.

**ગુણ (લાભ) :**

(1) વહીવટીય સરળતા : એવી દલીલ કરવામાં આવે છે કે એક જ દરે કરવેરા લેવાના હોવાથી પ્રમાણસર કરવેરા સરળતાથી નિર્ધારિત થાય છે અને લાગુ પાડી શકાય છે દરેકની આવક પ્રમાણે જુદાં જુદાં દરે કરવેરા લેવાનું મુશ્કેલ હોય છે.

(2) સાપેક્ષ પરિસ્થિતિ ઉપર કોઈ અસર નહીં: પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીના મતે કરવેરાનો ઉદ્દેશ્ય કરદાતાઓની સંબંધિત સ્થિતિમાં ફેરફાર ન કરવાનો હોવો જોઈએ. એટલા માટે પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓ પ્રમાણસર વેરાની તરફેણ કરતાં હતાં. કારણ કે તે કરદાતાઓની સાપેક્ષ પરિસ્થિતિમાં ફેરફાર કરતો નથી.

(3) કાર્ય કરવાની ઈચ્છા અને બચતો ઉપર કોઈ પ્રતિકૂળ અસર નહીં : આર્થિક પ્રવૃત્તિઓ, બચત અને રોકાણ કરવાની લોકોની વૃતિ

અને શક્તિ પર પ્રમાણસર કરવેરાની પ્રતિકૂળ અસરો જોવા મળતી નથી.

(4) ન્યાયનો સિદ્ધાંત : પ્રમાણસર કરવેરામાં ન્યાય ના સિદ્ધાંતોને સ્વીકારવામાં આવ્યો છે. કારણકે જેમ જેમ આવકો વધે છે તેમ તેમ વ્યક્તિ ઉપર નાણાંકીય બોજો વધે છે.

(5) ગણતરીમાં સરળતા: પ્રમાણસર કરવેરા ગણવામાં સરળ હોય છે. દરેક વ્યક્તિને કેટલો કરવેરો ચુકવવું પડશે તે ગણી શકે છે.

**દોષો (ગેરલાભ)**

(1) **ન્યાયનો અભાવ** :

આ કરવેરા ન્યાયના સિદ્ધાંતને અનુસરતા નથી. કારણ કે જો વ્યક્તિની આવક વધે તો તેની આવકનો સીમાંત તૃષ્ટિગુણ ઘટે છે. આમ આ કરવેરો નીચી આવકવાળા લોકો પર પ્રતિકૂળ રીતે અસર કરે છે. નીચી આવકવાળા લોકો માટે આવકનું સીમાંત તૃષ્ટિગુણ ઊંચો હોય છે, અને ઊંચી આવકવાળા લોકોનો નીચો હોય છે.

(2) **સરકાર ધનિક વ્યક્તિઓ પાસેથી વધારે આવક મેળવી શકતી નથી** :

પ્રમાણસર વેરામાં ધનિક વ્યક્તિ અને ગરીબ વ્યક્તિ બંને પાસે થી એકસરખો કરવેરો લેવામાં આવે છે. આમ સરકાર ધનિક વ્યક્તિ પાસેથી વધારે આવક મેળવી શકતી નથી. આમ વર્તમાન સમયમાં પોતાના ખર્ચને પહોંચી વળવા માટે સરકાર પ્રમાણસર કરવેરા થી આવક મેળવી શકતી નથી.

(3) **પરિવર્તનશીલતાનો અભાવ** :

પ્રમાણસર કરવેરા પરિવર્તનશીલ હોતાં નથી. સરકારે અર્થતંત્રની પરિસ્થિતિ પ્રમાણે વેરામાં ફેરફાર કરવો જરૂરી બને છે. પણ જો નીચી આવક વાળા લોકો પહેલાથી જ કરનો બોજો સહન કરી રહ્યાં છે તો કરવેરાના દરમાં સરકાર વધારો કરી શકતી નથી. આના પરથી સ્પષ્ટ થાય છે કે સરકાર ધનિક વ્યક્તિઓ પાસેથી વધારે કરવેરો વસૂલી શકતી નથી. આમ સરકાર જરૂરી સમયગાળા દરમ્યાન પણ વધારે આવક મેળવી શકતી નથી.

(4) **અર્થતંત્ર ઉપર પ્રતિકૂળ અસર :**

નીચી આવકવાળા લોકો અને ઊંચી આવકવાળા લોકો બધાએ એકસરખો કર ભરવાનો હોવાથી નીચી આવકવાળા લોકોની વપરાશમાં ઘટાડો થાય છે અને જે દેશના ઉત્પાદન ઉપર અસર કરે છે. આમ પ્રમાણસર કરવેરા અર્થતંત્ર ઉપર પ્રતિકૂળ અસર કર છે.

**ઉપસંહાર :**


આમ જો સરકાર દ્વારા પ્રમાણસર કરવેરા અપનાવવામાં આવે તો, ત્યાં કરવેરાનો અન્યાયી બોજો સહન કરવો પડશે. વર્તમાન સમયમાં પરિવર્તનશીલતા જરૂરી છે.

(2) **પ્રગતિશીલ કરવેરા: અર્થ, ગુણ, દોષો:**

**અર્થ:**

પ્રગતિશીલ કરવેરા એટલે કે આવકના વધારાની સાથે કરવેરાના દરમાં પણ વધારો જોવા મળે છે. અને આવકના ઘટાડાની સાથે કરવેરાના દરમાં પણ ઘટાડો થશે. પ્રગતિશીલ કરવેરાને નીચેની અનુસૂચિ અને આકૃતિની મદદથી સમજી શકાય છે.

| **પ્રગતિશીલ કરવેરાની અનુસૂચિ** | | |
|---|---|---|
| **આવક સપાટી** | **કરવેરાનો દર** | **કરની રકમ** |
| ₹ 10,000 | 10% | ₹ 1,000 |
| ₹ 20,000 | 15% | ₹ 3,000 |
| ₹ 30,000 | 20% | ₹ 6,000 |
| ₹ 40,000 | 25% | ₹ 10,000 |




ઉપરની આકૃતિ અને અનુસૂચિ પરથી જોઈ શકાય છે કે જેમ જેમ આવકો વધે છે, તેમ તેમ કરવેરાના દરમાં પણ વધારો થાય છે. જો આવકો ઓછી હોય તો, કરવેરાના દર પણ ઓછા હોય છે. એટલે કે ઓછી આવકો પર ઓછા કરવેરા વસૂલવામાં આવે છે અને વધુ આવકો પર વધુ કરવેરા વસૂલવામાં આવે છે. અનુસૂચિ અને આકૃતિ પ્રમાણે જ્યારે આવકો ₹ 10,000 હોય છે, ત્યારે 10% ના દરે કરવેરા નાખવામાં આવે છે અને સરકારને ₹ 1000 જેટલી રકમ મળે છે. જેમ આવકો વધે છે એટલે કે ₹ 10,000 થી વધીને ₹ 20,000, ₹ 30,000 અને ₹ 40,000 થાય છે, તો કરવેરાના દર પણ 10% થી વધી 20%, 30% અને 40% જેટલા થાય છે તથા સરકાર ને મળતી કર રકમ પણ ₹ 1000 થી વધીને ₹ 3000, ₹ 6000 અને ₹ 10,000 જેટલી વધે છે. આમ કરવેરાના દર અને આવકની સપાટી વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે.

**ગુણ: (લાભ) – મર્યાદાઓ**

પ્રગતિશીલ કરવેરાની તરફેણ અનેક દેશો દ્વારા કરવામાં આવી છે. આ કરવેરાની શરૂઆત બ્રિટનમાં કરવામાં આવી હતી ત્યાર પછી અન્ય દેશો

દ્વારા પણ પ્રગતિશીલ કરવેરાને અપનાવામાં આવ્યો. આ કરવેરાના ગુણ નીચે મુજબ છે.

(1) **કર ભરવાની ક્ષમતા** :

પ્રગતિશીલ કરવેરા કર ભરવાની ક્ષમતાના સિદ્ધાંતને અનુસરે છે. એટલે કે ઊંચી આવક વાળા વ્યક્તિ પાસેથી વધુ કર અને ઓછી આવકવાળા વ્યક્તિ પાસેથી ઓછાં કર વસૂલવામાં આવે છે. દા.ત. “અ” વ્યક્તિની આવક 50,000 છે અને “બ” વ્યક્તિની આવક 75,000 છે જે દર્શાવે છે કે “બ’ વ્યક્તિની કર ભરવાની ક્ષમતા “અ” વ્યક્તિ કરતાં વધારે છે. આમ પ્રગતિશીલ વેરામાં “બ” વ્યક્તિ વધુ કર ચૂકવશે અને “અ” વ્યક્તિ ઓછાં કર ચૂકવશે.

(2) **આવકની અસમાનતા ઘટાડવી** :

પ્રગતિશીલ કરવેરા આવકની અસમાનતા ઘટાડે છે. કારણ કે આ કરવેરા ઊંચી આવક વાળા વ્યક્તિઓને ઊંચા કરવેરા નાખવા પડે છે, તથા નીચી આવકવાળા વ્યક્તિઓને નીચા કરવેરા ભરવા પડે છે. આ આવકની અસમાનતાને ઘટાડે છે.

(3) **કરકસરયુક્ત**:

પ્રગતિશીલ કરવેરા કરકસરવાળા હોય છે. કારણ કે કરવેરા એકત્ર કરવાનો ખર્ચ, જયારે કરનો દર વધે છે, ત્યારે વધતો પણ નથી.

(4) **પરિવર્તનશીલ** :

આ કરવેરા પરિવર્તનશીલ હોય છે, જયારે જરૂર હોય ત્યારે સરકાર કરવેરાના દરમાં ફેરફાર કરી શકે છે.

(5) **જાહેર આવકમાં વધારો** :

પ્રમાણસર કરવેરાની સરખામણીમાં પ્રગતિશીલ વધુ કર ઊપજ લાવી આપે છે. કેમ કે પાયા સાથે કરનો દર વધતો હોય છે.

(6) **આર્થિક સ્થિરતા** :

પ્રગતિશીલ કરવેરા આર્થિક સ્થિરતા લાવવામાં મદદરૂપ હોય છે. ફુગાવાના સમયગાળા દરમ્યાન સરકાર કરવેરાના દરમાં વધારો કરે છે. તેવી જ રીતે મંદીના સમયમાં સરકાર કરવેરાના દરમાં

ઘટાડો કરે છે જેથી ફુગાવો અને મંદી જેવી સમસ્યાઓને અટકાવી શકાય છે. આમ આર્થિક સ્થિરતા મેળવવા માટે પ્રગતિશીલ કરવેરા લાભદાયી છે.

(7) **ઓછો ત્યાગ** :

પ્રગતિશીલ કરવેરામાં લોકોનો ત્યાગ ઓછો હોય છે. કારણ કે આ ઓછા ત્યાગના સિદ્ધાંત પર આધારિત છે. પ્રગતિશીલ કરવેરામાં ધનિક વ્યક્તિઓને વધારે કર ભરવો પડે છે તથા ગરીબ વ્યક્તિઓને ઓછો કર ભરવો પડે છે. જેથી સીમાંત ત્યાગ ઓછો હોય છે.

**દોષો: (ગેરલાભ)** :

**પ્રગતિશીલ કરવેરાના દોષો નીચે મુજબ છે:**

(1) **મનસ્વી** :

પ્રગતિશીલ કરવેરા મનસ્વી રીતે ઘડવામાં આવતી પદ્ધતિ છે. કરવેરાના દરની મહત્તમ મર્યાદા દર્શાવતી કોઈ વૈજ્ઞાનિક અને સર્વસ્વીકૃત પદ્ધતિ નથી. સરકાર મનસ્વી રીતે કરવેરાના દરમાં વધારો કરે છે.

(2) **અસંતોષકારક ધારણાઓ** :

પ્રગતિશીલ કરવેરા આવકના ઘટતા સીમાંત તૃષ્ટિગુણના નિયમ પર આધારિત હોય છે. જે ખોટો છે. તૃષ્ટિગુણ એ માનસિક અને આત્મલક્ષી ખ્યાલ છે. આને નાણાંના સંદર્ભમાં માપી શકાતો નથી. આમ પ્રગતિશીલ કરવેરા આત્મલક્ષી સિદ્ધાંત પર આધારિત હોય છે.

(3) **અન્યાયી** :

પ્રગતિશીલ કરવેરા અન્યાયી ગણવામાં આવે છે, કારણ કે લોકો ધનિક પોતાના કઠિન પરિશ્રમથી અને બચતોથી બને છે. જે લોકો વધારે ખર્ચાળ હોય છે અને આળસુ હોય છે, તે લોકો ગરીબ હોય છે. આમ ઊંચી આવકવાળા વ્યક્તિઓ પાસેથી ઊંચો કર લેવો અન્યાયી હોય છે.

(4) **પ્રતિકૂળ અસરો** :

પ્રગતિશીલ કરવેરાના દર ઊંચા હોય છે. જેના કારણે કામ કરવાની પ્રવૃત્તિ ઉપર તથા શક્તિ ઉપર વિપરીત અસર પડે છે અને આર્થિક વિકાસ ધીમો થઈ જાય છે. મોટા ભાગે ધનિક લોકો વધારે રોકાણ કરતાં હોય છે. અને તેમના ઉપર જ વધુ કર લેવામાં આવે છે.

(5) **કર ચોરી** :

પ્રગતિશીલ કરવેરા કર ચોરી અને કર ટાળવું જેવી પ્રવૃત્તિઓને વધારે છે. કાયદેસર રીતે કર ભરવાની જવાબદારીનું પાલન કરવાનું કરદાતા ચૂકે ત્યારે કરચોરી થઈ કહેવાય. કાયદેસર કરભરવાની જવાબદારીમાંથી કાયદાની છટકબારીનો લાભ લઈ કર નહીં ભરવાની વૃત્તિ એટલે કરટાળો. એવા લોકો જેમના ઉપર કર વધારે નાખવામાં આવે છે તે લોકો આવકના ખોટા આંકડાઓ દર્શાવીને કર ચોરી કરવાનો પ્રયાસ કરે છે.


**ઉપસંહાર** :

કરવેરા કર ભરનારની શક્તિ પ્રમાણે ન્યાયી અને પ્રગતિશીલ હોવાં જોઈએ. પ્રગતિશીલ કરવેરા તેની ઉત્પાદકતા, સાપેક્ષતા, સમતાના કારણે સામાન્ય રીતે બધી જગ્યા એ લાગુ કરવામાં આવે છે. પ્રગતિશીલ કરવેરાના કેટલાંક ગેરલાભો જેમ કે, મનસ્વી દર, ઉત્પાદન ઉપર પ્રતિકૂળ અસર વગેરે વહીવટીય કૌશલ્ય દ્વારા સુધારી શકાય છે.

(3) **હિરયમાન કરવેરા** :

આવકના વધારાની સાથે તેની ઉપર વસૂલ કરવામાં આવતાં કરવેરાના દરમાં ઘટાડો થતો હોય અને કુલ કરની રકમમાં પણ ઘટાડો થાય તો તે હિરયમાન કરવેરા તરીકે ઓળખવામાં આવે છે. હિરયમાન કરવેરાનો બોજો ગરીબ લોકો કરતા ધનિક વ્યક્તિઓ પર વધારે પડે છે. દા.ત. "અ' વ્યક્તિની આવક "બ" વ્યક્તિ કરતાં વધારે છે તો "અ" વ્યક્તિને ઓછો કર ભરવો પડશે થતાં "બ" વ્યક્તિને વધારે કર ભરવો પડશે. હિરયમાન કરવેરાનો ખ્યાલ નીચેની અનુસૂચિ અને આકૃતિની મદદથી સમજાવી શકાય છે.

| હિરયમાન કરવેરાની અનુસૂ | | |
|---|---|---|
| આવક સપાટી | કરવેરાનો દર | કરની રકમ |
| ₹ 10,000 | 25% | ₹ 2,500 |
| ₹ 20,000 | 20% | ₹ 4,000 |
| ₹ 30,000 | 15% | ₹ 4,500 |
| ₹ 40,000 | 10% | ₹ 4,000 |




આવકની સપાટી હજાર રૂપિયામાં

અનુસૂચિ અને આકૃતિ પરથી જોઈ શકાય છે કે, જેમ આવકની સપાટી ? 10,000 થી વધીને ? 20,000, ? 30,000 અને ? 40,000 થાય છે, તેમ કરવેરાના દર 25 % થી ઘટીને ક્રમશ: 20%, 15 % અને 10% થઈ જાય છે. આવકની સપાટી અને કરવેરાના દરમાં વ્યસ્ત સંબંધ જોવા મળે છે. જેમ જેમ આવકો વધે છે તેમ તેમ કરવેરાના દરમાં ઘટાડો થાય છે. આમ ઊંચી આવકવાળા વ્યક્તિઓને ઓછાં કર અને નીચી આવકવાળા વ્યક્તિઓને વધુ કર ભરવો પડે છે.

હિરયમાન કરવેરાના સંદર્ભમાં નીચેના મુદ્દાઓ તારવી શકાય છે.

- હિરયમાન કરવેરા ગરીબ વ્યક્તિઓ ઉપર ઊંચા દરે અને ધનિક વ્યક્તિઓ પર નીચા દરે વસૂલવામાં આવે છે.

- આ કરવેરા અન્યાયી હોય છે.
- જો દેશમાં ગરીબ લોકો વધારે હોય તો કરવેરા દ્વારા વધારે આવક મેળવી શકાય છે.
- હિરયમાન કરવેરા સમતાના સિદ્ધાંતને અનુસરતો નથી.

**ઉપસંહાર** :

આમ હિરયમાન કરવેરા આવક મેળવવાનો યોગ્ય સ્રોત નથી, કારણ કે આ ગરીબોને અન્યાયી હોય છે. જમીનના ભાડાના સંદર્ભે ભારતની આ મુદ્દા ઉપર ટીકા કરવામાં આવી છે.

**12.2.3 મૂલ્યાંકન પદ્ધતિના આધારે કરવેરાના બે પ્રકારો છે.**

1) **વિશિષ્ટ વેરો** : એક વિશિષ્ટ દર એ આયાત પર લાદવામાં આવતી જકાત છે, જે પ્રતિ યુનિટ દીઠ સેન્ટની ચોક્કસ રકમની દ્રષ્ટિએ નિર્ધારિત કરવામાં આવે છે. તેનાથી વિપરીત, એડ વાલોરેમ ડયુટી એ મૂલ્યની નિશ્ચિત ટકાવારીના સંદર્ભે નિર્ધારિત આયાત પર વસૂલવામાં આવેલો ચાર્જ છે.
2) **વ્યવહાર કે મિલકત પરનો વેરો**: કોઈપણ સ્થાવર મિલકત વ્યવહારના સમયે, મિલકતના વેચાણ પર ઘણાં કર હોય છે. સંપત્તિના વેચાણ પરના આ કેટલાંક કર ખરીદનાર દ્વારા ઉઠાવવામાં આવે છે અને કેટલાંક વેચનાર દ્વારા ઉઠાવવામાં આવે છે. તદ્ઉપરાંત, સંપત્તિના વેચાણ પર કેટલાંક કર છે જે દેશભરમાં વસૂલવામાં આવે છે અને મિલકતના વેચાણ પર કેટલાંક કર છે, જે ફક્ત વિશિષ્ટ રાજ્યો પર જ વસૂલવામાં આવે છે.


**12.3 ભારતીય કર માળખું** :

ભારતે, રાજ્ય અને કેન્દ્ર સરકારની સંસ્થાઓ વચ્ચે સ્પષ્ટ રીતે ભેદભાવ ધરાવતાં કર માળખાને વિકસિત કર્યું છે. સરકારની જેમ, કર વહીવટ પણ અલગતાના સિદ્ધાંત પર આધારિત છે તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્થાનિક સંસ્થાઓ વચ્ચે કર માળખાને સારી રીતે વ્યાખ્યાયિત અને સીમાંકન કરવામાં આવ્યું છે. ભારતનું વર્તમાન કર માળખું ખૂબ મજબૂત છે અને તે નાણાકીય વર્ષને અનુસરે છે. છેલ્લા 10-15 વર્ષમાં ભારતીય કરવેરા પ્રણાલીમાં જબરદસ્ત સુધારા કરવામાં આવ્યાં છે.

ભારતના કર માળખાના મુખ્ય બે વિભાગો છે:

1. કેન્દ્રના કરવેરા
2. રાજયના કરવેરા

કેન્દ્રના કરવેરા અને રાજ્યના કરવેરાને પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા આમ બે રીતે વિભાજીત કરવામાં આવે છે. ભારતીય કર માળખાને નીચેની સારણી દ્વારા દર્શાવાયું છે.



**12.3.1 પ્રત્યક્ષ કરવેરા :**

પ્રત્યક્ષ કરવેરા એટલે કે, એવા કરવેરા કે જે વ્યક્તિ ઉપર પ્રથમ તે નાખવામાં આવે છે, તેના દ્વારા જ તેની ચૂકવણી કરવામાં આવે છે. આ કરવેરાનો નાણાકીય બોજો બીજા ઉપર ખસેડી શકાતો નથી. પ્રત્યક્ષ કરવેરાના ઉદાહરણમાં નીચેના કરોનો સમાવેશ થાય છે.

- આવક કર: આવક કર એટલે કે જેને સરકારો તેમના અધિકાર ક્ષેત્રમાં વ્યવસાયો અને વ્યક્તિઓ દ્વારા ઉપાર્જિત આવક પર લાદતી હોય છે. કાયદા દ્વારા, કરદાતાઓએ તેમની કરની જવાબદારી નક્કી કરવા માટે વાર્ષિક ધોરણે આવકવેરા રીટર્ન ફાઇલ કરવું આવશ્યક છે. આવકવેરા સરકારો માટે આવકનું સાધન છે. તેનો ઉપયોગ જાહેર સેવાઓ માટે ભંડોળ, સરકારની જવાબદારી ચૂકવવા અને નાગરિકો માટે સાધનો પૂરા પાડવામાં થાય છે.
- સંપત્તિ કર: સંપત્તિ કર એ ધારણ કરેલ સંપત્તિના મૂલ્ય પર વસૂલવામાં આવતો કર છે. રોકડ, બેંક થાપણો, શેર, નિશ્ચિત સંપત્તિ, વ્યક્તિગત સંદર્ભે, વાસ્તવિક સંપત્તિનું મૂલ્યાંકન કરેલ મૂલ્ય, પેન્શન યોજનાઓ, મની ફંડ્સ, માલિક-કબજાવાળા આવાસ અને ટ્રસ્ટ સહિતના વિવિધ સંપત્તિના પ્રકારો પર સંપત્તિ કર લાગુ પડે છે.
- બક્ષિસ વેરો: અર્થશાસ્ત્રમાં, બક્ષિસ વેરો, એ પૈસા અથવા સંપત્તિ પરનો કર છે. જે એક જીવંત વ્યક્તિ બીજાને આપે છે. બીજાના મૃત્યુ પછી પ્રાપ્ત થયેલી વસ્તુઓ, વારસો વેરા હેઠળ અલગથી માનવામાં આવે છે. કર કાયદામાં અપાયેલી છૂટને કારણે ઘણી બક્ષિસો કરવેરાને પાત્ર નથી. બક્ષિસ વેરાની રકમ અધિકારક્ષેત્ર દ્વારા બદલાય છે, અને તેના દરની આંતરરાષ્ટ્રીય તુલના જટિલ અને પ્રવાહી છે.
- એસ્ટેટ કર: કરપાત્ર મિલકતની ટકાવારીના રૂપમાં કર કે જે મિલકત માલિક દ્વારા તેના અથવા તેણીના મૃત્યુ પછી અન્યને મિલકત સ્થાનાંતરિત કરવાના અધિકાર પર લાદવામાં આવે છે.


**12.3.2 પરોક્ષ કરવેરા:**

અર્થશાસ્ત્રીઓ પ્રમાણે કરનો નાણાકીય બોજો બીજી વ્યક્તિ ઉપર ખસેડી શકાય તો તે પરોક્ષ કરવેરો છે. પરોક્ષ કરવેરાના ઉદાહરણમાં નીચેના કરોનો સમાવેશ થાય છે.

- જી.એસ.ટી: ભારતમાં, 1 જુલાઈ 2017ના રોજ ગુડ્સ એન્ડ સર્વિસિસ એક્ટ (જીએસટી) લાગુ કરવામાં આવ્યો. જીએસટીમાં રાજ્યો અને કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવતાં ઘણાં પરોક્ષ કરનો સમાવેશ થાય છે. જીએસટી દ્વારા બદલાતાં કેટલાંક કરમાં વેચાણ વેરો, કેન્દ્રીય આબકારી જકાત, મનોરંજન કર, ઓકટ્રોય, સેવાકર, ખરીદી કરનો તેમાં સમાવેશ થાય છે. આ બહુતબક્કીય મલ્ટી-સ્ટેજ ડેસ્ટીનેશન-આધારિત કર છે. મલ્ટિ-સ્ટેજ કારણ કે કાચા માલની ખરીદીથી માંડીને અંતિમ ઉત્પાદનના વેચાણથી લઈને ગ્રાહક સુધીના મૂલ્યના વધારા અને માલિકીના સ્થાનાંતરણના દરેક તબક્કે વસૂલવામાં આવે છે. જીએસટીમાં ત્રણ કેટેગરી છે - સીજીએસટી (સેન્ટ્રલ ગૂડ્ઝ અને સર્વિસિસ ટેક્સ), એસજીએસટી (સ્ટેટ્સ ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ) અને આઈજીએસટી (ઇન્ટિગ્રેટેડ ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ). સીજીએસટી અને એસજીએસટી બંને ઇન્ટ્રા-સટેટ ટ્રાન્ઝેકશન પર લાગુ છે જ્યારે આઈજીએસટી આંતર-રાજય વ્યવહારો પર લાગુ છે.
- મૂલ્ય વર્ધિત કર: મૂલ્ય વર્ધિત કરને અંગ્રેજીમાં Value Added Tax (વેટ) અથવા વેલ્યુ એડેડ ટેક્સ કહેવાય છે. એટલે કે એક પ્રકારનો કર છે જે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાહકોને સેવાઓ અને માલના વેચાણ પર લેવામાં આવે છે. સેવાઓ અને માલના ઉત્પાદકો દ્વારા વેટ ચૂકવવામાં આવે છે, પરંતુ આખરે તે ગ્રાહકો પર લાદવામાં આવે છે જે સેવાઓ અને માલ ખરીદતા હોય છે જ્યારે તેઓ તેની ચૂકવણી કરે છે.
- ઓકટ્રોય કર: જિલ્લામાં ચીજ વસ્તુઓ વપરાશ અથવા વેચાણ માટે પ્રવેશતા જ સ્થાનિક રાજકીય એકમ દ્વારા સામાન્ય રીતે મ્યુનિસિપલ ઓથોરિટી દ્વારા વસૂલવામાં આવતા કરને ઓકટ્રોય કર તરીકે ઓળખવામાં આવે છે.

- સેવા કર: સેવા કર એ અમુક સેવા વ્યવહારો પર સેવા પ્રદાતાઓ પર સરકાર દ્વારા વસૂલવામાં આવતો કર છે, પરંતુ ખરેખર ગ્રાહકો દ્વારા ઉઠાવવામાં આવે છે. સેવા પ્રદાતા કર ચૂકવે છે અને તેને ગ્રાહક પાસેથી વસૂલ કરે છે. સર્વિસ ટેક્સ અગાઉ સેવાઓની નિર્દિષ્ટ સૂચિ પર વસૂલવામાં આવતો હતો, પરંતુ 2012 ના બજેટમાં તેનો અવકાશ વધારવામાં આવ્યો હતો. એર કન્ડિશનર રેસ્ટોરન્ટ્સ દ્વારા આપવામાં આવતી સેવાઓ અને હોટલ, રેસ્ટોરેન્ટ, વગેરે દ્વારા આપવામાં આવતી, ટૂંકા ગાળાની રહેવાની સેવાઓ પણ સેવાઓની સૂચિમાં સામેલ છે.
- કસ્ટમ જકાત: જ્યારે વસ્તુઓનું આંતરરાષ્ટ્રીય સરહદોપર વહન કરવામાં આવે છે ત્યારે વસ્તુઓની આયાત અને નિકાસ ઉપર લાદવામાં આવતા કરને કસ્ટમ ડયુટી અથવા કસ્ટમ જકાત કહેવામાં આવે છે. સામાન્ય શબ્દોમાં વસ્તુઓની આયાત અને નિકાસ પર લાદવામાં આવતો વેરો છે.
- મનોરંજન કર: ભારતમાં મનોરંજન કર એ ચિત્રપટ પર સરકાર દ્વારા લાદવામાં આવેલો કર છે જે દેશમાં વ્યાપક પ્રદર્શિત થાય છે અને તે એકંદરે સંગ્રહ, મોટા વેપારી શો અને મોટા ખાનગી તહેવારોથી ઘટાડવામાં આવે છે. મનોરંજન કર, બાદ કર્યા પછીની રકમ ચોખ્ખી રકમ તરીકે ઓળખાય છે.
- ટોલ કર: ટોલ કર એ સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવતી કોઈ ચોક્કસ સેવાનો ઉપયોગ કરવા માટે લેવામાં આવતો કર છે. સરકાર રાજમાર્ગો બનાવે છે અને તેમાં લાખો રૂપિયા ખર્ચ થાય છે, તેથી તેઓ હાઇવેનો ઉપયોગ કરનારા લોકો પાસેથી ટોલ ટેક્સ લે છે.

ઉપર જણાવ્યા મુજબ ભારતમાં કરવેરા પ્રણાલી એવી છે કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા કરવેરો લેવામાં આવે છે. કેટલાંક નાના કર પણ નગરપાલિકા અને સ્થાનિક સરકારો જેવા સ્થાનિક અધિકારીઓ દ્વારા વસૂલવામાં આવે છે. જે નીચેના ટેબલમાં દર્શાવવામાં આવ્યું છે.




| કેન્દ્ર | રાજ્ય | સ્થાનિક સંસ્થાઓ |
|---|---|---|
| આવક વેરા | SGST (સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ) | જમીન અને બિલ્ડિંગ ઉપરનો કર |
| કોર્પોરેશન વેરા | વીજળી કર | વાહન વેરો |
| CGST (સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ) | આલ્કોહોલ ઉપર આબકારી જકાત | ટોલ કર |
| કસ્ટમ જકાત | સ્ટેમ્પ ડ્યુટી | મનોરંજન કર |

### 12.4 કેન્દ્ર સરકારના કરવેરા:

**કેન્દ્ર સરકારના પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરામાં નીચેના કરવેરાઓનો સમાવેશ કરવામાં આવે છે.**

- **આવક વેરા:** ખેતી સિવાયની આવક ઉપર આવક વેરો નાંખવાનો અધિકાર કેન્દ્રનો છે. આ વેરો કર ભરવાની શક્તિને ધ્યાનમાં લઈ વસૂલ કરાય છે. અમુક રકમથી ઓછી આવકવાળી વ્યક્તિને આ કરમાંથી મુક્તિ અપાય છે. સમય પ્રમાણે આ મુક્તિ મર્યાદા બદલાય છે. નાણાકીય વર્ષ 2019-20 માં આ મર્યાદા ₹ 2.5 લાખની અપાઈ

છે. ત્યારબાદ ₹ 2.5 લાખથી ઉપર 5% + 4% cess, અને ₹ 10 લાખથી વધુ આવક ઉપર 30% + 4% cess વસૂલવામાં આવે છે.

- **કોર્પોરેશન વેરા**: કેન્દ્રની કરવેરાની આવકમાં આનું મુખ્ય સ્થાન છે આ કર કંપનીઓના નફા ઉપર વસૂલ કરાય છે. દેશની અને વિદેશની કંપનીઓ ઉપર લેવાતા કોર્પોરેશન કરના દરમાં તફાવત હોય છે. કોર્પોરેશન વેરા ના દરમાં હાલની કંપનીઓ માટે 30% થી 22% અને નવી ઉત્પાદક કંપનીઓ માટે 25% થી ઘટાડીને 15% કર્યો છે. સરચાર્જ અને સેસ સહિત, હાલની કંપનીઓ માટેનો અસરકારક કર દર હવે 35 ટકાથી ઘટીને 21.17 ટકા કરવામાં આવ્યું છે. કંપનીઓ ઊંચા કર દર અથવા નવા કર દર માટે પસંદગી કરી શકે છે.
- **CGST (સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ)**: CGST કેન્દ્ર સરકાર દ્વારા વસૂલવામાં આવે છે. વસ્તુઓ અથવા સેવાઓનો જ્યારે રાજયની અંદર પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તેને ઇન્ટ્રા-સ્ટેટ સપ્લાય કહેવામાં આવે છે. આ તે સમયે થાય છે જ્યારે પુરવઠાકાર કે વેચનાર (સપ્લાયર)નું સ્થાન અને ખરીદનારનું સ્થાન એક જ રાજ્યમાં હોય છે. ઇન્ટ્રા-સ્ટેટ ટ્રાન્ઝેક્શન, વેચનારે ખરીદનાર પાસેથી સીજીએસટી અને એસજીએસટી બંને એકત્રિત કરવા પડે છે. સીજીએસટી કેન્દ્ર સરકારમાં જમા થાય છે અને એસજીએસટી રાજ્ય સરકારમાં જમા થાય છે. દા.ત. રામ ગુજરાતનો એક વેપારી છે, જેણે ગુજરાતમાં અર્જુનને રૂ. 10,000નીવસ્તુઓ વેચી છે. જીએસટી દર 18% છે જેમાં સીજીએસટી દર 9% અને એસજીએસટી દર 9% છે. આવા કિસ્સામાં, વેપારી રૂ. 1800 માંથી રૂ. 900 કેન્દ્ર સરકારને ભરશે અને રૂ. 900 ગુજરાત સરકારમાં ભરશે.
- **કસ્ટમ જકાત**: કસ્ટમ ડયુટી અથવા કસ્ટમ જકાત એ એક પ્રકારનો પરોક્ષ કર છે, જે નિકાસ અને આયાત કરાયેલ બંને ચીજો અને સેવાઓ પર લાદવામાં આવે છે. વસ્તુની આયાત પર લાદવામાં આવતા કરને આયાતકર તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે વસ્તુની નિકાસ પર લાદવામાં આવતાં કરને નિકાસકર તરીકે ઓળખવામાં આવે છે. નાણામાં એકત્રિત કરવા અને / અથવા અન્ય

દેશોના પ્રતિસ્પર્ધીઓથી ઘરેલું એટલે કે સ્વદેશી સંસ્થાઓને બચાવવા માટે વસ્તુઓ અને સેવાઓની નિકાસ અથવા આયાત દરમિયાન સરકાર આ કર વસૂલ કરે છે. ભારત સરકારે રાષ્ટ્રની કર પ્રણાલીમાં મોટો ફેરફાર લાવ્યો છે. તેઓએ જીએસટી (ગુડ્ઝ અને સર્વિસીસ ટેક્સ) ની નવી રજૂઆત કરી, તે એક લક્ષ્યસ્થાન આધારિત કર છે, જે સૂચવે છે કે ગ્રાહકો જ્યારે કોઈપણ વસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ કરે છે ત્યારે ચૂકવણી કરવા માટે જવાબદાર છે. પહેલાં, કર માળખું જટિલ હતું. સર્વિસ ટેક્સ, વેલ્યુ એડેડ ટેક્સ, સ્ટેટ ટેક્સ, સેન્ટ્રલ એકસાઈઝ વગેરે જેવાં અનેકવિધ કર વિવિધ વસ્તુઓ અને સેવાઓ પર લાદવામાં આવ્યા હતા. જીએસટી અંતર્ગત, આ બહુવિધ કરને ફક્ત એક જ કર - જીએસટી દ્વારા બદલવામાં આવ્યો છે. કસ્ટમ ડયુટીની જગ્યાએ હવે આઇજીએસટી છે, જેનો અર્થ છે કે કસ્ટમ ડયુટીને બદલે, વસ્તુઓ અને સેવાઓના દરેક આયાત અને નિકાસ પર આઇજીએસટી લાગુ પડે છે. આઇજીએસટીની સ્થાપના સાથે વેપારીઓને વેપાર વ્યવસાયમાં કેવો કરની ગણતરી કરવામાં આવે છે તે જાણવું અને સમજવું જરૂરી બન્યું છે. પરંતુ તે પહેલાં, જાણવું જ જોઇએ કે આયાત અને નિકાસ કરેલા વસ્તુના કદ, સમૂહ અને હદ મુજબ વસ્તુ પરનો કર લાદવામાં આવે છે. આનો આધાર, વસ્તુની આયાત અને નિકાસ પર છે.

### 12.5 રાજય સરકારના કરવેરા :

રાજય સરકારના પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરામાં નીચેનાં કરવેરાઓનો સમાવેશ કરવામાં આવે છે:

- **SGST(સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ)**: SGST આ રાજ્ય સરકાર દ્વારા વસૂલવામાં આવે છે. વસ્તુઓ અથવા સેવાઓનો જ્યારે રાજ્યની સીમાની અંદર પુરવઠો પૂરો પાડવામાં આવે છે. ત્યારે તેને ઇન્ટ્રા-સ્ટેટ સપ્લાય કહેવામાં આવે છે. આ તે સમયે થાય છે જ્યારે પુરવઠાકાર કે વેચનાર (સપ્લાયર)નું સ્થાન અને ખરીદનારનું સ્થાન એક જ રાજ્યમાં હોય છે. ઇન્ટ્રા-સ્ટેટ ટ્રાન્ઝેક્શનમાં, વેચનાર ખરીદનાર પાસેથી સીજીએસટી અને એસજીએસટી બંને એકત્રિત કરવા પડે છે. સીજીએસટી કેન્દ્ર સરકારમાં જમા થાય છે અને

એસજીએસટી રાજ્ય સરકારમાં જમા થાય છે. દા.ત. શ્યામ ગુજરાતનો એક વેપારી છે, જેણે ગુજરાતમાં લક્ષ્મણને રૂ. 10,000 ની વસ્તુઓ વેચે છે. જીએસટી દર 18% છે જેમાં સીજીએસટી દર 9% અને એસજીએસટી દર 9% છે. આવા કિસ્સામાં વેપારી રૂ. 1800 જેમાંથી રૂ. 900 રાજ્ય સરકારને ભરશે અને રૂ. 900 કેન્દ્ર સરકારને ભરશે.

- **વીજળી કર**: કેન્દ્ર સરકારની નીતિ પ્રમાણે વીજળી કર નિર્ધારિત કરવામાં આવે છે. તથા રાજ્ય સરકાર આ કર નાખે છે. આ દરેક રાજ્યમાં અલગ અલગ હોય છે. આ કર વિવિધ ક્ષેત્ર અને ઉદ્યોગો માટે પણ અલગ છે. જોકે ગ્રાહકોની તમામ કેટેગરીમાં વીજળી પહોંચાડવા માટેનો ખર્ચ એકસરખો જ રહે છે, જે વસૂલવામાં આવે છે તે પ્રશુલ્ક કેકર અલગ છે. ઘરેલું ઉપભોક્તા પ્રતિ યુનિટ દીઠ રૂ .૨.5 ચાર્જ કરી શકે છે જ્યારે ઓદ્યોગિક વપરાશ માટે ગ્રાહક દીઠ રૂ. 3.5 વસૂલવામાં આવે છે. ઘરેલું ગ્રાહકોને ઔદ્યોગિક ગ્રાહકો દ્વારા ક્રોસ સબસિડી આપવામાં આવે છે. ઊર્જા બચાવવા માટેનું આ એક મુખ્ય સાધન છે. ક્રોસ સબસિડીના વિકલ્પ તરીકે, રાજ્ય સરકાર
  જરૂરિયાતમંદ ગ્રાહકોને સબસિડી આપવા માટે કરનો ઉપયોગ કરે છે. વિવિધ વપરાશ કર્તાઓ પાસે થી તેમનાં વર્ગ કે શ્રેણી પ્રમાણે વિવિધ કર વસૂલવામાં આવે છે. આ કરની વસૂલાત સાથે રાજ્ય સરકાર જરૂરિયાતમંદ ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી સબસિડી માટે નાણાકીય વ્યવસ્થા કરે છે. વીજળીના વપરાશના યુનિટ દીઠ લાગુ દરે વપરાશ પર કર લેવામાં આવે છે. જો વીજળીનો વપરાશ વધારે છે, તો ઊંચો વીજળી કર લેવામાં આવે છે. કેટલાંક રાજ્યો પર કુલ કર લેવામાં આવે છે. કર ઘટાડવાનો એકમાત્ર રસ્તો દર મહિને વપરાશ ઓછો કરવો છે. આ સુનિશ્ચિત કરે છે કે કાર્યક્ષમ ઊર્જા સંરક્ષણના પગલાં લેવામાં આવે છે.
- **દારૂ આલ્કોહોલ ઉપર આબકારી જકાત**: ભારતમાં સાત કેન્દ્રશાસિત પ્રદેશો સાથેના 29 રાજ્યોએ દારૂ ઉપર કર લગાવવા અને તેને નિયંત્રિત કરવા માટે વિવિધ અભિગમો અપનાવ્યાં છે. દાખલા તરીકે, ગુજરાત રાજ્યએ 1961 થી દારૂના વેપાર અને વપરાશ પર

સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. તેનાથી વિપરીત, કોરોમંડલ તટ પરનો પોંડિચેરી, દારૂના વેપારથી તેની મોટાભાગની આવક મેળવે છે. ભલે દારૂ ગુડ્ઝ અને સર્વિસ ટેક્સના કાર્યક્ષેત્ર હેઠળ લાવવામાં આવ્યો ન હોય, તે હજી પણ અન્ય કર હેઠળ આવે છે, જે તેના વધતા ભાવમાં ફાળો આપે છે. આ કર આબકારી જકાત અને મૂલ્ય વર્ધિત કર છે. મુખ્યત્વે બે કારણોસર આલ્કોહોલને જીએસટી શાસનના દાયરામાં લાવવામાં આવ્યો ન હતો. (1) તે સુનિશ્ચિત કરવા માટે કે રાજ્ય સરકારોની આવકનો મજબૂત પ્રવાહ ચાલુ રહે છે (તેઓ જીએસટીમાંથી જે મેળવે છે તેના સિવાય). એવો અંદાજ છે કે દારૂ અને બીઅર પરના ટેક્સ રાજ્ય સરકારોને વાર્ષિક 90,000 કરોડ રૂપિયા લાવે છે. (2) વપરાશ મર્યાદિત કરવા માટે દારૂ અને બીયરના ભાવ ઊંચા રાખવા.

- **સ્ટેમ્પ ડ્યુટી**: સ્ટેમ્પ ડયુટી, સરકાર દ્વારા વસૂલવામાં આવતો પ્રત્યક્ષકર છે અને ભારતીય સ્ટેમ્પ એક્ટ, 1899 ની કલમ હેઠળ ચૂકવવામાં આવતા તમામ દસ્તાવેજી આર્થિક વ્યવહારો પર બિલ વિનિમય, ક્રેડિટના પત્ર, પ્રોમિસરી નોટ્સ, ક્રેડિટના પત્રો તેમજ સંપત્તિના વ્યવહારોનો સમાવેશ થાય છે. એક દસ્તાવેજ કે જેના પર સ્ટેમ્પ ડયુટી ચૂકવવામાં આવે છે તે કાયદેસર રીતે માન્ય છે અને કાયદાની અદાલતમાં પુરાવા તરીકે રજૂ કરી શકાય છે. સ્ટેમ્પ ડયુટી રાજ્ય સરકાર દ્વારા વસૂલવામાં આવે છે અને એકત્રિત કરવામાં આવે છે અને પરિણામે, તે દર, દરેક રાજ્યમાં બદલાય છે. આગળ, સ્ટેમ્પ ડયુટી એ મિલકતના મૂલ્ય પર આધારીત છે જે બદલામાં મિલકતના પ્રકાર (રહેણાંક / વ્યવસાયિક), સંપત્તિની ઉંમર, મિલકતનું સ્થાન વગેરે જેવા અન્ય પરિબળો પર આધારીત છે કારણ કે તે એકંદર મિલકત ખર્ચમાં વધારો કરે છે, તેથી, મકાન ખરીદતી વખતે તેને તમારા નાણાકીય આયોજન આર્કિટેક્ચરના પરીબળ તરીકે ધ્યાનમાં લેવાનું સમજવું મહત્તવપૂર્ણ બને છે. રાજ્ય સરકારો દ્વારા સંપત્તિ વ્યવહારો પરની સ્ટેમ્પ ડયુટી વસૂલવામાં આવતી હોવાથી, તે દર, દરેક રાજ્યમાં બદલાય છે. તે સામાન્ય રીતે મિલકત મૂલ્યના 5-8% ની વચ્ચે બદલાય છે. વધુમાં, તમારે

લગભગ 1% સ્ટેમ્પ ડયુટી ઉપર અને ઉપરના રજીસ્ટ્રેશન ચાર્જ ચૂકવવાની જરૂર છે પરંતુ તે ફરીથી રાજય મુજબ બદલાઈ શકે છે.

**12.6 સ્થાનિક સંસ્થાના કરવેરા:**

સ્થાનિક સંસ્થાના પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરામાં નીચેના કરવેરાઓનો સમાવેશ કરવામાં આવે છે.

- **જમીન અને મકાન (બિલ્ડિંગ) ઉપરનો કર**: કરવેરાના હેતુથી આવકવેરા કાયદાએ આવકને 5 જુદાં જુદાં વર્ગોમાં વ્યાપક રૂપે વર્ગીકૃત કરી છે. એક શ્રેણી (કેટેગરી) છે 'મૂડી લાભ'. મૂડી લાભ એ કોઈપણ મૂડી સંપત્તિના વેચાણ પર વેચનારને મળતી આવક છે. મૂડી સંપત્તિમાં રીઅલ એસ્ટેટ સહિત વિવિધ સંપત્તિનો સમાવેશ કરવામાં આવે છે. તેથી, માલિક દ્વારા જમીનના વેચાણ અથવા મકાન પરના કોઈપણ લાભ, મૂડી લાભ તરીકે કરપાત્ર છે. ખરીદ કે સંપાદન એક્વિઝિશનના ખર્ચ દ્વારા ઘટાડેલા વેચાણ (જમીન અથવા મકાન માટેના સંપાદનની અનુક્રમણિકાની કિંમત અથવા 24 મહિનાથી વધુ સમય માટે રાખેલ જમીન અથવા મકાન માટેના સંપાદનની અનુક્રમણિકા પ્રમાણેનો ખર્ચ) મૂડી લાભ તરીકે કરપાત્ર છે.
- **વાહન વેરા**: વાહન ખરીદતી વ્યક્તિ દ્વારા ચૂકવણી કરવામાં આવતો ફરજિયાત કર વાહન વેરો છે. માર્ગ કર એક રાજ્ય કક્ષાનો કર છે, એટલે કે, વિવિધ રાજ્યોની સરકાર તેને તેમના વ્યક્તિગત સ્તરે લાદી દે છે. દરેક રાજ્યમાં માર્ગવેરા વસૂલવા માટેના નિયમો અલગ અલગ છે. વિવિધ રાજ્યો દ્વારા વસૂલવામાં આવતી વિવિધ ટકાવારીને કારણે, કરની રકમ પણ અલગ છે. સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ એક્ટ મુજબ, જો કોઈ કારનો ઉપયોગ એક વર્ષ કરતા વધુ સમયથી થઇ રહ્યો છે, તો પછી માર્ગ વેરાની આખી રકમની સારા જોડાણ એક સાથે ચૂકવણી ફરજિયાત છે.
- **ટોલ કર**: રાજ્યો વચ્ચે સારા જોડાણ માટે સરકાર રાજમાર્ગો બનાવે છે અને તેમાં ઘણા પૈસા ખર્ચ થાય છે. બાદમાં રાજમાગોનો ઉપયોગ કરતા લોકો પાસેથી ટોલ ટેક્સ વસૂલ કરીને આ પુન સુધારવામાં

આવે છે. તેથી, ભારતભરના વિવિધ રાજ્યોના હાઇવે પરના ટોલ પ્લાઝા પર જે ટેક્સ ચૂકવામાં આવે છે તે ટોલ ટેક્સ છે. જો કે, ભારતના દરેક ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સનો દર અલગ છે. આ રસ્તાના અંતર પર આધારિત છે, જે પ્રત્યેક પ્રવાસી માટે ચૂકવવું ફરજિયાત છે.

- **મનોરંજન કર**: મનોરંજન કર એ ટિકિટનો એક ભાગ છે જે આપણે મૂવીઝ જોવા માટે અથવા મોટા મનોરંજન શોમાં ખરીદીએ છીએ. મનોરંજન કર દેશભરમાં મનોરંજનના કેટલાંક અથવા અન્ય પ્રકાર માટે લાગુ પડે છે અને ગ્રાહકો દ્વારા ઉઠાવવામાં આવતા વિવિધ ખર્ચનો એક ભાગ છે રાજ્ય સરકારો ગ્રાહકો પાસેથી મનોરંજન કર વસૂલવા માટે જવાબદાર અધિકારીઓ છે દેશમાં મનોરંજન કર જુદાં જુદાં રાજ્યો માટે અલગ છે કારણ કે તે રાજ્ય સરકારોના કાર્યક્ષેત્ર હેઠળ છે ભારતીય બંધારણના આર્ટિકલ 246 માં તે બધા નિયમો અને માર્ગદર્શિકાઓની સૂચિ છે જે ભારતમાં મનોરંજન કરને લાગુ પડે છે. ડિસ ટી.વી. અને ટાટા સ્કાય જેવી ચૂકવણી કરાયેલ ટેલિવિઝન સેવાઓને લીધે મનોરંજન પર વધુ ટેક્સ લાદવામાં આવ્યો છે

  મનોરંજન કર એ મનોરંજનની શ્રેણી નીચેની (કેટેગરી)માં પણ લાગુ પડે છે.

  * પ્રદર્શનો
  * રમતગમતને લગતી પ્રવૃત્તિઓ
  * મનોરંજન પાર્ક
  * આર્કેડ્સ
  * સેલિબ્રીટી સ્ટેજ શો
  * થિયેટર શો
  * વીડિઓ ગેમ્સ

  બ્રિટિશ સરકારે જાહેર શાસકોને રોકવા માટે ભારત પર શાસન કર્યું ત્યારે મનોરંજન કરની શરૂઆત કરવામાં આવી હતી. જોકે આઝાદી પછીના યુગમાં પણ કર વસુલવાનું ચાલુ રહ્યું હતું અને તે હજી પણ દેશના તમામ રાજ્યોમાં અસ્તિત્વમાં છે.

## 12.7 સુગઠિત કરવેરાના સિદ્ધાંતો:

સુગઠિત કરવેરાના સિદ્ધાંતો એટલે કે એવી લાક્ષણિકતાઓ અથવા ગુણો જે એક સારી કર વ્યવસ્થામાં હોવા જોઈએ. વાસ્તવમાં કરવેરાના સિદ્ધાંતો કર ના વહીવટી ભાગથી સંબંધિત છે. 1776 માં એડમ સ્મિથે સૌપ્રથમ કરવેરાના સિદ્ધાંતોની રચના કરી. જો કે એકવીસમી સદીમાં પણ આધુનિક સરકાર કર લાદવા અને એકત્રિત કરતી વખતે સ્મિથના સિદ્ધાંતોને લાગુ કરે છે. આ સંદર્ભે પ્રશિષ્ઠ કરવેરાના સિદ્ધાંતો નીચે આપ્યા છે.

1) **સમાનતાનો સિદ્ધાંત**: સમાનતાનો સિદ્ધાંત જણાવે છે કે કરવેરાનો બોજો સમાનરૂપે વિતરિત કરવો અથવા કરભરનાર વ્યક્તિઓ વચ્ચે સમાન રૂપે વહેચવું આવશ્યક છે. જો કે, આ પ્રકારની સમાનતા ન્યાયને છીનવી લે છે. કારણ કે તમામ કરદાતાઓમાં કર ચૂકવવાની સમાન ક્ષમતા નથી. શ્રીમંત લોકો ગરીબ લોકો કરતા વધારે કર ચૂકવવા સક્ષમ છે. આમ, ન્યાયની માંગણી કરે છે કે ચૂકવણી કરવાની ક્ષમતા ધરાવતા વ્યક્તિએ મોટો કર ચૂકવવો જોઈએ. જો દરેકને તેની ક્ષમતા અનુસાર કર ચૂકવવાનું કહેવામાં આવે તો બધા કર દાતાઓનો ત્યાગ સમાન બને છે. આ સમાનતાના સિદ્ધાંતનો સાર છે. ત્યાગમાં સમાનતા સ્થાપિત કરવા માટે, દરેક વ્યક્તિને તેની કર ચૂકવણી કરવાની ક્ષમતા અનુસાર કર લાદવામાં આવે છે.
2) **નિશ્ચિતતાનો સિદ્ધાંત**: જે વ્યક્તિએ જે કર ચૂકવવો હોય તે ચોક્કસ હોવો જોઈએ, મનસ્વી નહીં. એડમ સ્મિથના જણાવ્યા મુજબ, ચૂકવણીનો સમય, ચૂકવણીની રીત, ચૂકવણી કરવાની માત્રા, એટલે કે, કર જવાબદારી, બધા ફાળો આપનાર અને દરેક માટે સ્પષ્ટ હોવું જોઈએ. આમ, નિશ્ચિતતાનો સિદ્ધાંત ઘણી બધી બાબતોને ભેટે છે. તે કરદાતા માટે અને કર વસૂલતા સત્તા અધિકારીઓ માટે પણ ચોક્કસ હોવું જોઈએ. કરદાતાઓને ખબર હોવી જોઇએ નહીં કે ક્યારે, ક્યાં અને કેટલો વેરો ભરવાનો છે. બીજા શબ્દો માં, જવાબદારીની નિશ્ચિતતા પહેલેથી ખબર હોવી જોઈએ. એ જ રીતે, મહેસૂલ કે જે સરકાર આપેલાં સમયગાળા દરમિયાન એકત્રિત કરવાની છે, ત્યાં પણ નિશ્ચિતતા હોવી આવશ્યક છે.

3) **કરકસરનો સિદ્ધાંત**: આ સિદ્ધાંત સૂચવે છે કે કર વસૂલવાનો ખર્ચ ઓછામાં ઓછો હોવો જોઈએ. કોઈપણ કર કે જેમાં ઊંચા વહીવટી ખર્ચ અને અસામાન્ય વિલંબનો સમાવેશ થાય છે. તે કરની આકારણી અને કરના ઉચ્ચ સંગ્રહને સંપૂર્ણપણે ટાળવું જોઈએ.
4) **સગવડતાનો સિદ્ધાંત**: કર એવી રીતે વસૂલવો અને એકત્રિત કરવો જોઈએ કે જે માત્ર કરદાતા જ નહીં, પણ સરકારને પણ સગવડ પૂરી પાડે. આમ, તે પીડારહિત અને મુશ્કેલી મુક્ત તથ વ્યવહારુ હોવું જોઈએ. એ.સ્મિથ ભાર મુકે છે. "દરેક કર ભરનાર વ્યક્તિ માટે જયારે કર ભરવાનું અનુકૂળ હોય ત્યારે કર વસૂલવો જોઈએ."
   આધુનિક અર્થશાસ્ત્રીઓએ કરવેરાના સિદ્ધાંતો ઉમેર્યા છે.
5) **ઉત્પાદકતાનો સિદ્ધાંત**: જાહેરવિત કે નાણાંના ક્ષેત્રના જાણીતા શાસ્ત્રીય અર્થશાસ્ત્રી ચાર્લ્સ એફ બેસ્ટેબલ પ્રમાણે, "કર ઉત્પાદકીય અથવા ખર્ચ અસરકારક હોવાં જોઈએ." આ સૂચવે છે કે કોઈપણ કરમાંથી થતી આવક એક કદની હોવી આવશ્યક છે. આગળ, આ સિદ્ધાંતમાં જણાવ્યું છે કે ફક્ત તે જ કર લાદવા જોઈએ કે જે સમુદાયના ઉત્પાદક પ્રયત્નો ઉપર અવરોધ ન કરે. એક કર ત્યારે જ ઉત્પાદક હોવાનું કહેવામાં આવે છે જ્યારે તે ઉત્પાદન માટે પ્રોત્સાહક તરીકે કાર્ય કરે છે.
6) **સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત**: આધુનિક અર્થશાસ્ત્રીઓ સ્થિતિસ્થાપકતાના સિદ્ધાંતને ખૂબ મહત્વ આપે છે. આ સિદ્ધાંત સૂચવે છે કે કર ઉપજમાં સાપેક્ષતા અથવા સ્થિતિસ્થાપકતા હોવી જોઈએ. તે એવી રીતે લગાવવો જોઈએ કે જે વેરાનો દર પરિસ્થિતિ પ્રમાણે બદલી શકાય. જ્યારે સરકાર ને વધારે નાણાંની જરૂરિયાત હોય ત્યારે હાનિકારક પરિણામો પેદા કર્યા વિના, શક્ય હોય તેટલી આવક કર દરના વધારાથી મેળવી શકાય. આવકવેરા આ સિદ્ધાંતને અનુસરે છે.
7) **સરળતાનો સિદ્ધાંત**: દરેક કર લોકો માટે સરળ અને સુગમ હોવો આવશ્યક છે જેથી કરદાતા
   કર સલાહકારોની મદદ લીધા વિના તેની ગણતરી કરવામાં સક્ષમ હોય. જો કર વ્યવસ્થા હોય તો તે કર દાતાઓને કર ચોરી માટે

પ્રોત્સાહિત કરે છે. એક જટિલ કર પધ્ધતિ કે માળખું એ અર્થમાં ખર્ચાળ છે કે, સૌથી પ્રમાણિક અને શિક્ષિત કરદાતાઓએ પણ કર સલાહકારોની સલાહ લેવી પડે છે. આખરે, આવી કર પ્રણાલીથી સમાજમાં ભ્રષ્ટાચારના સંવર્ધનની સાંભાવના હોય છે.

8) **વિવિધતાનો સિદ્ધાંત**: કરવેરા ગતિશીલ હોવાં જોઈએ. આનો અર્થ એ છે કે દેશની કરની

રચના ગતિશીલ હોવી જોઈએ અથવા વૈવિધ્યસભર હોવી જોઈએ. જો વૈવિધ્યસભર હોવાને બદલે એક અથવા બે કર હોય તો કોઈ ચોક્કસ ક્ષેત્ર પર કરનો બોજો આવશે. કર માળખામાં વસ્તીના મોટાભાગના ક્ષેત્રોમાં જોડાવવાની માંગ કરશે. જો એક જ કર વ્યવસ્થા શરૂ કરવામાં આવે તો ફક્ત કોઈ ચોક્કસ ક્ષેત્રને જ ચૂકવણી કરવાનું કહેવામાં આવશે. રાષ્ટ્રીય તિજોરી મોટી સંખ્યામાં વસ્તીને સામેલ કરવામાં આવશે નહીં. સ્વાભાવિક છે કે, આવી કર પ્રણાલીમાં ચોક્કસ કરદાતાઓ પર કરવેરાનો વધારે બોજો રહેશે. આમ ગતિશીલ અથવા વૈવિધ્યસભર કર માળખાના પરિણામે કરના ભારની ફાળવણી કરતાં ઓછા દરનાં પરિણામે, વિશાળ વસ્તીમાં કરવામાં આવશે.

- **સ્વાધ્યાય:**

**સૈદ્ધાંતિક પ્રશ્નો**

1. કરવેરાનો ખ્યાલ સમજાવી તેના લક્ષણો વર્ણવો.
2. કરવેરા એટલે શું? કરવેરાનું વર્ગીકરણ લખો.
3. પ્રત્યક્ષ કરવેરા એટલે શું? પ્રત્યક્ષ કરવેરાના ગુણ દોષોની ચર્ચા કરો.
4. પરોક્ષ કરવેરા એટલે શું? પરોક્ષ કરવેરાના લાભ અને ગેરલાભ જણાવો.
5. કરાઘાત અને કરસંપાત આધારે કરવેરા ના પ્રકારો જણાવો.
6. પ્રગતિશીલ કરવેરા, પ્રમાણસર કરવેરા અને હિરયમાન કરવેરા વિષે નોંધ લખો.
7. ભારતીય કર માળખા વિશે નોંધ લખો.
8. કેન્દ્ર સરકાર ના કરવેરા ક્યા ક્યા છે તે વિશે જણાવો.

9. રાજ્ય સરકાર અને સ્થાનિક સરકારના કરવેરા ક્યા ક્યા છે તે વિશે લખો.
10. સુગઠિત કરવેરાના સિદ્ધાંતો વિશે લખો.

**ટૂંકા પ્રશ્નો:**

1. કરવેરા એટલે શું? કરવેરાના લક્ષણો ક્યા ક્યા છે.
2. કરાઘાત અને કરસંપાત એટલે શું? કરાઘાત અને કરસંપાત ના આધારે કરવેરાના કેટલાં પ્રકારો છે તે જણાવો.
3. પ્રત્યક્ષ કરવેરા એટલે શું? ઉદાહરણ સહિત સમજાવો.
4. પ્રત્યક્ષ કરવેરાના ગુણ જણાવો.
5. પ્રત્યક્ષ કરવેરાના દોષો જણાવો.
6. પરોક્ષ કરવેરા એટલે શું? ઉદાહરણ સહિત સમજાવો.
7. પરોક્ષ કરવેરાના ગુણ જણાવો.
8. પરોક્ષ કરવેરાના દોષો જણાવો.
9. કર દરના આધારે કરવેરાના કેટલાં પ્રકારો છે? તે જણાવો.
10. પ્રગતિશીલ કરવેરા એટલે શું? આકૃતિ સહિત સમજવો.
11. પ્રગતિશીલ કરવેરાના ગુણ દોષો જણાવો.

**બહુવૈકલ્પિક પ્રશ્નો:**

1) જાહેર આવકના નીચેનામાંથી ક્યા સ્ત્રોતો છે?
   (અ) બિન કર આવક સ્ત્રોતો અને કર આવક સ્ત્રોતો
   (બ) બિન કર આવક સ્ત્રોતો
   (ક) કર આવક સ્ત્રોતો
   (ડ) ઉપરમાંથી એક પણ નહિ.
2) કરવેરા એ _______ ચૂકવણી છે.
   (અ) ફરજિયાત
   (બ) મરજિયાત
   (ક) બંને
   (ડ) ઉપરમાંથી એક પણ નહિ.
3) નીચેનામાંથી કયું લક્ષણ કરવેરામાં નથી.
   (અ) મરજિયાત ચુકવણી
   (બ) પ્રમાણસર અને પ્રત્યક્ષ લાભનો અભાવ

(ક) ચોક્કસ ઉદેશનો અભાવ

(ડ) દંડની રકમ

4) જે વ્યક્તિ ઉપર કર નાખવામાં આવે છે, તેના દ્વારા જ કરની ચૂકવણી થાય છે. તેને_______કહેવાય છે.

(અ) કરસંપાત

(બ) કરાઘાત

(ક) દેવું

(ડ) દાન

5) કરવેરાના બોજાના સ્થાનાંતરની પ્રક્રિયાને ______ તરીકે ઓળખવામાં આવે છે.

(અ) હસ્તાનાંતરણ

(બ) કર વિવર્તન

(ક) પ્રક્રિયા

(ડ) બોજો

6) જે વ્યક્તિ ઉપર કરવેરાનો અંતિમ બોજો પડે છે. એટલે કે તે વ્યક્તિ કર નો બોજો બીજાં વ્યક્તિ ઉપર ખસેડી શકતો નથી. તેને _____કહેવાય છે.

(અ) કર વિવર્તન

(બ) કરાઘાત

(ક) કરસંપાત

(ડ) અંતિમ બોજો

7) _____ કરાઘાત અને કરસંપાત બંને એક જ વ્યક્તિ પર પડે છે.

(અ) પ્રત્યક્ષ કરવેરામાં

(બ) પરોક્ષ કરવેરામાં

(ક) (અ) અને (બ)

(ડ) ઉપરમાંથી એક પણ નહિ.

8) પ્રત્યક્ષ કરવેરામાં નીચેનામાંથી કયો ગુણ જોવા મળતો નથી.

(અ) સમાનતા અને ન્યાય

(બ) પરિવર્તનશીલ

(ક) નિશ્ચિતતા

(ડ) વ્યાપક

9) ________કરાઘાત અને કરસંપાત અલગ-અલગ વ્યક્તિ પર પડે છે.

(અ) પરોક્ષ વેરામાં

(બ) પ્રત્યક્ષ કરવેરામાં

(ક) બંનેમાં

(ડ) એકેયમાં નહિ.

10)

| અનુસૂચિ | | |
|---|---|---|
| આવકની સપાટી | કરવેરાનો દર | કરની રકમ |
| ₹ 10,000 | 10% | ₹ 1,000 |
| ₹ 20,000 | 15% | ₹ 3,000 |
| ₹ 30,000 | 20% | ₹ 7,500 |
| ₹ 40,000 | 25% | ₹ 10,000 |

ઉપરની અનુસૂચિ કયા કરવેરાને દર્શાવે છે.

(અ) પ્રમાણસર કરવેરા

(બ) પ્રગતિશીલ કરવેરા

(ક) હિરયમાન કરવેરા

(ડ) ગતિશીલ કરવેરા

11) આવકના વધારાની સાથે તેની ઉપર વસૂલ કરવામાં આવતા કરવેરાના દરમાં ઘટાડો થતો હોય તો તેને______કરવેરા કહેવાય છે.

(અ) પ્રગતિશીલ કરવેરા

(બ) પ્રમાણસર કરવેરા

(ક) હિરયમાન કરવેરા

(ડ) સામાન્ય કરવેરા

12) નીચેનામાંથી કયા કરવેરાનો સમાવેશ પ્રત્યક્ષ કરવેરામાં થતો નથી?

(અ) આવક વેરો

(બ) સંપત્તિ વેરો

(ક) કોર્પોરેશન વેરો

(ડ) જી.એસ.ટી

13) નીચેનામાંથી કયા કરવેરાનો સમાવેશ પરોક્ષ કરવેરામાં થતો નથી?

(અ) જી.એસ.ટી

(બ) મૂલ્ય વર્ધિત કર

(ક) આવક વેરો

(ડ) સેવા કર

14) ભારતમાં_______ગુડ્સ એન્ડ સર્વિસિસ એક્ટ (જીએસટી) લાગુ કરવામાં આવ્યો.

(અ) 1 જુલાઈ 2017

(બ) 20 જુલાઈ 2017

(ક) 1 જુલાઈ 2016

(ડ) 20 જુલાઈ 2016

15)CGST _________ દ્વારા વસૂલવામાં આવે છે.

(અ) કેન્દ્ર સરકાર

(બ) રાજ્ય સરકાર

(ક) બંને દ્વારા

(ડ) ઉપરમાંથી એક પણ નહિ

જવાબો:

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | અ | 6 | ક | 11 | ક |
| 2 | ડ | 7 | અ | 12 | ડ |
| 3 | અ | 8 | ડ | 13 | ક |
| 4 | બ | 9 | અ | 14 | અ |
| 5 | બ | 10 | બ | 15 | અ |

# એકમ : 13 ઔદ્યોગિક મજૂર અને નબળાઈ

## : રૂપરેખા :


1 ઔદ્યોગિક મજૂર અને બજાર

1.1 બજારનો અર્થ

1.2 શ્રમ અને શ્રમિક

1.3 શ્રમના લક્ષણો

2 ઔદ્યોગિકમજૂરનેની લાક્ષણિકતા

3 ઔદ્યોગિકમજૂરન્ની ઉત્પાદકતા અને ગેરહાજરી

3.1 શ્રમની ઉત્પાદકતાને અસર કરતા પરિબળો

3.2 શ્રમની ઉત્પાદકતાનું મહત્ત્વ

4 ઔદ્યોગિકમજૂરન્ની ગેરહાજરી

5 ઔદ્યોગિક નબળાઈ / માંદગી

5.1 ઔદ્યોગિક માંદગીના બાહ્ય અને આંતરિક કારણો

6 ઔદ્યોગિક માંદગીને નિયંત્રણમાં લેવાના પગલાં

6.1 IFBI(ઈન્ડસ્ટ્રિઅલ ઈન્વેસ્ટમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા)

6.2 BIFR(ઔદ્યોગિક નાણાંકીય પુનઃનિર્માણ બોર્ડ)

6.3 SICA(માંદા ઔદ્યોગિક એકમ અધિનિયમ)

6.4 સરકારની નીતિ

7 મજૂરકાયદો / મજૂરધારો

8 IBC Code

8.1 ઉદ્દેશો

8.2 સિસ્ટમ

8.3 IBCના ધારા


**ઔદ્યોગિક મજૂરઅને નબળાઈ**

## (1) ઔદ્યોગિકમજૂરઅને બજાર.

**પ્રસ્તાવના :-**

"જયારે કોઈ વ્યકિત કોઈની દેખરેખ હેઠળ નાણાકીય વળતરની અપેક્ષાએ માનસિક કે શારિરિક પ્રવૃત્તિ કરે ત્યારે તેને અર્થશાસ્ત્રમાં 'શ્રમ' તરીકે " ઓળખે છે.આર્થિક પ્રવૃત્તિ અનિવાર્ય પણે ઉત્પાદકીય છે. શ્રમનો ઉપયોગ રોજગારી ઊભી કરે છે, તથા જે કામ કરનારને વત્તા – ઓછા પ્રમાણમાં ખરીદ શક્તિ આપે છે. દેશની જન સંખ્યા શ્રમનો પુરવઠો પૂરો પાડે છે. આમ આર્થિક પ્રવૃત્તિ માટે શ્રમની માંગ થતી હોય છે. પરિણામે શ્રમબજાર અને સાધન- બજાર અસ્તિત્વમાં આવે છે.

**1.1 બજારનો અર્થ :-**

બેન્હામના મત મુજબ બજાર એટલે એવી વ્યવસ્થા કે જયાં ખરીદનારા અને વેચનારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એક બીજાના ગાઢ સંપર્કમાં આવે છે. જેને પરિણામે બજારના એક ભાગમાં પ્રર્વતતા ભાવની અસર તેના બીજા ભાગમાં પ્રર્વતતા ભાવ પર પણ પડે છે.

- ખરીદનારા અને વેચનારાનું અસ્તિત્વ
- તેમની વચ્ચે ગાઢ સંપર્ક
- બજાર પરિસ્થિતિનું સંપણ જ્ઞાન
- વસ્તુ-સાધનોના ખરીદ-વેચાણની પ્રક્રિયા
- સમાનગણી વસ્તુ અથવા સાધન જેને પરિણામે ભાવ સરખાનું વલણ

**1.2 શ્રમ અને શ્રમિકઃ-**

શ્રમ એ ઉત્પાદનનું જીંવત સાધન હોવાથી તેનું બજાર અન્ય બજારો કરતાં અલગ વિશિષ્ટતા ધરાવે છે.

શ્રમ એ અર્થતંત્રમાં માો અને સેવાઓ ઉત્પન્ન કરવા માટે વપરાયેલા શારીરિક માનસિક અને સામાજિક પ્રયત્નોની માત્રા છે. તે કાચા માલને તૈયાર ઉત્પાદનો અને સેવાઓમાં ફેરવવા અથવા રૂપાંતરિત કરવા માટે જરૂરી કુશળતા માનવશક્તિ અને સેવા પૂરી પાડે છે. તેના બદલામાં શ્રમિક પોતાના શ્રમ આપીને વેતન મેળવે છે. જે શ્રમિક પાસે યોગ્ય કુશળતા કે ક્ષમતા નથી. તેઓને આજિવિકા પૂરી પાડવા પણ વેતન મળતુ નથી.

**ઉત્પાદનના સાધનો :**

**ઉત્પાદનના ચાર સાધનો છે જમીન, મૂડી, શ્રમ અને નિયોજક**

જમીન તે કુદરતી સંસાધન છે તથા તે અર્થતંત્રમાં કાચોમાલ પૂરો પાડે છે.

મૂડી તે મૂડીગત વસ્તુઓનું સંક્ષેપ છે જેમ કે મશીનરી ઉપકરણો અને રસાયણો જે ઉત્પાદનમાં ઉપયોગ થાય સાહસિકતા : સનિયોજક સાહસ ખેડે છે. તે નવીનીકરણ લાવે તથા ઉત્પાદનના સાધનોનો ઉપયોગ કરી નફો મેળવે છે જેનાથી અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિનું પ્રમાણ વધે છે.

શ્રમ તે ઉત્પાદનનું મહત્ત્વનું સાધન છે જે ઉત્પાદન પ્રક્રિયામાં પોતાનો શ્રમ આપીને બદલામાં વેતન મેળવે છે. દા.ત. ફેકટરીમાં કામ કરતા કામદારો, ડૉકટરની સેવા, ઍડવોકેટ અને શિક્ષકો વગેરેની શારીરિક અને માનસિક ક્ષમતા મુજબ વેતન પ્રાપ્ત થાય છે.

**શ્રમની વિભાવના :**

- ઉત્પાદનની પ્રક્રિયામાં શ્રમિક તે મૂળભૂત અને સક્રિય પરિબળ છે.
- શ્રમ ઉત્પાદનની જીવંત સાધન છે. શ્રમને શ્રમિક થી અલગ કરી શકાતું નથી. તે મજૂરથી અવિભાજય છે.

- શ્રમનો પૂરવઠો ટૂંકાગાળામાં વધારી શકાતો નથી.

**શ્રમની વ્યાખ્યા :**

- પ્રો. જેવન્સના જણાવ્યા મુજબ મજૂરએ મન અથવા શરીરની કોઈ મહેનત છે જે સીધા કામથી મેળવેલાં આનંદ સિવાય કેટલાક સારા માટેના દષ્ટિકોણથી અથવા સંપૂર્ણ રીતે હાથ ધરવામાં આવે છે.
- એસ. વ. થોમસ મુજબ મજૂરશરીર અથવા મનના તમામ માનવ પ્રયત્નોને સૂચવે છે. જે ઈનામની અપેક્ષામાં કરવામાં આવે છે.
- પ્રો. વોગ મુજબ આપણે મજૂરને નિર્માણમાં અથવા નિર્માણ કાર્યની પ્રક્રિયામાં માનવ પ્રયત્નો તરીકે વ્યાખ્યાયિત કરીએ છે.

**શ્રમ બજાર :**

તે શબ્દ તેનો ઉપયોગ અર્થશાસ્ત્રી બધા જુદા જુદા બજારો જે મજૂર માટેના છે તે અર્થ ઉપયોગ કરે છે. વિવિધ પ્રકારના બજારો શ્રમ માટે ઉપલબ્ધ છે. શ્રમિક તેમના કામના પ્રકારના આધારે અલગ દેખાય આવે છે. દા.ત. અનુભવના આધારે કુશળતા મુજબ ભૌગોલિક સ્થાન મુજબ વગેરે શ્રમ બજાર ઉત્પલબ્ધ છે. બજારના પ્રકારમાં જોવા મળતા મુખ્ય બજારો જેવાં કે શુધ્ધ હરીફાઈ જેમાં અનેક ખરીદનાર અને વેચનાર છે. ઈજારાયુકત હરીફાઈવાળું બજાર, ઈજારો અને અલ્પહસ્તક બજાર વગેરે બજારો છે.

- શ્રમની પ્રત્યક્ષ અને પરોક્ષ હાજરીની વાત કરીએ તો શ્રમની પ્રત્યક્ષ હાજરી તે જે ઉત્પાદન પ્રક્રિયા અથવા વસ્તુના ઉત્પાદનમાં પ્રત્યક્ષ અથવા સીધી રીતે સંકળાયેલ હોય છે.
- જયારે પરોક્ષ મજૂર તે વસ્તુના ઉત્પાદન સાથે સીધો સંબંધ ધરાવતો નથી. દા.ત. એકવાર વસ્તુનું ઉત્પાદન પૂર્ણ થઈ જાય પછી સેલ્સમેન તે વસ્તુના વેચાણ કાર્ય આગળ વધારે છે. આમ અહીં સેલ્સમેન ઉત્પાદન પ્રક્રિયામાં સામેલ નથી તેથી તેને પરોક્ષ મજૂરમાનવામાં આવે છે.

### 1.3 શ્રમના લક્ષણો :-

- ➢ શ્રમ ઉત્પાદનનું જીવંત સાધન હોવાથી શ્રમને શ્રમિકથી જુદો પાડી શકાતો નથી. શ્રમિકે શ્રમ કરવા માટે જાતે જ જવું પડે છે. આવું ભૂમિ કે મૂડીના માલિકના સંદર્ભમાં બનતું નથી.
- ➢ શ્રમનો સંગ્રહ કરી શકાતો નથી. એટલે કે શ્રમિક કામ કરતો નથી તે દિવસનો શ્રમ નાશ પામે છે. તેથી તે ફરી પ્રાપ્ત થતો નથી.
- ➢ શ્રમના પુરવઠામાં ટૂંકાગાળામાં વધારો થતો નથી.

**ઔદ્યોગિક મજૂર અને નબળાઈ**

- ➢ શ્રમની ગતિશીલતા એકંદરે ઓછી છે. જેનું કારણ ભાષા, રૂઢિઓ, આબોહવા, ધાર્મિક, આર્થિક અને રાજકીય સ્થિતિમાં રહેલી ભિન્નતા છે. મૂડીની સરખામણીમાં શ્રમની ગતિશીલતા ઓછી છે.
- ➢ શ્રમ એ એક તરફ ઉત્પાદનનું સાધન છે તો બીજી તરફ ઉત્પાદનનો કે ઉત્પાદિત વસ્તુઓનો ઉપભોકતા પણ છે.
- ➢ શ્રમના દરેક એકમમાં સરખાપણું હોતી નથી. એટલે કે શ્રમિકોની કાર્યક્ષમતા ભિન્ન-ભિન્ન હોય છે.

**ઔદ્યોગિકમજૂર :-**

તે બધા કામદારોને નિર્દેશ કરે છે જે મેન્યુફેકચરિંગ યુનિટમાં નોકરી કરે છે. એટલે કે મોટા પાયે, ગામડાં અને નાના ઉદ્યોગમાં કાર્યરત છે. આમ આવા કામદારોને સામાન્ય અર્થ માં ઔદ્યોગિકમજૂરકહે છે.

**(2) ભારતમાં ઔદ્યોગિક મજૂરની લાક્ષણિકતાઓ :-**

**1. નિરક્ષરતા :-**

ભારતમાં મોટા ભાગેઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગાર અર્થ જોડાયેલ મજૂરવર્ગ નિરક્ષર છે તેથી તે અર્થતંત્ર, ઉધોગ અથવા પોતાની સમસ્યાઓ પૃરત્વે સભાને હોતા નથી.

**2. શિસ્તનો અભાવ :-**

ભારતીય ઔદ્યોગિક મજૂરમાં શિસ્તનો અભાવ હોય છે. કોઈ કારણ વગર ગેરહાજર રહેવું એક કામથી બીજી નોકરીમાં જવું વગેરે ખૂબ સામાન્ય બાબત છે.

**3. સ્થળાંતર :-**

ઔદ્યોગિકમજૂરજલ્દી સ્થળાંતર કરે છે. તેનું કારણ ઉધોગોમાં મોટા ભાગના મજૂરો ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલાં હોય છે. અને કૃષિ મોસમમાં કામ વધતાં તે પાછાં પોતાના ગ્રામ્ય વિસ્તારે પરત કરે છે.

**4. સંગઠનનો અભાવ :-**

ઔદ્યોગિકમજૂરનેમાં એકતાનો અભાવ હોય છે. તેઓ ભાષા ક્ષેત્ર જાતિ વગેરેના આધારે વિવિધ ભાગો અને પેટા ભાગોમાં વિભાજીત થઈ જાય છે. જેથી ટ્રેડ યુનિયનને બધાનાં લોકો દ્વારા નિયંત્રણ વધે છે.

**5. ઓછી કાર્યક્ષમતા :-**

ઔદ્યોગિક શ્રમની કાર્યક્ષમતા ખૂબ ઓછી છે. તેમની ઉત્પાદકતા પણ ખૂબજ ઓછી છે શિક્ષણનો અભાવ, તાલીમ સંશોધન, તબીબી સુવિધાઓ વગેરે ઓછી ઉત્પાદતાના કારણો છે.

**6. ગરીબી :-**

ભારતમાં ઔદ્યોગિકમજૂરને નબળાં છે. તેમનો પગાર જીવન-ધોરણ અને ઉત્પાદકતા ખૂબ ઓછી છે. ગરીબીને કારણે તેઓ તેમના કામમાં રુચિ પેદા કરવામાં અસમર્થ છે.

**7. અંધશ્રધ્ધા :-**

ભારતમાં મોટા ભાગના ઔદ્યોગિક શ્રમ અંધશ્રધ્ધા અને પરંપરા મુજબ બંધાયેલાં છે. તેઓનો અતાર્કિક દૃષ્ટિકોણ હોય છે.

**8. મોટા પ્રમાણમાં ગેરહાજરી :-**

ઔદ્યોગિકમજૂરન્નું બીજુ મહત્વનું લક્ષણ છે તેઅ કોઈપણ કારણ વિના ગેરહાજર રહે છે.

**9. ભૂમિકાઓ અને નિયમોની અવગણના :-**

ઘણા પ્રમાણમાં ઔદ્યોગિકમજૂરને નીતિ – નિયમોથી અજાણ હોય છે.

**10. ખરાબ ટેવો :-**

ભારતમાં ઔદ્યોગિકમજૂરને ખરાબ ટેવોના વ્યસની છે તેઓ અનિચ્છનીય વ્યવહારમાં સામેલ છે પરિણામે તેમની કાર્યક્ષમતા અને માનસિક શિસ્ત પર ખરાબ અસર થાય છે.

## 3. ઔદ્યોગિકમજૂરન્ની ઉત્પાદકતા અને ગેરહાજરી :-

ઔદ્યોગિક ઉત્પાદકતાના આધારે દેશની ઉત્પાદકતાનો ખ્યાલ મળે છે. શ્રમની ઉત્પાદકતામાં ઘટાડો એ રાષ્ટ્રની ઉત્પાદકતામાં ઘટાળો લાવે છે.

**શ્રમની ઉત્પાદકતાનો અર્થ :-**

જયારે કુલ ઉત્પાદનને શ્રમિકોની સંખ્યા વડે ભાગવામાં આવે ત્યારે શ્રમની ઉત્પાદકતા મળે છે. શ્રમની ઉત્પાકતા એ શ્રમનું એકમદીઠ ઉત્પાદન છે.

$$\text{શ્રમની ઉત્પાદકતા} = \frac{\text{કુલ ઉત્પાદન}}{\text{શ્રમિકોની સંખ્યા}}$$

શ્રમની ઉત્પાદકતાનો સંબંધ શ્રમિકોની કાર્યક્ષમ ઉપયોગ, તેમની કુશળતામાં વધારો કરવો, તેમને તાલીમ આપવી, શ્રમિકોની બુદ્ધિક્ષમતા, તેમની શારીરિક સ્વસ્થતા વગેરે બાબતો સાથે પણ છે.

### 3.1 શ્રમની ઉત્પાદકતાને અસર કરતા પરિબળો :-

1. **કામના કલાકો :-**

ઉત્પાદન અને કામના કલાકોનો ગુણોત્તર એ શ્રમની ઉત્પાદકતા છે. શ્રમની સંખ્યા સ્થિર રહે કામના કલાકો વધારવામાં આવે તો શ્રમની ઉત્પાદકતામાં ઘટાડો થાય તથા કામના કલાકમાં ઘટાડો થતાં શ્રમની ઉત્પાદકતા વધે છે.

2. **કામની પરિસ્થિતિ :-**

મજૂર જે સ્થાને કામ કરે ત્યાંનું વાતાવરણ અને સાવ સાનુંકુળ હશે તો શ્રમની ઉત્પાદકતા વધશે અને પરિસ્થિતિ પ્રતિકૂળ હશે તો ઉત્પાદકતા ઘટશે.

3. **વેતન :-**

વેતનમજૂરનેને કામ પ્રમાણે પર્યાપ્ત અને સમયસર મળવું જોઈએ. સિદ્ધાંત પ્રમાણે મજૂરન્નું વેતન તેની સીમાંત ઉત્પાદકતાના આધારે થાય છે. છતાં શ્રમિકનું વાસ્તવિક વેતન ઉચું હોય તો ઉત્પાદકતામાં વધારો થાય છે.

4. **ઉત્પાદન પદ્ધતિ :-**

મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ અપનાવવાથી શ્રમ બેરોજગાર બને છે. શ્રમ મૂડીના અનુકુળ તાલમેલથી તથા યંત્રોના તાલમેલથી મજૂરની કામ કરવાની અનૂકુળતા તથા ઉત્પાદકતા વધે છે.

5. **ટેકનોલોજી :-**

આધુનિકરણની સાથે નવી ટૅકનોલોજી સરળ સુગમ - તથા મજૂરસાથે બંધ બેસતી હોય તો મજૂરન્ની ઉત્પાદકતા વધે છે. અને અઘરી અને જટિલટૅકનોલોજી ઉત્પાદકતા ઘટાડે છે.

6. **શિક્ષણ અને તાલીમ :-**

આધુનિકીકરણ સાથે ઉત્પાદન તરેહ બદલાય છે, તેથી તાલીમ શિક્ષણની વ્યવસ્થા વધતા, યોગ્ય સમયાંતરે તાલીમ મેળવતા મજૂરનેની ઉત્પાદકતા વધતી હોય છે.

7. **સરકારી યોજનાઓ અને નીતિઓ :-**

સરકારી નીતિ અને યોજનાઓ વેતન, ઉત્પાદકતા વેચાણ કામના કલાક, ભથ્થાઓ શ્રમિકોને સામાજિક સુવિધાઓ સાથે સંબંધિત છે જે મજૂરની ઉત્પાદકતા પર અનુકૂળ અસર કરે છે.

8. **માલિક - શ્રમિક વચ્ચેનો સંબંધ :-**

માલીક - શ્રમિક વચ્ચેના સંબંધોમાં સંઘર્ષ હડતાળને જન્મ આપે છે તેથી તેમની ઉત્પાદકતા પર વિપરીત અસર થાય છે. બન્ને વચ્ચે નિખાલસતા ભર્યા સંબંધો હોય અને ઔદ્યોગિક વાતાવરણ શાંત રહે તો શ્રમની ઉત્પાદકતા વધતી હોય છે.

## 3.2 શ્રમની ઉત્પાદકતાનું મહત્ત્વ:-

ઔદ્યોગિક પ્રગતિ અને જીવન-ધોરણમાં સુધરતા, મજૂરન્ની ઉત્પાદકતામાં વધારો થાય છે. મજૂરન્નીઊંચી ઉત્પાદકતાથી દેશને આંતરિક અને બાહ્ય બંન્ને બજારો મળે છે. કિંમત ઘટવાથી માંગમાં વધારો થશે અને વસ્તુની સ્પર્ધાત્મકતા વધશે. વધારો નફો થવાથી મૂડી રોકાણ વધે છે અને આર્થિક વિકાસને વેગ મળે છે. ઉંચી ઉત્પાદકતાનો અર્થ, મજૂરને

ઊંચા વેતનો જયાં મજૂરનેની ઉત્પાદકતા વધારે હોય છે ત્યાં વેતનો પણ ઉંચા જાય છે. તથા પરિણામ સ્વરૂપ કામના કલાકો ઘટી જાય છે. તથા કામની પરિસ્થિતિમાં સુધાર આવે છે.

**(4) ઔદ્યોગિકમજૂરનેની ગેરહાજરી :-**

ઔદ્યોગિક ક્ષેત્રમાં મજૂરનેની ગેરહાજરી ઘણાં કારણોથી હોય છે. સામાન્ય રીતે માંદગી, અકસ્માત કે સામાજિક ધાર્મિક પ્રસંગ એ મુખ્ય કારણ છે. ઔદ્યોગિકમજૂરની ગેરહાજરી એ સામાન્ય બાબત લાગવાની સાથે તેનું આર્થિક પરિણામ મોટું આવે છે. તમામ ઔદ્યોગિક ગેરહાજરીને કારણે ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

➢ **શ્રમની ગેરહાજરીનો અર્થ :-**

ફનેમોન અનુસાર ‘‘શ્રમિકની કામ પર જરૂરિયાત હોવા છતાં તે ત્યાં હાજર નહિ હોય ત્યારે તેને શ્રમની ગેરહાજરી કહવામાં આવે છે.’’ જે ‘‘શ્રમિકની હાજરી ઈચ્છિત હોય છતાં શ્રમિક પોતાના મનથી કાર્યના દિવસે કામચલાઉ રીતે પોતાનું કાર્ય બંધ કરે છે.’’

$$\text{શ્રમની ગેરહાજરીનો દર} = \frac{\text{વાસ્તવિક હાજરી}}{\text{અપેક્ષિત હાજરી}} \times 100$$

**મજૂરની ગેરહાજરીના કારણો :-**

➢ મુખ્યરીતે બીમારી માંદગીને લીધે થતી ગેરહાજરી.

➢ કામના કલાક અમર્યાદિત હોય તો મજૂરગેરહાજર રહેવા માટેના માનસિક વલણનું સર્જન થાય છે.

➢ દુર્ઘટના કે અકસ્માત.

➢ મજૂરન્ને સોંપવામાં આવેલા કામમાં જોખમ કે અકસ્માત થવાની સંભાવના હોય ત્યારે.

➢ સામાજીક – ધાર્મિક પ્રસંગો.

➢ વાહન વ્યવહારની સુવિધાનો અભાવ.

➢ પગારની અનિયમિતતા, રાત્રિ પાળીઓમાં ગેરહાજરી વધે છે.

➢ કાયમી તથા હંગામી પ્રકારની નોકરીને લીધે.

➢ મજૂરન્ના રહેઠાણના સ્થાનમાં આવાસની સુવિધા અગવડ ભરી હોય ત્યારે.

➢ રજાના નિયમોનું ઉદ્યોગો દ્વારા યોગ્ય પાલન ન થતાં ગેરહાજરી વધે છે.

**5. ઔદ્યોગિક નબળાઈ / માંદગી :-**

1985 બીમાર / માંદા ઔદ્યોગિક એકમ ધારો (વિશેષ જોગવાઈ) અનુસાર, એવા એકમને માંદા એકમ તરીકે ગણવામાં આવે છે જેને ઓછામાં ઓછા સાત વર્ષ વર્તમાન અને પાછલા વર્ષમાં રોકડ અને સંપત્તિનું નુકશાન થયું હોય. અથવા 50% કરતા વધારે કુલ સંપત્તિ નુકસાન થયું હોય. 1991 માં જાહેર ક્ષેત્રના એકમોને પણ આવરી લેવામાં આવ્યાં. જેમાં સમયાંતરે સુધારા-વધારા કરવામાં આવેલાં છે.

**5. 1 ઔદ્યોગિક નબળાઈ કે માંદગીના કારણો :-**

➢ **બાહ્ય કારણો :-**

**1. વીજ કાપ :-**

વીજળીની માંગ તેના ઉત્પાદન કરતાં વધારે છે. વીજ કાપ શહેરો, નગરો તથા ગ્રામ્ય વિસ્તારમાં સામાન્ય રીતે થાય છે. પરંતુ ઉત્પાદનના સમયે વારંવાર વીજ કાપ થવાથી ઉત્પાદન થતું નથી ખોટ ઊભી થાય છે.

**2. અનિયમિત પ્રાપ્તિ ઈનપૂટસમા :-**

કાચા માલની પ્રાપ્તિમાં અનિયમિતતા મહત્વનું કારણ છે. તથા દેશોમાં આયાત કરેલાં સાધનો સમયાંતરે ન પહોંચે તો પણ તે ઉત્પાદનની કામગીરીનો અસર કરે છે.

**3. માંગનો અભાવ :-**

ઔદ્યોગિક એકમોમાં સામાન્ય રીતે મંદીના સમયમાં પરિસ્થિતિ વધુ વિકટ બને છે. ઔદ્યોગિક માલની માંગ ઘટે છે. જો મંદી લાંબી ચાલે તો ઔદ્યોગિક કામગીરીને અસર કરે છે.

**4. ક્રેડિટની ઉપલબ્ધતાનો અભાવ :-**

ફુગાવાની સ્થિતિમાં રિઝર્વ બેંક એવી નાણાકીય નીતિનું પાલન કરે છે. જેનાથી વ્યાજ દર વધે છે. જેનાથી ક્રેડિટની સપ્લાયમાં ઘટાડો થાય છે. ઉપભોકતા ક્રેડિટ પર વ્યાજ વધતા, લોનની માંગ પર પણ અસર થાય છે.

**5. સરકારની નીતિમાં પરિવર્તન :-**

ઔદ્યોગિક એકમો સરકારની આયાત, નિકાસ, કરવેરા વગેરેની નીતિમાં અણધાર્યા પરિવર્તનથી ખાસ પ્રભાવિત થાય છે.

**આંતરિક કારણો :-**

1. **ખામી યુકત આયોજન :-**

ઔદ્યોગિક એકમનું ખોટું સ્થાન પસંદ કરવું કારણ કે જે સ્થાને સાધનો સરળતાથી ન મળે તથા પરિવહન, મજૂરઅને કાચામાલના ખર્ચ વધારે હોય ત્યાં સામાન્ય

રીતે ઉત્પાદન ખર્ચ વધુ આવે છે. અને એકમ ઓછી સ્પર્ધાત્મક બને છે. તેના માટે અગાઉથી જ વસ્તુની માંગનું વિશ્લેષણ આવશ્યક છે.

2. **ખામીયુક્ત પ્લાન્ટ અને મશીનરી :-**

જો યોગ્ય પ્રોફેશનલ કંપનીમાં કાર્યરત ન હોય તો,સ્થાપિત પ્લાન્ટ અને મશીનરીમાં સમસ્યા પેદા થઈ શકે છે. મશીન તથા પ્લાન્ટના ઓપરેશન તથા કામગીરી વખતે સમસ્યા તથા અયોગ્ય તકનીકી પસંદગી પણ ઓપરેશનલ અક્ષમતાઓ અને નુકસાનનું કારણ બની શકે છે.

3. **નાણાકીય સમસ્યા :-**

ઔદ્યોગિક એકમો જાહેર અથવા ખાનગી રીતે મૂડીની ઈકિવટી વધારવાની વગેરે જેવી નાણાકીય સમસ્યાનો કરે છે. બેંકમાંથી કાર્યકરી નાણું ઊભું કરવું. આમ નાણાંકીય સંસ્થાઓ તથા વ્યક્તિઓ વચ્ચે કેપિટલ ઈકિવટીમાં ફાળો ન વધી શકે તથા યોગ્ય પધ્ધતિ સહાયક ન બનતા એકમનું સંચાલન ટકાવવું મુશ્કેલ બને છે.

4. **મર્યાદિત નિયોજક :-**

ઉદ્યમી અને કુશળ નિયોજક એ એકમનું યોગ્ય સંચાલન, સ્થાપના કરી શકે છે. પરંતુ કુશળતાનો અભાવ ધરાવતા લોકો એકમો સ્થાપે છે, અને અંતે નિષ્ફળ જાય છે.

5. **વ્યવસ્થાપન સમસ્યાઓ :-**

વ્યવસાયમાં સફળતા માટે કુશળ અને કાર્યત્મક નિષ્ણાત વિશેષતા જરૂરી છે. ઔદ્યોગિક એકમમાં વ્યવસાયિક મેનેજર કાર્યરત ન હોય તો એકમ અસમર્થતા અને નુકશાનની તરફ વધે છે.

6. **મજૂરસમસ્યાઓ :-**

એકમનું સંચાલન સંબંધમજૂરસાથે સુમેળભર્યા તથા કુશળ હોવાં જોઈએ. નહિ તો અયોગ્ય સંચાલન એકમમાં અનેક સમસ્યાઓ મજૂરસંબંધીત ઉભી થાય છે. જેનાથી હડતાલ, ઘેરા બંધી, તાળાબંધી, ઔદ્યોગિક વિવાદ અને ઔદ્યોગિક માંદગીનું સ્વરૂપ લે છે.

## 6. ભારતમાં ઔદ્યોગિક બીમારીને નિયંત્રણમાં લેવાના પગલાં :-

ઔદ્યોગિક માંદગી એ ભારતીય અર્થ વ્યવસ્થાની એક સૌથી જટિલ સમસ્યા છે. સરકાર દ્વારા વિવિધ પગલા આ ઔદ્યોગિક માંદગી દૂર કરવા માટે લેવામાં આવ્યાં છે. જે નીચે મુજબ છે.

### 6.1 ઈન્ડિસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા IIBI :-

માંદાઔદ્યોગિક એકમોના પુનઃજીવિત અને પુનર્વસન માટે ભારત સરકારે IIBI ની સ્થાપના કરી. તે બીમાર ઔદ્યોગિક એકમોને આર્થિક, વ્યવસ્થાપકીય અને

તકનીકી સહાય આપે છે. આ ઉપરાંત તે માંદા ઔદ્યોગિક સંગઠનોના જોડાણ તથા મર્જર વગેરે માટે વેપારી બેંકોનો સેવાઓ પ્રદાન કરવાનો આદેશ પણ આપે છે. 1985 માં IRCI ને ઔદ્યોગિક પુનઃ નિર્માણ બેંક ઓફ ઈન્ડિયા IRBI માં પરિવર્તન કરવામાં આવી હતી અને 1997 પછી તેને વિકાસ નાણાકીય સંસ્થામાં વિકસિત કરવામાં આવી તેનું નામ ઔદ્યોગિક રોકાણ બેંક ઓફ ઈન્ડિયા IIBI રાખ્યું હતું.

### 6.2 ઔદ્યોગિક અને નાણાંકીય પુનઃ નિર્માણ બોર્ડ :-

**Board for Industrial and Financial Re- contrition (BIFR)**

કેન્દ્ર સરકારે બીમાર ઔદ્યોગિક કંપનીઓ (વિશેષ જોગવાઈ) અધિનિયમ 1985ના કાયદના પગલે 12 જાન્યુઆરી 1987થી BIFR ની સ્થાપના કરી. જે પ્રારંભિક તબક્કે જ માંદા એકમોને તપાસે છે. તથા શક્ય સહાય આપવાનો પ્રયત્ન કરે છે. યોગ્ય ઉપચારાત્મક તથા અન્ય પ્રકારના પગલાં લે છે.

- ઔદ્યોગિક અને નાણાંકીય પુનઃ નિર્માણ બોર્ડ ભૂમિકાને પુનઃ તપાસવાની જરૂર છે જેનું કારણ માંદા એકમોની સંખ્યામાં વધારો છે. કારણ કે ---- આ બોર્ડની રચના જ માંદા એકમોના પુનઃસ્થાન માટે કરવામાં આવી હતી. તે જયારે કોઈ એકમ માંદુ પડશે ત્યારે આ બોર્ડ ઓપરેટિંગ એજન્સી (એટલે કે એવી અગ્રણી નાણાકીય સંસ્થા જે લેણદારોનો સૌથી વધુ લોન માટે સંપર્ક કરે છે.) પુનઃસ્થાનની વ્યૂહરચનાની દરખાસ્ત ઘડવા તરીકેનું કાર્ય કરે છે.કક
- BIFR ની કામગીરી હેઠળ કંપની અને લેણદારો (બેંકો નાણાકીય સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ) અને માંદા એકમ અધિનિયમમાં કેટલાંક લાભાર્થીઓ વચ્ચેના વિરોધાભાસી હિતોને કારણે નોંધાયેલ બીમાર કંપનીના કેસોના યોગ્ય નિકાલની પ્રગતિ ધીમી રહી છે. પુનર્વસન યોજનાઓ 40-45% નિષ્ફળતા મળી, પરિણામે ઘણા કેસો ફરીથી ખોલવા પડ્યા.
- 1997-98 દરમ્યાન નોંધણી / માંદગીનો દર નોંધપાત્ર રીતે ઉદ્યોગમાં વધ્યું છે. જેના કારણો છેઃ-
  - (A) ઉદ્યોગમાં પ્રવર્તમાન મંદીના વલણને કારણે.
  - (B) નબળા નાણાકીય બજારની સ્થિતિ.
  - (C) બેંક / નાણાકીય સંસ્થા દ્વારા ડિફોલ્ટર્સ પ્રત્યે લેવામાં આવેલા કડક વલણ જેમાં સંભવિત માંદા એકમોના બિન પર્ફામિંગ એસેટલ (NPA) હેઠળ ફરી ચૂકવવાનો પણ સમાવેશ થાય છે.

- 1997-98 સુધી માંદા કંપનીઓ સામે બાકી ક્રેડિટ એક અસામાન્ય પ્રમાણમાં વધી છે જે 23,659 કરોડ રૂપિયા માર્ચ 2000 સુધીની છે. 15 લાખથી વધુ કામદારોને અસર બીમાર પડી રહેલાં કંપનીઓ દ્વારા થઈ છે.

## 6.3 (SICA) Sick Industrial Companies Act- 1994

1994 માં ઔદ્યોગિક એકમો (વિશેષ જોગવાઈ) અધિનિયમમાં ફેરફાર કરવામાં આવ્યાં. જેમાં SICAની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યા તથા તેમાં ઓપરેટીંગ એજન્સીની મુદત વિસ્તરણ માટે એ સ્પષ્ટ કરવું કે માંદગીની અંગેની તપાસની શરૂઆત થઈ હોવાનું ત્યારે જ માનવામાં આવશે જયારે BIFR દ્વારા સંપૂર્ણ સંદર્ભ પ્રાપ્ત થયા હશે, આ મર્જરની અવધિ (માનવામાં આવેલી સંમતિ) બીમાર કંપની અને નાણાંકીય સંસ્થાઓ દ્વારા નાણાં મુક્ત કરવા માટે 120 દિવસની હશે. આ ઉપરાંત BIFR દ્વારા પુનઃસ્થાન યોજના હેઠળ કામગીરીમાં સિંગલ વિન્ડો કન્સેપ્ટ અમલીકરણની દેખરેખ કરવી જેમાં સંભવિત માંદગીના કેસ કેન્દ્ર સરકાર, રાજય સરકાર, બેંક સંસ્થાઓ, નાણાકીય સંસ્થાઓને જાણ કરવી અને કામગીરી ચાલુ રાખવી.

- માંદગીની વ્યાખ્યામાં માંદગી તરીકે ઔદ્યોગિક કંપનીની નોંધણી માટેનો સમયગાળો 7 વર્ષથી ઘટાડીને 5 વર્ષ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અગાઉન બે વર્ષ દરમ્યાન રોકડ નુકશાનની સ્થિતિ માફ કરવામાં આવી છે. આનો અર્થ એ થયો કે એક વખત ઔદ્યોગિક કંપનીની કુલ સંપત્તિ સંપૂર્ણપણે ખોરવાઈ જાય અને તે પાંચ વર્ષથી ઓછા સમય માટે નોધાયેલ ન હોય ત્યારે, તે બીમાર ઔદ્યોગિક એકમ માનવામાં આવશે.

## 6.4 સરકારની નીતિ :-

ઔદ્યોગિક માંદગીનો સામનો કરવા માટે સરકારે અનેક પગલાં લીધા છે. આર. બી. આઈ. દ્વારા અનિવાર્ય તબક્કે માંદગીની તપાસના મહત્ત્વપર ભાર મૂકયું છે. તેના માટે માર્ગ દક્ષિકા તૈયાર કરવામાં આવી.

- જેમાં વહીવટી મંત્રાલયોની જવાબદારી રહેશે. માંદા એકમોની સ્થિતના નિવારણ તથા ઉપારાત્મક કાર્યવાહી માટે.
- માંદગીની દેખરેખ રાખવા તથા પુનર્જીવન અને પુનઃવસવાટ માટે સંકલનની ક્રિયામાં તેમની ભૂમિકા કેન્દ્રમાં રહેશે.
- સ્થાયી સમિતિની સ્થાપના કરવામાં આવી.
- નાણાકીય સંસ્થાઓમાં નિરીક્ષણ પધ્ધતિને મજબૂત બનાવવી.

- નાના પાયાના ક્ષેત્રમાં બીમાર એકમોને માર્જીન મનીની જોગવાઈ માટેની યોજના શરૂ કરવામાં આવી, જેથી તેઓના પુનર્જીવન યોજનાઓ લાગુ કરવા માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણાં પ્રાપ્ત થાય.

## ૭. મજૂર કાયદો :-

**પ્રસ્તાવના :**

મજૂરકાયદો રોજગાર કાયદો તરીકે ઓળખાય છે તે કાયદાઓ વહીવટી ચૂકાદાઓ છે જે એવા લોકો સાથે સંબંધિત છે જે વ્યવસ્થાતંત્રમાં કામ કરતા હોય તેવા લોકોના કાનૂની હકો અને તે સંબંધિત પ્રતિબંધ સાથે જોડાયેલ છે. તે મજૂરને ટ્રેડ યુનિયન અને માલિકો વચ્ચે મધ્યસ્થીનું કામ કરે છે. આમ મજૂરકાયદો કામદારો તરીકે અધિકાર અને ફરજોની વ્યાખ્યા કરે છે, જેમાં કાર્યસ્થના સંઘના સભ્યો નોકરીદાતાને આવરી લેવામાં આવે છે. ઔદ્યોગિક સંબંધો યુનિયનનું પ્રમાણપત્ર, મજૂરસંચાલન સંબંધો, સામુહિક સોદાબાજી અને અયોગ્ય મજૂરવ્યવહાર, કાર્યસ્થળનું આરોગ્ય અને સલામતી, રોજગાર ધોરણો, સામાન્ય રજાઓ, વાર્ષિક રજા કામના કલાકો, ન્યૂનતમ વેતન, છટણી કરવાની કાર્યવાહી વિચ્છેદન પગાર વગેરે બાબતો આવરી લેવામાં આવી છે. મજૂરઅધિકારો સામાજિક અને આર્થિક વિકાસ માટે અભિન્ન રહ્યા છે ઔદ્યોગિક ક્રાંતિથી કેટલાક મહત્વના મજૂરધારા દર્શાવેલ છે.

### 1. ફેકટરીઝ એકટ, 1948 :-

આ કાયદો ખાસ કરીને ફેકટરી માલિકો દ્વારા કરવામાં આવેલા કોઈપણ પ્રકારના શોષણથી બચાવવા માટે કામદારોના હકો અને હિતની રક્ષા માટે બનાવવામાં આવ્યો હતો. આ કાયદા મુજબ એમ કહેવામાં આવ્યું છે કે નિયકતા અને કારખાનાના માલિકો એ કર્મચારીઓ માટે મજૂરકાયદા હેઠળ અમુક પ્રકારની કાર્યકારી સ્થિતિની ખાતરી આપવી પડશે. તેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે મહત્તમ કામનો સમય અઠવાડિયામાં 48 કલાકથી વધુ ન હોવો જોઈએ. અને આ ઉપરાંત સપ્તાહિક રજા ફરજિયાત છે.

### 2. ટ્રેડ યુનિયન એકટ, 1926 :-

કર્મચારીઓના હકની સલામતી માટે ટ્રેડ યુનિયન એક ખૂબજ મજબૂત માધ્યમ છે. આ યૂનિયન તેમની વ્યાજબી માંગણીઓ માટે ઉચ્ચ સંચાલનને દબાણ કરવાની શક્તિ ધરાવે છે. ભારતીય બંધારણની કલમ-19 (1) (C) દરેકને સંગઠનો અથવા સંઘો બનાવવાનો અધિકાર આપે છે. ટ્રેડ યૂનિયન એકટ-1926, જે 2001 માં સુધારેલા અને તેમાં શાસન તથા સામાન્ય અધિકાર અંગેના નિયમો છે.

**3. કર્મચારી ભવિષ્ય નિધિ અધિનિયમ- 1947:-**

1952માં મંજૂરી આપી રહ્યું છે. જેમાં વેપારી કર્મચારીને ખાસ પ્રકારનું સંરક્ષણ મળે. આ કાર્ય છે ખાસ કરીને દરેક કર્મચારી જે કારખાનામાં કામ કરે છે અથવા સિસ્ટમ દ્વારા બંધ કરેલી અન્ય સંસ્થામાં કામ કરે છે. તેમણે આ ફંડના સભ્ય બનવાનું છે. ફેકટરીમાં જોડાવાની તારીખથી જેના અંતર્ગત, મેડિકલ કેર, નિવૃત્તિ પેન્શન, આવાસ, લાભોનું શિક્ષણ અને ધિરાણ, વીમા પોલિસી વગેરે મળવાપાત્ર છે.

**4. વેતન ચૂકવણી અધિનિયમ, 1936 :-**

આ અધિનિયમ સુનિશ્ચિત કરે છે કે કામદારોને સમયસર અને કોઈપણ અનધિકૃત કપાત વિના વેતન મળવું આવશ્યક છે. વેતન અધિનિયમ 1936 ની કલમ-(6) કહે છે કે કામદારોને ચૂકવણી પૈસામાં થવી જોઈએ.

**5. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ : (1947) :-**

આ કાયદો ભારતમાં લોકો માટે ઘણી બધી રીતે સાર્થક છે. જો કોઈ વર્કર કે કર્મચારીને માલિક સાથે વિવાદ હોય તો તેમને કાયદાકીય માધ્યમથી સમાધાન કરી શકાય છે. માલિક તમને નોકરીમાંથી બરતરફ કરી શકતો નથી અને જો તેમ કરવું હોય તો સંબંધિત સત્તા / સરકારી કચેરી દ્વારા મંજૂરી માંગવી પડે છે. તથા ઓછામાં ઓછા 6 અઠવાડિયાની સૂચના આપવી પડશે. કામદારને બરતરફી પહેલાં માન્ય કારણો આપવું આવશ્યક છે, કાયમી નોકરી કરતાં કર્મચારીને ગેરવર્તન તથા ગેરહાજરી સાબિત થતાં તેમની બરતરફ કરી શકાય છે.

**6. ન્યૂનત્તમ વેતન અધિનિયમ, 1948 :-**

આ અધિનિયમ વિવિધ આર્થિક ક્ષેત્રના કામદારોને ઓછામાં ઓછું વેતન / પગારની ખાતરી આપે છે. રાજ્ય અને કેન્દ્ર સરકારોને કામના પ્રકાર અને સ્થળ પ્રમાણે વેતન નક્કી થાય છે. આ વેતન રૂપિયા 143 થી 1120 દિવસની વચ્ચે હોઈ શકે છે.

**7. પ્રસુતિ લાભ અધિનિયમ, 1961 :-**

આ અધિનિયમ દ્વારા સગર્ભા મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજાનો અધિકાર આપે છે. એટલે કે કામની ગેરહાજરી હોવા છતાં પૂર્ણ હાજરી આ અધિનિયમ મુજબ મહિલા કામદારને પ્રસુતિ રજાના મહત્તમ 12 અઠવાડિયા (84 દિવસની) ની હકકદાર છે 10થી વધુ કર્મચારીઓ વાળી તમામ સંગઠિત અને બિન-સંગઠિત ઓફિસોમાં આ કાયદો અમલમાં મુકાશે. તેથી આ કાયદો સગર્ભાવસ્થા દરમિયાન

અને ડિલિવરી પછીના મહિલા કામદારોની નોકરીનું રક્ષણ કરે છે. આ કાયદામાં 2017 માં સુધારો કરવામાં આવ્યો છે.

**8. એપ્રેન્ટિસ એકટ- 1961 :-**

આ એકટ મુજબ બજારમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપીને કૌશલ્યનો વિકાસ કરી શકે છે. આ કાયદા હેઠળ, વ્યક્તિને 12 દિવસની કેઝયુઅલ રજા, 15 દિવસની તબીબી રજા તથા 10 અન્ય રજા વર્ષ દરમ્યાન લઈ શકે છે. તથા અઠવાડિયામાં 42 અથવા 48 કલાક કામ કરવું જરૂરી છે.

**9. કામદાર વળતર અધિનિયમ, 1923 :-**

આ અધિનિયમ એ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિ મટે મદદગાર છે. કામદાર વળતર અધિનિયમ 1923, આકસ્મિક ઈજાના કિસ્સામાં, કાદારો તેમજ તેમના આશ્રિતોને વળતરના રુપમાં આર્થિક સુરક્ષા પ્રદાન કરવાનો છે.

**10. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ, 1972 :-**

ગ્રેચ્યુઈટી એ કર્મચારીઓને મળતા પગારનો એક ભાગ છે. કંપનીએ તેમને (કર્મચારીને) કાર્યકાળ દરમ્યાન તેમના દ્વારા કરવામાં આવતી સેવા બદલ કૃતજ્ઞનતાના રૂપમાં પ્રદાન કરવાનું રહેશે. આ નિવૃત્તિ લાભ છે જે કર્મચારી જયારે કંપની છોડે છે ત્યારે સંસ્થા કર્મચારીને આપે છે. પરંતુ આ લાભ કર્મચારીના મૃત્યુના કિસ્સામાં ગ્રેચ્યુઈટીનો લાભ ત્યારે જ મળે કે જયારે તેમણે સેવાનું એક વર્ષ પૂર્ણ કર્યુ હશે.

**11. બોનસ એકટ, 1965 ની ચુકવણી :-**

નફા અને ઉત્પાદકતાના ભાગરૂપે બોનસની ચુકવણી દ્વારા મુજબ તેમના કર્મચારીને બોનસ પ્રદાન કરે છે.આ અધિનિયમ એવા કર્મચારી માટે છે જે દર માસિક 15000 સુધી વેતન મેળવે છે. પછી ભલે તે કર્મચારી, કુશળ, અકુશળ, ઉચ્ચ કુશળ હોય, તેને વર્ષમાં ઓછામાં ઓછા 30 કાર્યકારી દિવસો માટે કામ કર્યું હોય તો તેનો બોનસ મેળવવા હકકદાર છે. તથા તે વર્ષના સમયગાળાની અંદર બોનસ ચૂકવવા માટે હકકનો દાવો કરી શકે છે.

**12. એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ- 1948 :-**

આ એવા કામદારોને રક્ષણ આપે છે જેઓ કામ કરતા ઘાયલ કે બીમાર થયા છે. ESIC એ સ્વ ફાયનાન્સીગ સુરક્ષા ફાર્મ અને તમામ કામદાર માટે આરોગ્ય વીમા યોજના છે તે કર્મચારી અને તેના પરિવારને માટે મેડિકલ લાભ પ્રદાન કરે છે. રોજગાર દરમિયાન થયેલી ઈજા અને ઈજાને લીધે થયેલા મૃત્યુના કિસ્સામાં આશ્રિતોને લાભ આપે છે. આવી પરિસ્થિતિ માટે એમ્પલોયરએ દર મહિને

કર્મચારીના દર મહિને નાણાં કાપીને ડિપોઝીટ કરાવે છે. જેમાં કર્મચારી સાથે બનેલી દુર્ઘટનાના કિસ્સામાં અંતિમ વિધિના ખર્ચને પણ આવરી લેવામાં આવે છે.

**13. કાર્યસ્થળ અધિનિયમ, 2013 (મહિલા કર્મચારીઓની જાતીય સતામણી અંગે) :-**

આ અધિનિયમ કાર્ય સ્થળ પર મહિલા કામદારો પર કોઈપણ પ્રકારના જાતીય સતામણીને પ્રતિબંધિત કરે છે. આ કાયદો 9 ડિસેમ્બર 2013થી અમલમાં આવ્યો છે. જેમાં કેટલીક બાબતોનો સમાવેશ થાય છે.

A. અશ્લીલતા બતાવી રહ્યું હોય.

B. જાતીય તરફેણ માટે માંગ.

C. જાતીય રંગની ટિપ્પણી.

D. શારીરિક સંપર્ક અને પ્રગતિ.

E. અસ્પષ્ટ ટિપ્પણી

F. જાતીય પ્રકૃતિની કોઈપણ અન્ય અણગમતી.

શારીરિક મૌખિક કે બિન- મૌખિક વર્તન આ અધિનિયમનો અમલ તમામ જાહેર અથવા ખાનગી સંગઠિત તથા અસંગઠિત ક્ષેત્રો દ્વારા થવો જોઈએ જેમાં 10 થી વધુ કર્મચારીઓ છે. આ કાયદામાં તમામ મહિલાઓને આવરી લેવામાં આવી છે. તેની ઉંમર અથવા રોજગારીની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના.

## (8) IBC Code :-

Insolveney and Bankruptey code (IBC)

કેન્દ્ર સરકારે ઈનસોલ્વન્સી અને બેંકરપ્સી કોડ (IBC) ની રજૂઆત કંપનીઓ સાથે સંકળાયેલા દાવાઓને ઉકેલવા માટે કરી હતી. બેંકિંગ સિસ્ટમ પર જે લોન સમસ્યાઓ અસર કરતી હતી તે નિવારવાનો હેતું હતો.

- IBC Code ને 2016 માંભારતના આર્થિક ઈતિહાસમાં સૌથી મોટી નાદારી સુધારણા તરીકે ગણવામાં આવે છે.
- આ રિઝોલ્યૂશન એ નાદારીની સમસ્યા ઉકેલવા માટે કોર્પોરેટ વ્યક્તિઓ, ભાગીદારી કંપનીઓ અને વ્યક્તિઓના સંપત્તિના મૂલ્યને ચોક્કસ સમય મર્યાદામાં મહત્તમ કરવા માટે ઘડવામાં આવ્યો હતો.
- IBC ની પહેલાની સ્થિતિમાં નાદારી અંગે કાયદા વેર વિખેર હતા જેના લીધે અયોગ્ય વિલંબ તથા બિન અસરકારણ પરિણામો સર્જાયા હતા.

### 8.1 IBC ના ઉદ્દેશો :-

- ભારતમાં ઈન્સોલ્વન્સીના કાયદાને એકીકૃત અને સુધારે છે.
- ભારતમાં ઈન્સોલ્વન્સી અને નાદારી કાર્યવાહીને સરળ અને ઝડપી બનાવવા.
- કંપનીના હિસ્સેદારો સહિત લેણદારોના હિતનું રક્ષણ કરવા.

- કંપનીને સમય મર્યાદામાં પુનઃવસન કરવું.
- ઉધોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા.
- લેણદારોને જરૂરી રાહત મેળવવા અને પરિણામે અર્થ વ્યવસ્થામાં ક્રેડિટ સપ્લાયમાં વધારોકરવો.
- કોર્પોરેટ વ્યક્તિઓની સંપત્તિના મૂલ્યનું મહત્તમકરણ કરવું.
- બેંક નાણાંકીય સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા નવી નીતિ અપનાવવી.

**8. 2 ઈન્સોલ્વન્સી અને બેંક રપ્સી કોડ ઈકો સિસ્ટમ :-**

નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ (NCLT) – એડજયૂડિટિંગ ઓથોરિટી (AA) એ કંપનીઓ, અન્ય મર્યાદિત જવાબદારી ધરાવતી કંપનીઓનો પર અધિકાર ક્ષેત્ર ધરાવે છે.

Debt recovery Tribnal (DRT) ના અધિકાર ક્ષેત્રમાં વ્યક્તિઓ અને ભાગીદારી પેઢીઓ આવે છે.

- ઈન્સોલ્વન્સી અને બેંક રપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયાના વહીવટમાં પારદર્શિતા અને શાસન પ્રોત્સાહન આપવા IBC સર્વોચ્ચ સંસ્થા રહેશે. IBC દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપના માટે ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ (IP) અને ઈન્ફર્મેશન યુટિલિટીઝ (IT)ની સામેલગીરી થશે.
- તેમાં નાણાં મંત્રાલય કાયદો અનેRBI ના 10 સભ્યો છે.
- ઈન્ફેર્મેશન યુટિલિટીઝ તે કેન્દ્રીય માહિતનું ભંડાર તરીકે કાર્ય કરશે જેમાં તમામ નાણાકીય અને લેણદારની ધિરાણ માટેની માહિતીને સ્વીકારી સંગ્રહ તથા પ્રમાણિત કરશે.
- જયારે ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ (IPs) એ IPA (ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ એજન્સી) સાથે નોંધાયેલ બોર્ડનું નિયમન કરશે. તથા નિયમન કરાવેલ ઠરાવ પ્રક્રિયા હાથ ધરશે. તે નાદારી ટ્રસ્ટી તરીકે કામ કરશે. જે લેણદારો દ્વારા નિયુક્ત કરવામાં આવશે તથા બોર્ડ ઓફ ડિરેકટરની સત્તાને ઓવરાઈડ કરી શકે છે, તેમની પાસે એટલે કે ઈન્ફર્મેશન પ્રોફેશનલ પાસે ઈન્સોલ્વન્સી રિઝાલ્યૂશન હેઠળ કંપનીના સંપત્તિની સમાન પરફોર્મેન્સ બોન્ડ પ્રદાન કરવાની શક્તિ છે.
- એડજયુડિકેટિંગ ઓથોરિટી (AA) – કોર્પોરેટ ઈન્સોલ્વન્સી માટે NCLT હશે, જે કોઈપણ ઈન્સોલ્વન્સી એપ્લિકેશનનું મનોરંજન અથવા નિકાલ કરવા ઠરાવતી યોજનાઓને મંજૂરી / નકારવા, દાવા અથવા કાયદાની બાબતો / તથ્ય ના સંદર્ભમાં નિર્ણય કરશે.

**8. 3 નાદારી કોડના મુખ્ય પાસા :-**

- તે કાયદામાં સુધાર કરવાની સાથે તેને એકીકૃત કરવાનો છે.

- કડક સમય મર્યાદા રાખીને નાદારી નિવારવી. મૂલ્યાંકન અને સધ્ધરતા નિર્ધાર 180 દિવસની અંદર પૂર્ણ થવું જોઈએ.
- સ્ટાર્ટ અપ્સ અને નાની કંપનીઓ માટે રિઝોલ્યૂશનનો સમયગાળો 90 દિવસનો છે. જે 45 દિવસ સુધી લંબાવી શકાય છે.
- લાયક હોય તેવા ઈન્સોલ્વન્સી પ્રોફેશનલની નિમણુંક કરવી. જે મધ્યસ્થી તરીકે પ્રક્રિયાની દેખરેખ કરે.
- નાદારી અંગેના કાયદાના વહીવટ એ શાસન માટે સ્વતંત્ર સંસ્થા તરીકે IBCની સ્થાપના થઈ છે.જેનો ફાળો માહિતિ ઉપયોગિતા અને નાણાંકીય માહિતીના સંગ્રહક તરીકેની છે.

**સમીક્ષા :-**

IBC ની સ્થાપનાના બે વર્ષમાંજ ઘણાં કોર્પોરેટર તેમની લોન પર ડિફોલ્ટ કરતાં અટકાવામાં સફળ રહ્યું છે. IBC ની પ્રક્રિયાથી દેવાદાર અને લેણદારના સંબંધો બદલાયા છે.બે વર્ષમાં ઘણાં મોટા કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે કેટલાક અન્ય ઠરાવના અદ્યતન તબક્કામાં છે.

**2 મજૂરકાયદાના ફાયદા :**

- તેમજૂરન્ના હિતોની રક્ષા કરે છે.
- કાનુન પ્રણાલીની સ્થાપના કરે છે જે ઉત્પાદક વ્યક્તિગત અને સામૂહિક રોજગારને ઉત્પાદકીય તથા મજબુત અર્થતંત્ર બનાવે છે.
- તેનાથી કામના મતભેદો તથા વિખવાદનો ઉકેલ મળે છે.
- સામાજિક ન્યાય પ્રાપ્ત થાય છે. કામના કલાકો, કામની જગ્યા, સલામતીના પગલા વગેરે કાયદા દ્વારા યોગ્ય ઘડી શકાય છે.
- વેતન તથા રજાઓ વગેરે મંજુર કાયદા હેઠળ આવરી લેવાય છે. તેથી મજૂરન્ના મૂળભૂત અધિકારનું પણ રક્ષણ થાય છે.

**ગેરફાયદા :**

- મજૂરકાયદાના પીઠબળ હેઠળ ઘણીવાર મજૂરવર્ગ અયોગ્ય માગણી કે રજાઓ અથવા વેતન વધારો માગે છે.
- જેનાથી હડતાળ, તાળાબંધી વગેરે જેવી ઘટનાઓ બનતા ઉત્પાદન પ્રક્રિયામાં અવરોધ તથા નુકસાન થાય છે.
- હેડ યુનિયનની સામૂહિક સોદાશક્તિ ઔદ્યોગિક એકમોને માંદા બનાવે છે.

- આ ઉપરાત કાયદાઓનો અસરકારક અમલીકરણનો પણ અભાવ છે.

**સ્વાધ્યાય :**

1. ઔદ્યોગિકમજૂરઅને બજારની વિસ્તૃત ચર્ચા કરો.
2. ઔદ્યોગિકમજૂરન્ની લાક્ષણિકતાઓ દર્શાવો.
3. શ્રમની ઉત્પાદકતાને અસર કરતાં પરિબળો વર્ણવો.
4. ઔદ્યોગિકમજૂરીના ગેરહાજરીના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરો.
5. ઔદ્યોગિક નબળાઈ કે માંદગી વિશે વિસ્તૃત નોંધ લખો.
6. ઔદ્યોગિક બિમારી નિવારવાના ભારત સરકારના પગલાંની ચર્ચા કરો.
7. મજૂરકાયદાનું મુદ્દાસર વર્ણન કરો.
8. IBCકોડ વિશે જાણકારી આપો.

**બહુ વિકલ્પ પ્રશ્નો :-**

1. IBC Code ની કયા વર્ષમાં સ્થાપના થઈ.

   (A) 2013 (B) 2015
   (C) 2014 (D) 2016

2. કયો અધિનિયમ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિ માટે મદદગાર છે.

   (A) બોનસ એકટ (B) કામદાર વળતર એકટ
   (C) ટ્રેડ યુનિયન એકટ (D) કર્મચારી ભવિષ્ય નિધિ

3. પ્રસૂતિ લાભ અધિનિયમ હેઠળ કેટલી રજા મળવાપાત્ર છે.

   (A) 14 અઠવાડિયા (B) 12 અઠવાડિયા
   (C) 20 અઠવાડિયા (D) 25 અઠવાડિયા

4. SICA નું પુરું નામ :-

   (A) Sustainable Industrial Companies Act.
   (B) Sick Industrial Companies Act.
   (C) Suceesgtul Indusrial Companies Act.
   (D) Sick Investment Companies Act.

5. ઔદ્યોગિક અને નાણાકીય નિર્માણ બોર્ડની સ્થાપનાનો હેતું.

   (A) માંદા એકમો તપાસવા (B) શકય સહાય કરવા માંદા એકમને.
   (C) ઉપચ્વરાત્મક પગલા લેવા (D) ઉપરોકત બધા.

6. વીજ કાપ અને માંગનો અભાવ એ ઔદ્યોગિક માંદગીના કયા પ્રકારના કારણો છે.

   (A) બ્રાહ્ય કારણ (B) આંતરિક કારણ
   (C) A.અને B. બંન્ને (D) ઉપરોકત કોઈ નહિ.

7. શ્રમની ઉત્પાદકતાને અસર કયા પરિબળ કરે છે.

(A) કામના કલાક (B) વેતન

(C) કામની પરિસ્થિતિ (D) ઉપરોકત તમામ

8. $\frac{\text{કુલ ઉત્પાદન}}{\text{શ્રમિકોની સંખ્યા}}$ આ સૂત્ર શું દર્શાવે છે.

(A) ગેરહાજરી (B) શ્રમના લક્ષણો.

(C) શ્રમની ઉત્પાદકતા (D) કુલ ઉત્પાદન

9. ઔદ્યોગિકમજૂરની લાક્ષણિકતા કઈ છે ?

(A) નિરક્ષરતા (B) સ્થળાંતર

(C) ગરીબી (D) ઉપરોકત બધા.

10. શ્રમ એ ઉત્પાદનનું ---------------- સાધન છે.

(A) નિર્જીવ (B) સજીવ

(C) A.અને B. બંન્ને (D) ઉપરોકત કોઈ નહિ

11. બજાર એટલે શું ?

(A) જયાં ખરીદનાર હોય (B) જયાં વેચનાર હોય

(C) બંન્ને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં હોય (D) ઉપરોકત બધા.

12. શ્રમની ગતિશીલતાને કયા પરિબળો અસર કરે છે.

(A) સમાજ (B) ભાષા

(C) કુટુંબ (D) ઉપરોકત બધા.

13. BIFRનું પૂરું નામલખો.:-

(A) Board for Investment and Financial reconstruetion.
(B) Board for Inauiry and Financial reconsruction.
(C) Board for Indusrial and Financial Reconstruetion.
(D) Board for Investment and Financial Reconstruetion.

14. NCLTનું પુરું નામ :-

(A) National Company Law Tribunal.
(B) Net Company Law Tribunal
(C) Near Company Law Tribunal
(D) National Case Law Tribunal.

15. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ કયા વર્ષમાં આવ્યો.

(A) 1974 (B) 1972
(C) 1975 (D) 1980

16. ઈન્સોલ્વન્સી અને બેંક રપ્સીનીની ઈકો સિસ્ટમના યોગ્ય ઘટકો કયા છે.

(A) DRT (B) IPS

(C) AA (D) ઉપરોકત બધા.

17. IBC કોઠાના ઉદ્દેશો કયા છે.

(A) નાદારીની કાર્યવાહી (B) વેતન આપવું

(C) બોનસ (D) છટણી કરવી.

18. કર્મચારી ભવિષ્ય નિધિ અધિનિયમ કયારે આવ્યો.

(A) 1935 (B) 1940

(C) 1947 (D) 1960

19. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ કોના માટે છે.

(A) માલિકો (B) મજૂરને

(C) સરકાર (D) A.અને B. બંન્ને

20. પ્રસૂતિ લાભ અધિનિયમ કયા વર્ષે અમલમાં આવ્યો.

(A) 1970 (B) 1975

(C) 1961 (D) 1980

**જવાબ :-**

| | | | |
|---|---|---|---|
| (1) | D | (11) | D |
| (2) | B | (12) | D |
| (3) | B | (13) | C |
| (4) | B | (14) | A |
| (5) | D | (15) | B |
| (6) | A | (16) | D |
| (7) | D | (17) | A |
| (8) | C | (18) | C |
| (9) | D | (19) | D |
| (10) | B | (20) | C |

# એકમ : 14 ધંધાકીય નીતિશાસ્ત્ર

**: રૂપરેખા :**

**14.1 ધંધાકીય નીતિશાસ્ત્ર પ્રસ્તાવના, નીતિશાસ્ત્રનો ઉદ્દભવ સ્વરૂપ,**
**14.2 ખ્યાલ**
**14.3 ધંધાકીય નીતિશાસ્ત્રના સ્તર**
**14.4 ધંધાકીય નીતિશાસ્ત્રના પ્રકાર**
**14.5 ધંધાકીય નીતિશાસ્ત્રનું મહત્ત્વ**
**14.6 નૈતિક સંચાલન માર્ગદર્શિકાઓ**
**14.7 નૈતિક સંચાલનના સંસાધન**
**14.8 નીતિશાસ્ત્રની દુવિધાઓ**
**14.9 નીતિશાસ્ત્રના ફાયદા અને ગેરફાયદા**
**14.10 સ્વાધ્યાય**

કોર્પોરેટ શાસન માટે મૂળભૂત છે. અલબત એટલા માટે નહિ કે કોર્પોરેટ ગવર્નન્સ હંમેશાં પોતાને વ્યવસાયિક નૈતિકતા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, આવી કોર્પોરેટ ગવર્નન્સહિસ્સેદારની નજરમાં રહેલી અને તે માન્યતા લેવી જરૂરી છે કે, વિવિધ વ્યક્તિઓ અને હિસ્સેદારી જૂથો ધંધાકીય નૈતિકતાને અલગ રીતે વ્યાખ્યાયિત કરે છે.

## 14.1 પ્રસ્તાવના

એથિકસ (Ethics) શબ્દ ગ્રીક શબ્દ પાત્ર, વર્તન, આચરણ અને જે નૈતિક સિદ્ધાંતો પર આધારિત છે. લોકોની પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે. એટલે કે માનવીની પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે. એટલે કે માનવીની પ્રવૃત્તિનાં મૂળભૂત સિદ્ધાંતો નીતિ, આચરણ સાથે સંકળાયેલ છે. આ સમાજ દ્વારા સ્વીકૃત પ્રમાણભૂત વર્તન અથવા આચરણ છે જે આધારે માનવીય વર્તનમાં શું સાચું છે અને શું ખોટું છે તેનાથી સંબંધિત છે. પ્રમાણિકતા, સત્યતા, કરુણા, સહાનુભૂતિ, ભાઈચારાની લાગણી વગેરેને નૈતિક માનવામાં આવે છે.

- ધંધાકીય નૈતિકતા (કોર્પોરેટ નૈતિકતા) એ લાગુ કરેલ નૈતિકતા અથવા વ્યવસાયિક નૈતિકતાનો એક પ્રકાર છે. જે વ્યવસાયિક વાતાવરણ ઉદ્દભવતા નૈતિક સિદ્ધાંતો અને સમસ્યાનું નિરીક્ષણ કરે છે.
- તે વ્યવસાયિક આચારના તમામ પાસાઓને લાગુ પડે છે. તે વ્યક્તિઓ અને પુરા સંગઠનનાં આચરણ સાથે સંબંધિત છે.
- "ધંધાકીય નૈતિકતા" એ એવા સમકાલીન ધોરણો તથા મૂલ્યો છે. જે વ્યવસાયિક સંસ્થામાં તમામ ક્રિયાઓ અને વર્તનને સંચાલિત કરે છે.

- ધંધાકીય નૈતિકતામાં આદર્શ અને વર્ણનાત્મક પરિમાણો છે. કોર્પોરેટ પ્રેક્ટીસ અને કારકિર્દી વિશેષતા તરીકે મુખ્ય આધાર 'આદર્શ' છે. ધંધાકીય વર્તણૂકને સમજવાનો પ્રયાસ કરતા વિદ્વાનો વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરે છે.
- ધંધાકીય નૈતિક મુદ્દાઓની શ્રેણી અને જથ્થો તે નફા મહત્તમની ક્રિયા – પ્રતિક્રિયાને પ્રતિબિંબ કરે છે. અને તેમાં બિન આર્થિક બાબતો પણ સમાવેશ થાય છે.

**નીતિશાસ્ત્રનો ઉદ્‌ભવ**

- 1980 અને 1990 ના દાયકા દરમિયાન મૂલ્ય કોર્પોરેશનોમાં અને એકેડેમિની અંદર ધંધાકીય, નીતિશાસ્ત્રમાં રસ લોકોનો નાટ્યાત્મક રીતે વધ્યો છે. ઉદાહરણ તરીકે મોટા ભાગના કોર્પોરેશનો સાથે આદર્શ સંહિતા અને સામાજીક જવાબદારી જેવા શીર્ષક હેઠળ બિન આર્થિક મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન આપે છે.
- એડમ સ્મિથ મુજબ " જ્યારે સમાન વેપાર સાથે જોડાયેલ હોય છે તે ક્યારેક જ મળે છે. જે આનંદ કે પરિવર્તન માટે હોઈ શકે પરંતુ આ લોકોની વાતચિતમાં ષડયંત્ર અને કિંમતમાં વધારો કરવાના વિરોધમાં બંધ છે. એટલે કે વાતચિતનો અંત થાય છે."

**સ્વરૂપ**

- સરકાર એવા નીતિ-નિયમોનો ધંધાકીય વર્તણૂક માટે લાભકારી બને તેવા બનાવવા નિર્દેશ કરે છે.
- ધંધાકીય નીતિશાસ્ત્ર સ્પષ્ટ રીતે ખોટા અને સરકારના નિયંત્રણની બહારના વર્તનની વિગતોનું નિયમન કરે છે.
- મોટા કોર્પોરેશનના ઉદ્‌ભવ સાથે ઔપચારિક નૈતિક શાસનના વિકાસને પણ વેગ આપ્યો છે. આમ ધંધાકીય નીતિશાસ્ત્રનો, તે ધંધાના દ્રષ્ટિકોણથી અથવા વ્યવસાયિક નૈતિકતાના સિદ્ધાંતો જે સમાજ સાથે સંબંધિત વ્યવસાયિકો તથા તેમની પ્રવૃત્તિઓના વર્તનને માર્ગદર્શન આપે છે. તે ધંધાને ચાલુ રાખવા માટે ચોક્કસ આચારસંહિતા પ્રદાન કરે છે.
- અયોગ્ય વ્યવહાર વિના ધંધો ચલાવો, માલની પ્રમાણિકતા અને સત્યતા સાથે વસ્તુની ગુણવત્તા વાજબી ભાવો લેવા, કાયદાનું પાલન કરવું, સરકારના વેરા ચૂકવવા, ફી ચૂકવવી, ફરજો પૂરી પાડવી વગેરે નૈતિક વર્તન છે.
- દરેક ધંધો તે તે સમાજનો અભિન્ન અંગ છે. જે ચાલુ રાખવા માટે સમાજના દુર્લભ સાધનોનો ઉપયોગ કરે છે. તેથી મહત્ત્વનું એ છે કે તે ધંધાકીય પ્રવૃત્તિ સમાજના લાંબાગાળાના હિતોને નુકસાનકારક ન હોવી જોઈએ. જોકે વ્યવહારમાં ધંધાના

કેટલાક અનિચ્છનીય પાસાઓ છે જેમ કે પર્યાવરણને પ્રદુષિત કરવું, કરની ચૂકવણી કરવી, ભેળસેળ કરનાર ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ તથા ભ્રામક જાહેરાત આપવી વગેરે.

- આમ, ધંધાકીય સામાજીક જવાબદારીની કલ્પના વિકસી છે. જેને લીધે ધંધાના માલિકો તથા સંચાલકો, સમુદાય તથા ગ્રાહકો કામદાર તેમની વચ્ચે યોગ્ય નૈતિકતા તથા જવાબદારી વિકસે તે આવશ્યક બની રહે છે.

## 14.2 ખ્યાલ

- નીતિશાસ્ત્ર એ નિયમો અને ધોરણો છે જે આપણા નિર્ણયોને દૈનિક ધોરણે સંચાલિત કરે છે. ઘણા લોકો સાચા અને ખોટાની વિભાવનાને સરળ અર્થમાં નૈતિકતા માને છે.
- નીતિશાસ્ત્ર એક આચારસંહિતા છે જે છે જે વ્યક્તિના આચરણને સંચાલિત કરે છે. જેમાં પ્રત્યેક વ્યક્તિમાં કુટુંબ, વિશ્વાસ, પરંપરા, સમુદાય કાયદાઓ વગેરેનો સમાવેશ થાય છે.
- નિગમો અને વ્યવસાયિક સંસ્થાઓ દ્વારા ખાસ કરીને લાઈસન્સિંગ બોર્ડ જેને સામાન્ય રીતે 'એથિક્સ કોડ' તરીકે લખવામાં આવે બધાના અપેક્ષિત વ્યવસાયિક વર્તણૂકના ધોરણોને સંચાલિત કરે છે.
- અહી એ નોંધવું અગત્યનું છે કે કાયદો અને નૈતિકતા સમાનાર્થી નથી. કાયદાકીય સંસ્થાઓ અને વહીવટી બોર્ડ દ્વારા પસાર કરાયેલા કાયદા અને નિયમો છે. તે કાયદો નક્કી કરે છે.
- વેપાર વ્યવહાર, વેપારની શરતો, નાણાકીય કરાર, વેચાણમાં વાજબીપણું, કન્સલ્ટન્સી  સેવાઓ, કર ચૂકવણી, આંતરિક ઓડીટ, બાહ્ય ઓડીટ, વળતર વગેરે નાણાતથ્ય એકાઉન્ટિંગ હેઠળ આવે છે.
- જયારે અમુક કોર્પોરેટર નીતિ / કાનુની બાબત અમૂક બાબતો સંકળાયેલી છે. જેવી કે ક્રિએટીવએકાઉન્ટિંગકમાણીનું સંચાલન ગેરમાર્ગે દોરતા નાણાકીય વિશ્લેષણ આંતરિક વેપાર સિક્યોરિટીઝની છેતરપિંડી, લાંચ, કિકબેકસ અને ચૂકવણી સુવિધા વગેરે
- ધંધાકીય નીતિશાસ્ત્ર તેનો અભિગમ મજૂર નીતિશાસ્ત્ર કરતાં જુદો છે. તેમાં માનવ સંસાધન નીતિઓનું મૂલ્યાંકન કરે છે. કેમ કે તે સમાન કાર્યસ્થળ મજૂરના ગૌરવને સમર્થન આપે છે. રોજગાર, તુલનાત્મક મૂલ્ય સાથે વળતર, સામૂહિક સોદાબાજી વગેરે છે.

- માર્કેટિંગ નીતિશાસ્ત્ર સિદ્ધાંતો, મૂલ્યો અથવા આદર્શો વગેરે માર્કેટિંગ સંસ્થાઓ સાથે જોડાયેલ બાબત છે. તેમાં નફાકારકતા અન્ય જરૂરી બાબતો વચ્ચે સંભવિત સંઘર્ષો, જોખમી ઉત્પાદન, પર્યાવરણીય જોખમ, નાણાકીય જોખમ, સુરક્ષા જોખમ, માર્કેટિંગ નિરર્થક અને ગ્રાહકની નિષ્પક્ષતા, વિતરણ વગેરે સંકળાયેલ છે. આ તમામ બાબતો માર્કેટિંગ જોખમ સાથે સંબંધિત છે.
- ધંધાકીય નીતિશાસ્ત્ર એ સંબંધિત વિવાદાસ્પદ મુદ્દાઓ જેમ કે કોર્પોરેટ, ગવર્નન્સ, આંતરિક વેપાર, લાંચ, ભેદભાવ, કોર્પોરેટ, સામાજીક જવાબદારી અને વિશ્વાસ જેવી યોગ્ય ધંધાકીય નીતિઓ તથા પદ્ધતિઓનો અભ્યાસ કરે છે.
- કાયદો હંમેશા ધંધાકીય નૈતિકતાને માર્ગદર્શન આપે છે, જ્યારે ધંધાકીય નીતિશાસ્ત્ર ધંધા માટે આખું માળખું પ્રદાન કરે છે અને વ્યવસાયોને માળખાને અનૂસરવાનું પસંદ કરે છે.
- ધંધાકીય નીતિશાસ્ત્ર ગ્રાહકો અને ઉદ્યોગો સાથેના બજારના સહભાગીઓના વિવિધ સ્વરૂપો વચ્ચે વિશ્વાસનાં ચોક્કસ સ્તરને સુનિશ્ચિત કરે છે.
- આમ, ધંધાકીય નીતિશાસ્ત્ર માત્ર સારા કે ખોટા વચ્ચેના ભેદ માત્ર જોતો નથી, પરંતુ સમાધાન કરવાનો પ્રયાસ કરે છે. જેમાં ધંધામાં સ્પર્ધાત્મક લાભ જાળવવા વિરુદ્ધ કંપનીઓએ કાયદેસર શું કરવું જોઈએ ? આમ તે કંપનીની વ્યવસાયિક નૈતિકતાને ઘણી રીતે પ્રદર્શિત કરે છે. ધંધાકીય નીતિશાસ્ત્ર એ નૈતિક સિદ્ધાંતો છે, જે વ્યવહારની રીતનું માર્ગદર્શન આપે છે. તે જ સિદ્ધાંતો જે વ્યક્તિની ક્રિયાઓ નક્કી કરે છે તે વ્યવસાય પર લાગુ પડે છે. નૈતિક રીતે અભિનય કરવા એ સાચા અને ખોટા વચ્ચે તફાવત સમજીને સાચાને પસંદ કરવું તે છે.
- અનૈતિક ધંધાકીય પદ્ધતિઓ ઓળખવી સરળ છે. ઉદાહરણ તરીકે કંપનીઓએ બાળ મજૂરીનો ઉપયોગ ન કરવો જોઈએ. તેવી જ રીતે કોપીરાઈટ સામગ્રી અને પ્રક્રિયાનો ઉપયોગ ગેરકાયદેસર ગણાય છે. તે ન કરવું જોઈએ.
- આ ઉપરોક્ત બાબત ધ્યાનમાં રાખીને નૈતિક વર્તન કરવું, લાંચ ન લેવી તથા સમુદાયને નુકસાન થાય તેવા વર્તનથી બચવું જોઈએ.
- કાયદો એ કોઈપણ ધંધા માટેનો મુખ્ય પ્રારંભિક બિંદુ છે. મોટાભાગના અગ્રણી ઉદ્યોગો પાસે તેમના પોતાના ધંધાના સિદ્ધાંતો છે. જેને તેના મૂળ મૂલ્યો અને ધોરણોને નિર્ધારીત કર્યા છે.
- આમ, ધંધાકીય ક્ષેત્રે વ્યવસાયના કોડ્સનું પાલન કરવું જોઈએ. ઘણી કંપનીઓએ સ્વૈચ્છિક વ્યવહારના કોડ્સ બનાવ્યા છે. જે તેમની ઔધોગિક પ્રક્રિયાને નિયમન

કરે છે. ઘણીવાર આ કોડ્સ સરકાર, કર્મચારી સ્થાનિક સમૂદાય અને અન્ય હિસ્સેદાર સાથે પરામર્શ કરીને બનાવવામાં આવે છે.

- આમ, ધંધાકીય નૈતિકતા વ્યક્તિગત ધોરણેથી પરિણમે છે. જે રાજકીય અને સાંસ્કૃતિક વાતાવરણના સંદર્ભમાં સંગઠન માટે કાર્યરત બને છે.

## 14.3 ધંધાકીય નીતિશાસ્ત્ર સ્તર :-

- ધંધાકીય નીતિશાસ્ત્ર માટે જહોન્સન અને સ્કોલ્સ વિવિધ તત્વોના વર્ગીકરણનો ઉપયોગ કરી માર્ગદર્શન આપે છે.

1. **સમગ્રલક્ષીસ્તરઃ-** એટલે કે સમગ્રલક્ષી સ્તર જેમાં ધંધાની ભૂમિકા, વિવિધ રાજયકીય / સામાજીક પદ્ધતિના સંબંધિત ગુનો જેમ કે મુક્ત ઉદ્યોગ કેન્દ્રિય આયોજન અર્થઘટ, આંતરરાષ્ટ્રીય સંબંધ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂમિકાવગેરેનો સમાવેશ થાય છે.
2. **કોપોરેટસ્તર** :- વ્યૂહરચના ઘડતી વખતે અમલીકરણ કરતી વખતે વ્યક્તિગત કોપોરેટએન્ટિટીઝ (ખાનગી અને જાહેર ક્ષેત્રે) નો સામનો કરતી કોપોરેટસામાજીક જવાબદારી અંગેની નૈતિક સમસ્યાઓનો સમાવેશ થાય છે.
3. **વ્યક્તિગત સ્તરઃ-** સંગઠનની અંદરની વ્યક્તિઓની વર્તણૂક અને ક્રિયાઓ. ધંધાકીય નૈતિકતાનો મુદ્દો હિસ્સેદારી અલગ રીતે વ્યાખ્યાયિત કરે છે.

## ૧૪.૪ ધંધાકીય નીતિશાસ્ત્રના પ્રકાર :-

સંસ્થાની સામાજીક જવાબદારી તથા પ્રતિભાવ તે નૈતિકતાના ધોરણો પર આધારિત છે. જે સામાન્ય રીતે નિયમો અથવા સિદ્ધાંતોનો સંદર્ભ લે છે જે સત્ય તથા અસત્ય આચરણને વ્યાખ્યાયિત કરે છે. ધંધાકીય નીતિશાસ્ત્ર સત્ય અને અસત્ય સાથે સંબંધિત છે. અને જે સમાજની અપેક્ષાઓ વાજબી સ્પર્ધા, જાહેરાત, જાહેર સંબંધો, સામાજીક જવાબદારી તથા ઉપભોકતા વગેરે જેવા વિવિધ પાસાંઓ ધરાવે છે.

1. **નૈતિક સંચાલન :-** નૈતિક વ્યવસાયના નૈતિક સિદ્ધાંતો અને ઉપદેશોનું પાલન કરવાનો પ્રયત્ન કરે છે. નૈતિક વ્યવસ્થા સફળતા માટે પ્રયત્ન કરે છે. પરંતુ નૈતિક ધોરણોના પરિણામોનો ક્યારેય ઉલ્લંઘન કરતાં નથી. તેઓ માત્ર નિષ્પક્ષતા અને ન્યાયના વિચારોમાં જ સફળ થવાની કોશિશ કરે છે. નૈતિક સંચાલકો કાયદાને ફક્ત પત્રમાં જ નહી પણ ભાવનાથી પણ અનૂસરે છે. લાંબાગાળે નૈતિક વ્યવસ્થાપન અભિગમ સંગઠનનાં શ્રેષ્ઠ હિતમાં હોવાની સંભાવના રહે છે.
2. **Amoral Management :-** આ અભિગમ ન તો અનૈતિક છે, ન નૈતિક છે. તે નૈતિક બાબતોને અવગણે છે. તેને બે ભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ઇરાદાપૂર્વક અને અજાણતા

**ઈરાદાપૂર્વક :-** એમોરલ મેનેજરો નૈતિક મુદાઓને બાકાત રાખે છે. કારણ કે તેઓ માને છે કે સામાન્ય નૈતિક ધોરણો વ્યવસાય માટે યોગ્ય નથી.

**અજાણતા :-** એમોરલ મેનેજરોમાં નૈતિક ચિંતાઓ સામેલ નથી કારણ કે તેઓ નૈતિક અસર પ્રત્યે બેદરકારી અને અસંવેદનશીલ છે.

**3.અનૈતિક વ્યવસ્થાપન :-** અનૈતિક વ્યવસ્થાપન આ પ્રકારનું સંચાલન માત્ર ચિંતાઓને અવગણે છે. તે નૈતિક વર્તનનો સક્રિય પાને વિરોધ કરે છે.

## 14.5 ધંધાકીય નીતિશાસ્ત્રનું મહત્ત્વ

- તેની મૂળભૂત માનવ જરૂરિયાત ને અનુરૂપ છે.માનવીનું લક્ષણ માત્ર તેના ખાનગી જીવનમાં નૈતિક બનવા માટે નહિ પરંતુ તેના વ્યવસાય માટે પણ છે આ મૂળભૂત નૈતિક જરૂરિયાતો સંસ્થાઓને નૈતિક લક્ષી બનવાની ફરજ પડે છે.
- મૂલ્યો લોકો સાથે વિશ્વસનીયતા બનાવે છે લોકો દ્વારા નૈતિક અને સામાજીક રીતે પ્રતિભાશીલ હોવાનું માનવામાં આવતી કંપનીઓનું સન્માન કરવામાં આવશે. સંચાલનમાં તેના કર્મચારીઓ સાથે ચોક્કસપણે વિશ્વસનીયતા છે કારણ કે તેની પાસે જનતા સાથે વિશ્વસનીયતા છે.
- નૈતિક વલણ મેનેજમેન્ટને વધુ સારા નિર્ણયો લેવામાં મદદ કરે છે કારણકે નૈતિકતા મેનેજમેન્ટને નિર્ણયો લેવામાં આર્થિક સામાજીક અને નૈતિકતાના વિવિધ પાસાંઓ લેવા દબાણ કરશે.
- મૂલ્યઆધારિત કંપનીઓ લાંબાગાળે સફળ થવાની ખાતરી છે જો કે ટૂંકાગાળામાં તેઓ પૈસા ગુમાવી શકે છે.
- નીતિશાસ્ત્ર મહત્ત્વપૂર્ણ છે કારણકે સરકાર કયદો અને વકીલો સમાજને બચાવવા માટે બધું કરી શકતાં નથી.

## 14.6 નૈતિક સંચાલન માર્ગદર્શિકાઓ :-

1. કાયદાનું પાલન :- કાયદાનું પાલન, પત્રને પ્રાધાન્ય અને કાયદાની ભાવના રાખવી
2. સત્ય કહેવું :- શેરધારકો સાથે લાંબાગાળાનાં સંબંધો વિકસાવવા, વિશ્વાસ જાળવવો, સત્ય કહેવું.
3. માનવનું ગૌરવ :- માનવીની પ્રતિષ્ઠા તથા ગૌરવને આદર આપવો તથા યોગ્ય વર્તન કરવું
4. પ્રીમિયમ નોન-નોસેર (સૌથી ઉપર, નુકસાન ન કરવું)

5. ભાગીદારી માટે મજૂરી :- હિસ્સેદારોની જરૂરિયાતો વિશે શીખવાના મહત્ત્વ ઉપર ભાર મુકે છે.
6. જવાબદારી હોય ત્યારે કાર્ય કરવું :- મેનેજર પાસે ક્રિયા કરવાની જવાબદારી જ્યારે પણ તેમની પાસે ક્રિયા કરવાની જવાબદારી જ્યારે પણ તેમની પાસે ક્ષમતા હોય અથવા આવું કરવા માટે પૂરતા સંસાધનો હોય ત્યારે આવશ્યક રીતે જવાબદારી નિભાવવી.

## 14.7 નૈતિક સંચાલનના સંસાધન :-

**1. ઉચ્ચતમ વ્યવસ્થાપન માટે પ્રતિબદ્ધતા :-**

**મેનેજરે કાર્ય માટે તેમની પ્રતિબદ્ધતા :-**

મેનેજરે કાર્ય માટે તેમની પ્રતિબદ્ધતા અને સમર્પણને સાબિત કરી શકે છે તે પોતાની વર્તણૂક દ્વારા

2. **નૈતિક સંહિતા :-**

એક ઔપચારિક દસ્તાવેજ છે જે સંસ્થાના પ્રાથમિક મૂલ્યો અને નૈતિક નિયમો જેની કર્મચારી અપેક્ષા કરે છે. કોડ કર્મચારીઓમાં નૈતિક વર્તન જાળવવામાં મદદગાર છે.

**3. નીતિશાસ્ત્ર સમિતિઓ :-**

નૈતિક વર્તનને સંસ્થાકીય બનાવવા માટે આંતરિક અને બાહ્ય ડિરેક્ટર ધરાવતા નૈતિક સમિતિની નિમણૂક કરવી જરૂરી છે.

**4. નીતિઓનું ઓડિટ :-**

સંગઠનાત્મક નૈતિક નીતિઓની સુસંગતતા વ્યવસ્થિત મૂલ્યાંકનને નીતિઓની સમજણ અને ઉપચારાત્મક કાર્યવાહીની જરૂરિયાતવાળા ગંભીર વિચલનોની ઓળખ.

**5. નૈતિક તાલીમ :-**

મેનેજર્સને કર્મચારીઓના વર્તનને નૈતિક ક્ષેત્રમાં મુખ્ય સંગઠનાત્મક લક્ષ્યો સાથે સંકલિત કરવામાં સમક્ષ બનાવે છે.

**6.** **આ ઉપરાંત એક** એવી વ્યવસ્થા કરવમાં આવે છે જેમાં કર્મચારી તેમના અનુભવો તથા અપેક્ષાઓ તથા સમસ્યા જણાવી શકે છે. તેના કામગીરી માટે એક્ઝિક્યુટિવ રાખવામાં આવે છે. જે આ વ્યવસ્થાને નિયંત્રિત કરે છે. તથા રિપોર્ટ માટે થયેલ સમસ્યાઓના સમાધાન માટે સહાયક બને છે.

## 14.8 નીતિશાસ્ત્રની દુવિધાઓ :-

છેલ્લા ત્રણ દાયકામાં ધંધાકીય નૈતિકતા પર વધુ ભાર હોવાને કારણે આ ક્ષેત્રમા મુશ્કેલીઓનો સમાનો કરવો પડી રહ્યો છે. જેનું કારણ યોગ્ય દિશા નિર્દેશનોનો અભાવ તથા તર્ક અને કારણો વગેરેનો યોગ્ય ન ઉપયોગ કરવાને લીધે.

- ધંધાકીય નીતિશાસ્ત્ર જ્યારે કંપનીની ભૂતકાળની નૈતિક મુદ્દાની વાત કરીએ તો તે સંગઠનનાં નિયમો, નિયમન, વહીવટ વગેરે સાથે સંબંધિત હતી.
- આજે ઉચ્ચ સંચાલન પક્ષના લોકો જે ધંધામાં જોડાયેલ છે તે સારી રીતે સમજી ગયા છે કે, નૈતિક મુદ્દાઓ એ કંપનીના નિયમો કે કાયદાને અસરકારક રીતે અમલીકરણ ઘણી શ્રેષ્ઠ છે.
- વર્તમાન સમયમાં ધંધાકીય નીતિને લગતા ઘણા મુદ્દાઓ છે જેને વિવિધ શ્રેણીમાં વહેચી શકાય છે. દા.ત. નીતિમાં વિવિધતા તેના પ્રકૃતિમાં વિવિધતા વ્યવસાયિક નીતિશાસ્ત્ર, કર્મચારીનાં અધિકારોને લગતા વગેરે.
- ધંધામાં ઘણી બધી દુવિધાઓ જેવી કે, ઉચિતતા, ન્યાય, પ્રામાણિકતા જેવા મુદ્દાઓ જેનાથી ધંધાકીય વાતાવરણમાં જટિલ મૂંઝવણ ઊભી થઇ રહી છે.
- ઘણા ખોટા નિર્ણયો તથા પક્ષપાત વગેરે કંપનીની ગૂડવીલને નકારાત્મક અસર પહોંચાડી શકે છે. તેમજ બજારની સ્થિતિમાં પણ ઘણા બધા પ્રશ્નો ઉભા કરી શકે છે.
- આમ, ખાલી કંપની નકારાત્મકતાને જ કાયદેસરના માપદંડ તરીકે જોશે તો ધંધાકીય નૈતિકતા અપ્રસ્તુત બને છે.

**1. માર્કેટિંગ વિધેય :-**

ધંધાનું મુખ્ય વિધેય એકમના કાર્ય જે ઉત્પાદન, ભાવ, સ્થાન અને પ્રમોશન માટેની માહિતી આપવી. જે સંચાલન સંબંધિત માહિતી આપે છે, જેમાં મીડિયા, રોકાણકારો, વિતરણ પદ્ધતિ, પૂરવઠા ચેનલ, ભાગીદાર, કાનૂની માળખું તેમજ લોકો વગેરે માર્કેટિંગ પદ્ધતિઓ, પારદર્શિતા પર આધારિત છે. જેમાં વિશ્વાસપાત્ર અને જવાબદાર વ્યક્તિગત, સંગઠનાત્મક માર્કેટિંગ નીતિઓ, ક્રિયાઓ જેમાં ગ્રાહકો અને શેરહોલ્ડરો પણ સમાવેશ થાય છે. પરંતુ જો માર્કેટિંગ વિધેયમાં સંઘર્ષ તથા કરાર સંદર્ભ અસમજૂતી ઊભી થાય તો કામગીરી તથા કંપનીના પ્રમોશન તથા અસ્તિત્વ પર પ્રશ્નો ઊભા થાય છે.

**2. એકાઉન્ટીગ એથિક્સ :-**

હિસાબી નીતિશાસ્ત્રમાં નાણાકીય નિવેદન હિસાબો નફો – ખોટ વગેરે સમજવામાં મદદરૂપ બને છે. પરંતુ આ આર્થિક આંકડા કે નિવેદનોમાં અનૈતિક રીતે સુધાર કે હેરફેર કરવામાં આવે તે યોગ્ય માની શકાય નહી.

**3. મૂળભૂત સમસ્યા ધંધાકીય નીતિશાસ્ત્રમાં :-**

- સંપૂર્ણતા અને વિશ્વાસને બનાવી રાખવા
- જ્યારે ગ્રાહકો એ જાણે છે કે કંપનીમાં અપરિવર્તનશીલ બની રહ્યાં છે ખાસ કરીને અવિરત પ્રતિબદ્ધતા ઉચ્ચ વ્યવસાય અને લોકો વચ્ચેનાં વિશ્વાસ બાબતે.

**4. વિવિધતાના પ્રશ્નો :-**

જેમાં વિવિધ કામદારોના ભરતી અંગે પ્રશ્નો બધાને સમાન તક આપવી, તાલીમ કાર્યક્રમ વગેરે બાબતો સંબંધિત સમસ્યા ઊભી થાય છે. જો સુયોગ્ય અને સુમેળભર્યું વાતાવરણ કાર્યસ્થળે બને તો મૂલ્યો ઉપર હકારાત્મક અસર કામ પર કામ પર અનુભવી શકાય છે. દરેક કર્મચારીની યોગદાનનું મૂલ્ય વધારવું જે ધંધાકીય વ્યવસાયની સફળતાનું મુખ્ય તત્વ છે.

**5. નિર્ણયકરણની પ્રક્રિયાના પ્રશ્નો :-**

નિર્ણયકરણની પ્રક્રિયામાં મહત્ત્વની બાબતો કર્મચારી તથા ગ્રાહકના અધિકારની રક્ષા કરી વ્યવસાયિક કામગીરીમાં ન્યાય, વ્યક્તિગત માન્યતા તથા મૂલ્યોની રક્ષા કરવી.

**6. કાયદાનું પાલન અને સમસ્યા :-**

ધંધા બાબતે પર્યાવરણીય કાયદા, સંઘીય અને રાજ્ય સલામતીના નિયમો, નાણાકીય અહેવાલ અંગેના કાયદા તથા તમામ નાગરિકોનો અધિકાર તથા કાયદાનું સંપૂર્ણપણે પાલન થાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. જો તેનુ કડક પાલન ન થાય તો અનેક સમસ્યાઓ ઊભી થાય છે. માટે કર્મચારી નિયમો તોડે નહિ તેવું સૂચાવાવામાં આવે છે જે કંપનીના મૂલ્યો, નીતિઓ તથા કાર્યવાહી સાથે જોડાયેલ છે.

**7. સોશિયલ નેટવર્કિંગ એથિક્સ :-**

સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ પર કર્મચારીના કે રોજગારદાતાઓ અંગેની ટિપ્પણીઓ દેશમાં તેમની નોકરી માટે મુશ્કેલી ભર્યું સાબિત થાય છે. દા.ત. (ફેસબુક પર મુકાતી ટિપ્પણીઓ) સોશિયલ મીડિયાનાં ઉપયોગથી આસપાસના નૈતિક અને કાનુની તથા કાર્યસ્થળના પડકારો મુકવાથી તે વ્યવસાયિક ઉદ્યોગને સંપૂર્ણપણે અસર કરે છે.

આમ, રોજગાર આપનાર નીતિ તથા નિયમો ગોઠવી રહ્યા છે જે કર્મચારીનાં અધિકારને નિરીક્ષણ કરવા, તથા પ્રાયવસી વગેરે છે.

**8. કાર્યસ્થળમાં પજવણી :-**

વ્યવસાયિક કાર્યસ્થળે અને કર્મચારી વચ્ચે ઔપચારિક વ્યવસાયિક સંબંધો જાળવવા પડકારરૂપ બને છે. જેમાં જાતીય પજવણીનો પણ સમાવેશ થાય છે. તે કંપનીના ઈમેજ માટે યોગ્ય નથી તથા તે કાર્યસ્થળ અંગે નુકસાનકારક તથા નિરાશાવાદી વાતાવરણમાં પરિણમે છે.

## 14.9 **નીતિશાસ્ત્રનાં ફાયદા અને ગેરફાયદા :-**

**ફાયદા :-**

- કંપનીના સ્પર્ધાત્મક લાભમાં વધારો થાય છે.
- ગૂડવિલમાં પણ વધારો થાય છે. જ્યારે નૈતિક બાબતોમાં વૃદ્ધિ થાય છે.
- કંપનીના ઉત્પાદનમાં વધારો, મક્કમ નિષ્ઠાવાન કામદારો તથા બિઝનેસને સાંકળતા સભ્યો સાથે જોડાયેલ છે.
- વધતા જતા મનોબળ અને વિશ્વાસ બજારનાં હિસ્સામાં પણ વધારો કરે છે.
- કંપનીના સારા પ્રદર્શનથી તેના ચર્ચા તથા સંશોધનો મેળવવાના સ્ત્રોતમાં વૃદ્ધિ થાય છે.
- ઉદાહરણ તરીકે મોટાભાગના ગ્રાહકો આઈટીસીની ક્લાસમેટની નોટબુક પસંદ કરે છે. કેમ કે તે ઇકો ફ્રેન્ડલી છે તથા સમાજકલ્યાણ માટે ફાયદાકારક છે.

**ગેરફાયદા**

- તે કંપનીની સ્વતંત્રતાને મર્યાદિત બનાવે છે.
- તે કંપનીની નફા કારકતાને પણ અસર કરે છે.
- ખર્ચમાં પણ વધારો થાય છે.
- અકસ્માત વળતર અંગેનાં પ્રશ્નો
- નિરાકરણ પ્રક્રિયા બાબતે ચોક્કસ નૈતિક મુદ્દાઓ જેનાથી સમય, નાણા તથા કંપનીના સંસાધનોનો દુર્વ્યય થાય છે.
- પ્રદૂષણના પ્રશ્નો વગેરે

**સ્વાધ્યાય :-**

**નીચેના પ્રશ્નોના વિગતવાર જવાબ આપો.**

1. ધંધાકીય નીતિશાસ્ત્ર એટલે શું ?તેનો ઉદ્દભવ તથા સ્વરૂપ વિગતવાર દર્શાવો.
2. ધંધાકીય નીતિશાસ્ત્રનો ખ્યાલ ચર્ચો
3. ધંધાકીય નીતિશાસ્ત્રનાં વિભિન્ન સ્તર તથા પ્રકારને મુદ્દાસર દર્શાવો

4. ધંધાકીય નીતિશાસ્ત્રનું મહત્ત્વ તથા નૈતિક સંચાલનની માર્ગદર્શિકા લખો
5. નૈતિક સંચાલનનાં વિભિન્ન સંશાધન અને ફાયદા તથા ગેરફાયદા દર્શાવો.
6. ધંધાકીય નીતિશાસ્ત્રની દુવિધા વર્ણવો.

**1. Ethics શબ્દ ક્યાંથી ઉતરી આવ્યો છે ?**

A. ગ્રીક B. રોમ
C. યુરોપ D. હુમાનિયા

**2. ધંધાકીય નીતિશાસ્ત્રમાં નીચેનામાથી કયું સમાવેશ થાય છે ?**

A. પ્રમાણિકતા B. કરુણા
C. સત્ય D. ઉપરોક્ત તમામ

**3. ધંધાકીય નીતિશાસ્ત્રના આધાર સ્તંભ કયા છે ?**

A. કોર્પોરેટ પ્રેક્ટીસ B. કારકિર્દી વિશેષતા
C. A અને B D. ઉપરોક્ત કોઈ નહિ.

**4. નીતિશાસ્ત્રનો ઉદ્દભવનો સમયગાળો કયો છે ?**

A. 1980 B. 1995
C. 1970 D. 1950

**5. સાચા અને ખોટાની વિભાવનાને શું કહીશું ?**

A. ધોરણો B. ભલામણ
C. નિયમન D. નૈતિકતા

**6. ધંધાકીય નીતિશાસ્ત્રના કેટલા સ્તર છે ?**

A. પાંચ B. બે
C. ચાર D. ત્રણ

**7. ધંધાકીય નીતિશાસ્ત્રનાં પ્રકાર કેટલા છે ?**

A. બે B. ત્રણ
C. પાંચ D. છ

**8. નૈતિક સંચાલનની માર્ગદર્શિકા કઈ છે ?**

A. કાયદાનું પાલન B. ભાગીદારી
C. સત્ય D. ઉપરોક્ત તમામ

**9. નૈતિક સંચાલનનાં સંશોધન કયા છે ?**

A. નૈતિક સંહિતા B. નૈતિક ઓડિટ
C. નૈતિક તાલીમ D. ઉપરોક્ત તમામ

**10. નીતિશાસ્ત્રની દુવિધા કઈ છે ?**

A. તાલીમ B. વ્યવસ્થા
C. ખર્ચ D. માર્કેટિંગ વિધેય

**11. ધંધાકીય નીતિશાસ્ત્રમાં સમાવેશ થતી બાબતો ?**

A. નૈતિક સંચાલન B. A અને B બન્ને

C. Amoral Management D. ઉપરોક્ત કોઈ નહિ.

**12. હિસાબી નીતિશાસ્ત્ર કઈ બાબતને વધારે મહત્ત્વ આપે છે ?**

A. નફો – ખોટ B. સહકાર

C. વિશ્વાસ D. ઉપરોક્ત કોઈ નહિ.

**13. નિર્ણયકરણના કયા પ્રશ્નો છે ?**

A. હક્ક B. માહિતી

C. અધિકાર D. ઉપરોક્ત તમામ

**14. સોશિયલ નેટવર્કિંગ એથિક્સમાં નીચેનામાંથી કયું લક્ષણ નથી ?**

A. નફો B. ઉત્પાદન

C. ખર્ચ D. ઉપરોક્ત કોઈ નહિ.

**15. ધંધાકીય નીતિશાસ્ત્રનું સ્વરૂપ શેના સાથે સંકળાયેલ છે.**

A. નીતિ B. સરકાર

C. કાયદો D. ઉપરોક્ત તમામ

**16. મેકો સ્તરમાં સમાવેશ પરિબળો કયા છે ?**

A. આયોજન B. આંતરરાષ્ટ્રીય સંબંધ

C. રાજકીય / સામાજીક D. ઉપરોક્ત તમામ

**17. નૈતિક અભિનય કરવો શું છે ?**

A. ખર્ચ – લાભ વિશ્લેષણ B. ખર્ચ ઘટાડવો

C. સાચા કે ખોટાનો તફાવત D. ઉપરોક્ત તમામ

**18. માનવીના ગૌરવનું મહત્ત્વ શું છે ?**

A. નીતિશાસ્ત્રની વિભાવના B. સરકારની નીતિ

C. ઉદ્યોગની નફાકારકતા D. આંતરરાષ્ટ્રીય વેપાર

**19. નૈતિક વલણ મેનેજમેન્ટનો આધાર કયો છે ?**

A. આર્થિક B. સામાજીક

C. મૂલ્ય D. ઉપરોક્ત તમામ

**20. એથિક્સ શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી આવ્યો છે.**

A. ઈપોસ B. એથેન્સ

C. ઈથોસીસ D. ઈથાન્સ

**જવાબ**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| A | D | C | A | D | D | B | D | D | D |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| B | A | D | D | A | D | C | A | D | A |

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**